श्रीसोमतिलकसूरिविरचितम्

# सप्ततिशतस्थानप्रकरणम्

卐

संस्कृतछाया-अनुवाद कर्त्ता.

ऋद्धिसागरसूरि.

श्रीमद् बुद्धिसागरसूरिग्रंथमाला.

श्रीसोमतिलकसूरीश्वरविरचितम्

# ॥ सप्ततिशतस्थानप्रकरणम् ॥

संस्कृतछायाअनुवादकर्त्ता जैनाचार्यश्रीमद्--ऋद्धिसागरसूरि.

प्रकाशक-

श्रीमद्-बुद्धिसागरसूरि-जैनज्ञानमंदिर. विजापुर.

वि संवत् १९९०

वी. संवत् २४६० प्रत १०००

बुद्धि संवत् ९

मुद्रक 'सुदामा' प्रीन्टींग प्रेसमां जयंतीलाल माधवलाले छाप्युं.
ठे. घीकांटा सीवील इस्पीताल सामे पानाभाईनी वाडो-अमदावाद.

# पुस्तकप्राप्तिस्थानम्

(१) श्रीमद् बुद्धिसागरसूरि जैन-
ज्ञानमंदिर विजापुर (गुजरात)

(२) श्रीमद्-बुद्धिसागरसूरि सेवासमाज
मु. पेथापुर (महीकांठा)

संशोधक-

मुनिहेमेन्द्रसागरजी

योगनिष्ठ शास्त्रविशारद

# श्रीमद् बुद्धिसागरसूरीश्वरजी



जन्म १९३०. दीक्षा १९५७.

आचार्यपद सं. १९७० स्वर्ग सं. १९८१

આનંદ પ્રેસ-ભાવનગર.

# समर्पणम्.

જેમણે નિર્મલચારિત્રપાળી અનેક આત્માઓને ચારિત્રમાર્ગમાં પ્રવર્ત્તાવ્યા છે, તેમજ અનુભવપૂર્વક સદ્બોધ આપી જૈનપ્રજા ઉપર મહાન્ ઉપકાર કર્યો છે, તેમજ મ્હારા જીવનમાં જ્ઞાન ભક્તિ અને વૈરાગ્યાદિ અપૂર્વ ગુણોનું યત્કિંચિત્ આરોપણ કરી મ્હને કેટલાક અંશે કૃતાર્થ કર્યો છે, એવા પરમ પવિત્ર ચારિત્ર ચૂડામણિ ત્યાગમૂર્ત્તિ પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ મુનિગણમાન્ય **શ્રીમદ્-સુખસાગરજી સદ્ગુરૂદેવને** 'સપ્તતિ શતસ્થાન પ્રકરણ' ગ્રંથની સં. છાયાસહિત અનુવાદ સમર્પણ કરી અલ્પાંશે હું અનૃણિ થાઉં છું.

મુ. ઈંદ્રોડા (ઇંદ્રપુરી)<br>
વિ. ૧૯૯૦ માઘ કૃષ્ણ ૬ સોમ<br>
બુદ્ધિ. સં. ૯

ઋદ્ધિસાગર

# सद्गुरुस्मरणम्.

श्रीमज्जैनसुधर्मधुर्यहगणप्राधान्यमाबिभ्रते,
सच्चारित्रकलाप्रवर्तनविधौ प्रख्यातकीर्त्तिश्रिये ।
निर्मानाय पराजितेन्द्रियगणक्षेमार्थिपूज्यात्मने,
भूयः श्रीसुखसागराय गुरवे सिद्धात्मने स्तान्नमः ॥१॥

यन्मूर्त्तिं रुचिरां शुभैर्गुणगणैरासेवितां निर्मलां,
विद्वांसो नितरां विलोक्य समतां सम्यक् सदा भेजिरे ।
तस्मै वन्द्यतमाय दीव्यचरिताऽऽचारप्रधानाय मे,
नित्यं श्रीसुखसागराय गुरवे कारुण्यधाम्ने नमः ॥२॥

यद्वाक्याऽमृतपानपुष्टवपुषो जैना जना जज्ञिरे,
यत्पादाऽम्बुजसेवनैकरसिको योगीशवन्द्योऽभवत् ।
सूरिश्रीमद्बुद्धिसागर इह श्रोत्राऽमृताब्दोपमः
नित्यं श्रीसुखसागरं गुरुवरं ध्यायामि तं मानसे ॥ ३ ॥

मुनिहेमेन्द्रसागरः

ॐ अर्हम्

श्रीमद् बुद्धिसागरसूरीश्वरेभ्यो नमः

# પ્રસ્તાવના.

શ્રી સર્વજ્ઞ ભગવાન્ પ્રણીત જિનશાસનમાં પ્રભાવશાલી અનેક મહાન્ આચાર્યવર્યોએ વિવિધ પ્રકારના પ્રકરણાદિ પ્રાકૃત સંસ્કૃત સુન્દર ભાષામાં ગ્રંથો રચી અભ્યાસક અને જિજ્ઞાસુ આત્માઓ ઉપર અતીવ ઉપકાર કર્યો છે એ નિર્વિવાદ છે. તેમજ શ્રી ઋષભાદિ ચોવીશ તીર્થંકરોનાં ચ્યવનાદિ પંચકલ્યાણક અનુક્રમે પ્રત્યેકનાં પૂર્વભવ આદિ એક સો સીત્તેર (૧૭૦) સ્થાનોનો ઉલ્લેખ અતિગહન એવા જિનાગમ તથા પ્રકરણાદિ ગ્રંથોમાં પૃથક્ પૃથક્ સ્થલે હોવાને લીધે અભ્યાસકોને સુખેથી બોધ ન થઇ શકે એમ જાણી શ્રીમદ્ તપાગચ્છાધિપતિ શ્રીસોમતિલકસૂરિ મહારાજે સંઘપતિ શ્રેષ્ઠિવર્ય રત્નચંદ્રના સુપુત્ર હેમચંદ્રની પ્રાર્થનાથી ઉપરોક્ત સ્થાનો એકત્રિત કરી સરલ પ્રાકૃત ભાષામાં (સપ્તતિશતસ્થાન પ્રકરણ) ગ્રંથ વિ. સં. ૧૩૮૭માં રચ્યો તે સંબંધી હકીકત આ ગ્રંથની પ્રશસ્તિમાં જણાવી છે. तद्यथा—

तेरह सय सगसीए, लिहियमिणं सोमतिलयसूरीहिं ।
अब्भत्थणाए हेम-स्ससंघवइहेमतणयस्स ॥ १ ॥

"वृद्धक्षेत्रसमाससप्ततिशतस्थानादिशास्त्रैर्नवैः,
पात्रैरागमवारिधेरतिगुरोः पूर्णैः स्वधोगाहितात् ।
उद्धृत्यार्थसुधारसान् सुमनसः संसारतापापहान्,
सोऽपीप्यत्पुरुषोत्तमः स्वतिशयप्रौढिश्रिया संश्रितः ॥"

પુરૂષોમાં ઉત્તમ અને પ્રખર પ્રતિભાશાલી મહાન્ આચાર્ય મહારાજે પોતાની ઉત્કટ બુદ્ધિ દ્વારા અવગાહન કરેલા બહુજ વિશાલ આગમ સાગરમાંથી વૃદ્ધ ક્ષેત્રસમાસ અને સપ્તતિશતસ્થાનાદિ નવીન શાસ્ત્રરૂપ પૂર્ણપાત્રો વડે તત્વાર્થસારનો ઉદ્ધાર કરી બુદ્ધિમાન જનોનો સંસાર દાવાનલનોતાપ, દૂર કર્યો જેથી પોતે પણ સંતુષ્ટ થયા. તેમજ આ ગ્રંથ શિવાય "બૃહત્ નવ્યક્ષેત્રસમાસ, શ્રાદ્ધજિત કલ્પની વૃત્તિ શ્લોક (૨૬૪૭) પ્રમાણ, ઉપરાંત શીલ તરંગિણી સં૦ (૧૩૯૪) માં તીર્થરાજથી શરૂ થતી સાધારણજિનસ્તુતિ, સર્વજ્ઞસ્તોત્ર, પૃથ્વીધરસાધુ (શ્રેષ્ઠી) કારિત ચૈત્યસ્તોત્ર, મહાવીરસ્તોત્ર આદિસ્તોત્ર અને ગ્રંથો તેઓશ્રીના રચેલા જોવામાં આવે છે. આચાર્યને યોગ્ય ઉત્તમ ગુણો વડે વિભૂષિત શ્રી સોમતિલક સૂરિએ પોતાના સમયમાં ઉદારતા અને વિશાળ વિચારોને લિધે એક મહાન આચાર્ય પણાની ખ્યાતિ પ્રાપ્ત કરી હતી સર્વ માન્ય યુગ પ્રધાન પુરૂષ તરિકેનો ઉલ્લેખ તે વખતનો ઈતિહાસ કહે છે.

"श्रीसोमतिलकनामा, सूरिर्विश्वोत्तमश्च तूर्योऽभूत् ।
महिमाम्बुधौ यदीये, लीनास्त्रिजगन्मनो मीनाः ॥१॥"

"ઉત્તમ ગુણો ને લીધે જગત્ વિખ્યાત શ્રી સોમતિલક સૂરિ ઉત્તમ પુરૂષોમાં ચોથા થયા જેના મહિમા રૂપ સાગરમાં ત્રણ જગતનાં મન રૂપી મીન–માચ્છલાં લીન થયાં છે." વળી ગચ્છ મમત્વથી તેઓશ્રી દૂર હતા અને વિદ્વન્માન્ય ખરતર ગચ્છીય આચાર્ય પ્રવર શ્રી જિનપ્રભસૂરિએ પોતાના શિષ્ય સમુદાયના અભ્યાસ માટે રચેલાં

સ્વનામાંકિત સાતસો (૭૦૦) સ્તોત્ર શ્રી સોમતિલકસૂરિને સમર્પણ કરેલાં તે વૃત્તાંત કાવ્યમાલા સપ્તમ ગુચ્છકના પૃષ્ઠ (૮૯)ના ઉલ્લેખ ઉપરથી સ્પષ્ટ થાય છે જેમકે-

" पुरा श्रीजिनप्रभसूरिभिः प्रतिदिनं नवस्तवनिर्माण पुरःसरं निरवद्याहारग्रहणाभिग्रहवद्भिः प्रत्यक्षपद्मावतीदेवी-वचसामभ्युदयिनं तपागच्छं विभाव्य भगवतां श्रीसोमतिलक सूरीणां स्वशैक्षशिष्यादिपठनविलोकनाद्यर्थं यमकश्लेषचि-त्रच्छन्दोविशेषादिनवनवभङ्गीसुभगाः सप्तशतीमिताः स्तवा उ-पदीकृता निजनामाङ्किताः"

— શ્રી સિદ્ધાન્તાગમની અવચૂરિ —

આ સૂરીશ્વરનો અવસાનસ્વર્ગગમન સમય સં. ૧૪૨૪ માં થયો હતો અને અગનોસીતેર (૬૯) વર્ષનું આયુષ પૂર્ણ કરી સ્વર્ગવાસી થયા.

"श्रीसोमतिलकसूरि-स्तस्य गुरुस्तदनु चैकवर्षेण ।
जिनभवने १८२४ स्वर्गमित-स्तनोतु सङ्घाय कल्याणम् ॥"

તેઓશ્રીનો જન્મ સં. (૧૩૫૫) અને (૧૩૬૯) માઘ માસમાં દીક્ષા ગ્રહણ, વિ. સં. (૧૩૭૩)માં સૂરિપદ. તેની સાક્ષીભૂત નિમ્ન લિખિત પદ્ય છે.

" स बाणबाणत्रिकु (१३५५) वर्षमाघे,
जातः पदाभ्यामनुकूलखेटैः ।
नन्दाऽङ्गविश्वे (१३६९) व्रतमाप्य भेजे,
वह्न्यश्वविश्वेऽपि (१३७३) पदप्रतिष्ठाम्" २७३॥

"सूरीन्द्रसोमप्रभपट्टभास्करो-
बालोऽप्यसौ प्राप्तपदप्रभोदयः।
क्षमाभृतां मौलिनिघृष्टपादभृ
द्विदिद्युते स्फारयशः प्रतापवान्॥"

— શ્રી મુનિસુંદરસૂરિકૃત ગુર્વાવલી શ્લોક (૨૭૩)

શ્રી સોમતિલકસૂરિના ગુરૂ **'યતિજિતકલ્પ'** વગેરેના રચનાર પ્રખર પ્રતિભાશાલી શ્રીસોમપ્રભસૂરિ હતા અને તેમના ગુરૂ **કાલસિત્તરી**' પ્રમુખ ગ્રંથોના રચયિતા સાધુ પેથડના ધર્મ ગુરૂ અને (૭૨) ગામના સંઘોની એક સમિતિ સ્થાપનાર સુપ્રસિદ્ધ આચાર્ય શ્રી ધર્મઘોષ સૂરિ હતા. શ્રી સોમતિલકસૂરિના ગુરૂભાઈઓ **વિમલપ્રભ, પરમાનંદ** અને પદ્મતિલક હતા. તેમજ તેમના શિષ્યો ચંદ્રશેખર, જયાનંદ અને દેવસુંદર એ ત્રણ આચાર્ય હતા.

દરેક પ્રકરણ આદિ ગ્રંથો આગમાનુસારે રચવામાં આવ્યા છે તો પણ ભિન્ન ભિન્ન આચાર્યોના મતભેદો એકજ વિષયમાં જોવામાં આવે છે છતાં પૂર્વાચાર્યોનાં વચનો આજ સુધીના વિદ્વાનોએ માન્ય કર્યાં છે. આ પ્રકરણમાં બીજા ગ્રંથો સાથે કેટલાક ઠેકાણે અપવાદ રૂપે ભિન્નતા સૂચક પાઠો દષ્ટિ ગોચર થાય છે જેમકે—

આ પ્રસ્તુત પ્રકરણમાં સર્વજિનેંદ્રોમાં ચ્યવન નક્ષત્રોનો નિર્ણય કરતાં મૂલ પ્રકરણ કર્ત્તાએ જો કે ચરમ તીર્થંકર શ્રીમહાવીર સ્વામીનું ચ્યવન નક્ષત્ર છાસઠમી ગાથાના અંતમાં-" **उत्तरा २४ रिक्खा**" એમ સામાન્ય

ઉલ્લેખ કરેલો છે, "भीमः" ભીમ જેમ એકદેશ ગ્રહણુથી ભીમસેન ગ્રહણ કરવામાં આવે છે તેમ 'उत्तरा' એ ઉપરથી ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર પણ લઇ શકાય છે તો પણ વૃત્તિકારે એમ કહ્યું છે કે—આષાઢા શબ્દનો અધિકાર હોવાથી અહીં ચ્યવન કલ્યાણકમાં ઉત્તરાષાઢા નક્ષત્ર લેવું એ ઉચિત ગણાય. પરંતુ તે વૃત્તિકારનું મંતવ્ય યોગ્ય નથી. કારણ કે શ્રી આચારાંગ–સ્થાનાંગ–કલ્પસૂત્ર અને પંચાશક આદિ ગ્રંથ તેમજ તેમની વૃત્તિઓ સાથે વિરોધ આવે છે. અહીં આચારાંગાદિ સમસ્ત ગ્રંથોમાં પ્રાયે કરી સમાન પાઠ હોવાથી આચારાંગ દ્વિતીય–બીજા શ્રુતસ્કંધ ભાવના અધ્યયનનોજ પાઠ બતાવવામાં આવે છે જેમકે–

"तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे पंच-हत्थुत्तरे याविहुत्था तंजहा–हत्थुत्तराइं चुए चइत्ता गब्भं वक्कंते" इत्यादि—

एतद्वृत्तिश्चैवम्–'पंचहत्थुत्तरेहिं होत्थत्ति' हस्त उत्तरो यासामुत्तराफाल्गुनीनां ता हस्तोत्तराः ताश्च पञ्चसु स्थानेषु गर्भाधान–१–संहरण–२–जन्म–३–दीक्षा–४–ज्ञानोत्पत्ति–५ रूपेषु संजाताः।' इति।

એ પાઠના અનુસારે શ્રી મહાવીર ભગવાનનું ચ્યવન નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની નિશ્ચિત થાય છે. એ પ્રમાણે આગળ ઉપર પણ પ્રસ્તુત પ્રકરણના વૃત્તિકારે જન્મ, દીક્ષા અને જ્ઞાન કલ્યાણકોમાં ચ્યવન નક્ષત્રના આધારે ઉત્તરાષાઢા

નક્ષત્ર કહેલાં છે. તે સ્થલે પણ પૂર્વોક્ત–આચારાંગ આદિ પાઠને અનુસરી ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રજ સમજવું.

વળી આ પ્રકરણમાં સર્વ જિનેંદ્રોના ભક્ત રાજાઓના અધિકારમાં (૨૨૦) મી ગાથામાં મૂલ ગ્રંથકારે કહ્યું છે કે–

" भरह १ सगर २ मिअसेणाय ३ "

ટીકાકારે એની વ્યાખ્યા કરી છે કે—

"ऋषभशासने भक्तनृपो भरतः १। एवं सर्वत्रनामपूर्वकं भक्तनृपनामानि वाच्यानि। सगरः २ मृगसेनश्च ३।"

પરંતુ યંત્ર પુસ્તકોમાં 'મૃગસેન' ના સ્થાને 'અમિતસેન' પાઠ ઉપલબ્ધ થાય છે. અહીં પ્રાકૃત ગાથા હોવાથી પ્રાકૃત નિયમથી અકારનો લોપ થયો છે. તેથી અમિતસેન પાઠ થઇ શકે અને અકારનો લોપ ન કરીએ તો 'મૃગસેન' પણ થાય, પરંતુ આ બાબતમાં વિશેષ ગ્રંથોનો આધાર નહીં મળવાથી કયો પાઠ સત્ય છે? એમ નિશ્ચિત કહી શકાતું નથી.

વળી આ પ્રકરણમાં સર્વજિનેંદ્રોના મુનિઓની સંખ્યા બતાવતા મૂળગ્રંથકારે શ્રીસુમતિનાથ તથા શ્રી પદ્મપ્રભ જિનેશ્વરના મુનિઓનિ સંખ્યા પ્રસંગે (૨૩૨) મી ગાથામાં કહ્યું છે કે—

"तिन्नि वीसाय ५ तिन्नि तीसाय ६"

વૃત્તિકારે પણ એ મૂળ ગાથાના અનુસારે તેની વ્યાખ્યા કરી છે કે—

"विंशत्यधिकानि त्रीणि लक्षाणि ५ त्रिंशदधिकानि त्रीणि लक्षाणि ६ ।"

વળી એ પ્રમાણે પ્રવચન સારોદ્ધારના મુનિ સંખ્યા અભિધાયક સોળમા દ્વારમાં પણ કહ્યું છે કે—

"चुलसीइ सहस्सा ए-गलक्ख दोतिन्नि तिन्नि लक्खाओ ।
वीसहिया तीसहिया, तिन्निय अड्ढाइय दुइक्कं ॥"

આ ગાથાની વ્યાખ્યામાં પાંચમા અને છઠ્ઠા જિનેશ્વરોના મુનિઓની સંખ્યા બતાવતા વ્યાખ્યાન કર્ત્તા આચાર્ય મહારાજે પાંચમા તીર્થંકર ના મુનિઓ ત્રણ લાખને વીશ તથા છઠ્ઠા જિનેશ્વરના ત્રણ લાખ અને ત્રિશ મુનિઓ કહ્યા છે. પરંતુ ત્રણ લાખ અને વીશહજાર તેમજ ત્રણલાખને ત્રિશહજાર સંખ્યા જાણવી. એમ ન માનીએ તો—

"अट्ठावीसं लक्खा, अडयाल सहस्स सव्वंके ॥" इति
"अट्ठावीसं लक्खा, अडयालीसं च तह सहस्साइं ।
सव्वेसिंपि जिणाणं, जईण पमाणं विणिद्दिट्ठं ॥"

આ પ્રમાણે પ્રસ્તુત પ્રકરણની (૨૪૩) મી ગાથાના ઉત્તરાર્ધમાં કહેલી તેમજ પ્રવચન સારોદ્ધારની (૩૩૮) મા ગાથાના પૂર્વાર્દ્ધમાં કહેલી સર્વ જિનેશ્વરોના એકંદર મુનિઓની સંખ્યા (૨૮૪૮૦૦૦) સંગત થાય નહી. માત્ર ત્રણ લાખ અને વિશ, ત્રણ લાખને ત્રીશ એ પ્રમાણે ગ્રહણ કરાય તો (૪૯૯૫૦) મુનિ સંખ્યા ઓછી થાય. વળી શ્રી મન્મલયગિરિ સૂરિએ આવશ્યક વૃત્તિમાં કહ્યું છે કે—

**चुलसीइं च सहस्सा, १ एगं च २ दुवे अ ३ तिण्णि ४ लक्खाइं।**
**तिण्णि अ वीसहिआई ५, तीसहिआइं च तिण्णेव ६ ॥"**

વળી એ ગાથાની નિર્યુક્તિગાથાના વ્યાખ્યાનમાં પાંચમા તથા છઠ્ઠા જિનેશ્વરના મુનિઓની સંખ્યા ઉદ્દેશીને કહ્યું છે કે-

**" सुमतेस्त्रीणि लक्षाणि विंशतिसहस्राणि ५।**
**पद्मप्रभस्य त्रीणि लक्षाणि त्रिंशत्सहस्राधिकानि ६।"**

આ ઉપરથી પણ વિશહજાર અધિક ત્રણલાખ અને ત્રિશહજાર અધિક ત્રણલાખ સંખ્યા જાણવી.

આ પ્રસ્તુત પ્રકરણ ગ્રંથ ઉપર સરલ સંસ્કૃત ભાષામાં વિ. સં. ૧૬૭૦ માઘ સુદિ ૩ રવિવારે બૃહત્તપાગચ્છાધિપતિ શ્રીમદ્ વિજયસેનસૂરિ અને વિજયદેવ સૂરિના પ્રવર્ત્તમાન શાસનમાં શ્રીમદ્-રાજવિજયસૂરિ શિષ્ય પંડિત દેવવિજયજીએ ટીકા રચી છે. વળીઆ ટીકાકારે 'દાનાદિ કુલક' ઉપર ધર્મ રત્ન મંજૂષા નામે ટીકા-પાંડવ ચરિત્ર ગદ્ય, રામચરિત્રગદ્ય અને જિનસહસ્રસ્તોત્ર આદિ બીજા ગ્રંથો પણ રચેલા જોવામાં આવેછે.

આ પ્રસ્તુત ગ્રંથ પૂ૦ મુનિપ્રવર શ્રીમાન્ ચતુરવિજયજી સંપાદિત આત્માનંદ સભા તરફથી સં. ( ૧૯૭૫ ) માં મુદ્રિત થયો છે. સમાજમાં આ ગ્રંથની ઉપયોગિતા હોવાને લીધે જિજ્ઞાસુઓના આગ્રહથી યોગનિષ્ઠ શાસ્ત્ર વિશારદ જૈનાચાર્ય પૂજ્યપાદ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરી-

શ્વરજીના શિષ્ય રત્ન પ્રશાન્તમૂર્તિ અનુયોગાચાર્ય પ્રવર્ત્તક શ્રી ઋદ્ધિસાગરજીએ સંસ્કૃત છાયા તથા ગુર્જર ભાષામાં સરલ ભાવાર્થ રચી પ્રસ્તુત ગ્રંથને વિભૂષિત કર્યો છે. એટલુંજ નહીં પરંતુ ગ્રંથાંતરને અનુસરી કેટલીક બાબતો મૂળ ગ્રંથ કરતાં અધિક ઉપયોગ પુરતી લખવામાં આવી છે. આ ગ્રંથ છપાવી બહાર પાડવામાં પ્રેસની અગવડતાઓને લીધે પ્રકાશનમાં બહુ વિલંબ થયો છે, તેમજ અક્ષર યોજકના દોષને લીધે કેટલાક ઠેકાણે અશુદ્ધિ રહી છે તે શુદ્ધિપત્રમાં જોઇ સુધારી લેવા ભલામણ છે. આ પ્રસ્તુત ગ્રંથ મૂળ અને સં. છાયા સહિત અલગ છપાવી આ ગ્રંથની આગલ દાખલ કરેલ છે. મુનિશ્રી જયસાગરજીની આત્મભાવના પણ આત્માર્થીઓને ઉપયોગી હોવાથી દાખલ કરેલ છે. આ ગ્રંથના પ્રુફ સુધારવામાં વ્યાકરણનિષ્ણાત ભાઇશંકર શાસ્ત્રી તથા સાહિત્યપ્રેમી મુનિશ્રી સિદ્ધિમુનિજી, પંન્યાસજી કીર્ત્તિસાગરજી, મુનિ મહારાજ શ્રી ચંદ્રવિજયજી અને મુનિ મહારાજ શ્રી પ્રિયંકરવિજયજીએ પ્રસંગે પ્રસંગે પોતાનો અમૂલ્ય સમય રોકી ગ્રંથ સંશોધનમાં મદદ કરી છે તે બદલ આભાર.

તા. ૩–૧–૩૪<br>
વિ. ૧૯૯૦ વી. ૨૪૬૦<br>
બુ. ૯<br>
પોષ વદી ૩ બુધવાર.<br>
વિજાપુર (વિદ્યાપુર)<br>
વિદ્યાશાળા.

લે. સંશોધક—

મુનિ હેમેંદ્રસાગર

# નિવેદન

સપ્તતિશત સ્થાન ગ્રંથ આચાર્ય મહારાજ શ્રી ઋદ્ધિસાગરજી સૂરિજીએ સંસ્કૃત છાયા તથા ગુર્જર ભાષામાં અનુવાદ કરી તૈયાર કર્યો તેનો જન સમાજમાં ખાસ ઉપયોગનું કારણ એ છે કે આપણા ઈષ્ટ પ્રભુ દેવાધિદેવ ચોવીશ તીર્થંકરોનાં ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણ (મોક્ષ) નાં સ્થલ, સમય, રાશિ, નક્ષત્ર, માતા, શાસનદેવો તથા દેવીઓ ગણધર, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, કેવલી સંખ્યા, સાધુ સાધ્વીનો પરિવાર, પર્યાયાંતકૃત, યુગાંતકૃત તેમજ દાર્શનિક મતોની ઉત્પત્તિસમય, પૂર્વભવ, આશ્ચર્યકારી બનાવો, જન્મ નામ, વંશ, દીક્ષા સમય, સિબીકા નામ, નગરાદિ અને આયુષ્યનું પ્રમાણ દેવલોકાદિ સ્થિતિનું વર્ણન આદિ અનેક ઉપયોગી વિષયોનો આ પુસ્તક વાંચવાથી બોધ થાય છે. આ પુસ્તક શાળાઓમાં પાઠય હોવાથી દરેક પાઠશાળાઓમાં અભ્યાસકો માટે પાઠય પુસ્તક તરીકે રાખવા યોગ્ય છે.

આ પુસ્તક છપાવવામાં સહાયદાતાઓને ધન્યવાદ આપીએ છીએ કે આવા ધાર્મિક અતિ ઉપયોગી પુસ્તક છપાવવામાં પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરવો તે યોગ્ય ગણાય.

## સહાયદાતાઓનાં નામ તથા મળેલી રકમ.

૨૫૦) વિજાપુર જૈન સંઘ હા. ચિંતામણિ પાર્શ્વનાથજી પેઢી

૧૦૦) શાહ બલાખીદાસ ગુલાબચંદ ઇંદ્રોડા

૭૫) શાહ જગજીવન પ્રાગજી હા. મૂળજીભાઈ જગજી-
વન ભાઇ મુંબાઈ

૫૦) શાહ ફુલચંદ પ્રાગજીભાઇ મુંબાઈ

૫૦) શા. પોચીલાલ ડુંગરસીના ટ્રસ્ટ ફંડ
હા. શેઠ કેશવલાલ ત્રીકમલાલ

૫૦) શા. ચીમનલાલ ડુંગરસી મુ. માણસા હા. માણેકબાઇ

૨૫) ઈંદ્રોડા સંઘ તરફથી જ્ઞાન ખાતાના

૨૫) શાહ ચીમનલાલ અનોપચંદ લોદ્રા

૨૫) શાહ છનાલાલ ખેમચંદ લોદ્રા

૨૫) શેઠ બેચરદાસ પુરૂષોતમદાસ વિજાપુર

૧૫) શા. કચરાભાઇ માણેકચંદ બોરૂ

૬) શા. છગનલાલ વીરચંદ

૬) કોઉસા કચરાભાઈ , ઈંદ્રોડા

૫) શા. મગનલાલ કચરાભાઈ ,,

૪) શાહ સકરચંદ લલ્લુભાઇ ,,

૪) શાહ સેંધાલાલ લલ્લુભાઇ ,,

૩) શા. જેચંદ દલીચંદ ,,

૨૫) શેઠ બુલાખીદાસ ગુલાબચંદની મોટી પુત્રી ઈંદ્રોડા.

૧૫) શેઠ બુલાખીદાસનાં પત્ની તરફથી ,,

૧૫) ભાંખરીયા મોહનલાલ નગીનદાસ રાયચંદ મહેસાણા.

૫) શા ચમનલાલ નાનચંદ માણુસા

૫) બેન ચંચળબાઇ માણુસા

૫) શેઠ બુલાખીદાસ હાથીભાઇ પ્રાંતીજ

૫) શેઠ છોટાલાલ મગનલાલ ભાઉ ,,

૫) શા શામળદાસ તુલજારામ ,,

આ સંસ્થા તરફથી, આ ગ્રંથ ઉપરાંત આચાર્ય શ્રીમદ્ અજિતસાગર સૂરિ રચિંત શોભન સ્તુતિ ચતુર્વિંશતિકા ઉપર સરલા, નામક સુન્દર ટીકા, સ્તોત્ર રત્નાકર ભા. ૧ અજિત સ્તવનાદિ સંગ્રહ, સુભાષિત રત્નાકર આદિ પાંચ છ પુસ્તકો છપાય છે તે થોડા સમયમાં બ્હાર પડસે બીજા પણ ઉત્તમ ગ્રંથો છપાવવાના છે. આ સંસ્થા પાસે પુસ્તક પ્રચાર માટે ખાસ ફંડ નથી તો સાહિત્ય પ્રચારમાં રસ લેનારા ભાઇઓને ભલામણ કરીએ છીએ કે જ્ઞાન પ્રચારમાં યથા શકિત અવશ્ય મદદ કરે.

લી. સેક્રેટરી—

તા. ૧૦-૧-૩૪
વિજાપુર
(ગુજરાત)

શ્રી બુદ્ધિસાગરસૂરિ જૈન
જ્ઞાનમંદિર.

# શુદ્ધિપત્રમ્.

| પૃષ્ઠ. | પંક્તિ. | અશુદ્ધિ. | શુદ્ધિ. |
|---|---|---|---|
| ૧ | ૧૪ | તીર્થંકરોને | તીર્થંકરોના |
| ,, | ૧૭ | કયા | કયાં |
| ૪ | ૮ | જીનેદ્રો | જીનેંદ્રો |
| ૭ | ૪ | થયેલા | થયેલાં |
| ,, | ૧૪ | જીનેંદ્રા | જીનેંદ્રો |
| ,, | ૧૦ | સાતમીમાં | સાતમી અને આઠમીમાં |
| ૧૩ | ,, | નમે | નામે |
| ,, | ,, | ૨૬ | ૨૪ |
| ,, | ૧૮ | બંને | બંને જણે |
| ,, | ૨૨ | શ્રાવિજય | શ્રીવિજય |
| ,, | ૪ | દેવલોમાં | દેવલોકમાં |
| ,, | ૨૨ | સવંર્મ | સૌધર્મ |
| ૨૦ | ૧૩ | પ્રાણુાત | પ્રાણુત |
| ૨૧ | ૧૦ | પદમ | પદ્મ |
| ૨૯ | ૧૭ | છત્રીસ છત્રીશ | છત્રીશ |
| ,, | ૧૧ | વશાખ | વૈશાખ |
| ,, | ૧૩ | ચોથ | ચોથે |
| ,, | ,, | ,, | ,, |

| પૃષ્ઠ. | પંક્તિ | अशुद्धि. | शुद्धि. |
|---|---|---|---|
| ,, | ૨૦ | પાંસમાં | પાંચમાં |
| ,, | ૨૩ | ભુવન | ભવન |
| ,, | ૧૮ | વરસાવે છે | વરસાવે છે, આઠદિક્ કુમારીઓ દર્પણ લઇ પ્રભુ સન્મુખ ઉભી રહેછે. |
| ૬૧ | ૧૭ | સાધર્મેંદ્ર | સૌધર્મેંદ્ર |
| ,, | ૧૮ | નમસ્કા | નમસ્કાર |
| ,, | ૨૩ | સિતલેશ્યાવા | શિતલેશ્યા |
| ૬૮ | ૫ | સુર દેવ હરી | સુર–દેવ હરિ |
| ,, | ૧૦ | ૬૩ | ૬૩ |
| ૭૩ | ૧૫ | પ્રભુને | પ્રભને |
| ,, | ૧૬ | ,, | ,, |
| ,, | ૧૭ | શશા | શશી |
| ૮૨ | ૩ | પચાંશ | પચાશ |
| ,, | ૨૪ | પચાશશિ | પચાશઅંશ |
| ૮૬ | ૧૨ | ઓગળ | ઓગણ |
| ,, | ૧૦ | અભિનંદ | અભિનંદન |
| ૯૧ | ૧૪ | સુપ્રતિષ્ટ | સુપ્રતિષ્ઠ |
| ૯૨ | ૭ | અગ્નેય | આગ્નેય |
| ,, | ૮ | ૮ | ૮ અરિષ્ટવિમાનમાં |

| પૃષ્ઠ. | પંક્તિ. | અશુદ્ધિ. | શુદ્ધિ. |
|---|---|---|---|
| ,, | ૧૨ | અરના | અરનાથ |
| ,, | ૧૯ | તણુ | પણુ |
| ૯૫ | ૬ | દિક્ષા | દીક્ષા |
| ,, | ,, | જીનેંદ્રોજે | જિનેંદ્રોએ |
| ૯૭ | ૧ | સાચે | સાથે |
| ૯૮ | ૧૨ | વેપ્રગા | વપ્રગા |
| ૧૦૧ | ૧૯ | રાજગહ | રાજગૃહ |
| ,, | ૯ | વસુધરા | વસુધારા |
| ૧૦૮ | ૧૪ | ઘણુંજ | ઘણાંજ |
| ,, | ૯ | અગીયારગણું | અગીયારધનુષ |
| ,, | ૧૧ | દિવસમાં | દિવસના |
| ,, | ૧૫ | પૂર્વ | પૂર્વક |
| ૧૧૯ | ૧૮ | શર્વ | સર્વ |
| ,, | ૨૦ | શમ જેછે | સમજે છે |
| ૧૨૦ | ૪ | શખરી | શાખરી |
| ,, | ૧૧ | વર | વૈર |
| ૧૨૩ | ૩ | તેથી | ને |
| ,, | ૧૪ | તે | ને |
| ૧૩૫ | ૧૨ | શ્રયાંસ | શ્રેયાંસ |

| પૃષ્ઠ. | પંક્તિ. | અશુદ્ધિ. | શુદ્ધિ. |
|---|---|---|---|
| ૧૬૦ | ૪ | નાથ | નાથને |
| ,, | ૨૦ | સખ્યા | સંખ્યા |
| ૧૬૯ | ૫ | સાધ્વીઓને | સાધ્વીઓનાં |
| ૧૭૩ | ૧૭ | સમયયાં | સમયમાં |
| ૧૭૬ | ૮ | પ્રમાંણાદિક | પ્રમાણાદિક |
| ૧૮૧ | ૨૨ | ગ્રાષ્માદિ | ગ્રીષ્માદિ |
| ,, | ૧૯ | કરવામાટે | ૦ |
| ,, | ૨૧ | પરઠવવો | પરઠવવી |
| ૧૯૫ | ૨૨ | પર્ણું | પૂર્ણું |
| ૧૯૯ | ૬ | ચો ચો | ચોથો |

---

**અભ્યાસકોને સૂચના**—ગુજરાતી શિવાયની અશુદ્ધિઓ જે રહેવા પામી છે તે આ ગ્રંથની આદિમાં છાયા સહિત મૂળ ગ્રંથ દાખલ કરેલ છે ત્યાં જોઇ સુધારી વાંચવા ખાસ ભલામણ છે.

# આચાર્ય શ્રીમાન્ ઋદ્ધિસાગર સૂરીશ્વરજીનું સંક્ષિપ્ત જીવન વૃત્તાંત.

જે સૌરાષ્ટ્રે (કાઠિયાવાડે) જૈન સમાજને બુદ્ધિમાન ઘણા સાધુઓ સમર્પ્યા છે તેમાં આવેલા ઝાલાવાડ પ્રાંતના વઢવાણ શહેરમાં આચાર્યવર્ય શ્રી ઋદ્ધિસાગર સૂરીશ્વરજીનો જન્મ વિ. સં. ૧૯૪૧ના વૈશાખ વદી ૧૪ના રોજ થયો હતો. તેમનું ગૃહસ્થાશ્રમનું નામ લક્ષ્મીચંદ હતું તેમના પિતાનું નામ ટોકરસીભાઈ તથા માતાનું નામ ઝકલબાઈ હતું. ટોકરશીભાઇ પારેખ કુટુંબના હોઇ તેમનો રાજ્યમાં સારો લાગવગ હતો. તેઓ મણીઆરનો ધંધો કરતા હતા અને શાંતિપૂર્વક પોતાનો નિર્વાહ કરતા હતા.

ભાઇ લક્ષ્મીચંદ બાલ્યાવસ્થામાંથીજ સૌમ્ય અને ભદ્રિક પ્રકૃતિના હતા. તેમને સાતેક વર્ષની વયે નિશાળે ભણવા મુકયા ત્યાં તેઓએ ગુજરાતી છઠ્ઠા ધોરણ સુધી અભ્યાસ કર્યો. જેમ જેમ ઉમ્મર વધતી ગઇ તેમ તેમ તેમનામાં વિનય, ધર્મરાગ,, પ્રભુભક્તિ વિગેરે બીજરૂપ રહેલા ગુણો વૃદ્ધિ પામ્યા; સંસારપર રૂચિ ઓછી થતી ગઇ ને મન વૈરાગવાસિત થતું ગયું, સંસારની અનેક પ્રકારની આધિ, વ્યાધિ અને ઉપાધિઓનું નિરીક્ષણ થતાં તેમને સંસાર અસાર ભાસવા લાગ્યો હતો અને આત્મ કલ્યાણ કરવાનો શ્રેષ્ઠ માર્ગ કયો એ વાત તેઓ પોતાના મનને પૂછી રહ્યા હતા. વખતો વખત મુનિમહારાજાઓના પ્રસંગમાં આવતાં તેઓ તેમની જીવનની પ્રવૃત્તિપર ખાસ ધ્યાન આપતા હતા. ખાસ કરીને તપસ્વીજી શ્રી ખાંતિવિજ-

યજી દાદાના શિષ્યશ્રીમોહનવિજયજીએ ભાઇ લક્ષ્મીચંદના જીવનમાં ભારે પલટો કર્યો, તે મુનિશ્રીના સહયોગે તેમને ધાર્મિક સંસ્કારી બનાવ્યા અને ચારિત્ર રૂચિ ઉત્પન્ન કરી.

દરમિયાન ભાઇ લક્ષ્મીચંદને ગોધાવીમાં પોતાની બેનને ત્યાં જવાનો કોઇકવાર પ્રસંગ પડતો, ત્યાં તેઓ સુવિખ્યાત ક્રિયાપાત્ર શ્રીમાન રવિસાગરજી મહારાજના શિષ્ય શ્રી સુખસાગરજી મહારાજના પ્રસંગમાં આવ્યા. વખતો વખત તેમની તરફથી વૈરાગ્યનો ઉપદેશ સાંભળતાં ઉત્પન્ન થએલી ચારિત્ર રૂચિ વધારે પુષ્ટ થઈ, અને છેવટે દીક્ષા લેવાને તૈયાર થયા. સં. ૧૯૬૪ ના મહા વદી ૬ ના દિવસે લોદ્રામાં જઈ તેમણે શાંતમૂર્તિ ક્રિયાપાત્ર શ્રી સુખસાગરજી મહારાજ પાસે ચારિત્ર અંગીકાર કર્યું. ત્યાંથી વિહાર કરતા કરતા અનુક્રમે ઉંઝામાં આવ્યા, ત્યાં લુહારની પોળવાળા પં. શ્રી પ્રતાપવિજયજી પાસે સં. ૧૯૬૪ ના વૈશાખ વદી ૬ ના રોજ વડી દીક્ષા થઇ અને તેમને આચાર્ય વર્ય શ્રી બુદ્ધિસાગર સૂરીશ્વરજી (તે વખતે મુનિશ્રી બુદ્ધિસાગરજી) ના શિષ્ય તરીકે જાહેર કર્યા. આ પછી જ્યાંસુધી શ્રી સુખસાગરજી મહારાજ હયાત હતા ત્યાં સુધી તેઓ તેમનીજ પાસે રહ્યા અને તેમની અત્યંત સેવાશુશ્રૂષા કરી તેમનો ભારે પ્રેમ મેળવ્યો.

વડીલ ગુરૂજીના સાથે ૧૯૬૪ નું પ્રથમ ચોમાસું માણસામાં કર્યું. ત્યાં તેમણે આવશ્યક ક્રિયા, ચાર પ્રકરણ વિગેરેનો તથા પ્રો. ભાંડારકરની સંસ્કૃત બે બુકોનો અભ્યાસ કર્યો ત્યારે પછી લઘુ પ્રક્રિયા તર્ક સંગ્રહ અને

મુક્તાવલી સાથે જૈન ન્યાયનો અભ્યાસ કર્યો આ પછીનાં ચોમાસાનાં ગામોનો ક્રમ તથા તે તે વર્ષમાં બનેલી વિશિષ્ટ વિગતો આ રીતે છે.

સં.

૧૯૬૫ અમદાવાદ

૧૯૬૬ પાટણ

૧૯૬૭ ચાણસ્મા

૧૯૬૮ પાટણ ગુરૂભ્રાતા પ્રસિદ્ધવક્તા શ્રી અજિતસાગરજીની સાથે પં. શ્રી ચતુરવિજયજીગણીની પાસે યોગોદ્વહન કર્યાં. ભક્તિસાગરજીને અમદાવાદમાં દીક્ષા આપી.

૧૯૬૯ અમદાવાદ દાદાગુરૂ શ્રી સુખસાગરજીનો સમાધિપૂર્વક સ્વર્ગવાસ થયો. ચોમાસાબાદ માગસર સુદિ ૧૫ મે શ્રી પેથાપુરના શ્રી સંઘે યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહરાજને આચાર્યપદ સમર્પણકર્યું

૧૯૭૦ માણસા

૧૯૭૧ સાણંદ યોગોદ્વહન ચાલુ
ચોમાસાબાદ શાસ્ત્ર વિશારદ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરે પંન્યાસ શ્રી વીરવિજયજી ને આચાર્ય પદ સમર્પ્યું તથા પં, શ્રી વીરવિજયજી એ મુનિ શ્રી અજીતસાગરજી (સૂરિ) તથા મુનિ શ્રી લાભવિજયજી ને પન્યાસ પદવી આપી

૧૯૭૨ અમદાવાદ સિદ્ધાંત મુક્તાવલી સુધી ન્યાયનો અભ્યાસ તથા સાણંદમાં શ્રી અજીતસાગરસૂરિના

શિષ્ય મુનિશ્રી હેમેંદ્રસાગરજી અને મનોહરશ્રી
સાધ્વીને દીક્ષા આપી ત્યાર બાદ ચતુર્માસ

૧૯૭૩ પેથાપુર

૧૯૭૪ પાટણ

૧૯૭૫ પેથાપુર

૧૯૭૬ પેથાપુર

૧૯૭૭ સાણંદ ગુરૂશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વર સાથે

૧૯૭૮ મહેસાણા " "

૧૯૭૯ જામનગરમાં પં. શ્રી અજીતસાગર પાસે શ્રીભગવતી સૂત્રના યોગોદ્વહન અને ગણી તથા પન્યાસપદ તેમજ પં. ઋદ્ધિસાગરજીના શિષ્ય હરિસાગરજીને વડી દીક્ષા આપી.

૧૯૮૦ પેથાપુર જામનગરના ચોમાસા બાદ પ્રાંતિજમાં મહાસુદી ૧૦ ના પં. શ્રી અજિતસાગરજીને આચાર્યપદ આપવામાં આવ્યું તે વખતે તેમને પ્રવર્તકપદ આપ્યું. આચાર્ય શ્રી સાથે ચતુર્માસ અને વિહાર

૧૯૮૧ પ્રાંતિજ ચોમાસા પહેલાં વિજાપુરમાં આચાર્યશ્રીનો સ્વર્ગવાસ ચોમાસામાં આચાર્યશ્રી અજિતસાગરજી સાથેરહ્યા વિશેષાવશ્યકાદિ ગ્રંથો વાંચ્યા

૧૯૮૨ પેથાપુર

૧૯૮૩ સાણંદ મુનિશ્રી કીર્તિસાગરજી તથા શ્રી દુર્લભવિજયજીને આચાર્યશ્રીની આજ્ઞાથી ભગવતીસૂત્રના યોગોદ્વહન કરાવ્યા.

૧૯૮૪ પ્રાંતીજ

૧૯૮૫ વિજાપુર ચોમાસામાં આચાર્ય શ્રી અજિતસાગર સૂરિજીનો સ્વર્ગવાસ ત્યાર પછી પ્રવર્તકજી સાગર સમુદાયના નેતા બન્યા. હિમ્મતનગરમાં પ્રતિષ્ઠા કરાવી.

ત્યાર પછીના ચોમાસા

૧૯૮૬ સાણંદ

૧૯૮૭ માણસા

૧૯૮૮ વિજાપુર ત્યાં ઉપાધન વહન કરાવ્યાં ચોમાસા બાદ વિજાપુરમાં અજિત સાગરસૂરિ અને મુનિ અમૃત સાગરજીના પગલાંની પ્રતિષ્ઠા તથા સાણંદમાં ફાગણ સુદી ૩ ના ગુરૂમૂર્તિની પ્રતિષ્ઠા કરી.

૧૯૮૯ પેથાપુર ચોમાસામાં મુનિ હેમેંદ્રસાગરજી, મુનિ ચંદ્રવિજયજી પ્રિયંકરવિજયજીને કલ્પસૂત્ર સુધીના યોગોદ્વહન કરાવ્યા. બાદ પ્રાંતીજમાં બે પટ્ટોની પ્રતિષ્ઠા કરી

પેથાપુરમાં ચતુર્માસ કર્યાપછી વિહાર કરતાં ઇંદ્રોડા પધાર્યા ત્યાં સંઘમાં વ્યાપેલી અશાંતિને દૂર કરી તથા દેરાસરમાં પ્રતિષ્ઠા કરાવી. આ વખતે ત્યાંના શ્રીસંઘે તેમનામાં અનેક આચાર્ય યોગ્ય ગુણોને જોતાં શ્રીસાગરના સમુદાયની સંમતિ અને આગ્રહને માન આપી બીજા સંઘો સાથે મળી આચાર્યપદ સમર્પણ કર્યું. આ પદ સમર્પણમાં પોતાના દ્રવ્યવ્યયથી ઇંદ્રોડામાં શ્રીવાસુપૂજ્યજીનું નવીન દેરાસર બનાવનાર શેઠ બુલાખીદાસ ગુલાબચંદે સર્વ ખર્ચ

કર્યું હતું તથા તેમણે આ પુસ્તક છપાવવામાં સૌથી પ્રથમ પ્રેરણા તથા દ્રવ્યની યોગ્ય મદદ કરી છે.

આ પછી થોડાજ વખતમાં તેમણે (આચાર્યશ્રીએ) ફાગણ સુદી ૪ ના શુભ મુહૂર્તે ષડદર્શન વેત્તા સિદ્ધાંત પારગામી મુનિશ્રી સિદ્ધિમુનિજીને ઉપાધ્યાયપદ સમર્પણ કર્યું.

આવી રીતે જ્ઞાન ધ્યાન સાથે તેમણે પોતાના જીવનને વીતાવી ઘણા જીવોને ઉપદેશ આપી જૈન શાસનને દીપાવ્યું છે. તેઓ સ્વભાવે ભદ્રિક પરિણામી હોવાથી તેમને ભાગ્યેજ કષાયોદય હોય એ સ્વાભાવિક છે. તેઓ ભવિષ્યમાં પણ ઘણો શાસનને લાભ કરશે એવી આશા સાથે આ તેમનું ટુંક જીવન સમાપ્ત કરૂં છું. ૐ ઇતિ શાંતિ :

તા. ૨૫-૪-૩૪ }
વિજાપુર }

લી.
પ્રકાશક.

# शास्त्रविशारद–योगनिष्ठ–श्रीमद्–बुद्धिसागर-
# सूरीश्वरगुरुस्मरणाऽष्टकम् ।

( ललितभद्रिकावृत्तम् )

विबुधवन्दितं तत्त्ववेदिनं, वृषधुरन्धरं योगपारगम् ।
समयकोविदं सूरिशेखरं, स्मरत सद्गुरुं बुद्धिसागरम् ॥१॥

क्षुभितदेहिनां संसृतेर्भयाद्–विशददेशनादायिनोद्धृतिः ।
अकृत येन तं सूरिशेखरं, स्मरत सद्गुरुं बुद्धिसागरम् ॥२॥

विमलवाचनां यन्मुखाम्बुजा–च्छ्रवणगोचरीकृत्य भावतः ।
अमरतां गताः सूरिपुङ्गवं, स्मरत तं गुरुं बुद्धिसागरम् ॥ ३ ॥

स्मरणमुत्तमं यस्य भूतले, सुखविधायकं शान्तपावनम् ।
शरणमङ्गिनां सूरिशेखरं, स्मरत तं गुरुं बुद्धिसागरम् ॥ ४ ॥

समतया मनोवृत्तिरद्भुताऽ–भवदखण्डिता यस्य कोमला ।
समजनेषु तं सूरिशेखरं, स्मरत सद्गुरुं बुद्धिसागरम् ॥ ५ ॥

चयनमक्षयं शास्त्रसंपदां, विहितमुत्कटं येन धीमता ।
विकसति स्वयं सर्वदा क्षितौ, स्मरत तं गुरुं बुद्धिसागरम् ॥६॥

विजितकामनः शुद्धमानसः, सततमुन्नतश्रीसुधाकरः ।
दलितदुर्मदः सूरिशेखरं, स्मरत तं गुरुं बुद्धिसागरम् ॥ ७ ॥

कलिमलाविलोऽप्यर्थिनां गण–श्चरणपङ्कजं यस्य संश्रितः ।
स तु गतापदः सूरिशेखरं, स्मरत तं गुरुं बुद्धिसागरम् ॥ ८ ॥

सुखनिधिमिदं स्तोत्रमेतकत्, पठति यो जनो हेमसंस्कृतम् ।
सुरवरार्चितः पुण्यवानह-र्निशमनल्पधी राजतेतराम् ॥९॥

## शिक्षणाष्टकम् ।

श्रीमानादिजिनेश्वरो गृहितया सर्वोपयुक्ताः कलाः,
सम्यग्भेदवतीरभिन्नहृदयः शिक्षाकृते देहिनाम् ।
किं कर्त्तव्यविमूढताहतधियामादिष्टवानादरात्,
तेनाद्याऽपि विवेकिता जनगता दृग्गोचरा जायते ॥१॥

पारम्पर्यगताऽधुना विजयते रीतिः सुशिक्षात्मिका,
भूतानां सकलोन्नतिप्रथयिनी चाध्यात्मिकेभ्यो हिता ।
सद्विज्ञानलता वितानजलदश्रेणिः सदानन्ददा,
तन्नैवास्ति यया न सिद्ध्यति भुवि यत्किं बहूक्तेन वा ॥२॥

शिक्षादीक्षा–वितरणपटुः सिद्धसेनाख्यसूरिः,
सूरिःशिक्षावचनविबुधो हारिभद्रोऽद्वितीयः ।
यस्मादेतत्पटुमतिमतां शिक्षणं सर्वदाऽर्हं,
सिद्धेर्मूलं विकलमनसां जायते वै विशेषात् ॥३॥

प्राचीनास्ते प्रथितमतयो हेमचन्द्रादयोऽपि,

सूरीशानाः सुविहितजने शिक्षणं शुद्धिदायि ।

मुख्यं चक्रुश्चलितजनताधीरताऽऽधानहेतुं,

यस्मान्नाऽन्या सुभगपदवी विद्यते सौख्यदा हि ॥४॥

शुभाः शालामाला विपुलसुख(गुण)दानैकपटवः,

शुभे देशे स्थाप्याः प्रवरमनुजैरुन्नतिकराः ।

प्रतिग्रामं ग्रामं विविधरचनाशिक्षणकृते,

यतस्तेनैव स्याद् रुचिरविनयादिर्गुणचयः ॥५॥

गुणो यस्मात्प्रादु–र्भवति तदलं शिक्षणमिह,

प्रचारात्तस्यैव क्षतिकरगुणानां क्षतिरपि ।

न यस्मिन् सद्धर्म–प्रथनमतुलं दिव्यसुखदं,

परित्याज्यं तद्वै, श्रमजनकमुच्चैः शुभधिया ॥६॥

विश्वप्रेमा भवति हृदये यस्य शुद्धात्मनोऽस्मिन्,

सत्यां शिक्षां जगति स नरो दातुमर्हत्यशेषाम् ।

दीव्यार्थानामधिगमकृते शिक्षणस्य प्रचारः,

कार्यः पुम्भिः, परहितरतैः सर्वशिक्षैकसारः ॥७॥

विद्वज्जनोक्तवचनान्यपि शिक्षणानि,

पत्राङ्कितानि रुचिराणि भवन्ति लोके ।

तत्त्वानि येषु निखिलानि यथार्थमेव,

ग्राह्याणि तानि विविधानि विवेकवीरैः ॥८॥

जैनज्योतिः दीपनं—सर्वदापि,

व्याप्नोत्वाशु ज्ञानभानुप्रकाशः

जाड्यं कुर्वद्दूरतः सत्त्वबोधाद्,

आपत्तीनां मूलमुन्मूलयद् द्राग् ॥९॥

हेमेन्द्रसागरमुनिग्रथितं विभासत्,

सच्छिक्षणं प्रगुणसंग्रहसप्रतीमम् ।

औचित्यमाश्रयतु शिष्टजनेषु जैन-

ज्योतिःशुभाष्टकमिदं सचिरार्थ गर्भम् ॥१०॥

दीव्योदारकलाकलापनिचिताः,

सन्त्यत्र केचिन्नराः,

सिद्धिस्थामविचित्रभेषजविदः॥

केऽपि प्रभाशालिनः

सच्छास्त्राऽऽगमसारवेदनपटु-

प्रज्ञाः कियन्तो जने,

ज्ञात्वेतच्चरितुं तथाविधमहो

शक्तास्तु केचित्कलौ ॥ ११ ॥

विद्यावादरताः केऽपि, केऽपि कीर्त्यभिलाषिणः ।

केऽपिस्वार्थपरालोक-स्तैरेववञ्चितः खलु ॥ १२ ॥

# सूरिस्वभावः

गुणेषु रक्तः श्रुतधर्मसक्तः,
सम्यक्क्रियाकाण्डलता पयोदः ।
स्याद्वादमुद्राप्रथितप्रभावः,
सूरिःसदाऽऽस्तामिह ऋद्धिसागरः ॥ १ ॥

तत्त्वार्थिनां तत्त्वधनप्रदाता,
धर्मार्थिनां धर्मगुणैकदाता ।
मोक्षार्थिनां तत्प्रथनप्रवीणः
सूरिः श्रियाऽऽस्तामिह ऋद्धिसागरः ॥ २ ॥

जितान्तरारिर्जयशीलभावः
शीलप्रभाभासुरशान्तमूर्तिः ।
वशीकृताक्षाऽश्वगणश्चकास्त्,
सूरिः सदा राजति ऋद्धिसागरः ॥३॥

अनन्यकीर्त्या कलितस्वरूपः,
सच्छास्त्रबोधप्रथने पटीयान् ।
सूरिः सदा शुभध्याननिविष्टचेताः,
सूरिः श्रिया राजति ऋद्धिसागरः ॥ ४ ॥

चारित्रमार्गं विशदं विशालं,
विधाय सम्यक् स्वमतिप्रभावात् ।
प्रवर्त्तयँस्तत्र जनाननेकान्
सूरिः श्रिया राजति ऋद्धिसागरः ॥ ५ ॥

दयामयं धर्ममनिन्दनीयं,
दिशन् जनानार्यगुणान्प्रकुर्वन् ।
भूताऽनुकम्पाकलितस्वभावः,
सूरिःश्रिया राजति ऋद्धिसागरः ॥ ६ ॥

आनन्दिताऽऽत्मापरमात्मनिष्ठः,
परप्रवादोक्तिविमूढभावः ।
श्रीजैनसिद्धान्तविचारविज्ञः,
सूरिःश्रिया राजति ऋद्धिसागरः ॥ ७ ॥

अखण्डिताऽनन्तमुनिश्रियाऽलं,
विराजमानो विरतिप्रधानः ।
विभासमानो विदुषां समाजे,
सूरिःश्रिया राजति ऋद्धिसूरिः ॥ ८ ॥

हेमेन्द्रसागरमुनिप्रथितं पृथिव्यां,
विस्तारमेतु गुणभाजनमष्टकं तत् ।
किं नास्ति भूरिगुणिनां गुणभावनेह.
शर्मप्रदानपटुरुत्तमशीलभाजाम् ॥ ९ ॥

जैनाचार्य श्रीमद्-ऋद्धिसागरसूरीश्वरजी.



॥ ॐ अर्हम् ॥

श्रीगौतमगणधरायनमः

ॐ ह्रीँ श्रीँ श्रीमद्बुद्धिसागरसूरिभ्योनमः ॥

# श्रीसप्ततिशतकस्थानप्रकरणम् ।

प्रणम्य श्रीमहावीरं, बुद्ध्यब्धिं च गुरुं मुदा ।
सप्ततिशतकस्थाना-ऽनुवादं प्रतनोम्यहम् ॥ १ ॥

અર્થ—જ્ઞાનસંપત્તિથી વિભૂષિત અને આસન્ન (નજીકના) ઉપકારી શ્રીમહાવીરભગવાનને તેમજ અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરનાર સદ્ગુરૂશ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરને આનંદ પૂર્વક નમસ્કાર કરી ગુર્જર ભાષામાં લોકોના સુખાવબોધ માટે શ્રીસોમતિલકસૂરિ વિરચિત સપ્તતિશતકસ્થાનનો સચ્છાયાઅનુવાદ હું કરૂં છું.

ગ્રંથકર્ત્તા મંગલમાટે પ્રથમ શ્રીઋષભાદિચોવીશ તીર્થંકરોને નમસ્કારપૂર્વક અભિધેય—પ્રતિપાદ્ય વસ્તુનું પ્રતિપાદન કર્તા છતા બે ગાથા કહે છે.

मूल–सिरिरिसहाइजिणिंदे, पणमिय पणमिरसुरासुरनरिंदे ।
सव्वन्नू गयमोहे, सुहदंसणजणिय जणबोहे ॥ १ ॥

तेसिं चिय चवणाई–पणकल्लाणगकमा समासेणं ।
पत्तेयं पुव्वभवा–इठाणसत्तरिसयं वुच्छं ॥ २ ॥

आदिनाथं नमस्कृत्य, गुरुञ्च सुखसागरम् ।
सप्ततिशतकस्थान-च्छायाम्वृद्धिः करोम्यहम् ॥ १ ॥

छाया-श्रीऋषभादिजिनेन्द्रान्, प्रणम्य प्रणमत्सुराऽसुरनरेन्द्रान् ।
सर्वज्ञान् गतमोहान्, शुभदेशनाजनितजनबोधान् ॥१॥
तेषामेवच्यवनादि-पञ्चकल्याणक क्रमात्समासेन ।
प्रत्येकं पूर्वभवा-दिस्थानसप्ततिशतं वक्ष्ये ॥ २ ॥

ભાવાર્થ—જેમના ચરણકમલમાં વિનયપૂર્વક સુર, અસુર અને નરેંદ્રો નમી રહ્યા છે. સર્વ પદાર્થોને હસ્તામલકવત્ પ્રત્યક્ષ પણે વિલોકનાર, જેમનો મોહ સર્વથા દૂર થયો છે. સર્વભાષામય ઉત્તમદેશનાવડે સર્વપ્રાણીઓને બોધ આપનાર શ્રી ઋષભાદિ ચોવીશ તીર્થંકરોને નમસ્કાર કરી તે સર્વશ્રીમદ્જીનેંદ્રભગવાન નાં ચ્યવન, જન્મ, દીક્ષા. કેવલજ્ઞાન અને નિર્વાણરૂપ પાંચ -કલ્યાણકોના ક્રમથી પ્રત્યેક જીનના પૂર્વભવાદિ એકસો સીત્તેર (૧૭૦) સ્થાનક કહું છું.

मूलम्—जइ वि हु गणणाईया, जिणाणठाणा हवंति तह-वि इहं । उक्किट्ठसमयसंभव-जिणसंखाए इमे ठविया ॥ ३ ॥
छाया-यद्यपि हि गणनातीतानि, जिनानां स्थानानि भवन्ति तथापीह ।
उत्कृष्टसमयसंभव-जिनसंख्ययेमानि स्थापितानि ॥ ३ ॥

ભાવાર્થ—જો કે જીનવરોનાં જન્મ કલ્યાણકાદિ સ્થાનકો ગણનાતીત-અસંખ્યાત છે, તો પણ પ્રસ્તુત ગ્રંથમાં

ઉત્કૃષ્ટ સમયમાં—અજીતનાથ ભગવાનના સમયમાં પ્રગટ થતા, સપ્તતિશત- એકસો સીત્તેર (૧૭૦) જીનવર થાય છે, જેમ કે પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહા વિદેહમાં રહેલા એકસો સાઠ (૧૬૦) વિજયોમાં અનુક્રમે પાંચ પાંચ અને એકસો સાઠ—એકંદર મળી એકસો સીત્તોર જીનવરોની સંખ્યા થાય છે તે અપેક્ષા એ એકસો સીત્તોર સ્થાનક સ્થાપન કર્યાં છે. તે નીચે મુજબ સોળ ગાથાઓ વડે ગ્રન્થકાર કહે છે.

**मूलम्—भव १ दीव २ खित्त ३ तद्दिसि ४ विजय ५ पुरी ६ नाम ७ रज्ज ८ गुरु ९ सुत्त १० । जिणहेउ ११ सग्ग १२ आउं १३ तेरसठाणाइँ पुव्वभवे ॥ ४ ॥**

छाया—भवद्वीपक्षेत्रतद्दिक्-विजयपुरीनामराज्यगुरुश्रुतं जिनहेतुस्वर्गायुस्त्रयोदशस्थानानि पूर्वभवे ॥ ४ ॥

ભાવાર્થ—સમ્યકત્વ પામ્યા પછી કયા જીનેંદ્રના કેટલા ભવ થયા? પૂર્વભવમાં કયા જીનેશ્વર કયા દ્વીપમાં થયા? કયા ક્ષેત્રમાં? તે ક્ષેત્રોની કયી દિશાઓમાં? કયા વિજયમાં? કયી નગરીમાં? કયા નામ? કયાં રાજ્ય ભોગવ્યાં કયા ગુરૂ? કયું શ્રુત ભણ્યા? જીનનામકર્મના હેતુ વિશસ્થાનક છે તેમાં કયા જીનેંદ્રે કયા સ્થાન આરાધ્યાં? કયા જીનવર કયા સ્વર્ગથી ચ્યવીને માતાના ઉદરમાં આવ્યા? પૂર્વભવમાં સ્વર્ગ મધ્યે કયા જીને કેટલું આયુષ્ ભોગવ્યું? આ તેર સ્થાનકો પૂર્વભવ સંબંધી પ્રથમ ગાથામાં કહ્યાં.

मूलम्—चुइमासाई १४ उडु १५ रासि १६ वेल १७ सुविणा १८ वियारगा १९ तेसिं। गब्भठिइ २० जम्ममासाइ २१ वेल २२ उडु २३ रासि २४ जम्मरया २५ ॥ ५ ॥

छाया—च्युतिमासाद्युडुराशिवेलास्वप्नानि विचारकास्तेषाम्।
गर्भस्थितिजन्ममासादिवेलोडुराशिजन्मारकाः ॥ ५ ॥

ભાવાર્થ--ચ્યવન સમયમાં કયો માસ, પક્ષ અને તિથિ? કયા નક્ષત્ર? કયી રાશિ? જીનેંદ્રના ચ્યવનની કયી વેલા! ચતુર્દશ-ચૌદ સ્વપ્ન. કયા જીનેદ્રોની માતાનાં સ્વપ્ન કોણે વિચાર્યાં? કયા જીનોની કેટલો કાલ ગર્ભમાં સ્થિતિ રહી? જીનેંદ્રોનો જન્મ માસ. પક્ષ અને તિથિ તેમજ કયી વેલામાં ઉત્પન્ન થયા? જન્મ નક્ષત્ર કયાં? જન્મ રાશિ કયી? કયા આરામાં કયા જીનેંદ્ર થયા? ॥ ૫ ॥

मूलम्—तस्सेस २६ देस २७ नयरी, २८ जणणी २९ जणया य ३० ताण दुण्ह गई ३१। ३२। दिसिकुमरी ३३ तक्किच्चं ३४, हरिसंखा ३५ तेसि किच्चाई ३६ ॥ ६ ॥

छाया—तच्छेष देशनगरी, जननीजनकाश्च तेषां द्वयानां गतिः।
दिक्कुमार्यस्तत्कृत्यं, हरिसंख्या तेषां कृत्यानि ॥ ६ ॥

ભાવાર્થ--જન્મ સમયે શેષ આરાનો સમય. તીર્થંકરોનો જન્મદેશ, જન્મનગરીઓ તેમની માતાનાં નામ પિતાનાં નામ, તેમના માતા અને પિતા એ બંનેની ગતિ તેઓ કયી ગતિમાં ગયા? જન્મ સમયે કેટલી દિક્કુમારીઓ અને તેમનું કાર્ય, ઇંદ્રોની સંખ્યા, તેમજ તેમનાં કાર્ય,"

मूलम्-गुत्तं २७ वंसो ३८ नामा ३९, सामन्नविसेसओ दु नामत्था ४० ।४१। लंछण ४२ फण ४३ तणुलक्खण ४४ गिहिनाणं ४५ वन्न ४६ रूव ४७ बलं ४८ ॥ ७ ॥

छाया-गोत्रं वंशोनामानि, सामान्यविशेषतोद्विनामार्थाः ।
लाञ्छनफणतनुलक्षण-गृहिज्ञानं वर्णरूपबलम् ॥७॥

ભાવાર્થ—જીનેંદ્રોનાં ગોત્ર, વંશ-કુલ, નામ, સામાન્ય અને વિશેષ પણે બંને પ્રકારના નામના અર્થ, તેમનાં લાંછન, ફણાઓની સંખ્યા, શરીર સંબંધી લક્ષણ. ગૃહસ્થ અવસ્થાનું જ્ઞાન, તેમજ જીનેંદ્રોનાં વર્ણ. સ્વરૂપ અને બળ કેવું હોય છે !

मूलम्—उस्सेहा ४९ ऽऽय ५० पमाणं ५१ ऽगुलेहिं देहस्स तिन्नि माणाइं । आहार ५२ विवाह ५३ कुमार ५४ निवइ ५५ चक्कित्त ५६ कालो य ॥ ८ ॥

छाया—उत्सेधात्मप्रमाणांऽगुलैर्देहस्यत्रीणि प्रमाणानि ।
आहारोविवाहः कुमारनृपतिचक्रित्वकालश्च ॥ ८ ॥

ભાવાર્થ—ઉત્સેધ અંગુલ, આત્મ અંગુલ અને પ્રમાણ અંગુલ વડે જીનેંદ્રના શરીરનું પ્રમાણ ત્રણ પ્રકારે છે, જીનેંદ્ર ભગવાને જન્મથી આરંભી દીક્ષા ગ્રહણ સુધી કેવા પ્રકારનો આહાર કર્યો ? કયા જીનેંદ્રનો વિવાહ થયો હતો અને કોનો ન થયો હતો ? કયા જીનેંદ્રો કુમારાવસ્થામાં કેટલાં વર્ષ રહ્યા ? કયા જીનવરોએ કેટલા સમય સુધી રાજ્ય ભોગવ્યાં ? અને કયા જીનોએ કેટલો કાળ ચક્રિત્વ પદ ભોગવ્યું ?

मूलम्--लोयंतियसुर ५७ दाणं ५८ वयमासाई य ५९
रिक्ख ६० रासि ६१ वओ ६२ । तव ६३ सिबया ६४
परिवारा ६५ पुर ६६ वण ६७ तरु ६८ मुट्ठि ६९ वेला य ७०॥९

छाया—लोकान्तिकसुरदानं, व्रतमासादि च ऋक्षराशिवयः ।
तपः शिबिकापरिवाराः, पुरवनतरुमुष्टिवेलाश्च ॥९॥

ભાવાર્થ—લોકાંતિક દેવોનાં સ્થાન તથા નામ, સાંવત્સરિક દાનની સંખ્યા, વ્રત સંબંધી માસ, પક્ષ અને તિથિઓ, વ્રત સંબંધી નક્ષત્ર વ્રત સંબંધી રાશિ વ્રત સમયમાં જીનેંદ્રોની ઉંમર, દીક્ષાના દિવસે કયાજીને કયું તપ કર્યું? દીક્ષા પ્રસંગે કયા જીનેશ્વર કયી શિબિકા--પાલખીમાં બેઠા હતા? સાથે દીક્ષા લેનારના પરિવારની સંખ્યા, કયા નગરમાંથી દીક્ષા માટે નિર્ગમન? કયા વનમાં દીક્ષા લીધી? કયા તરૂવર નીચે જીનેંદ્રાએ સંસાર ત્યાગ્યો વ્રત સમયે મુષ્ટિલોચની સંખ્યા તેમજ વ્રત સમયની વેલા નિર્ણય.

मूलम्--मणनाण ७१ देवदूसं. ७२ तस्सठिई ७३ पारणं च ७४ तक्कालो ७५ । पुर ७६ दायग ७७ तेसि गई ७८
दिव्वा ७९ वसुहार ८० तित्थतवो ८१ ॥ १० ॥

छाया—मनोज्ञानं देवदूष्यं तस्य स्थितिः पारणं च तत्कालः ।
पुरदायकास्तेषां गति-र्दीव्यानि वसुधारातीर्थतपः ॥१०॥

ભાવાર્થ--જીનેંદ્રોને વ્રત સમયે મનઃપર્યવજ્ઞાન, દેવ દૂષ્ય, તેની સ્થિતિનું પ્રમાણ કયા પ્રભુનું પ્રથમ પારણું કયા

આહારથી થયું ? પ્રથમ પારણાનો સમય ? કયા જીનેંદ્રનું પ્રથમ પારણું કયા નગરમાં થયું ? પ્રથમ પારણે આહાર દાતાનું નામ, આહાર દાયકની ગતિ, પારણા સમયે પ્રગટ થયેલા પાંચ દીવ્ય, તેમજ દેવોએ કરેલી વસુધારા-દ્રવ્ય વૃષ્ટિનું પ્રમાણ કયા જીનેંદ્રના તીર્થમાં કયું ઉત્કૃષ્ટ તપ હતું ? ૧૦ ॥

मूलम्--तह भिग्गाहा ८२ विहारो ८३ छउमत्थत्तं ८४ पमाय ८५ उवसग्गा ८४ । केवलमासाइ ८७ उडू ८८ रासी ८९ ठाणं ९० वणं ९१ रुक्खा ९२ ।? ११ ॥

छाया—तथाऽभिग्रहाविहारः, छद्मस्थत्वं प्रमादोपसर्गाः ॥
केवलमासाद्युडूनि, राशिः स्थानं वनं वृक्षाः ॥ ११ ॥

ભાવાર્થ—તેમજ જીનવરોએ કરેલા અભિગ્રહો, કયા જીનેંદ્રોના કયા દેશોમાં વિહાર થયા. છદ્મસ્થ અવસ્થાના કાલનું પ્રમાણ, પ્રમાદકાલ, કયા જીનેંદ્રોને કયા કયા ઉપસર્ગ થયા ? કેવલજ્ઞાનના માસ, પક્ષ અને તિથિ નામ, કેવલજ્ઞાનની રાશિ, કેવલ જ્ઞાનનું સ્થાન તેમજ તે સંબંધી વન તથા તરૂવર ॥૧૧॥

मूलम्--तम्माण ९३ तवो ९४ वेला ९५ अदोसया ९६ अइसया य ९७ वयणगुणा ९८। तह पाडिहेर ९९ तित्थुप्पत्ती १०० तक्काल १०१ वुच्छेया १०२॥ १२

छाया--तन्मानं तपोवेलाऽदोषताऽतिशयाश्ववचनगुणाः ।
तथा प्रातिहार्यतीर्थो-त्पत्तितत्कालव्युच्छेदाः ॥ १२ ॥

ભાવાર્થ--કેવળ જ્ઞાન સંબંધી વૃક્ષોનું પ્રમાણ, તે સમયનું તપ, કેવલ જ્ઞાનનો સમય, અઢારદોષ રહિતપણું અને તેમનાં નામ, ચોત્રિશ અતિશય, પાંત્રીશ વાણીના ગુણ, આઠ મહાપ્રાતિહાર્ય, તીર્થની ઉત્પત્તિ અને તેની પ્રવૃત્તિનો કાળ, તેમજ તેના ઉચ્છેદનો સમય-કયા સમયમાં કયા તીર્થનો વ્યુચ્છેદ થયો ?

मूलम्--गणि १०३ सिस्सिणि १०४ सायव १०५ सड्ढि १०६ भत्तनिव । १०७ जक्ख १०८ जक्खिणी नामा । गण ११० गणहर १११ मुणि ११२ संजइ ११३ सावय ११४ साड्ढीण ११५ केवलिणं ११६ ॥ १३ ॥

छाया-गणिशिष्याश्रावकश्राद्धी,-भक्तनृपयक्षयक्षिणीनामानि ।
गणगणधरमुनिसंयति-श्रावकश्राद्धीनां केवलिनाम् ॥१३॥

ભાવાર્થ--પ્રથમ પહેલા ગણધરોનાં નામ, પ્રથમ સાધ્વીઓનાં નામ, પ્રથમ શ્રાવક તથા શ્રાવિકાઓનાં નામ, જીનવરોના પ્રથમ થયેલા ભક્ત રાજાઓનાં નામ, શાસન રક્ષક યક્ષ તથા યક્ષણીઓનાં નામ, તેમજ ગણની સંખ્યા, ગણધરોની સંખ્યા, મુનિઓની સંખ્યા, સાધ્વીઓની સંખ્યા, શ્રાવકોની સંખ્યા, શ્રાવિકાઓની સંખ્યા અને કેવલિઓની સંખ્યા, ૧૩

मूलम्-मणनाणि ११७ ओहि ११८ चउदसपुव्वी ११९ वेउव्वि १२० वाइ १२१ सेसाणं १२२ । तहणुत्तरोववाइय १२३ पइन्न १२४ पत्तेवबुद्धाणं १२५ ॥ १४ ॥

छाया—मनोज्ञान्यवधिचतुर्दशपूर्विवैक्रियवादिशेषाणाम् ।
तथाऽनुत्तरोपपातिक-प्रकीर्णप्रत्येकबुद्धानाम् ॥ १४ ॥

ભાવાર્થ--મનઃપર્યવ જ્ઞાનીઓની સંખ્યા, વૈક્રિય લબ્ધિવંત મુનિઓની સંખ્યા વાદી મુનિઓની સંખ્યા. શેષ સામાન્ય મુનિઓની સંખ્યા તેમજ પાંચ અનુત્તર વિમાનમાં ગયેલા મુનિઓની સંખ્યા, પ્રકીર્ણ-પયન્નાઓની સંખ્યા અને પ્રત્યેકબુદ્ધાની સંખ્યા.

मूलम्—आएस १२६ साहु १२७ सावय १२८ वयाणमुवगरण १२९ चरण १३० तत्ताणं १३१ सामाइअ १३२ पडिक्कमणाण, चेवसंखाय १३३ निसिभत्त १३४ ॥ १५ ॥

छाया—आदेशसाधुश्रावक-व्रतानामुपकरणचरणतत्त्वानाम् ।
सामायिकप्रतिक्रमणानां, हि संख्या च निशिभक्तम् ॥१५॥

ભાવાર્થ--અંગ તથા ઉપાંગોમાં નહી વર્ણવેલા તેમજ જ્ઞાનિ એવા મહામુનિઓએ પ્રગટ કરેલા જે ભાવ-આદેશ તેમની સંખ્યા સાધુવ્રતોની સંખ્યા શ્રાવકોના વ્રતોની સંખ્યા તીર્થંકરોના તીર્થમાં વર્તમાન જીનકલ્પિ તથા સ્થવિરકલ્પિ સાધુ તથા સાધ્વીઓનાં ઉપકરણોની સંખ્યા, ચારિત્રોની સંખ્યા, તત્ત્વની સંખ્યા, સામાયિક તથા પ્રતિક્રમણોની સંખ્યા રાત્રિભોજન નિર્ણય.

मूलम्—ठिइ १३५ अट्ठिइकप्पो १३६, कप्पसोहि १३७ आवस्सयं १३८ मुणिसरूवं १३९ । संजम १४० धम्मपभेया १४१, तहेव वत्थाण वन्नाई १४२ ॥ १६ ॥

छाया—स्थित्यस्थितिकल्पः, कल्पविशोधिरावश्यकं मुनिस्वरूपम्।
संयमधर्मप्रभेदाः, तथैव वस्त्राणां वर्णादि ॥ १६ ॥

ભાવાર્થ—સર્વ જીનવરના સાધુઓનો સ્થિતિ કલ્પ તથા તેમનો અસ્થિતિકલ્પ, સર્વ જીનવરોના મુનિઓનીકલ્પ વિશુદ્ધિ, સામાયિક વિગેરે આવશ્યક. તીર્થંકરોના તીર્થોમાં મુનિ સ્વરૂપ, સંયમ પ્રભેદ તથા ધર્મપ્રભેદ, તેમજ વસ્ત્રોના વર્ણ વિગેરે ભેદ.

मूलम्—गिहि १४३ वय १४४ केवलिकालो १४५, सव्वाउं १४६ तह य मुक्खमासाई १४७ । उडु १४८ रासि १४९ ठाण १५० आसण १५१ ओगाहण १५२ तव १५३ परीवारा १५४ ॥ १७ ॥

छाया—गृहिव्रतकेवलिकालः, सर्वायुस्तथा च मोक्षमासादिः ।
उडुराशिस्थानासना—वगाहनातपःपरीवाराः ॥१७॥

ભાવાર્થ—જીનવરોના ગૃહસ્થાવાસનો કાલ ( કયા જીન કેટલો સમય ગૃહાવાસમાં રહ્યા ) કયા જીનેંદ્ર કેટલા સમય સુધી વ્રત દશામાં રહ્યા ? કેવલી સમય ( કયા જીનવર કેટલો કાળ કેવલિત્વમાં રહ્યા ) સર્વ જીનવરોનું સર્વ આયુષ્ય. તથા મોક્ષ ગમનના માસ, તિથિ અને પક્ષ મોક્ષકાળનાં નક્ષત્ર, કાળની રાશિઓ, મોક્ષનાં સ્થાન મોક્ષ સમયનાં આસન, મોક્ષગામી જીનવરોની કેટલી અવગાહના ? જીનવરો કયા તપની આરાધના કરી મોક્ષે ગયા ? જીનવરો કેટલા પરીવાર સાથે મોક્ષે ગયા ?

मूलम्—वेला १५५ अर १५६ तस्सेसं १५७ तह जुग १५८ परिआयअंतगडभूमी १५९ । मुक्खपह १६० मुक्खविणया १६१ पुव्वपवित्ती य १६२ तच्छेओ १६३ ॥ १८॥

छाया—वेलाऽरतच्छेषं, तथायुगपर्यायान्तकृद्भूमिः ।
मोक्षपथमोक्षविनयाः, पूर्वप्रवृत्तिश्च तच्छेदः ॥ १८ ॥

ભાવાર્થ—કયા જીનવરો કયા સમયે મોક્ષે ગયા? જીનવરો કયા આરામાં મોક્ષે ગયા તે આરાઓનાં નામ, તે આરાઓનો શેષ સમય તેમજ યુગાંતકૃદ્ભૂમિ અને પર્યાયાંત કૃદ્ભૂમિ. મોક્ષમાર્ગ. મોક્ષવિનય, સર્વજીનેંદ્રોના સાધુઓનો પૂર્વપ્રવૃત્તિકાળ પૂર્વનો વિચ્છેદ કાળ,

मूलम्—सेससुयपवित्तं १६४ तर १६५ जिणजीवा १६६ रुद्द १६७ दरिसण १६८ च्छेरा १६९ । तित्थे उत्तमपुरिसा १७० सत्तरिसयं होंति जिणठाणा ॥ १९ ॥

छाया—शेषश्रुतप्रवृत्त्यन्तर,—जिनजीवा रुद्रदर्शनाश्चर्याणि ।
तीर्थे उत्तमपुरुषाः, सप्ततिशतं भवन्ति जिनस्थानानि॥१९॥

ભાવાર્થ—શેષસૂત્રની પ્રવૃત્તિનો સમય, જીનવરોનું અંતર, કયા તીર્થમાં કયા જીનેંદ્રોના પ્રસિદ્ધ જીવો થયા? કયા જીનના સમયમાં કયા રૂદ્ર થયા? કયા જીનના સમયમાં કયાં દર્શન થયાં? કયા જીનના શાસનમાં કયાં આશ્ચર્ય થયાં? કયા તીર્થમાં કયા ઉત્તમ પુરૂષો થયા એમ સર્વ સંખ્યા મળી જીનવરોનાં એકસો અને સિત્તેર સ્થાનક થયાં (૧૭૦)

સોળ દ્વાર ગાથાઓ કહી તેમાં કયી કયી ગાથામાં કયાં કયાં સ્થાનકો છે તે નીચે મુજબ-

मूलम्—ति १ दु २ इग ३ दुहिअ दस ४ ठ य ५, चउदस ६ दुसु गार ७-८ दस ९ चउद्द १० नव ११ । नव १२ अड १३ बारस १४ नव १५ सग १६ ठाणाइं गाहसोलसगे॥२०

छाया-त्रिद्वयैकद्वयधिकादशाऽ-ष्ट च चतुर्दशद्वयोरेकादशदश चतुर्दशनव । नवाष्टद्वादश । नवसप्तस्थानानिगाथाषोडशके॥२०

ભાવાર્થ--પ્રથમ ગાથામાં (૧૩) બીજીમાં (૧૨) ત્રીજીમાં (૧૧) ચોથીમાં (૧૨) પાંચમીમાં (૮) છઠ્ઠીમાં (૧૪) સાતમીમાં (૨૧) નવમીમાં (૧૦) દશમીમાં (૧૪) અગીયારમીમાં (૯) બારમીમાં (૯) તેરમીમાં (૮) ચૌદમીમાં (૧૨) પંદરમીમાં (૯) સોળમીમાં (૭)

मूलम्—उसह १ ससि २ संति ३ सुव्वय ४, नेमीसर ५ पास ६ वीर ७ सेसाणं ८। तेर १ सग २ बार ३ नव ४ नव ५ दस ६ सगवीसाय ७ तिन्नि भवा ८ ॥ २१ ॥

छाया—ऋषभशशिशान्तिसुव्रत-नेमीश्वरपार्श्ववीरशेषाणाम् । त्रयोदशसप्तद्वादशनवनवदशसप्तविंशतिश्चत्रयोभवाः॥२१॥

ભાવાર્થ--ઋષભ દેવના તેરભવ, ચંદ્રપ્રભના સાત, શાંતિનાથના બાર, મુનિસુવ્રતસ્વામીના નવ. નેમિનાથના નવ. પાર્શ્વનાથના દશ, શ્રી મહાવીરસ્વામીના સત્તાવીશ અને બાકીના સત્તર જીનેંદ્રાના ત્રણ ત્રણ ભવ કહ્યા છે, સર્વ જીનેંદ્રોના સંક્ષેપથી ભવ કહીને હવે વિસ્તાર પૂર્વક

કથન કર્તા ગ્રંથકાર પ્રથમ શ્રી. ઋષભદેવ ભગવાનના તેર ભવ કહે છે.

मूलम्—धन १ मिहुण २ सुर ३ महब्बल ४ ललियंग य ५ वयरजंघ ६ मिहुणे य ७ । सोहम्म ८ विज्ज ९ अच्चुअ १० चक्की ११ सव्वठ्ठ १२ उसमे य १३ ॥२२॥

छाया–धनमिथुनसुरमहाबल–ललिताङ्गाश्ववज्रजङ्घमिथुनेच।
सौधर्मवैद्याऽच्युत–चक्रिसर्वार्थऋषभाश्च ॥ २२ ॥

ભાવાર્થ—પહેલાભવે ધનસાર્થવાહ, બીજા ભવે યુગલીઆનો જન્મ, ત્રીજે ભવે દેવ થયા, ચોથે ભવે મહાબલ નમે રાજા પાંચમે લલિતાંગ કુમાર, છઠ્ઠેભવે વજ્રજંઘરાજા. સાતમે યુગલીઆમાં, આઠમે સૌધર્મદેવ લોકમાં, નવમે કેશવ નામે વૈદ્ય, દશમે ભવે અચ્યુત દેવલોકમાં દેવ અગીયારમે ભવે મહા વિદેહમાં ચક્રી થયા, બારમે ભવે સર્વાર્થ સિદ્ધ વિમાનમાં દેવ થયા અને તેરમે ભવે શ્રી ઋષભદેવ થયા.

હવે ચંદ્રપ્રભ સ્વામીના સાત ભવ કહે છે.

मूलम्—सिरिवंमनिवो १ सोहम्मसुरवरो २ अजियसेण-चक्की य ३ । अच्चुअपहु ४ पउमनिवो ५ य वेजयंते ६ य चंदपहो ७ ॥ २३ ॥

छाया—श्रीवर्मनृपः सौधर्मसुरवरोऽजितसेनचक्री च।
अच्युतप्रभुः पद्मनृपश्च वैजयंते च चन्द्रप्रभः ॥ २३ ॥

ભાવાર્થ—પ્રથમ ભવમાં શ્રીવર્મ નામે રાજા થયા.

બીજે ભવે સૌધર્મ દેવલોકમાં દેવ પણે ઉત્પન્ન થયા. ત્રીજે ભવે અજીતસેન નામે ચક્રવર્તી થયા ચોથા ભવમાં અચ્યુતેંદ્ર થયા, પાંચમા ભવે પદ્મનામે રાજા થયા. છઠ્ઠા ભવે વૈજયંત બીજા અનુત્તર વિમાનમાં દેવ પણે ઉત્પન્ન થયા, સાતમે ભવે ચંદ્રપ્રભ નામે આઠમા તીર્થંકર થયા.

## શ્રી શાંતિ નાથ ભગવાનના બાર ભવ કહે છે.

मूलम्—सिरिसेणो अभिनंदि अ १, जुयल २ सुरा ३ अमियतेय सिरिविजय ४। पाणय ५ बल हरि ६ तो हरि नरएखयरुच्चुए दो वि ७॥ २४॥

मूलम्—विज्जाउह सहसाउह पियपुत्त ८ गिविज्जतइय नवमे ९ वा । मेहरहदढरहातो १०, सव्वट्ठे ११ संति गणहारी १२ ॥ २५ ॥

छाया—श्रीषेणोऽभिनन्दिता युगलसुराऽमिततेजः श्रीविजयः।
प्राणते बलहरी ततो हरिनिरयेखेचरोऽच्यु द्वावपि॥२६॥
वज्रायुधसहस्रायुधौपि, पितृपुत्रौग्रैवेयकेतृतीयेनवमे वा ।
मेघरथदृढरथौततः, सर्व्वार्थे शान्तिगणधरौ ॥ २५ ॥

ભાવાર્થ—પ્રથમ ભવમાં શ્રીષેણ નામે રાજા અને અભિનંદિતા નામે તેમની રાણી, બીજે ભવે બંને ઉત્તર કુરૂક્ષેત્રમાં યુગલીઆનો ભવ લીધો. ત્રીજા ભવમાં સૌધર્મ દેવલોકમાં બંને દેવ પણે ઉત્પન્ન થયાં. ચોથા ભવમાં જીનેંદ્રનો જીવ અમિતતેજ નામે વિદ્યાધર થયો અને રાણીનો જીવ શ્રીવિજય નામે રાજા થયો. પાંચમા ભવમાં

બંને પ્રાણુત દેવલોકમાં દેવ થયા. છઠ્ઠે ભવે આ જંબુ દ્વીપમાં પૂર્વ મહાવિદેહમાં રમણીયનામે વીજયમાં સુભગા નગરીમાં જીનેંદ્રનો જીવ બલભદ્ર થયો અને રાણીનો જીવ વાસુદેવ થયો. ત્યાંથી વાસુદેવનો જીવ નરકે ગયો, ત્યાંથી નીકળી તે જીવ વિદ્યાધર થયો, ત્યાં તેણે સંયમ લીધો બાદ બંને જીવો સાતમા ભવે અચ્યુત દેવલોકમાં દેવ પણે સાથે ઉત્પન્ન થયા. આઠમા ભવે જીનેંદ્રનો જીવ વજ્રાયુધ નામે રાજા થયો અને પૂર્વ ભવમાં સ્રીનો જીવ હતો તે તેજ રાજાનો સહસ્રાયુધ નામે પુત્ર થયો. નવમે ભવે ત્રીજા અથવા નવમા ગ્રૈવેયકમાં બંને દેવ થયા. ત્યારબાદ દશમે ભવે ત્યાંથી ચ્યવીને આ જંબૂદ્વીપમાં પ્રાગ્વિદેહના અલંકાર રૂપ પુષ્કલાવતી વિજયમાં પુંડરીકિણી નગરીમાં જીનેંદ્રનો જીવ મેઘ રથ અને સ્રીનો જીવ દઢરથ નામે બંને ભાઈઓ થયા. ત્યાં સંયમ પાળી અગીયારમા ભવમાં બંને ભાઈઓ સર્વાર્થસિદ્ધવિમાનમાં દેવ થયા, ત્યારબાદ બારમા ભવમાં શાંતિનાથ થયા અને સ્રીનો જીવ સર્વાર્થસિદ્ધવિમાન-માંથી ચ્યવીને ભગવાનના પુત્રપણે ઉત્પન્ન થયો. ભગવાન્ ચક્રવર્તી થયા તે સમયે તેમનો પુત્ર સેનાપતિ થયો. બાદ તે સંયમ ધારણ કરી આદ્ય ગણધર થયા.

હવે મુનિ સુવ્રત સ્વામિના નવ ભવ કહે છે.

**मूलम्**—सिग्घकेउ १ सुहम २ कुबेरदत्त ३ तिइयकप्प ४ वज्जकुंडलओ ५ । बंभे ६ सिरिवम्मनिवो ७, अवराइय ८ सुव्वओ नवमे ९ ॥ २६ ॥

छाया—शिवकेतुः सुधर्मेकुबेरदत्तस्तृतीयलल्पेवज्रकुण्डलकः ।
ब्रह्मे श्रीवर्मनृपोऽ-पराजिते सुव्रतो नवमे ॥ २६ ॥

ભાવાર્થ—પ્રથમ ભવમાં શિવકેતુ નામે રાજા થયા. બીજે ભવે સુધર્મ દેવલોમાં દેવ થયા, ત્રીજે ભવે કુબેર દત્ત નામે રાજા થયા ચોથા ભવમાં સનત્કુમાર દેવલોકમાં દેવ થયા. પાંચમા ભવમાં વજ્રકુંડલનામે રાજા થયા, છઠ્ઠા ભવમાં બ્રહ્મ દેવલોકમાં દેવ થયા, સાતમા ભવમાં શ્રીવર્મા નામે રાજા થયા, આઠમા ભવમાં અપરાજીત નામે અનુત્તરવિમાનમાં દેવ થયા અને નવમા ભવમાં શ્રી મુનિસુવ્રતતીર્થંકર થયા. ૨૬. અથ શ્રીનેમિજીનેંદ્રના નવ ભવ કહે છે.

मूलम्—धण धणवइ १ सोहम्मे २, चित्तगई खेयरो य रयणवई ३ । माहिंदे ४ अवराइय, पीइमई ५ आरणे ६ तत्तो ॥ २७ ॥

सुपइट्ठो संखो वा, जसमइभज्जा ७ वराइयविमाणे ८ ।
नेमिजिणो राममई ९, नवमभवे दो वि सिद्धा य ॥२८॥

छाया-धनोधनवती सुधर्मे, चित्रगतिखेचरश्चरत्नवती ।
माहेन्द्रेऽपराजितः, प्रीतिमती-आरणे ततः ॥ २७ ॥
सुप्रतिष्ठः शंखोवा, यशोमतीभार्याऽपराजितविमाने ।
नेमिजिनो राजीमती, नवमभवे द्वावपिसिद्धौच ॥२८॥

ભાવાર્થ—પ્રથમ ભવમાં ધન નામે રાજા અને ધનવતી રાણી, બીજે ભવે સૈધર્મ દેવલોકમાં દેવ, ત્રીજે

ભવે ચિત્રગતિ નામે વિદ્યાધર અને તેની રાણીનો જીવ રત્નવતી નામે તેની સ્ત્રી થઈ, ચોથે ભવે માહેન્દ્ર દેવલોકમાં બંને દેવપણે ઉત્પન્ન થયા, પાંચમા ભવમાં અપરાજીત નામે રાજા થયા અને રાંણીનો જીવ પ્રીતિમતી નામે તેની રાણી થઇ. છઠ્ઠા ભવમાં આરણ નામે દેવલોકમાં બંનેના જીવ દેવપણે ઉત્પન્ન થયા, સાતમા ભવમાં જીનેંદ્રનો જીવ સુપ્રતિષ્ઠ રાજા અથવા શંખ નામે રાજા થયો અને રાણીનો જીવ યશોમતિ નામે તેની રાણીપણે ઉત્પન્ન થયો આઠમા ભવમાં અપરાજીત નામે ચોથા અનુત્તર વીમાનમાં બંને દેવ થયા અને નવમા ભવમાં નેમીનાથ તીર્થંકર તથા રાજીમતી ઉત્પન્ન થઇ કેવલ જ્ઞાન પામી મોક્ષે ગયા. ॥૨૮॥ શ્રી પાર્શ્વનાથ પ્રભુના દશ ભવ કહે છે.

मूलम्—कमठमरुभूइभाया १ कुक्कुडअहिहत्थि २ नरय-सहसारे ३ । सप्प खयरिंद ४ नारय, अच्चुअसुर ५ सबरु-नरनाहो ॥ २९ ॥

मूलम्—नारयगेविज्जसुरो ७, सीहो निवई ८ अ नरय-पाणयगे ९ । भव कट्ठविप्पो पासो १०, संजाया दो वि दस-मभवे ॥ ३० ॥

छाया—कमठमरुभूतिबन्धू, कुर्कटाऽहिर्हस्तीनरकसहस्रारे ।
सर्पःखेचरेन्द्रोनारकोऽच्युतसुरःशबरनरनाथौ ॥२९॥
नारकग्रैवेयकसुरौ, सिंहोनृपतिश्च नरक प्राणतके ।
भवं कठविप्रः पार्श्वः, संजातौद्वावपि दशमभवे ॥ ३० ॥

ભાવાર્થ—પ્રથમ ભવમાં કમઠ અને મરૂભૂતિ નામે બંને ભાઈઓ થયા તેમાં ભગવાનનો જીવ મરૂભૂતિ હતો. બીજે ભવે કમઠનો જીવ કૂર્કુટસર્પ થયો અને મરૂભૂતિનો જીવ હસ્તી–હાથી થયો. ત્રીજે ભવે કમઠનોજીવ નરકમાં ગયો અને મરૂભૂતિનો જીવ સહસ્રાર નામે આઠમા દેવલોકમાં ઉત્પન્ન થયો. ચોથા ભવમાં કમઠનો જીવ સર્પ થયો અને મરૂભૂતિનો જીવ વિદ્યાધરેંદ્ર થયો. પાંચમે ભવે કમઠનો જીવ નારકપણે ઉત્પન્ન થયો અને મરૂભૂતિનો જીવ અચ્યુત દેવલોકમાં દેવ થયો. છઠ્ઠે ભવે કમઠનો જીવ ભીલ્લ થયો અને મરૂભૂતિનો જીવ નરેંદ્ર થયો. સાતમા ભવમાં કમઠનો જીવ નરક સ્થાનમાં નારકી થયો અને મરૂભૂતિનો જીવ ગ્રૈવેયક દેવલોકમાં દેવ થયો. આઠમા ભવમાં કમઠનો જીવ સિંહ થયો અને મરૂભૂતિનો જીવ રાજા થયો. નવમા ભવમાં કમઠનો જીવ નરકે ગયો અને મરૂભૂતિનો જીવ પ્રાણુત નામે દશમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો, દશમા ભવમાં કમઠનો જીવ ભવભ્રમણ કરી કઠ નામે વિપ્ર થયો અને મરૂભૂતિનો જીવ શ્રી પાર્શ્વનાથ નામે ત્રેવિશમા તીર્થંકર થયા. ॥ ૩૦ ॥

**અથ શ્રી મહાવીર સ્વામીના સત્તાવીશ ભવ કહે છે.**

मूलम्—नयसारो १ सोहम्मे २, मरीइ ३ बंभे य ४ कोसिअ ५ सुहम्मे ६ । भविऊणपूसमित्तो ७, सुहम्म ८ ग्गिज्जोअ ९ ईसाणे १० ॥ ३१ ॥

अग्गिभूइ ११ तइयकप्पे १२, भारद्दाओ १३ महिंद

१४ संसारे । थांवर १५ बंभे १६ भव विस्सभूइ १७ सुक्के १८ तिविट्ठुहरी १९ ॥ ३२ ॥

अपइट्ठाणे २० सीहो २१, नरए २२ भमिऊण चक्किपियमित्तो २३ । सुक्के २४ नंदणनरवइ २५, पाणयकप्पे २६ महावीरो २७ ॥ ३३ ॥

छाया—नयसारः सुधर्मे, मरीचिर्ब्रह्मे च कौशिकः सुधर्मे ।
भ्रान्त्वा पुष्पमित्र , सुधर्मेऽग्निद्योत ईशाने ॥ ३१ ॥
अग्निभूतीस्तृतीयकल्पे, भारद्वाजोमाहेन्द्रे संसारे ।
स्थावरोब्रह्मे भवे विश्वभूतिः शुक्रेत्रिपृष्ठहरिः ॥ ३२ ॥
अप्रतिष्ठानेसिंहो-नरके भ्रान्त्वा चक्रीप्रियमित्रः ।
शुक्रे नन्दननृपतिः, प्राणतकल्पे महावीरः ॥ ३३ ॥

ભાવાર્થ—પ્રથમ ભવમાં નયસાર નામે ગ્રામાધિપતિ, બીજા ભવે સૌધર્મ દેવલોકમાં દેવ, ત્રીજા ભવમાં ભરત ચક્રીના પૌત્ર મરીચિ, ચોથા ભવે બ્રહ્મનામેપાંચમાં દેવલોકમાં દેવ, પાંચમા ભવમાં કૌશિક નામે બ્રાહ્મણતાપસ, છઠ્ઠા ભવમાં સૌધર્મ દેવલોકમાં દેવ, ત્યાંથી ચવી સંસારમાં ઘણા સૂક્ષ્મભવ ભમીને સાતમા ભવે પુષ્પમિત્ર નામે બ્રાહ્મણ ત્રિદંડી. આઠમા ભવે સૌધર્મ દેવલોકમાં દેવ, નવમા ભવમાં અગ્નિદ્યોતનામે તાપસ, દશમા ભવમાં ઇશાન દેવલોકમાં દેવ, અગિયારમાં ભવમાં અગ્નિભૂતિ નામે તાપસ. બારમા ભવમાં ત્રિજા દેવલોકમાં દેવ, તેરમા ભવમાં ભારદ્વાજ નામે તાપસ, ચૌદમા ભવમાં માહેંદ્ર નામે ચોથા દેવલોકમાં દેવ, ત્યાંથી નીકળી અનેકવાર સંસારમાં પરિભ્રમણ કરી

પંદરમા ભવમાં સ્થાવર નામે બ્રાહ્મણ થઈ તાપસ દીક્ષા, સોળમા ભવમાં બ્રહ્મદેવલોકમાં દેવ બહુ ભવભમીને સત્ત-રમા ભવમાં વિશ્વભૂતિ નામે રાજપુત્ર તપસ્વીસાધુ થયા. અંતે નિયાણું કરીને અઢારમા ભવમાં શુક્ર નામે સાતમા દેવલોકમાં દેવ, ઓગણીસમા ભવે ત્રિપૃષ્ઠ નામે વાસુદેવ વિશમા ભવે સાતમી નરકના અપ્રતિષ્ઠાન નામે નરકાવાસમાં નારકી, એકવીશમા ભવમાં સિંહ, બાવીશમા ભવમાં ચોથી નરક ભૂમિમાં ગયા. ત્યાંથી નીકળી ઘણો કાળ સંસારમાં ભમી તેવીશમા ભવે પ્રિયમિત્ર નામે ચક્રવર્તી થયા. ચોવી-શમા ભવે શુક્ર નામે દેવલોકમાં દેવ થયા, પચ્ચીશમા ભવમાં નંદન નામે રાજા થયા. ત્યાં ચારિત્ર લઇ યાવજ્જીવ માસ ક્ષમણ-ઉપવાસ કરી વિશસ્થાનકની આરાધના કરી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું, છવીશમા ભવે પ્રાણુત નામે દશમા દેવલોકમાં દેવ થયા સત્તાવીશમા ભવે શ્રી મહાવીરસ્વામી ચોવીશમા તીર્થંકર થયા. ૩૧-૩૨-૩૩.

હવે સર્વ જીનેંદ્રોના ભવોનો સંગ્રહ એક ગાથાથી કહે છે.

मूलम्---सत्तण्हमिमे भणिआ, पयडभवा तेसि सेसया-णं च । तइयभवदीवपमुहं, नायव्वं वक्खमाणाओ ॥ ३४ ॥

छाया—सप्तानामिमे भणिताः प्रकटभवास्तेभ्यःशेषाणाञ्च । तृतीयभवद्वीपप्रमुखं, ज्ञातव्यं वक्ष्यमाणतः ॥ ३४ ॥

ભાવાર્થ---ઋષભાદિ સાત જીનેંદ્રોના અનુક્રમે પ્રકટભવો કહ્યા, બાકી રહેલા સત્તર જીનવરોના ત્રણ ત્રણ ભવ

જાણવા તેમજ પૂર્વભવ અને તે સંબંધી દ્વીપ, ક્ષેત્ર તથા વિજયાદિક.

मूलम्--जंबू ४ धाइय ८ पूक्खर १२ दीवा, चउ चउ-जिणाण पुव्वभवे । धायइ विमलाइतिगे १५, जंबूसंतिप्पमुह-नवगे ॥ २४ ॥ ३५ ॥

छाया--जंबूधातकीपुष्कर-द्वीपाश्चतुश्चतुर्जिनानां पूर्वभवे ।
धातकी विमलादित्रिके, जम्बूः शान्तिप्रमुखनवके ॥३५॥

ભાવાર્થ--ઋષભદેવ, અજીત, સંભવ અને અભિનંદન એ ચાર જીનવરો પૂર્વ ભવમાં જંબૂદ્વીપમાં થયા. સુમતિ પદ્મપ્રભ, સુપાર્શ્વ અને ચંદ્રપ્રભ એ ચાર ધાતકી દ્વીપમાં સુવિધિ, શીતળ, શ્રેયાંસ અને વાસુપૂજ્યએ ચાર પુષ્કર દ્વીપમાં થયા. વિમલનાથ, અનંત અને ધર્મનાથ એ ત્રણ ધાતકી દ્વીપમાં પૂર્વભવે થયા. શાંતિ, કુંથુ, અરનાથ, મલ્લિ મુનિસુવ્રત, નમિ, નેમિ, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામી એ નવજીનેંદ્ર જંબૂદ્વીપમાં થયા. ॥ ૩૫ ॥ હવે પૂર્વભવ સંબંધી ક્ષેત્રના નામ.

मूलम्--बारस पुव्वविदेहे, १२ तिन्नि कमा भरह १३ एरवय १४ भरहे १५ । पूव्वविदेहे तिन्नि अ १८, मल्लिवर-विदेहि १९ पणभरहे ॥ २४ ॥ ३६ ॥ मज्झिममेरुनगाओ, धाय-इपुक्खरगयाइं भरहाइं । खित्ताइं पुव्वखंडे, खंडवियारो न जंबुमि ॥ ३७ ॥

छाया--द्वादश पूर्वविदेहे, त्रयःक्रमाद्भरतैरवतभरतेषु ।
पूर्वविदेहेत्रयश्च, मल्लिरपरविदेहे पञ्च भरते ॥ ३६ ॥

**मध्यममेरुनगाद्धातकीपुष्करगतानि भरतादीनि ।**
**क्षेत्राणि पूर्वखण्डे, खण्डविचारो न जम्बौ ॥ ३७ ॥**

ભાવાર્થ—ઋષભ આદી બાર તીર્થંકર પૂર્વમહાવિદેહ ક્ષેત્રમાં થયા. તેરમા, ચૌદમા, અને પંદરમા એ ત્રણ તીર્થંકર અનુક્રમે ભરત, ઐરવત અને ભરત ક્ષેત્રમાં થયા. સોળ, સત્તર અને અઢારમા એ ત્રણ પૂર્વ મહા વિદેહ ક્ષેત્રમાં થયા બાદ મલ્લિતીર્થંકર પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં થયા. ત્યાર પછીના મુનિસુવ્રત, નમિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામી એ પાંચ તીર્થંકર ભરત ક્ષેત્રમાં થયા. મધ્ય ભાગમાં રહેલા મેરૂ પર્વત (સુદર્શન પર્વત)થી ધાતકી અને પુષ્કરાર્ધમાં રહેલાં ભરત, ઐરવત, પૂર્વ મહાવિદેહ અને પશ્ચિમ મહાવિદેહ એ સર્વ ક્ષેત્ર પૂર્વખંડમાં રહેલાં છે. જંબૂદ્વીપમાં ખંડ સંબંધી વિચારણા નથી કારણકે તેની અંદર વિભાગ પાડનાર પર્વત કે નદી રહેલી નથી.

### હવે ક્ષેત્રોની દિશાઓ કહે છે.

**मूलम्**--विमलो १ धम्मो २ मुनिसुव्वयाइ पण ७ आसि मेरुदाहिणाओ । मेरुत्तरओ णंतो ८, सीओ आदाहिणे मल्ली ९ ॥ ३८ ॥

सीआए उत्तरओ, उसह १० सुमइ ११ सुविहि १२ संति १३ कुंथुजिणा १४। सेसा दस दाहिणओ २४, इअपुव्व-भवंमि खित्तदिसा ॥ ३९ ॥

छाया—विमलोधर्मोमुनिसुव्रतादिपश्चासन्मेरुदक्षिणतः ।
मेरूत्तरतोऽनन्तः, शीतोदादक्षिणे मल्लिः ॥ ३८ ॥
शिताया उत्तरतः, ऋषभसुमतिसुविधिशान्तिकुन्थुजिनाः ।
शेषा दश दक्षिणत–इति पूर्व भवे क्षेत्रदिशः ॥ ३९ ॥

ભાવાર્થ—વિમલ પ્રભુ, ધર્મનાથ, તેમજ મુનિસુવ્રત, નમિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર એ સાત તીર્થંકર મેરૂગિરિથી દક્ષિણ દિશામાં થયા, તથા અનંતનાથ ભગવાન્ મેરૂથી ઉત્તર દિશામાં થયા. મલ્લિનાથસ્વામી શીતોદા નામે નદીથી દક્ષિણ દિશામાં થયા, ઋષભદેવ, સુમતિનાથ, સુવિધિનાથ, શાંતિનાથ અને કુંથુનાથ જીનેંદ્ર શીતાનદીથી ઉત્તરદિશામાં થયા. બાકીના દશ જીનવરો દક્ષિણ દિશામાં થયા. આ પ્રમાણે સર્વે જીનેંદ્રોની પૂર્વ ભવ સંબંધી ક્ષેત્ર દિશાઓ કહી.

હવે જે જે જીનેંદ્રોનો પૂર્વભવ સંબંધી જે જે વિજયોમાં જન્મ થયો તે વિજયનાં નામ નિર્દેશ બતાવે છે.

मूलम्—पुक्खलवई अ. १–५–९ वच्छा २–६–१०, रमणिज्जो ३–७–११ मंगलावई ४–८–१२ कमसो । नेआजिणचउगतिगे, जिणतियगे खित्तनामाओ १३–२४–१५ ॥ ४० ॥ पुक्खलवइ १६ आवत्तो १७ वच्छा १८ सलिलावई १९ जिणचउक्के । मुणिसुव्वयाइपणगे २०–२१–२२–२३–२४ विजयाखित्ताणनामेण ॥ ४१ ॥

छाया—पुष्कलावती च वच्छा, रमणीयोमंगलावतीक्रमशः ।
ज्ञेया जिनचतुष्कत्रिके, जिनत्रिके क्षेत्रनामतः ॥ ४० ॥

पुष्कलावत्यावर्त्तौ–वच्छा सलिलावती जिनचतुष्के।
मुनिसुव्रतादिपञ्चके, विजयाः क्षेत्राणां नाम्ना ॥ ४१ ॥

ભાવાર્થ–જીનવરોના ચાર ત્રિકોમાં અનુક્રમે પુષ્કલાવતી, વચ્છા રમણીય અને મંગલાવતી નામે વિજય જાણવા, જેમકે–ઋષભદેવ, સુમતિ અને સુવિધિએ ત્રણ પુષ્કલાવતીમાં થયા, અજીતનાથ, પદ્મપ્રભ અને શીતલનાથ ભગવાન્ વચ્છા વિજયમાં, સંભવનાથ, સુપાર્શ્વનાથ અને શ્રેયાંસ નાથ રમણીય વિજયમાં, અભિનંદન, ચંદ્રપ્રભ અને વાસુપૂજ્ય-સ્વામી મંગલાવતીવિજયમાં થયા. વિમલનાથ, અનંતનાથ અને ધર્મનાથ એ ત્રણ તીર્થંકરોમાં થયેલા ક્ષેત્રોના નામથી ભરત, ઐરવત અને ભરત નામે વિજય જાણવા ચાર જીનેંદ્ર–શાંતિનાથ પુષ્કલાવતી વિજયમાં કુંથુનાથ આવર્ત્ત વિજયમાં અરનાથ વચ્છા વિજયમાં અને મલ્લિનાથસ્વામી સલિલાવતી વિજયમાં થયા. મુનિસુવ્રતાદિ પાંચ તીર્થંકરો મુનિસુવ્રત, નમિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને વર્ધમાન સ્વામી એ પાંચે ભરત–પોતાના ક્ષેત્રના નામથી એટલે ભરતમાં થયા. કારણ કે ભરત અને ઐરવતક્ષેત્રોમાં વિજયનો અભાવ છે.

## હવે તીર્થંકરોના પૂર્વભવ સંબંધી નગરીઓનાં નામ.

मूलम्—पुंडरगिणी १–५–९ सुसीमा २–६–१०, सुभापुरी ३–७–११ रयणसंचया ४–८–१२ नेया। चउगति गंमि महापुरि १३, रिट्ठा १४ तहभद्दिलपुरं च १५ ॥ ४२ ॥ पुंडरिगिणि १६ खग्गिपुरी १७ तहा सुसीमा य १८ वीयसो

गाय १९ । चंपा २० तह कोसंबी २१, रायगिहा २२ उज्झा २३ अहिच्छत्ता २४ ॥ ४३ ॥

छाया—पुण्डरिकिणी सुसीमा, शुभापुरी रत्नसंचया ज्ञेया ।
चतुष्कत्रिके महापुरी, रिष्टा तथा भद्दिलपुरञ्च ॥ ४२ ॥
पुण्डरिकिणीखड्गिपुरी, तथा सुसीमा च वीतशोका च ।
चंपा तथा कौशाम्बी, राजगृहमयोध्याऽहिच्छत्रा ॥४३॥

ભાવાર્થ—જીવનરોના ચાર ત્રિકમાં એટલે ૧–૫ અને નવમા તીર્થંકરોની પુંડરિકિણી નગરી ૨–૬ અને ૧૦ તીર્થંકરોની સુસીમા નગરી ૩–૭ અને અગીયારમા તીર્થંકરોની શુભાપુરી ૪–૮ અને બારમા તીર્થંકરોની રત્નસંચયા નગરી જાણવી. વિમલનાથ ભગવાનની મહાપુરી, અનંતનાથની રિષ્ટા નગરી, તેમજ ધર્મનાથ ભગવાનની ભદ્દિલપુરી નગરી, શાંતિનાથની પુંડરિકિણી નગરી, કુંથુનાથની ખડ્ગીપુરી, અરનાથ ભગવાનની સુસીમાનગરી, મલ્લિનાથ જીનેંદ્ર વીતશોકા નગરીમાં થયા. મુનિસુવ્રતસ્વામી ચંપા નગરીમાં, નમિનાથ કૌશાંબી નગરીમાં તેમજ નેમિનાથ રાજગૃહ નગરીમાં, પાર્શ્વનાથભગવાન અયોધ્યામાં અને ચોવીશમા શ્રી મહાવીરસ્વામી પૂર્વે અહિચ્છત્રા નગરીમાં થયા.

હવે તીર્થંકરોના પૂર્વભવનાં નામ અને રાજ્ય કહે છે.

मूलम्—वजनाह १ विमलवाहण २, विउलबल ३ महाबला ४ अइबलो ५ य । अवराइओ य ६ नंदी ७, पउम ८ महापउम ९ पउमा १० य ॥ ४४ ॥ नलिणीगुम्मो ११ पउमो-

त्तरो अ १२, तहपउमसेण १३ पउमरहा १४ । दढरह १५
मेहरहाविअ १६, सीहावह १७ धणवई चेव १८ ॥ ४५ ॥
वेसमणो १९ सिरिवम्मो २०, सिद्धत्थो २१ सुप्पइट्ठ २२
आणंदो २३ । नंदण २४ नामा पुव्वि, पढमो चक्की निवा
सेसा ॥ ४६ ॥

छाया—वज्रनाभोविमलवाहनो–विपुलबलोमहाबलोऽतिबलश्च ।
अपराजितश्चनन्दी, पद्मोमहापद्मपद्मौच ॥ ४४ ॥
नलिनीगुल्मः पद्मोत्तरश्च, तथा पद्मसेनः पद्मरथः ।
दृढरथमेघरथावपि च, सिंहावहोधनपतिश्चैव ॥ ४५ ॥
वैश्रवणः श्रीवर्मा, सिद्धार्थःसुप्रतिष्ठ आनन्दः ।
नन्दननामा पूर्वे, प्रथमश्चक्री नृपाः शेषाः ॥ ४६ ॥

ભાવાર્થ—પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના પૂર્વભવનું નામ વજ્રનાભ, બીજા અજીતનાથનું વિમલવાહન, ત્રિજા શ્રી સંભવનાથનું નામ વિપુલબલ, ચોથા અભિનંદનું નામ મહાબલ, પાંચમા શ્રી સુમતિનાથનું નામ અતિબલ, છઠ્ઠા પ્રભુનું નામ અપરાજીત, સાતમા જીનવરનું નામ નંદીષેણ, આઠમા જીનવરનું નામ પદ્મ, નવમાનું નામ મહાપદ્મ, દશમા પ્રભુનું પૂર્વભવનું નામ પદ્મ, અગીયારમા પ્રભુનું નામ નલિની ગુલ્મ, બારમા પ્રભુનું નામ પદ્મોત્તર, તેરમા જીનનું નામ પદ્મસેન, ચૌદમા પ્રભુનું નામ પદ્મરથ, પંદરમા જીનેંદ્રનું નામ દઢરથ, સોળમાનું નામ મેઘરથ, સત્તરમાનું નામ સિંહાવહ, અઢારમા પ્રભુનું નામ ધનપતિ, ઓગણીશમા જીનનું નામ વૈશ્રમણ, વિશમા જીનનું નામ શ્રીવર્મા, એકવિશમા જીનનું

નામ સિદ્ધાર્થ, બાવીશમાનું નામ સુપ્રતિષ્ઠ, ત્રેવિશમા જીનનું નામ આનંદ, ચોવીશમા જીનેંદ્રનું નામ નંદન, તેમજ પૂર્વભવમાં પ્રથમ જીન આદિનાથ ભગવાન્ ચક્રવર્ત્તી હતા અને બાકીના ત્રેવિશ જીનવરો સામાન્ય રાજાઓ હતા.

**હવે પૂર્વભવ સંબંધી સર્વ જીનેંદ્રોના ગુરૂનાં નામ.**

मूलम्—वजसेणो १ अरिदमणो २, संभंतो ३ विमलवाहणो अ तहा सीमंधर ५ पिहिआसव ६, अरिदमण ७ जुगंधरगुरू अ ८ ॥ ४७ ॥ सव्वजगाणंदगुरू ९ सत्थाहो १० वज्जदत्त ११ वज्जनाहो १२ । तह सव्व गुत्तनामो १३, चित्तरहो १४ विमलवाहणओ १५ ॥ ४८ ॥ घणरह १६ संबर १७ तह साहुसंवरो १८ तहयहोइ वरधम्मो १९ । तहयसुनंदो २० नंदो २१, अइजस २२ दामोअरो अ २३ पुट्टिलओ २४ ॥ ४९ ॥

छाया—वज्रसेनोऽरिदमनः, संभ्रान्तोविमलवाहनश्च तथा ।
सीमन्धरः पिहिताश्रवोऽ–रिदमनो युगन्धरगुरुश्च ॥४७॥
सर्वजगदानन्दगुरुः, सस्ताघोवज्रदत्तवज्रनाभौ ।
तथासर्वगुप्तनामा, चित्ररथोविमलवाहनकः ॥ ४८ ॥
घनरथः संबरस्तथा, साधु संवरस्तथाऽस्तिवरधर्मः ।
तथा च सुनन्दोनन्दोऽ–तियशा दामोदरश्चपोट्टलिकः ॥४९॥

ભાવાર્થ—પ્રથમ જીનેંદ્રના પૂર્વભવના ગુરૂ વજ્રસેન, બીજા જીનવરના અરિદમન, ત્રીજાના સંભ્રાંત, ચોથાના ગુરૂ વિમલવાહન, પાંચમાના સીમંધર, છઠ્ઠાના ગુરૂ પિહિતાશ્રવ,

સાતમાના ગુરૂ અરિદમન, આઠમાના ગુરૂ યુગંધર, નવમાના ગુરૂ સર્વજગદાનંદ, દશમાના ગુરૂ સસ્તાધ, અગીયારમાના ગુરૂ વજ્રદત્ત, બારમાના ગુરૂ વજ્રનાભ, તેરમાના ગુરૂ સર્વગુપ્ત, ચોદમાજીનવરના ગુરૂ ચિત્રરથ, પંદરમાના ગુરૂ વિમલવાહન, સોળમાના ગુરૂ ઘનરથ, સત્તરમાના ગુરૂ સંવર, અઢારમાના ગુરૂ સાધુસંવર, ઓગણીશમાના ગુરૂ વરધર્મ, વિશમા જીનના ગુરૂ સુનંદ, એકવિશમા જીનના ગુરૂ નંદ, બાવિશમા જીનના ગુરૂ અતિયશઃ ત્રેવિશમા જીનવરના ગુરૂ દામોદર અને ચોવિશમા જીનેંદ્રના ગુરૂ પોટ્ટિલકાચાર્ય હતા.

## અથ પુર્વભવ સંબંધિ સર્વજીનવરોનું શ્રુત તથા જીનપણાના હેતુઓ કહે છે.

मूलम्—पढमो १ दुवालसंगी, सेसाइक्कारसंगसुत्तधरा २४
। पढम १ चरमेहिं २ पुट्ठा, जिणहेऊ वीस ते अ इमे ॥५०॥

छाया—प्रथमोद्वादशाङ्गी, शेषा एकादशाङ्गसूत्रधराः ।
प्रथमचरमाभ्यां स्पृष्टा-जिनहेतवोविंशतिस्तेचेमे ॥ ५१ ॥

ભાવાર્થ—પ્રથમ ઋષભદેવ ભગવાન્ પૂર્વભવમાં બાર અંગધારી હતા, અને બાકીના તેવિશતીર્થંકરો અગીયાર અંગધારક હતા. તેમજ પહેલા અને છેલ્લા જીનવરોએ જીન નામ કર્મના હેતુઓ વિશસ્થાનક આરાધ્યા છે તે આગળ ગાથાઓમાં કહે છે.

मूलम्—अरिहंत १ सिद्ध २ पवयण ३, गुरु ४ थेर ५ बहुस्सुए ६ तवस्सीसु ७। वच्छल्लयाइ एसिं, अभिक्खनाणो वओगे ८ अ ॥ ५१ ॥ दंसण ९ विणए १० आवस्सएअ ११,

सोल १२ व्वए १३ निरइआरो । खणलव १४ तव १५ च्चियाए १६, वेयावच्चे १७ समाही अ ॥५२॥ अपुव्वनाण-गहणे १८, सुअभत्ती १९ पवयणे पभावणया २० । सेसेहिं फासिया पुण, एगं दो तिन्नि सव्वे वा ॥ ५३ ॥

छाया—अर्हत्सिद्ध प्रवचन–गुरुस्थविरबहुश्रुततपस्विषु ।
वत्सलतया तेषु, अभीक्ष्णज्ञानोपयोगेच ॥ ५१ ॥
दर्शनविनय आवश्यके च, शीलव्रते निरतिचारः ।
क्षणलवतपस्त्यागे, वैयावृत्त्ये समाधिश्च ॥ ५२ ॥
अपूर्वज्ञानग्रहणं, श्रुतभक्तिः प्रवचने प्रभावना ।
शेषैः स्पृष्टाः पुनरेकोद्वौत्रयः सर्वे वा ॥ ५३ ॥

ભાવાર્થ—અરિહંત–ચાર ઘાતિકર્મને નાશ કરી અનંતજ્ઞાનાદિ ચારને પ્રાપ્ત કરી અષ્ટ પ્રાતીહાર્ય સહિત સમવસરણમાં વિરાજમાન થઇ ભવ્ય જીવોને મોક્ષમાર્ગનો ઉપદેશ આપનાર, (૧) સિદ્ધ–આઠે કર્મને નિર્મૂલ કરી આઠ ગુણ યુક્ત અનંતસિદ્ધપદને પ્રાપ્તથયેલા (૨) પ્રવચન-બારઅંગ, ઉપાંગ આદિ જીનેંદ્રના મુખારવિંદથી પ્રગટ થયેલ, (૩) ગુરૂ—છત્રીશ છત્રીશ ગુણોથી યુકત ભવ્ય જીવોને અરિહંત કથિત સત્યોપદેશના દાયક આચાર્ય મહારાજ, (૪) સ્થવિર—સાઠ વર્ષની ઉંમરના જાતિ સ્થવિર–શ્રુતસ્થવિર=સમવાયાંગસૂત્રધારક–અને વિશવર્ષની દીક્ષાપર્યાય હોય તે પર્યાયસ્થવિર એમ ત્રણ પ્રકારના સ્થવિર મુનિરાજ (૫) બહુશ્રુત–બહુશાસ્ત્રના અભ્યાસી તેમજ

દેશકાલને અનુસરી જૈનતત્ત્વના ઉપદેશક (૬) તપસ્વી—વિવિધ પ્રકારનાં અનશનાદિક તપશ્ચર્યા કરનાર સામાન્ય સાધુઓ (૭) આ સાત સ્થાનોમાં અનુરાગ–યથાવસ્થિત ગુણોનું કીર્ત્તન કરવું વિગેરે પ્રેમપૂર્વક ભકિત કરવાથી તીર્થંકર નામ કર્મ બંધાય છે. તેમજ નિરંતર જ્ઞાનની આસધનામાં ઉપયોગ રાખવાથી તીર્થંકર નામ કર્મ બંધાય છે. (૮) દર્શન—સુદેવ, સુગુરૂ અને સદ્ધર્મ ઉપર દૃઢશ્રદ્ધા, (૯) વિનય—જ્ઞાનાદિકનો વિનય. (૧૦) આવશ્યક–પ્રતિક્રમણાદિક સત્ ક્રિયાનું અતિ આદરપૂર્વક આરાધન, (૧૨) શીલ—આત્માને ચારિત્રમાં સ્થિરતા કરાવનારા ઉત્તમ ગુણો. (૧૨) વ્રત—પંચ મહાવ્રત રૂપ મૂલ ગુણો એમાં અતિચાર રહિત શુદ્ધ ઉપયોગ પૂર્વક વર્ત્તનાર ભવ્ય પ્રાણી તીર્થંકર નામ ઉપાર્જન કરે છે. (૧૩) ક્ષણ લવ—પ્રમિતકાલ વિશેષમાં સંવેગ ભાવનાથી અને ધર્મ ધ્યાનના આસેવનથી સમાધિસ્થને તીર્થંકર નામ કર્મ બંધાય છે. (૧૪) બાહ્ય—અનશનાદિ છ ભેદ અને અભ્યંતર–પ્રાયશ્ચિત્તાદિ છ ભેદ એમ એકંદર મળી બાર પ્રકારના તપમાં યથાશક્તિ નિરંતર પ્રવૃત્તિ કરવી તે તપઃ સમાધિ. (૧૫) ત્યાગ—દ્રવ્ય ત્યાગ અને ભાવ ત્યાગ, દ્રવ્ય ત્યાગ એટલે આહાર, શય્યા, અને ઉપધિ વિગેરે આધાકર્માદિ દોષથી દૂષિત અયોગ્યનો પરિત્યાગ, તેમજ પ્રાયોગ્ય એટલે નિર્દોષ વસ્તુઓનું મુનિજનોને ભક્તિપૂર્વક ત્યાગ એટલે દાન આપવું એ પ્રમાણે દ્રવ્યત્યાગ બે પ્રકારનો છે. ભાવ ત્યાગ–ક્રોધાદિકનો ત્યાગ એટલે સ્વ અને પર વસ્તુનો વિવેક, તેમજ યતિ–મુનિઓને શુદ્ધ

ભાવથી જ્ઞાનાદિકનું દાન આપવું તે એમ બંને પ્રકારના ત્યાગમાં સૂત્રની આજ્ઞા પ્રમાણે યથાશકિત પ્રવૃત્તિ કરવી તે ત્યાગ સમાધિ. (૧૬) વૈયાવૃત્ત્ય—આચાર્યાદિ દશ પ્રકારના મહાપુરૂષોની ભકિત-પૂજન કરવામાં પોતાની શકિત પ્રમાણે હંમેશાં પ્રવૃત્તિ કરવી તે વૈયાવૃત્ત્ય સમાધિ. (૧૭) અપૂર્વ—નવીનનવીનજ્ઞાનનું નિરંતર ગ્રહણ કરવું તે અપૂર્વજ્ઞાનગ્રહણ કહેવાય. (૧૮) શ્રુત—જૈનાગમ સિદ્ધાન્તોની બહુ માનપૂર્વક ભકિત. (૧૯) પ્રવચન—સિદ્ધાંતના અર્થનો ભવ્યજનોને ઉપદેશ આપી આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિનું રહસ્ય સમજાવવું તે પ્રવચનપ્રભાવના. (૨૦) આ વિશસ્થાનકોની હૃદય-શુદ્ધિપૂર્વક આરાધના કરવાથી તીર્થંકરનામકર્મબંધાય છે. તેમાં પહેલા ઋષભદેવ અને છેલ્લા મહાવીરસ્વામી એ બંને તીર્થંકરોએ વિશસ્થાનકોની સંપૂર્ણ આરાધના કરી હતી અને બાકીના બાવિશતીર્થંકરોએ એક, બે, ત્રણ અથવા સર્વની આરાધના કરી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું છે. ॥૫૩॥

**હવે સર્વ જીનેંદ્રોના પૂર્વભવના સ્વર્ગ કહે છે.**

**मूलम्—सव्वट्ठं १ तह विजयं, २ सत्तमगेविज्जयं ३ दुसु-जयंतं ४–५ नवमं ६ छट्ठं गेविज्जयं ७ तंच ८ ॥ ५४ आणय ९ पाणय १० अच्चुअ ११, पाणय १२ सहसार १३ पाणयं १४ विजयं १५ । तिसु सव्वट्ठ १८ जयंतं १९, अवराइअ २० पाणंचेव २१ ॥ ५५ ॥ अवराइअ २२ पाणयगं २३ पाणयग २४ मिमेअ पुव्वभवसग्गा ॥ धम्मस्स १५ मज्जिमाउं, सेसाणुक्कोसयं २३ तदिमं ॥ ५६ ॥**

छाया—सर्वार्थं तथा विजयं. सप्तमग्रैवेयकं द्वयोर्जयन्तम् ।
नवमंषष्ठं ग्रैवेयकं, ततो वैजयन्तञ्च ॥ ५४ ॥
आनतप्राणताच्युत–प्राणतसहस्रारप्राणतंविजयम् ।
त्रिषु सर्वार्थजयन्त,–मपराजितप्राणतं चैव ॥ ५६ ॥
अपराजितप्राणतकं, प्राणतकमिमे च पूर्वभवस्वर्गाः ।
धर्मस्यमध्यमायुः, शेषाणामुत्कृष्टं तदिदम् ॥ ५६ ॥

ભાવાર્થ—પહેલા તીર્થંકર પૂર્વભવે સર્વાર્થસિદ્ધ વિમાનમાં, બીજા વિજય અનુત્તર વિમાનમાં, ત્રિજા સાતમા ગ્રૈવેયકમાં. ચોથા અને પાંચમા તીર્થંકર જયંત વિમાનમાં છઠ્ઠા નવમા ગ્રૈવેયકમાં, સાતમા, છઠ્ઠા ગ્રૈવેયકમાં આઠમા વૈજયંતવિમાનમાં, નવમા આનતદેવલોકમાં. દશમા પ્રાણુત દેવલોકમાં. અગીયારમા અચ્યુત દેવલોકમાં. બારમા પ્રાણુતદેવલોકમાં. તેરમા સહસ્રારદેવલોકમાં. ચૌદમા પ્રાણુતમાં. પંદરમા વિજયવિમાનમાં. સોળમા, સત્તરમા, અને અઢારમા એ ત્રણુ સવાર્થસિદ્ધવિમાનમાં. ઓગણીશમા જયંતવિમાનમાં. વિશમા અપરાજીતમાં. એકવિશમા પ્રાણુતમાં. બાવિશમા અપરાજીતમાં. તેવિશમા અને ચોવીશમાતીર્થંકર પ્રાણુતદેવલોકમાં થયા. આ પૂર્વભવ સંબંધી સ્વર્ગો જાણુવા. વળી ધર્મનાથભગવાનનું દેવ ભવમાં મધ્યમ આયુષ્ અને બાકીના સર્વ તીર્થંકરોનું ઉત્કૃષ્ટઆયુષ્ હતું. હવે તે નીચેની બે ગાથાઓમાં જણુાવે છે.

तित्तीसं १ तित्तीसं २, गुणतीसं ३ दुसु तितीस ४–५ इगतीसं ६ । अडवीसं ७ तित्तीसं ८, गुणवीसं ९ वीस १० बावीसं ११ ॥ ५७ ॥ विस १२ ह्वारस १३ वीसं १४ बत्तीस १५ कमेण पंचसु तितीसं २० । वीस २१ तितीसं २२ वीसं २३, वीसयरा २४ पुव्वभवाआउं ॥ ५८ ॥ पूर्वभवायुः ॥१३॥

छाया—त्रयस्त्रिंशत्त्रयस्त्रिंश–देकोनत्रिंशद्द्वयोस्त्रयस्त्रिंशदेक त्रिंशद्–अष्टाविंशतिस्त्रयस्त्रिंश–देकोनविंशतिर्विंशतिर्द्वाविंशतिः ॥ ५७ ॥

विंशतिरष्टादशविंशति–द्वात्रिंशत्क्रमेणपञ्चसु त्रयस्त्रिंशत् ।
विंशतिस्त्रयस्त्रिंशद्विंशति–र्विंशतिः सागराःपूर्वभवायुः॥५८॥

ભાવાર્થ—પહેલા શ્રીઋષભદેવ ભગવાનના પૂર્વભવ સંબંધી દેવપણાનું આયુષ્ તેત્રીશ સાગરોપમ, અજિતનાથના પૂર્વભવનું આયુષ્ તેત્રીસ સાગરોપમ, સંભવનાથનું ઓગણત્રીશ સાગરોપમ, અભિનંદન અને સુમતિનાથનું તેત્રીશ સાગરોપમ. પદ્મપ્રભજીનેંદ્રનું એકત્રીશસાગરોપમ. શ્રી સુપાર્શ્વનાથનું અઠાવીશ સાગરોપમ. ચંદ્રપ્રભ સ્વામીનું તેત્રીશ સાગરોપમ, શ્રી સુવિધિનાથનું ઓગણત્રીશ સાગરોપમ, શ્રી શીતલનાથનું વીશ સાગરોપમ, શ્રેયાંસનાથનું બાવીશસાગરોપમ, વાસુપૂજયનું વીશસાગરોપમ, વિમળનાથનું અઢાર સાગરોપમ અનંતનાથનું વિશસાગરોપમ, ધર્મનાથનું બત્રીશસાગરોપમ. શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, મલ્લિનાથ અને મુનિસુવ્રત એ પાંચ જીનંદ્રાનું તેત્રીશસાગરોપમ, શ્રી નમિનાથનું વિશસાગરોપમ, શ્રી નેમિ-

નાથ ભગવાનનું આયુષ્ તેત્રીશસાગરોપમ, શ્રી પાર્શ્વનાથ તથા શ્રીમહાવીરસ્વામીનું આયુષ્ વિશસાગરોપમ જાણવું. ॥ ૫૮ ॥ પૂર્વભવાયુષ્રૂપ તેરમું સ્થાનક પૂર્ણ.

આ પ્રમાણે પૂર્વભવસંબંધી તેર સ્થાનક કહીને હવે જિનભવ સંબંધી બાકીનાં સ્થાનકો કહે છે.

मूलम्—बहुलासाढचउत्थी, १ सुद्धावइसाहतेरसीकमसो २ । फग्गुण अट्ठमि ३ वयसाह चउत्थि ४ सावणियबीया ॥५९॥

छाया—बहुलाषाढचतुर्थी, शुद्धा वैशाखत्रयोदशी क्रमशः ।
फाल्गुनाऽष्टमी वैशाख–चतुर्थी श्रावणद्वितीया ॥ ५९ ॥

ભાવાર્થ—પ્રથમ જીનેંદ્ર શ્રી ઋષભદેવના ચ્યવનકાલમાં અષાઢ વદી ચોથ, શ્રી અજીતનાથના ચ્યવનકાલે વશાખ સુદિ તેરસ, સંભવનાથના ચ્યવનકાલે ફાગણુ સુદિ આઠમ, અભિનંદનનો ચ્યવનકાલ વૈશાખ સુદિ ચોથ, શ્રી સુમતિનાથનો ચ્યવનકાલ શ્રાવણુ સુદિ બીજ. ॥ ૫૯ ॥

मूलम्—माहस्सकसिण छट्ठी ६, भद्दट्ठमि, चित्तमासपंचमिआ ८ । फग्गुणनवमी ९ वइसाह छट्ठि १० तहजिट्ठ छट्ठीअ ११ ॥ ६० ॥

छाया—माघस्य कृष्णषष्ठी, भाद्राष्टमी चैत्रमासपञ्चमिका ।
फाल्गुननवमी वैशाख–षष्ठी तथा ज्येष्ठषष्ठीच ॥६०॥

ભાવાર્થ–છઠ્ઠા શ્રી પદ્મપ્રભ સ્વામીનો ચ્યવનકાલ મહા વદિ ૬–સાતમા સુપાર્શ્વનાથનો ચ્યવનસમય ભાદરવા વદી આઠમ

૮, આઠમા શ્રી ચંદ્રપ્રભનો ચૈત્ર વદી પાંચમ, નવમા સુવિધિનાથનો ચ્યવન સમય ફાગણ વદી ૯, દશમા શ્રી શીતલનાથનો ચ્યવન સમય વૈશાખ વદી ૬, અગીયારમા શ્રી શ્રેયાંસ નાથ ભગવાનનો ચ્યવન સમય જેઠ વદી ૬ ॥ ૬૦ ॥

मूलम्—जिट्ठमिसुद्धनवमी १२, तत्तो वइसाहबारसीसुद्धा १३ । सावणकसिणा सत्तमि १४, विसाहसिय १५ भद्दवेकन्हा ॥ ६१ ॥

छाया—ज्येष्ठस्यशुद्धनवमी, ततो वैशाख द्वादशी शुद्धा ।
श्रावणकृष्णा सप्तमी, वैशाखसिता भाद्रपदकृष्णा ॥६१॥

ભાવાર્થ—શ્રી વાસુપૂજ્યભગવાનનું ચ્યવનકલ્યાણક જેઠ સુદી ૯, ત્યારબાદ વિમલનાથનું ચ્યવન કલ્યાણક વૈશાખ સુદી ૧૨, શ્રી અનંતનાથનુ ચ્યવન કલ્યાણક શ્રાવણ વદી સાતમ, પંદરમા શ્રી ધર્મનાથ સ્વામીનું ચ્યવન કલ્યાણક વૈશાખ સુદી સાતમ અને શ્રી શાંતિનાથ ભગવાનનું ચ્યવન કલ્યાણક ભાદરવા વદિ સાતમે જાણવું. ॥ ૬૧ ॥

मूलम्—सावणकसिणा नवमी १७, फग्गुणसियबीअफग्गुणचउत्थी १९ । सावणि २० अस्सिणपूनिम २१, कत्तिय बहुला दुवालसिआ २२ ॥ ६२ ॥

छाया—श्रावणकृष्णानवमी, फाल्गुनसितद्वितीयाफाल्गुनचतुर्थी।
श्रावणाऽऽश्विनपूर्णिमा, कार्त्तिककृष्णा द्वादशिका ॥६२॥

ભાવાર્થ—સત્તરમા શ્રી કુંથુનાથ જીનવરનો ચ્યવનકાલ શ્રાવણ વદી ૯, અરનાથ જીનેંદ્રનો ચ્યવન સમય ફાગણ સુદિ ૨, ઓગણીસમા મલ્લિનાથનો ફાગણ સુદી ૪, મુનિ-સુવ્રતસ્વામીનો શ્રાવણ સુદી પુનમ, શ્રી નમિનાથભગવાનનો ચ્યવન સમય આસો સુદી પૂર્ણિમા, નેમિનાથનો ચ્યવન સમય કાર્ત્તિક વદિ ૧૨ ॥ ૬૨ ॥

मूलम्—असिआचित्तचंउत्थी २३, आसाढसिय छट्टि २४ चवणमासाई । इत्थन्नत्थविपयडं, अभणिअमहिगारओनेयं॥६३॥

छाया—असिता चैत्रचतुर्थी, आषाढसितषष्ठीच्यवनमासादि ।
इत्थमन्यत्राऽपि प्रकट-मभणितमधिकारतोज्ञेयम् ॥ ६३ ॥

ભાવાર્થ—ત્રેવીશમા શ્રીપાર્શ્વનાથનો ચ્યવનસમય ચૈત્ર વદિ ૪, અને ચોવિશમા શ્રીમહાવીર સ્વામીનો ચ્યવન કાલ આષાઢ સુદિ ૬ જાણવો. અહીંઆં અથવા અન્યત્ર પણ જે પ્રગટપણે ન કહેલું હોય તે બાબત અધિકાર-સંબંધથી જાણી લેવી ॥ ૬૩ ॥

मूलम्—भूयभविस्सजिणाणं, पुव्वणुपुव्वीइ वट्टमाणाणं। पच्छाणुपुव्विया ए, कल्लाणतिहीउ अन्नुन्नं ॥ ६४ ॥

छाया—भूतभविष्यज्जिनानां, पूर्वाऽनुपूर्व्या वर्त्तमानानाम् ।
पश्चाऽनुपूर्व्या यास्ताः, कल्याणतिथयोऽन्योऽन्यम् ॥६४॥

ભાવાર્થ—ભૂતકાલમાં થયેલા ગઈ ચોવીશીના આદિ તીર્થંકર કેવલજ્ઞાનિ આદિ જીનેંદ્રો અને ભવિષ્યમાં થનાર પદ્મનાભાદિ જીનેંદ્રોની અન્યોઅન્ય કલ્યાણકતિથિઓ પૂર્વાનુપૂર્વી જાણવી જેમકે ભૂતકાલીન કેવલજ્ઞાની તીર્થંકરની જે કલ્યાણક તિથિઓ કહી છે તેજ તિથિઓ ભવિષ્યકાલીન પદ્મનાભ પ્રભુની જાણવી એમ દરેક તીર્થંકરોની ચ્યવન તિથિઓ પૂર્વાનુપૂર્વીના ક્રમથી જાણવી. વળી પ્રકારાંતર કહે છે, વર્ત્તમાન કાલના ઋષભાદિ જીનેંદ્રોની કલ્યાણક તિથિઓ ભૂત અને ભવિષ્યત્ કાલના જીનેંદ્રોની અપેક્ષાએ પશ્ચાનુપૂર્વી એટલે જે કલ્યાણક તિથિઓ ભૂતકાલમાં ગઇ ચોવીસીના ચોવીસમા સંપ્રતિ જીનવર તથા ભવિષ્ય કાલમાં ચોવીશમા ભદ્રકૃત્ જીનવરની છે તેજ તિથિઓ વર્ત્તમાનકાલમાં પ્રથમ જીનેશ્વર શ્રી ઋષભદેવની હોય છે ઇત્યાદિ અધિકારથી જાણવું.

ચ્યવન માસાદિક રૂપ ૧૪ મું સ્થાનક પૂર્ણ ॥૬૪॥

### હવે ચ્યવન સમયનાં નક્ષત્રો કહે છે.

मूलम्–उत्तरसाढा१ रोहिणि २, मिअसीस ३, पुणव्वसू ४, महा ५, चित्ता ६, । वइसाह ७, णुराह ८, मूल ९ पुव्व १०, सवणो ११, सयभिसा य १२॥६५॥उत्तरभद्दव १३, रेवइ १४, पुस्स १५, भरणि १६, कत्तिया य १७, रेवइ अ १८, अस्सिणि १९, सवणो २०, अस्सिणि २१, चित्त २२, विसाहु २३, त्तरा २४, रिक्खा ॥ ६६ ॥ ( चयवन नक्षत्राणि )

छाया–उत्तराषाढा रोहिणी, मृगशीर्षपुनर्वसू मघाचित्रा ।
विशाखाऽनुराधामूलं, पूर्वाश्रवणशतभिषक् च ॥ ६५ ॥

उत्तरभाद्रपदोरेवती पुष्योभरणी कृतिका च रेवती च ।
अश्विनी श्रवणमश्विनी, चित्राविशाखोत्तरा ऋक्षाः ॥ ६६ ॥

ભાવાર્થ—પ્રથમ શ્રી ઋષભદેવનું ચ્યવન નક્ષત્ર ઉત્તરાષાઢા, બીજા શ્રી અજીતનાથનું રોહિણી, ત્રીજા સંભવનાથનું મૃગશીર્ષ, અભિનંદનજીનનું પુનર્વસૂ, શ્રી સુમતિનાથનું મઘા, પદ્મપ્રભપ્રભુનું ચિત્રા, સાતમા શ્રી સુપાર્શ્વનાથનું વિશાખા, ચંદ્રપ્રભનું અનુરાધા, નવમા સુવિધિનાથનું મૂલ દશમા શીતલનાથનું પૂર્વાષાઢા, અગીયારમા શ્રેયાંસનાથનું શ્રવણ બારમા વાસુપૂજ્યનું શતભિષા, તેરમા વિમલનાથનું ઉત્તરાભાદ્રપદ, ચૌદમા અનંતનાથનું રેવતી, પંદરમા ધર્મનાથનું પુષ્ય, શોળમા શ્રી શાંતિનાથનું ભરણી, સત્તરમા કુંથુનાથનું કૃત્તિકા, અઢારમા અરનાથનું રેવતી, ઓગણીસમા શ્રી મલ્લિનાથનું અશ્વિની, વિશમા મુનિસુવ્રતસ્વામીનું શ્રવણ, એકવીશમા નમિનાથનું અશ્વિની, બાવીશમા નેમિનાથનું ચિત્રા, તેવિશમા શ્રી પાર્શ્વનાથનું વિશાખા અને ચોવિશમા શ્રી મહાવીરસ્વામીનું ચ્યવન નક્ષત્ર ઉત્તરાષાઢા એ પ્રમાણે સર્વ જીનેંદ્રોનાં ચ્યવન નક્ષત્ર કહ્યાં. ॥૬૫-૬૬ ચ્યવન નક્ષત્ર ૩૫ ૧૫ મું સ્થાનક સંપૂર્ણ.

હવે ચ્યવન સમયની રાશિઓ કહે છે.

मूलम्—धणु (१) वसह (२) मिहुण (३) मिहुणो (४) सीहो (५) कन्ना (६) तुला (७) अली(८)चेव। धणु (९)धणु (१०) मयरो (११) कुंभो (१२) दुसु मीणो (१३–१४) कक्कडो (१५) मेसो (१६) ॥ ६७ ॥ विस (१७) मीण १८ मेस १९ मयरो २०

मेसो २१ कन्ना २२ तुला २३ य कन्ना २४ य। इअ चवण
रिक्खरासीं, जम्मेदिक्खा ए नाणे वि ॥६८॥ च्यवनराशयः॥
छाया–धनुर्वृषभो मिथुनमिथुनौ, सिंहः कन्या तुला अलिश्चैव।
धनुर्धनुर्मकरः कुंभो–द्वयोर्मीनः कर्कटो मेषः ॥ ६७ ॥
वृषमीनमेषमकरा–मेषः कन्या तुला च कन्या च।
इमे च्यवनर्क्षराशयो–जन्मनि दीक्षायां ज्ञानेऽपि ॥६८ ॥

ભાવાર્થ—પ્રથમ ઋષભદેવની જન્મ રાશિ (ધન) ૨ અજીતનાથની (વૃષભ) ૩ સંભવનાથની (મિથુન) ૪ અભિનંદનની (મિથુન) ૫ સુમતિનાથની (સિંહ) ૬ પદ્મપ્રભની (કન્યા) ૭ સુપાર્શ્વનાથની (તુલા) ૮ ચંદ્રપ્રભસ્વામીની (વૃશ્ચિક) ૯ સુવિધિનાથની રાશિ (ધન) દશમા શીતલનાથની (ધન) ૧૧ શ્રી શ્રેયાંસનાથની રાશિ (મકર) ૧૨ શ્રીવાસુપૂજ્યની (કુંભ) ૧૩–૧૪ વિમલનાથ તથા અનંતનાથ ભગવાનની રાશિ (મીન) ૧૫ ધર્મનાથની રાશિ (કર્ક) ૧૬ શાંતિનાથની (મેષ) ૧૭ કુંથુનાથની રાશિ (વૃષભ) ૧૮ અરનાથની (મીન) રાશિ ૧૯ મલ્લિનાથની (મેષ) ૨૦ મુનિસુવ્રતની (મકર) ૨૧ નમિનાથની (મેષ) ૨૨ શ્રીનેમિનાથની (કન્યા) ૨૩ શ્રી પાર્શ્વનાથની (તુલા) ૨૪ શ્રી મહાવીર સ્વામીની રાશિ (કન્યા) જાણવી. આ પ્રમાણે જીનેંદ્રની ચ્યવન નક્ષત્ર રાશિઓ જાણવી. તેમજ જન્મ કલ્યાણકમાં, દીક્ષા કલ્યાણકમાં અને કેવલજ્ઞાનકલ્યાણકમાં પણ ઉપર કહેલાં નક્ષત્ર અને રાશિઓ હોય છે. ॥૬૭–૬૮॥ ચ્યવન રાશિ કથનરૂપ ૧૬ મું સ્થાનક પૂર્ણ.

હવે સર્વ જીનેંદ્રોનો ચ્યવન સમય કહે છે.

मूलम्–चुइवेला निसिअद्धं, जिणाण २४ एमेव एगसमयंमि ।
चुइमासाइ वियारो, भरहेरवएसु सव्वेसु ॥६९॥

छाया–च्युतिवेला निशार्द्धे, जिनानामेवमेवैकसमये ।
च्युतिमासादिविचारो--भरतैरवतेषु सर्वेषु ॥ ६९ ॥

ભાવાર્થ—સર્વ જીનવરોનો ચ્યવન સમય અર્ધ રાત્રિનો હોય છે. એજ પ્રમાણે એક સમયમાં ઋષભાદિ સર્વ જીનેંદ્રો સંબંધી ચ્યવન માસ, પક્ષ, તિથિ અને નક્ષત્રાદિનો વિચાર જણાવ્યો તેજ પ્રમાણે તેમ પાંચ ભરત અને પાંચ ઐરવત એસર્વ ક્ષેત્રોમાં સર્વ જીનેંદ્રોનો ચ્યવનમાસાદિ તેજ પ્રમાણે જાણવાં, તેમજ સર્વ જીનોનો ચ્યવનસમય પણ તેજ પ્રમાણે જાણવો. ઇતિ સર્વ જીનોનો ચ્યવનસમય કહ્યો. ॥૬૯॥ ચ્યવનસમય કથનરૂપ ૧૭ મું સ્થાનક પૂર્ણ.

હવે સ્વપ્નપ્રકાર કહે છે.

मूलम्–गय १ वसह २ सीह ३ अभिसेय ४ दाम ५ ससि ६ दिणयरं ७ झयं ८ कुंभं ९ पउमसर १० सागर ११ विमाण-भवण १२ रयणा १३ ऽग्गि १४ सुविणाइं ॥ ७० ॥

छाया–गजवृषभसिंहाऽभिषेका–दाम शशिदिनकरा ध्वजः कुम्भः। पद्मसरः सागरविमानं, भवनरत्नाऽग्नयः स्वप्नाः ॥७०॥

ભાવાર્થ—પ્રથમ જીનેંદ્ર શ્રી ઋષભદેવ આદિ સર્વ જીનેંદ્રોની માતાઓ ચૌદ સ્વપ્ન જુએ છે તે નીચે મુજબ. (ગજ) હાથી. ૧ વૃષભ (૨) સિંહ (૩) લક્ષ્મીનો અભિષેક (૪) પુષ્પમાલા (૫) ચંદ્ર (૬) સૂર્ય (૭) ધ્વજ

(૮) કુંભ-ઘટ (૯) પદ્મસરોવર (૧૦) ક્ષીરસાગર (૧૧) દેવવિમાન (૧૨) જે જીનેંદ્ર સ્વર્ગમાંથી આવે તેમની માતા દેવવિમાન સ્વપ્નમાં જુએ અને જે નરકસ્થાનમાંથી આવે છે તેમની માતા ભવન-પ્રાસાદ જુએ છે. (૧૨) રત્ન રાશિ-રત્નોનો ઢગલો (૧૩) ધૂમ વિનાનો શુદ્ધઅગ્નિ (જવાલા) (૧૪) આ પ્રમાણે ગર્ભ સ્થિતિ કાળમાં ચૌદ સ્વપ્ન સર્વ જીનવરની માતાઓ દેખે છે. વિશેષમાં શ્રી ઋષભદેવની માતા પ્રથમ વૃષભ જુએ છે અને અજીતનાથની માતા પ્રથમ(ગજ) હાથી તેમજ શ્રીમહાવીર ભગવાનની માતા પ્રથમ સિંહ જુએ છે. આ પ્રમાણે સ્વપ્નનો અધિકાર જાણવો.

मूलम्—नरयउवट्टाण इहं, भवणं सग्गच्चुयाण उ विमाणं ।
वीरुसहसेसजणणी, नियंसु ते हरिवसहगयाई ॥७१॥

छाया—नरकोद्वृत्तानामिह, भवनं स्वर्गाच्च्युतानां तु विमानम् ।
वीरर्षभशेषजननी, नियमात्तान्हरिवृषभगजादीन् ॥७१॥

ભાવાર્થ—નરકસ્થાનથી આવેલા જીનેશ્વરોની માતા આ લોકમાં ભવન જુએ છે અને દેવલોકમાંથી આવેલા જીનની માતા તો દેવવિમાન જુએ છે. તેમજ શ્રી મહાવીર સ્વામીની માતા પ્રથમ સ્વપ્નમાં સિંહ જુએ છે. અને શ્રી ઋષભદેવ ભગવાનની માતા પ્રથમ સ્વપ્નમાં વૃષભ જુએ છે. તેમજ બાકી જીનેશ્વરોની માતાઓ નિયમથી ઉપર કહ્યા પ્રમાણે ગજઆદિ ચૌદસ્વપ્નોને જુએ છે. ઈતિ સ્વપ્ન વિચારણા. ॥ ૭૧ ॥

## હવે નરકાદિ સ્થાનોમાંથી આવેલા ઉત્તમ પુરૂષોની ગતિ.

मूलम्–दुनरयकप्पगिविज्जा, हरी अ १ तिनरयविमाण एँहि जिणा २। पढमा चक्कि ३ दुनरया, बला ४ चउसुरेहिँ चक्कि ३ बला ४ ॥७२॥

छाया–द्विनरककल्पग्रैवेयकाद्, हरयस्त्रिनरकविमानेभ्योजिनाः। प्रथमाच्चक्री द्विनरकाद्–बलाश्चतुःसुरेभ्यश्चक्रिबलाः ॥७३॥

ભાવાર્થ–પ્રથમ અને બીજા નરકસ્થાનમાંથી બાર દેવ લોકમાંથી અને ગ્રૈવેયકમાંથી આવેલા જીવો વાસુદેવ થાય છે. પહેલા બીજા અને ત્રિજાનરકસ્થાનમાંથી તથા વિમાનોમાંથી આવેલા જીનેંદ્રો થાય છે. પ્રથમ નરકસ્થાનમાંથી આવેલા ચક્રવર્તી થાય છે, પહેલા બે નરકમાંથી આવેલા બલદેવ થાય છે તેમજ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, અને વૈમાનિકોમાંથી આવેલા જીવો ચક્રવર્તી અને બલભદ્ર થાયછે.૭૩

હવે બલદેવ વિગેરેની માતાઓને દેખાતાં સ્વપ્નોની વિચારણા.

मूलम्–जिणचक्कीण य जणणी, निअंति चउदस गयाइ वरसुमिणे। सग १ चउ २ ति ३ इगाई ४ हरि १ बल २ पडिहरी ३ मंडलि अ ४ माया ॥७३॥ (स्वप्नानि)

छाया--जिनचक्रिणाश्च जननी, नियतश्चतुर्दशगजादिवरस्वप्नान्। सप्त चतुस्त्रयैकादीन. हरिबलप्रतिहरिमण्डलिमाता ॥७३॥

ભાવાર્થ–જીનેંદ્ર તથા ચક્રવર્તીની માતાઓ નિશ્ચય પૂર્વક ગજાદિક ઉત્તમ પ્રકારનાં ચૌદ સ્વપ્ન જુએ છે તેમજ વાસુદેવની માતા સાત સ્વપ્ન બલભદ્રની માતા ચાર પ્રતિ–

વાસુદેવની માતા ત્રણ અને માંડલિકરાજાઓની માતા એક ગજાદિક સ્વપ્નને જુએ છે ।।૭૩।। ઇતિ સ્વપ્ન વિચારણા. રૂપ ૧૮ મુ સ્થાનક સંપૂર્ણ.

હવે સ્વપ્નના વિચારકો કોણ ? તે કહે છે.

मूलम्–पढमस्स पिया इंदा, सेसाणं जणय सुविणसत्थविऊ ।
अट्ठविआरिंसु सुहे, सुविणे चउदस जणणि दिट्ठे ॥७४॥

छाया–प्रथमस्य पिता इन्द्राः, शेषाणां जनकः स्वप्नशास्त्रविदः।
अर्थेन व्यचारयन् शुभान्, स्वप्नांश्चतुर्दशजननीदृष्टान् ॥७४॥

ભાવાર્થ–પ્રથમ જીનેશ્વર શ્રીઋષભદેવની માતાએ જોએલાં ચૌદ શુભ સ્વપ્નનો અર્થ વિચાર તેમના પિતા નાભિરાજા અને ઇંદ્રોએ કર્યો હતો. તેમજ બાકીના જીનેંદ્રોની માતાઓએ જોયેલા સ્વપ્નનો અર્થ સબંધી વિચાર તેમના પિતા તથા સ્વપ્નશાસ્ત્રોના રહસ્યાર્થ જાણકાર કુશળ પંડિતોએ કરેલો છે, ઇતિ સ્વપ્નવિચારકનિર્ણય.સ્વપ્ન વિચારક રૂપ ૧૯ મુ સ્થાનક પૂર્ણ.

હવે સર્વ જીનવરોની ગર્ભ સ્થિતિ કહે છે.

मूलम्–दु २ चउत्थ ४ नवम ९ बारस १२ तेरस १३ पन्नरस १५ सेसगब्भठिई । मासा अड ८ नव ९ तदुवरि, उसहाइ कमेणि मे दिवसा ॥ ७५ ॥

छाया–द्वितीयचतुर्थनवमद्वादश–त्रयोदशपञ्चदशशेषगर्भस्थितिः।
मासा अष्टनवतदुपरि, ऋषभादौ क्रमादिमे दिवसाः ॥७५॥

ભાવાર્થ–બીજા શ્રી અજીતનાથ ચોથા શ્રી અભિનંદન નવમા શ્રી સુવિધિનાથ બારમા શ્રીવાસુપુજ્ય તેરમા શ્રી વિમલનાથ તેમજ પંદરમા શ્રી ધર્મનાથ ભગવાનની ગર્ભ

સ્થિતિ આઠમાસ અને બાકીના તીર્થંકરોની ગર્ભ સ્થિતિ નવમાસની હોય છે. તેમજ તે માસની ઉપર ઋષભ આદિ સર્વ જીનવરોના અધિક દિવસો અનુક્રમે નીચેની ગાથામાં જણાવે છે,

मूलम्—चउ १ पणवीसं २ छद्दिण ३ अडवीसं ४ छच ५ छचि ६ गुणवीसं ७ सग ८ छव्वीसं ९ छ १० च्छ य ११ वीसी १२ गवीसं १३ छ १४ छव्वीसं १५ ॥ ७६ ॥

छाया--चतुः पञ्चविंशतिषट्दिना--न्यष्टाविंशतिः षट्चषट्चैकोन विंशतिः । सप्तषड्विंशतिःषट्षट्च,विंशतिरेकविंशतिः षट् षड्विंशतिः ॥७६ ॥

ભાવાર્થ—શ્રીઋષભાદિકજીનેંદ્રોનિ ગર્ભસ્થિતિના દિવસો અનુક્રમે ચાર (૧) પચીસ (૨) છ (૩) અઠ્ઠાવીશ (૪) છ (૫) છ (૬) ઓગણીસ (૭) સાત (૮) છવીશ (૯) છ (૧૦) છ (૧૧) વિશ (૧૨) એકવીશ (૧૩) છ (૧૪) છવીશ (૧૫) ॥ ૭૬ ॥

मूलम्—छ १६, प्पण १७, अड १८, सत्त, १९, ठ य २०, अठ २१, ठ १२, छ २३, सत्त २४, हुंतिगब्भदिणा । इत्तो उसहाइ जिणाण, जम्ममासाइ वु च्छामि ॥७७॥

छाया—षट्पञ्चाऽष्ट सप्ताऽष्ट च, अष्टाऽष्टषट् सप्तभवन्ति गर्भ दिनानि । इतोऽॠषभादिजिनानां, जन्ममासादि वक्ष्यामि ॥

ભાવાર્થ— છ (૧૬) પાંચ (૧૭) આઠ (૧૮) સાત (૧૯) આઠ (૨૦) આઠ (૨૧) આઠ (૨૨) છ (૨૩) સાત (૨૪)

આ પ્રમાણે ઋષભાદિ સર્વતીર્થંકરોના ગર્ભસ્થિતિના દિવસો જાણવા તેનું કોષ્ટક નીચે મુજબ.

## શ્રીજીનવરના ગર્ભકાલનો યંત્ર

| નં | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નામ | ઋ | અ. | સં. | અભિ | સુ | પ. | સુ. | ચં. | સુ. | શી. | શ્રે | વા. |
| માસ | ૯ | ૮ | ૯ | ૮ | ૯ | ૯ | ૯ | ૯ | ૮ | ૯ | ૯ | ૮ |
| દીવસ | ૪ | ૨૫ | ૬ | ૨૮ | ૬ | ૬ | ૧૯ | ૭ | ૨૬ | ૬ | ૬ | ૨૦ |

| નં | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નામ | વિ | અ | ધ | શાં | કું | અ | મ | મુ | ન | ને | પા | મા |
| માસ | ૮ | ૯ | ૮ | ૯ | ૯ | ૯ | ૯ | ૯ | ૯ | ૯ | ૯ | ૯ |
| દીવસ | ૨૧ | ૬ | ૨૬ | ૬ | ૫ | ૮ | ૭ | ૮ | ૮ | ૮ | ૬ | ૭ |

આ પ્રમાણે ગર્ભકાલ સર્વજીનવરનો જાણવો. ગર્ભાવસ્થાના કાલના કથનરૂપ વિસમું સ્થાનક પૂર્ણ થયું.

### હવે ઋષભાદિજીનેંદ્રાના જન્મ માસાદિ ગ્રંથકાર કહે છે.

मूलम्–चित्तबहुलट्ठमी १ सिअ–माहट्ठमि २ मग्गचउदसी ३ माहे। सिअबिअ ४ वइसाहट्ठमि ५ कत्तिअगे कसिण बारसिआ ॥ ७८ ॥

छाया–चैत्रबहुलाऽष्टमी श्वेतमाघाष्टमो मार्गचतुर्दशी माघे ।
सितद्वितीया वैशाखाष्टमी, कार्त्तिकके कृष्णद्वादशिका ॥७८॥

ભાવાર્થ–શ્રી ઋષભદેવભગવાનનો જન્મ ચૈત્ર વદી ૮. અજીતનાથનો જન્મ મહાસુદ ૨. સંભવનાથનો જન્મ માગશર સુદી ૪. અભિનંદનનો જન્મ મહા સુદી ૨. સુમતિનાથનો જન્મ વઈશાખ સુદી ૮ પદ્મપ્રભુનો જન્મ કાર્તિક વદી ૧૨ (૬) ॥ ૭૮॥

मूलम्–जिठ्ठसिअ ७ पोसकसिणा, य बारसी ८ मग्गपंचमीचेव।
कसिणा य माहबारसि १०, फग्गुणबारसि ११ चउद्दसिआ १२
छाया–ज्येष्ठसिता पौषकृष्णा, च द्वादशीमार्गपञ्चमीचैव ।
कृष्णाच माघद्वादशी, फाल्गुनद्वादशी चतुर्दशिका ॥ ७९ ॥

ભાવાર્થ–૭–સુપાર્શ્વનાથ જ્યેષ્ઠ સુદી ૧૨ (૮) ચંદ્રપ્રભ પોષ વદી ૧૨ (૯) સુવિધિનાથ માગશર વદી ૫ (૧૦) શીતલનાથ મહા વદિ ૧૨ (૧૧)મા શ્રીશ્રેયાંસનાથ ફાગણ વદી ૧૨ (૧૨)વાસુપૂજય ફાગણ વદી ૧૪ જન્મકલ્યાણક જાણવું.

मूलम्–माहस्स सुद्धतइया, १३ तह वइसाहंम्मि तेरसी
कसिणा १४ माहसिअतइय १५ जिट्ठे, कसिणा तेरसि १६
विसाहचउद्दसिआ १७ ॥ ८० ॥

छाया–माघस्य शुद्धतृतीया, तथा वैशाखे त्रयोदशी कृष्णा ।
माघसिततृतीया ज्येष्ठे,कृष्णा त्रयादशी वैशाख चतुर्दशिका॥८०॥

ભાવાર્થ–(૧૩)મા શ્રી વિલમનાથ મહા સુદ ૩ (૧૪) મા અનંતનાથ વઈશાખ વદી ૧૩ (૧૫) ધર્મનાથનો જન્મ મહા

સુદી ૩(૧૬)શાંતિનાથનો જન્મ જેઠ વદી ૧૩ (૧૭) કુંથુનાથ નો જન્મદિવસ વઈશાખ વદી ચાદશ ॥ ૮૦

मूलम्-सियमग्गदसमि १८ गारसि १९, बहुलट्ठमि जिट्ठ २० सावणे मासे २१। सावणसियपंचमी २२ पोसकसिणदसमि २३ सियचित्ततेरसिया २४ ॥ ८१ ॥ जन्ममासादिः ॥

छाया-सितमार्गदशम्येकादशी, बहुलाष्टमी ज्येष्ठ श्रावणेमासे। श्रावणसितपञ्चमी पौष, कृष्णादशमी सितचैत्रत्रयोदशिका ॥ ८१ ॥

ભાવાર્થ—(૧૮) શ્રી અરનાથનો જન્મ માગશર સુદી દશમ (૧૯) મલ્લિનાથનો માર્ગશીર્ષસુદીઅગીયારસ (૨૦) મુનિસુવ્રતસ્વામીનો જન્મ જેઠ વદી આઠમ (૨૧) નમિનાથ નો જન્મ શ્રાવણ વદી આઠમ (૨૨) નેમિનાથનો જન્મ શ્રાવણ સુદી ૫ (૨૩) શ્રીપાર્શ્વનાથનો જન્મ પોષ વદી દશમ ૨૪ શ્રી મહાવીરસ્વામીનો જન્મ ચૈત્ર સુદી ૧૩ એ પ્રમાણે સર્વ તીર્થંકરોના જન્મમાસાદિ જાણવા ॥૮૧॥ એકવીશમું (૨૧) દ્વાર સંપુર્ણ.

હવે જન્મસમયનાં નક્ષત્ર અને જન્મ રાશી કહે છે.

मूलम्—वेला २२ रिक्खा२३ रासो२४, पुव्विं भणिया इहावि विन्नेया, संखिज्जकालरूवे, तइयरयंते उसहजम्मो ॥१॥८२

छाया—वेला ऋक्षाणि राशयः, पूर्वं भणिता इहाऽपिविज्ञेयाः। संख्येयकालरूपे, तृतीयारकान्ते ऋषभजन्म ॥८२॥

ભાવાર્થ—સર્વજીનેંદ્ર સંબંધી ચ્યવન કલ્યાણુક ની જે વેલા, નક્ષત્ર અને રાશીઓ કહી છે તેજ અહીંયાં

જન્મ કલ્યાણકમાં પણ જાણવાં. હવે જન્મ સંબંધી આરાઓ જણાવે છે, સંખ્યાત કાળરૂપ ત્રીજા આરાના પર્યંત-અંતભાગમાં આદ્યશ્રીઋષભદેવ ભગવાન્ જન્મ્યા

मूलम्—अजियस्स चउत्थारय,—मज्झे २ पच्छद्धि संभवाईणं १७।
तस्संति अराईणं ७, जिणाण जम्मो तहा मुक्खो ॥८३॥
छाया—अजितस्य चतुर्थारक-मध्ये पश्चार्द्धे संभवादीनाम् ।
तस्यान्तेऽरादीनां, जिनानां जन्म तथा मोक्षः ॥८३॥

ભાવાર્થ–૨ શ્રી અજીતનાથ ભગવાનનો જન્મ તથા મોક્ષ ચોથા આરાના મધ્યભાગમાં જાણવો. શ્રી સંભવનાથ આદિ પંદર જીનેશ્વરોના જન્મ તથા મોક્ષ ચોથા આરાના પશ્ચિમ અર્દ્ધભાગમાં જાણવા. તેમજ શ્રી અરનાથઆદિ સાત જીનેંદ્રોનો જન્મ અને મોક્ષ ચોથા આરાના અંતમાં જાણવો.

હવે છ આરાઓનાં નામ જણાવે છે.

मूलम्—सुसमसुसमा य १ सुसमा, २ सूसमदुसमा य ३ । दुसुम सुसमाय ४ । दुसुमा य ५ दुसुमदुसुमा ६–७, वसप्पिणुस्सप्पिणी छ अरा ॥८४॥

छाया—सुषमसुषमा च सुषमा, सुषमदुषमा च दुःषमसुषमा च
दुषमा च दुःषमदुःषमा,ऽवसर्प्पिण्युत्सर्प्पिणीषडारकाः॥८४॥

ભાવાર્થ—પ્રથમ આરો સુષમસુષમ, બીજો સુષમ, ત્રીજો સુષમદુષમ, ચોથો દુષમસુષમ, પાંચમો દુષમ અને છઠ્ઠો દુષમદુષમ. આ છ આરાઓની અવસર્પિણી

થાય છે, તેમ તેના પશ્ચાનુપૂર્વી એટલે ઉલટાક્રમથી ઉત્સર્પિણી કાલ થાય છે. વળી તે અવસર્પિણી અને ઉત્સર્પિણી બંને મળીને એક કાલચક્ર થાય છે.

હવે છ આરાઓના કાળનું પ્રમાણ જણાવે છે.

मूलम्—सागरकोडाकोडी, चउ १ ति २ दु ३ इग ४ समदुचत्तसहसूणा । वाससहसेगवीसा ५,इगवीस ६ कमा छ अरयमाणं ॥ ८५ ॥

छाया—सागरकोटाकोट्य–श्चतस्रस्तिस्रोद्वेएकासम–द्विचत्वारिंशत्सहस्रोना । वर्षसहस्रैकविंशतिरेकविंशतिः क्रमात्षडरयमानम् ॥ ८५ ॥ जिनाऽरकाः ॥ २५ ॥

ભાવાર્થ—પ્રથમ આરો ચાર કોડાકોડીસાગરોપમ પ્રમાણનો છે. બીજો ત્રણ કોડાકોડી સાગરોપમનો છે. ત્રીજો આરો બે કોડાકોડી સાગરોપમનો છે. ચોથો આરો બેતાળીશ હજાર વર્ષ ઓછા એક કોડાકોડી સાગરોપમનો છે. પાંચમો આરો એકવિશ હજાર વર્ષનો છે. તેમજ છઠ્ઠો પણ એકવીશ હજાર વર્ષનો જાણવો. ઈતિ જિનજન્મારકનુ પ્રમાણ સંપૂર્ણ.

હવે જન્મ આરાઓના શેષ–બાકીના કાળનું માન કહે છે.

मूलम्–जंमाउ इगुणउवईपक्खनियाउयमियं अरयसेसं । पुरिमंतिमाण नेयं, तेण हिअमिमं तु सेसाणं ॥८६॥

छाया—जन्मत एकोननवतिपक्ष—निजायुर्मितमर्कशेषम् ।
प्रथमान्तिमयोर्ज्ञेयं, तेनाऽधिकमिदं तु शेषाणाम् ॥८६॥

ભાવાર્થ—પહેલા અને છેલ્લા જીનેશ્વરના જન્મથી તેમનું આયુષ, નેવ્યાસી પખવાડીયાં ગયા પછી ત્રીજા તથા ચોથા આરાની સમાપ્તિ થાય છે—એટલે શ્રીઋષભદેવ પ્રભુનું ચોરાશી લાખ પૂર્વનું આયુષ અને ઉપર ત્રણ વર્ષ અને સાડા આઠ માસ બાકી ત્રીજા આરાનો કાળ જાણવો. તેમજ શ્રી મહાવીર સ્વામીનું બોતેર વર્ષનું આયુષ અને ઉપર ત્રણ વર્ષ અને સાડા આઠ માસ બાકી કાલ રહ્યો ત્યારે તેમનો જન્મ થયો, તેમજ બાકીના બાવીશ તીર્થંકરોના પોતાના આયુષથી અધિક આરાઓનો શેષકાલ જાણવો. તે નીચે પ્રમાણે બતાવે છે.

मूलम्—अजियस्स अरयकोडी—लक्खा पन्नास १ वीस २ दस ३ एगा ४ । कोडिसहसदस ५ एगो ६, कोडिसयं ७ कोडिदस ८ एगा ॥८७॥

छाया—अजितस्यारयकोटीलक्षाःपञ्चाशद्विंशतिर्दशैका ।
कोटि सहस्रदशैका, कोटिशतं कोटिदशैका ॥८७॥

ભાવાર્થ—શ્રી અજીતનાથ પ્રભુના જન્મથી બોતેર લાખ પૂર્વ અધિક અને બેતાલીશ હજાર વર્ષ ઓછા પચાશલાખ કોટી સાગરોપમ પ્રમાણ ચોથા આરાનો શેષકાલ જાણવો. સંભવનાથના જન્મથી સાઠ લાખ પૂર્વ અધિક અને બેતાળીસ હજાર વર્ષ ઓછા વિશલાખ કોટી સાગરોપમ પ્રમાણ

ચોથા આરાનો શેષકાલ જાણુવો. ૨ અભિનંદનના જન્મથી પચાસ લાખ પૂર્વ અધિક અને બેતાલીશ હજાર વર્ષ દશ-કરોડલાખ સાગરોપમ પ્રમાણુ ચોથાઆરાનો શેષકાલ જાણુવો. ૩ પાંચમાસુમતિનાથના જન્મથી ચાલીશલાખ પૂર્વ અધિક અને બેતાલીશ હજાર વર્ષ ન્યૂન એક કરોડ લક્ષ સાગરોપમ પ્રમાણુ ચોથા આરાનો શેષકાલ જાણુવો. પાંચમા સુમતિનાથના જન્મથી ત્રીશલાખપૂર્વઅધિક અને બેતાલીશ હજાર વર્ષ ઓછા દશ કરોડ હજાર સાગરોપમ પ્રમાણુ ચોથા આરાનો શેષકાલ જાણુવો. ૫ છઠ્ઠા પદ્મપ્રભના જન્મથી ત્રીશલાખપૂર્વઅધિક અને બેતાળીશ હજાર વર્ષ ઓછા એક હજાર કરોડ સાગરોપમ પ્રમાણુ ચોથા આરાનો શેષકાલ જાણુવો. સાતમા સુપાર્શ્વનાથના જન્મથી વીશલાખપૂર્વ અધિક અને બેતાળીશ હજાર વર્ષ ઓછો એક કરોડ હજાર સાગરોપમ પ્રમાણુ ચોથો આરો શેષ રહે છે. આઠમા ચંદ્રપ્રભના જન્મથી દશ લાખ પૂર્વ અધિક અને બેતાળીશ હજાર વર્ષ ઓછા સો કરોડ સાગ-રોપમ પ્રમાણુ ચોથો આરો શેષ રહે છે. નવમા શ્રીસુવિધિ-નાથના જન્મથી બે લાખ પૂર્વ અધિક બેતાળીશ હજાર વર્ષ ઓછા દશકરોડ સાગરોપમ પ્રમાણુ ચોથો આરો બાકી રહે છે. દશમા શીતલનાથના જન્મથી એક લાખ પૂર્વ અધિક બેતાળીશ હજાર વર્ષ ઓછા એક કરોડ સાગરોપમ પ્રમાણુ ચોથો આરો બાકી જાણુવો.

मूलम्—बायालसहस्सूणं, इअ नवमे अट्ठगे पुणो इत्तो ।
पणसट्ठि लक्खचुलसी, सहसहिअं होइ वरिसाणं ॥८८॥

छाया—द्विचत्वारिंशत्सहस्रोनं, इतिनवकेऽष्टकेपुनरितः ।
पञ्चषष्टिलक्षचतुरशिति-सहस्राधिकं भवति वर्षाणाम॥८८

ભાવાર્થ—પૂર્વોક્ત નવ એટલે અજીતનાથથી લઈ શીતલનાથ સુધી બેતાલીશ હજાર વર્ષ ઓછાં કરવાં, ત્યાર બાદ શ્રીશ્રેયાંસપ્રભુથી આરંભી શ્રીઅરનાથ સુધી--આઠ જીનેંદ્ર સુધી પાંસઠલાખ ચોરાશી હજાર વર્ષ અધિક જાણવાં. તે નીચે જણાવે છે.

मूलम्-अयरसयं १ छायाला २, सोलस ३ सग ४ तिन्नि ५
पलिअपायतिगं ६ । पलियस्स एगुपाओ ७, वरिसाणं
कोडिसहसो य ८॥८९॥

छाया-अतरशतंषट्चत्वारिंशत्, षोडशसप्तत्रीणिपल्यपादत्रिकम्
पल्यस्यैकपादो-वर्षाणां कोटिसहस्रश्च ॥८९॥

ભાવાર્થ— શ્રી શ્રેયાંસનાથના જન્મથી પોતાના આયુષનાં વર્ષ ચોરાશીલાખ અને પાંસેઠલાખ (૬૫) ચોરાશી હજાર (૮૪) વર્ષ અધિક એકસો સાગરોપમ પ્રમાણુ ચોથાઆરાનું શેષ જાણવું એટલે સો સાગરોપમ એકકરોડ ઓગણપચાસ લાખ ચોરાશી હજાર વર્ષ પ્રમાણ ચોથાઆરાનું શેષ જાણવું (૧) વાસુપૂજ્યના જન્મથી છેતાળીશ સાગરોપમ એક કરોડ પચાસ લાખ અને ચોરાશી હજાર વર્ષ ચોથા આરાનું શેષ, (૨) વિમલનાથના જન્મથી સોળ સાગરોપમ પચીશલાખ અને ચોરાશી હજાર વર્ષ પ્રમાણ ચોથા આરાનું શેષ (૩) શ્રી અનંતનાથના જન્મથી સાત સાગર પંચાવનલાખ ચોરાશી હજાર વર્ષ શેષ (૪) ધર્મનાથના જન્મથી ત્રણ સાગરોપમ પંચોતર લાખ

અને ચોરાશી હજાર વર્ષ શેષ, (૫) શાંતિનાથના જન્મથી પોણુંપલ્યોપમ, છાસઠ લાખ અને ચોરાશી હજાર વર્ષ પ્રમાણુ શેષ (૬)શ્રીકુંથુંનાથના જન્મથી પાપલ્યોપમ, ( પલ્યો-પમનો ચોથો ભાગ ) છાસઠલાખ અને અગણ્યાશી હજાર વર્ષ પ્રમાણુ શેષ. (૭) શ્રી અરનાથના જન્મથી એક કરોડ હજાર છાસઠ લાખ અને અડસઠ હજાર વર્ષ પ્રમાણુ ચોથા આરાનું શેષ જાણવું. ૮ ॥

मूलम्—तिसु चुलसिसहस्सहिया, १ पणसट्ठि २ इगार पंच लक्खा य ३ । चुलसीसहसा १ तो सड्ढ–दुसय २ पासस्स अरसेसं ३ ॥ ९० ॥ (जन्मारकशेषकालः)

छाया—त्रिषु चतुरशीतिसहस्राधिकाः, पञ्चषष्टिरेकादश पञ्चलक्षाश्च । चतुरशीतिसहस्राणि ततः सार्द्धद्विशते पार्श्व-स्यारशेषम् ॥ ९० ॥

ભાવાર્થ—મલ્લિનાથ,મુનિસુવ્રત અને નમિનાથ એ ત્રણુ જીનેંદ્રોમાં પોતાનું આયુષ્ તેમજ ચોરાશી હજાર વર્ષ અધિક ગણવાં. તે નીચે પ્રમાણે–શ્રીમલ્લિનાથના જન્મથી છાસઠલાખ ઓગણુચાળીશ હજાર વર્ષ પ્રમાણુ ચોથા આરાનું શેષ જાણવું મુનિસુવ્રત સ્વામીના જન્મથી બારલાખ અને ચૌદ હજાર વર્ષ પ્રમાણુ શેષ ॥ ૨ ॥ શ્રી નમિનાથના જન્મથી પાંચલાખ અને ચોરાણુ હજાર વર્ષ પ્રમાણુ નેમિનાથના જન્મથી પંચાશી હજાર વર્ષ બાકી જાણવો. શેષ. શ્રીપાર્શ્વનાથના જન્મથી ત્રણુસો પચાસ વર્ષ પ્રમાણુ ચોથો આરો શેષ જાણવો. વિશેષમાં બાવીશ તીર્થંકરોમાં ॥ ૩ ॥ ત્રણ વર્ષ અને સાડા-આઠમાસ અધિક ગણુવા. જન્મ આરાઓનો શેષકાલ કહ્યો. (૨૬)

હવે તીર્થંકરોના જન્મના દેશ કહે છે.

मूलम्--दुसु कोसला १-२ कुणाला ३, दुसु कोसल ४-५ वच्छ ६ कासि ७ पुव्वो अ ८। सुन्न ९ मलय १०सुन्नं ११ गा १२, पंचाला १३ कोसला १४ सुन्नं १५ ॥९१॥ तिसु कुरु १८ विदेह १९ मगहा २०, विदेह २१ कोसट्ट २२ कासि २३ तह पुव्वो २४।

देसा इमे जिणाणं, जम्मस्स इमाओ नयरीओ ॥९२॥

छाया-द्वयोः कोशलाकुणालौ, कुणालोद्वयोः कोशला वच्छः काशी पूर्वश्च । शून्यमलयशून्याङ्गाः, पञ्चालाः कोशलाः शून्यम् ॥ ९१ ॥

त्रिषु कुरवोविदेहमगधा-विदेह कुशार्त्ताःकाशी तथा पूर्वः । देशा इमे जिनानां, जन्मन इमा नगर्यः ॥९२॥

ભાવાર્થ--શ્રી ઋષભદેવ તથા અજીતનાથનો જન્મ કોશલદેશમાં, સંભવનાથનો કુણાલદેશમાં, અભિનંદન અને સુમતિનાથનો જન્મ કોશલદેશમાં. પદ્મપ્રભનો જન્મ વચ્છ-દેશમાં, સુપાર્શ્વનાથનો જન્મ કાશીદેશમાં, ચંદ્રપ્રભનો જન્મ પૂર્વ દેશમાં,+ નિશ્ચય નથી સુવિધિનાથનો જન્મ કોશલ દેશમાં થયો. શીતલનાથનો જન્મ મલયદેશમાં શ્રેયાંસ-નાથનો જન્મ કાશી દેશમાં, વાસુપૂજ્યનો જન્મ અંગદેશમાં, વિમલનાથનો જન્મ પંચાલદેશમાં, અનંતના-

+સુવિધિનાથ (૯) શ્રી શ્રેયાંસનાથ (૧૧) ધર્મનાથ (૧૫) એ ત્રણજીનેંદ્રોના જન્મદેશનો મૂળ ગાથામાં નિર્ણય કરાયો નથી પરંતુ શ્રી શાંતિવિજયજીના જૈન તીર્થ ગાઈડના આધારે ભાવાર્થમાં દેશનાં નામ આપ્યાં છે.

નાથનો જન્મ કોશલદેશમાં ધર્મનાથનો જન્મ ઉત્તર કૌશલ દેશમાં શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ એ ત્રણેનો જન્મ કુરૂદેશમાં, મલ્લિનાથનો જન્મ વિદેહ દેશમાં, મુનિસુવ્રતનો જન્મ મગધ દેશમાં, શ્રી નમિનાથનો જન્મ વિદેહ દેશમાં નેમિનાથનો જન્મ કુશાર્ત્ત દેશમાં, પાર્શ્વનાથનો જન્મ કાશી દેશમાં અને મહાવીર સ્વામીનો જન્મ પૂર્વદેશમાં જાણવો. આ પ્રમાણે સર્વ જીનેંદ્રોના જન્મ દેશ કહ્યા, જન્મદેશરૂપ (૨૭) મુ. વળી તેમનીજન્મ નગરીઓનાં નામ આગળની ગાથાઓમાં કહ્યા પ્રમાણે જાણવાં. જેમકે—

मूलम्—इक्खागभूमि १ उज्झा २, सावत्थी ३ दोसु उज्झ ४–५ कोसंबी ६ । वाणारसि ७ चंदपुरी ८, कायंदी ९ भद्दिलपुरं १० च ॥ ९३ सीहपुर ११ चंप १२ कंपिल्ल १३ उज्झ १४, रयणपुर १५ ति गयपुर १८ मिहिला १९ । रायगिह २० मिहिल २१ सोरियपुर २२ वाणारसिअ २३ कुंडपुरं २४ ॥ ९४ ॥ जन्म नगर्यः ॥२८॥

छाया—इक्ष्वाकुभूमिरयोध्या, श्रावस्तीद्वयोरयोध्या कौशाम्बी । वाराणसी चन्द्रपुरी, काकन्दी भद्दिलपुरञ्च ॥९३॥ सिंहपुरं चम्पा काम्पिल्या–ऽयोध्या रत्नपुरं–इति गजपुरं मिथिला । राजगृहं मिथिला सौर्यपुरं, वाणारसी च कुण्डपुरम् ॥ ९४ ॥

ભાવાર્થ—પ્રથમ શ્રીઋષભદેવની જન્મભૂમી ઇક્ષ્વાકુભુમિ–(૧) અયોધ્યા નગરી (૨) શ્રાવસ્તી (૩) અયોધ્યા (૪)

(૫) કૌશાંબી (૬) વાણારસી (૭) ચંદ્રપુરી (૮) કાકંદી (૯) ભદ્દિલપુર (૧૦) સિંહપુર (૧૧) ચંપા (૧૨) કાંપિલ્ય નગર (૧૩) અયોધ્યા (૧૪) રત્નપુર (૧૫) ગજપુર (હસ્તિનાપુર) (-૧૬-૧૭-૧૮) મિથિલા (૧૯) રાજગૃહ (૨૦) મિથિલા (૨૧) સૌર્યપુર (૨૨) વાણારસી (૨૩) ક્ષત્રિયકુંડપુર નામે નગર છે-આ પ્રમાણે ચોવીશ તીર્થંકરોની જન્મ નગરીઓ કહી અઠ્ઠાવીશમું સ્થાન સંપૂર્ણ.

### હવે તેમની માતાઓનાં નામ કહે છે.

मूलम्—मरुदेवी १ विजयदेवी २, सेणा ३ सिद्धत्थ ४ मंगल ५ सुसीमा ६ । पुहवी ७ लक्खण ८ रामा ९, नंदा १० विण्हू ११ जया १२ सामा १३ ॥ ९५ ॥ सुजसा १४ सुव्वय १५ अइरा १६, सिरि १७ देवि १८ पभावई य १९ पउमवई २० । वप्पा २१ सिवा य २२ वामा २३ तिसलादेवी अ २४ जिणमाया ॥९६॥ इति जिनजनन्यः ॥ २९ ॥

छाया—मरुदेवी विजयदेवी, सेना सिद्धार्था मङ्गला सुसीमा ।
पृथ्वी लक्ष्मणा रामा, नन्दा विष्णुर्जयाश्यामा ॥ ९५ ॥
सुयशाः सुव्रताऽचिरा, श्रीदेवी प्रभावती च पद्मावती ।
वप्रा शिवा च वामा, त्रिशलादेवी च जिनमातरः ॥९६॥

ભાવાર્થ—પ્રથમ જીનેંદ્રની માતા મરૂદેવી (૧) વિજય-દેવી (૨) સેના (૩) સિદ્ધાર્થા (૪) મંગલા (૫) સુસીમા (૬) પૃથ્વી માતા (૭) લક્ષ્મણાદેવી (૮) રામાદેવી (૯) નંદાદેવી

(૧૦) વિષ્ણુદેવી (૧૧) જયા (૧૨) શ્યામાદેવી (૧૩) સુયશાદેવી (૧૪) સુવ્રતાદેવી (૧૫) અચિરાદેવી (૧૬) શ્રીદેવી (૧૭) દેવીમાતા (૧૮) પ્રભાવતી (૧૯) પદ્માવતી (૨૦) વપ્રાદેવી (૨૧) શિવા (૨૨) વામા (૨૩) ત્રિશલાદેવી (૨૪) સર્વ તીર્થંકારોની માતાઓનાં નામ કહ્યાં. ૨૯ મું પ્રકરણ સંપૂર્ણ.

## હવે તીર્થંકરોના પિતાનાં નામ કહે છે.

मूलम्–नाही १ जियसत्तु २ जियारि ३, संवरो ४ मेह ५ धर ६ पइट्ठनिवो ७ । महसेण ८ सुगिव ९ दढरह १०, विण्हू ११ वसुपुज्ज १२ कयवम्मो १३ ॥ ९७ ॥ सिहसेण १४ भाणु १५ विससेण १६ सूर १७ सुदरिसण १७ कुंभय १९ सुमित्तो २० । विजओ २१ समुद्दविजया २२ ऽससेण २३ सिद्धत्थ २४ जिणपिअरो ॥९८॥ जिनजनकाः

छाया–नाभिर्जितशत्रुर्जितारिः, संवरोमेघोधरः प्रतिष्ठनृपः ।
महसेनः सुग्रीवोदृढरथो–विष्णुवसुपूज्यः कृतवर्मा ॥९७॥
सिंहसेनोभानुर्विश्वसेनः सूरः सुदर्शनः कुम्भः सुमित्रः ।
विजयः समुद्रविजयो–ऽश्वसेनः सिद्धार्थो जिनपितरः ॥९८॥

ભાવાર્થ—પ્રથમ શ્રી ઋષભદેવના પિતા નાભિરાજા (૧) બીજા શ્રી અજીતનાથના પિતા જીતશત્રુ, (૨) ત્રીજા શ્રી સંભવનાથના પિતા જિતારિ રાજા ( ૩ ) ચોથા શ્રીઅભિનંદનના પિતા સંવર રાજા (૪) પાંચમા શ્રી સુમતિનાથના પિતા મેઘરાજા (૫) છઠ્ઠા શ્રી પદ્મપ્રભના પિતા શ્રીધરરાજા (૬) સાતમા સુપાર્શ્વનાથના પિતા પ્રતિષ્ઠ રાજા (૭) આઠમા

ચંદ્રપ્રભના પિતા મહસેન (૮) નવમા સુવિધિનાથના પિતા સુગ્રીવ (૯) દશમા શીતલનાથના પિતા દૃઢરથ (૧૦) અગીયારમા શ્રેયાંસનાથના પિતા વિષ્ણુરાજા (૧૧) બારમા શ્રીવાસુપૂજ્યના પિતા વસુપૂજ્ય (૧૩) તેરમા વિમલનાથના પિતા કૃતવર્મા (૧૩) ચૌદમા અનંતનાથના પિતા સિંહસેન ( ૧૪ ) પંદરમા ધર્મનાથના પિતા ભાનુરાજા (૧૫) સોળમા શાંતિનાથના પિતા વિશ્વસેન રાજા (૧૬) સત્તરમા કુંથુનાથના પિતા સૂર રાજા (૧૭) અંઢારમા અરનાથના પિતા સુદર્શન રાજા (૧૮) ઓગણીસમા મલ્લિનાથના પિતા કુંભરાજા (૧૯) વિશમા શ્રી મુનિસુવ્રતસ્વામિના પિતા સુમિત્ર રાજા ( ૨૦ ) એકવિશમા નમિનાથના પિતા વિજયરાજા (૨૧) બાવિશમા શ્રી નેમિનાથના પિતા સમુદ્રવિજય (૨૨) તેવીશમા શ્રી પાર્શ્વનાથના પિતા અશ્વસેન રાજા (૨૩) ચોવિશમા શ્રી મહાવીરસ્વામીના પિતા સિદ્ધાર્થરાજા ( ૨૪ ) આ સર્વ જીનેંદ્ર ભગવાનના પિતાઓ કહ્યા. (૩૦)

## હવે તીર્થંકરોની માતાઓ અને તેમના પિતાઓની ગતિ કહે છે.

मूलम्–अट्ठ जणणीउ सिद्धा, नाही १ नागेसु सत्त ईसाणे।
अट्ठ य सणंकुमारे, माहिंदे अट्ठ पिअरो य ॥९९॥
वीरस्स पढमपिअरो, देवाणंदा अ उसभदत्तोअ ।
सिद्धापच्छिमपिअरो, पुणपत्ता अच्चुए वावि ॥१००॥

छाथा–अष्टजनन्य:सिद्धा–नाभिर्नागेषु सप्त ईशाने ।
अष्ट च सनत्कुमारे, माहेन्द्रेऽष्टपितरश्च ॥

वीरस्य प्रथम पितरौ, देवानन्दाचर्षभदत्तश्च ।
सिद्धौ पश्चिमपितरौ, पुनः प्राप्तावच्युते वाऽपि ॥१००॥

ભાવાર્થ—શ્રી રૂષભ આદિ આઠ જીનેંદ્રની માતાઓ મોક્ષ સ્થાનમાં ગઈ, તેમજ રૂષભદેવના પિતા નાભિરાજા નાગકુમારોમાં ગયા અને અજીતનાથ આદિ સાત જીનેશ્વરના પિતાઓ ઈશાન દેવલોકમાં ગયા. સુવિધિનાથ આદિ આઠ જીનેંદ્રોનાં માતાપિતા સનત્કુમાર દેવલોકમાં ગયા અને શ્રી કુંથુનાથ આદિ આઠ જીનેંદ્રોનાં માતા પિતા માહેંદ્ર દેવલોકમાં ગયા વળી પ્રથમ શ્રી મહાવીર સ્વામીનાં પ્રથમ માતાપિતા (દેવનંદા બ્રાહ્મણી અને રૂષભદત્તવિપ્ર) મોક્ષે ગયાં. પશ્ચિમ—છેલ્લા માતા પિતા (ત્રિશલાદેવી અને સિદ્ધાર્થરાજા) બારમાદેવલોકમાં ગયા, કોઇક શાસ્ત્રમાં ચોથા દેવલોકમાં ગયાં એમ પણ કહ્યું છે અને કોઇક શાસ્ત્રમાં બારમા દેવલોકમાં ગયા એવાવિકલ્પ છે. આ પ્રમાણે માતાપિતાઓની ગતિ કહી. (૩૧)

હવે છપ્પન દિક્કુમારીઓનાં સ્થાન કહે છે.

मूलम्—मेरुअह १उड्ढलोया २, चउदिसिरुअगाउ ५ अठ्ठ पत्ते अं । चउ विदिसि ७ मज्झरुयगा ८, इइंति छप्पन्नदिसि कुमरी ॥ १०१ ॥

छाया—मेरोरधऊर्ध्वलोका–चतस्रोदिग्रुचकादष्टप्रत्येकम् ।
चतस्रोविदिङ्मध्यरुचका–दागच्छन्तिषट्पञ्चाशद्दिक्कुमार्यः ॥ १०१ ॥

ભાવાર્થ—મેરૂ પર્વતની નીચે રહેલા ચાર ગજદંત નામે પર્વતો છે, તેમની નીચે આઠ દિક્કુમારીઓનાં ભૂવન-

સ્થાન છે. આ વાત અહીં સામાન્યપણે જણાવી છે વિશેષથી તો સંપ્રદાય ગમ્ય છે, અને મેરૂગિરીની ઉપર નંદન વનમાં આઠ કૂટ-ગિરી શિખરો છે, તેમની ઉપર આઠદિક્ કુમારીઓનાં ભવન છે, રૂચકદ્વીપની ચારે દિશાઓમાં ચારરૂચક ગિરિ છે, તેમની ચારે દિશામાં દિક્કુમારીઓનાં આઠ આઠ ભવન છે. એકંદર મળી અડતાળીશ (૪૮) દિક્કુમારીઓ થઈ. તેમજ ચાર દિક્કુમારીઓ રૂચક ગિરિના મધ્ય ભાગમાંથી આવે છે. એમ એકંદર છપ્પન્ન દિક્કુમારીઓ પ્રભુના જન્મ મહોત્સવમાં આવે છે. આ પ્રમાણે દિક્કુમારી સ્થાનક તેત્રીશમું સંપૂર્ણ-

હવે દિક્કુમારીઓનાં કાર્ય જણાવે છે.

मूलम्—संवट्ट १ मेह २ आयंसगा य ३, भिङ्गार ४ तालियंटा य ५। चामर ६। जोई ७ रक्खं ८, करेंति एअं कुमारीओ ॥ १०२ ॥

छाया—संवर्त्तमेघादर्शकांश्च, भृङ्गारं तालवृन्तञ्च ।
चामरं ज्योती रक्षां, कुर्वन्त्येतानि कुमार्यः ॥२॥१०२॥

ભાવાર્થ—પૂર્વોક્ત સ્થાનોમાંથી જીનવરના સૂતિકાગ્રહમાં આવીને આઠદિક્કુમારીઓ સંવર્ત્તનામે વાયુને વિકુર્વે છે, તેમજ આઠદિક્કુમારીઓ મેઘ વરસાવે છે, આઠદિક્કુમારીઓ ભૃંગાર-કળશ ધારણ કરી પ્રભુ સન્મુખ ઉભી રહે છે. આઠ વીંજણા ધારણ કરી ઉભી રહે છે અને આઠદિક્કુમારીઓ ચામર ધારણ કરી ઉભી રહે છે, ચાર દિક્કુમારીઓ હાથમાં દીપ-દીવા ધારણ કરે છે અને ચાર દિક્કુમારીઓ રક્ષાપોટલી પ્રભુના હાથે બાંધવા માટે તૈયાર કરે છે. આ પ્રમાણે છપ્પન્ન

દિક્કુમારીઓ જિનેંદ્રોના જન્મ સમયે સૂતિકા કાર્ય કરે છે. દિક્કુમારીઓના કાર્યરૂપ ચોત્રીશમું સ્થાનક સંપૂર્ણ–૧૦૨॥

હવે ઇંદ્રોની સંખ્યા કહે છે,

मूलम्—भुवणिंद वीस २० वंतरपहू दुतीसं च ३२ चंदसूरा दो२। कप्पसुरिंदा दस १०इअ, हरिचउसट्ठिंति जिणजम्मे॥१०३॥

छाया–भुवनेन्द्राविंशतिर्व्यन्तर–द्वात्रिंशच्च चन्द्रसूर्यौ द्वौ।
कल्पसुरेन्द्रादशेति, हरयश्चतुःषष्टिर्यन्ति जिनजन्मनि ॥१०३

ભાવાર્થ—ભવનપતિ દેવોના વીશ ઇંદ્ર, વ્યંતરનિકાયના બત્રીશ ઇંદ્ર, બે ચંદ્ર અને સૂર્ય તેમજ બાર દેવલોકના દશ ઇંદ્ર એમ એકંદર ચોસઠ ઇંદ્રો જીનેંદ્રોના જન્મ સમયમાં આવે છે. ॥૧૦૩॥

હવે ચોસઠ ઇંદ્રોનાં કાર્ય જણાવે છે.

मूलम्—पडिरूवपंचरूवं, कढवणण्हाणंगरागपूयाई।
वत्थाहरणअमयरस,–अट्ठाहियमाइ हरिकिच्चं ॥१०४॥

छाया–प्रतिरूप पञ्चरूपाऽ–ङ्कस्थापनाङ्गरागपूजादि।
वस्त्राभरणाऽमृतरसाष्टाहिकमादि हरिकृत्यम् ॥१०४॥

ભાવાર્થ—પ્રથમ સાધર્મેંદ્ર જીનેંદ્રના સૂતિકાગૃહમાં આવી નમસ્કાપૂર્વક પ્રભુની આજ્ઞા લઇ પ્રભુનું પ્રતિબિંબ માતાની પાસે સ્થાપન કરી પ્રભુને મેરૂ ચુલા ઉપર લઇ જાય છે. અને માતાને જણાવે છે કે અમારો આ કલ્પ–આ ચાર છે કે જીનેશ્વરનો જન્મમહોત્સવ કરવો તે માટે તેમની માતાને અવસ્વાપિની નિદ્રા આપીને ત્યાંથી લઇ જાય છે. સૌધર્મેંદ્ર પોતાનાં પાંચ સ્વરૂપ બનાવે છે, તેમાં એકરૂપથી

પ્રભુને પોતે ગ્રહણ કરે છે, બે સ્વરૂપ વડે પ્રભુના બંને પાર્શ્વભાગમાં ચામર ઢોળે છે, એક સ્વરૂપ વડે પ્રભુની આગળ વજ્રધારણ કરે છે અને એક સ્વરૂપ વડે પ્રભુની પાછળ રહી તેમની ઉપર છત્ર ધારે છે. અને મેરૂ પર પ્રભુને લાવીને પોતાના ખોળામાં સ્થાપન કરે છે. પછી આઠ હજાર અને ચોસઠ કલશો વડે સર્વ ઈન્દ્રો મળી પ્રભુને સ્નાન કરાવે છે. ત્યારબાદ અંગ લુશીને ગોશીર્ષચંદન વડે પ્રભુના અંગે વિલેપન તથા પૂજા વિગેરે કાર્ય કરે છે. પછી ઉત્તમ પ્રકારનાં વસ્ત્ર તથા આભૂષણો પ્રભુને પહેરાવે છે. ત્યારબાદ ત્યાંથી પ્રભુને ઉપાડીને માતાની પાસે ભકિતથી મુકી પ્રભુના અંગુઠામાં અમૃતરસ સ્થાપન કરે છે, પછી બત્રીશ કરોડ સુવર્ણવૃષ્ટિ કર્યા બાદ અભય કરનારી આઘોષણા કરે છે· ત્યારબાદ ત્યાંથી ચોસઠ ઈંદ્રો નંદીશ્વરમાં જઇને અષ્ટાહ્નિક મહોત્સવ કરી પોતાના સ્થાનમાં જાય છે. એ આદિકસર્વ ઈંદ્ર કાર્યજાણવું. ।।૩૬।।

### હવે જીનેંદ્રનાં ગોત્ર તથા વંશ કહે છે.

मूलम्—गोयमगुत्ता हरिवंस-संभवा नेमिसुव्वया दो वि ।
कासवगोत्ता इक्खा-गुवंसजा सेस बावीसं ॥१०९॥

छाया—गौतमगोत्रौ हरिवंश-संभवौ नेमिसुव्रतौद्वावपि ।
काश्यपगोत्रा ईक्ष्वाकुवंशजाःशेषाद्वाविंशतिः ॥ १०९ ॥

ભાવાર્થ- શ્રીનેમિનાથ અને મુનિ સુવ્રતસ્વામી એ બંનેનું ગૌતમગોત્ર છે, તેમજ તે બન્ને હરિવંશમાં ઉત્પન્ન થયા છે. બાકીના બાવીશજીનવરોનું કાશ્યપ ગોત્ર છે અને ઈક્ષ્વાકુ વંશમાં જન્મ્યા છે આ પ્રમાણે જીનોનાં ગોત્ર તથા જીનેશ્વરોનો વંશ કહ્યો છે. ।। ૩૭ ।। ૩૮ ।।

## હવે જીનેંદ્રોનાં નામ કહે છે.

मूलम्—उसहो १ अजिओ २ संभव ३, अभिनंदण ४ सुमइ ५ सुप्पह ६ सुपासो ७ ! चंदप्पह ८ सुविहि ९ सीयल १०, सिज्जंसो ११ वासुपुज्जो अ १२.॥ १०६ ॥ विमल १३ मणंतइ १४ धम्मो १५, संती १६ कुंथू १६ अरो अ १८ मल्ली अ १९। मुणिसुव्वय २० नमि २१ नेमी २२, पासो २३ वीरो २४ अ जिणनाम ॥ १०७ ॥

छाया—ऋषभोऽजितःसंभवो,-ऽभिनन्दनःसुमतिःसुप्रभः[पद्मप्रभ] सुपार्श्वः। चन्द्रप्रभः सुविधिः शीतलः, श्रेयांसो वासुपूज्यश्च ॥१०६॥विमलोऽनन्तजिद्धर्मः, शान्तिःकुन्थुररश्च मल्लिश्च। मुनिसुव्रतोनमिनेमो, पार्श्वोवीरोजिननामानि ॥१०७॥

ભાવાર્થ—પ્રથમ જીનેંદ્ર નામ શ્રી ઋષભદેવ ( ૧ ) બીજા શ્રીઅજીતનાથ ભગવાન્ ( ૨ ) ત્રીજા શ્રી સંભવનાથ ( ૩ ) ચોથા શ્રી અભિનંદન ( ૪ ) પાંચમા શ્રી સુમતિનાથ ( ૫ ) છઠ્ઠા શ્રી સુપ્રભ–પદ્મપ્રભ ( ૬ ) સાતમા શ્રીસુપાર્શ્વ-નાથ ( ૭ ) આઠમા શ્રી ચંદ્રપ્રભસ્વામી ( ૮ ) નવમા શ્રી સુવિધિનાથ ( ૯ ) દશમા શ્રી શીતલનાથ ભગવાન્ ( ૧૦ ) અગીયારમા શ્રી શ્રેયાંસનાથ ( ૧૧ ) બારમા શ્રી વાસુપૂજ્ય સ્વામી ( ૧૨ ) તેરમા શ્રી વિમલનાથ ( ૧૩ ) ચૌદમા શ્રી અનંતજીત્–અનંતનાથ ભગવાન્ ( ૧૪ ) પંદરમા શ્રીધર્મ-નાથ સ્વામી ( ૧૫ ) સોળમા શ્રી શાંતિનાથ ( ૧૬ ) સત્તરમા શ્રી કુંથુનાથ સ્વામી ( .૭ ) અઢારમા શ્રી અરનાથસ્વામી

(૧૮) ઓગણીશમા શ્રી મલ્લિનાથસ્વામી (૧૯) વિશમા શ્રી મુનિસુવ્રતસ્વામી (૨૦) એકવિશમા શ્રી નમિનાથ(૨૧) બાવિશમા શ્રી નેમિનાથ-અરિષ્ટનેમિ (૨૨) ત્રેવીશમા શ્રી પાર્શ્વનાથ ભગવાન્ (૨૩) ચોવીશમા શ્રીમહાવીરસ્વામી (૨૪) આ પ્રમાણે ચોવીશતિર્થંકરોનાં નામ જાણવાં. જીનનામ સ્તવનરૂપ ઓગણચાલીશમું સ્થાન સંપૂર્ણ.

## હવે શ્રીજીનવરોના નામના સામાન્ય તથા વિશેષ અર્થ કહે છે.

मुलम्—वयधुरवहणा उसहो, उसहाइमसुविणलंछणाओ अ १ । रागाइ अजिअ अजिओ, न जिया अक्खेसु पिउणंवा ॥ १०८ ॥

छाया—व्रतधुरवहनादृषभ–ऋषभादिम स्वप्नलाञ्छनाच्च । रागाद्यजितोऽजितो–नजिताऽक्षेषु पित्राऽम्बा ॥१०९॥

ભાવાર્થ—વૃષભ-બળદ જેમ ગાડાના ધુંસરાને વહન કરે છે તેમ શ્રી આદિનાથ-પ્રથમ તીર્થંકર પાંચમહાવ્રતરૂપ ધુર-ધુંસરાને વહન કરવાથી તેમનું નામ વૃષભ-ઋષભદેવ રાખવામાં આવ્યું છે. આ ઉપરથી શંકા થાય કે સર્વ તીર્થંકરો વ્રતરૂપ ધુરાને વહન કરે છે. માટે ઋષભનામ સર્વ તીર્થંકરોને સામાન્ય ભાવે પ્રાપ્ત થાય છે. તે શંકાને દૂર કરવા વિશેષ અર્થ એ છે કે-પ્રથમ તીર્થંકરની માતાએ ગર્ભસ્થિતિ સમયમાં પ્રથમ સ્વપ્ન વૃષભનું જોયું તેમજ પ્રભુના ચરણમાં વૃષભનું લાંછન-ચિન્હ હોવાથી પ્રથમ તીર્થંકરનુંજ ઋષભદેવ નામ પ્રસિદ્ધ છે, (૧) રાગદ્વેષાદિ શત્રુઓ

ને સર્વથા જીત્યા છે તેથી બીજા તીર્થંકરનું નામ અજીત છે, " સર્વે તીર્થંકરો રાગાદિથી જીતાયા નથી તો સર્વ તીર્થંકરો અજીત કેમ ન કહેવાય ?" ભગવાન ગર્ભમાં આવ્યા પછી અક્ષક્રીડા ( પાશકક્રીડા )માં તેમના પિતા-જીતશત્રુ રાજા પ્રભુની માતા-વિજયાદેવીને જીતી શકયા નથી તેથી બીજા જીનેંદ્રનું જ નામ અજીતનાથ જાણવું. ( ૨ ) ૧૦૮ ॥

मूलम्--सुहअइसयसंभवओ, तइओ भुवि पउरसस्स संभवओ ३ । अभिनंदिज्जइ तुरिओ, हरीहिँ हरिणा सया गब्मे ॥ १०९ ॥

छाया--शुभाऽतिशयसंभव- स्तृतीयोभुविप्रचुरसस्यसंभवतः । अभिनन्द्यते तुरीयो-हरिभिर्हरिणा सदा गर्भे ॥१०९॥

ભાવાર્થ—શુભ અતિશયવાળા હોવાથી ત્રીજા તીર્થંકરનું નામ શ્રી સંભવનાથ, દરેક તિર્થંકરો શુભ અતિશયયુક્ત હોય છે, તો ત્રીજા જીનવરનું જ નામ શાથી કહેવાય ? સમાધાનમાં એટલું જ કે ત્રીજા જીનેન્દ્ર માતાના ગર્ભવાસમાં આવ્યા ત્યારથી પૃથ્વી ઉપર ઘણા ધન-ધાન્યનો સંભવ થયો માટે ત્રીજાનું નામ જન્મથી સંભવનાથ છે. (૩)તેમજ સર્વ ઈંદ્રો વડે વિનય પૂર્વક સ્તુતિ કરાયા તેથી ચોથા તીર્થંકરનું નામ શ્રીઅભિનંદન, શંકા એ છે કે-દરેક તીર્થંકરોને સર્વ ઈંદ્રો નમસ્કારપૂર્વક સ્તવે છે, તો અભિનંદન, એ નામ વિશેષ કહેવાય નહીં, સમાધાનમાં ભગવાન્ ગર્ભમાં આવ્યા છતાં હંમેશાં ઈંદ્ર તેમની સ્તુતિ કરે છે, માટે ચોથા તીર્થંકરનું વિશેષ નામ અભિનંદન જાણવું-(૪) ૧૦૯ ॥

मूलम्—सयमवि सुहमइभावा, अंबाइविवायभंगओ सुमई ५
अमलत्ता पउमपहो, पउमपहाअंकसिज्ज डोहलओ६ ॥११०
छाया—स्वयमपि सुमतेर्भावा-दम्बा या विवादभङ्गतःसुमतिः ।
अमलत्त्वात्पद्मप्रभः, पद्मप्रभाऽङ्कशय्या दोहदतः ॥११०॥

ભાવાર્થ—પોતાની મેળે પણ શુભમતિ-બુદ્ધિનો સદ્‌ભાવ હોવાથી સામાન્ય ભાવે સુમતિનાથ નામ જાણવું અને વિશેષથી પોતાની માતા સંબંધી વિવાદનો ભંગ-કરવાને લીધે પાંચમા તીર્થંકરનું નામ સુમતિનાથ જાણવું (૫) પદ્મની પેઠે નિર્મલ હોવાથી છઠ્ઠા જીનવરનું નામ પદ્મપ્રભ જાણવું વિશેષથી પ્રભુના શરીરની કાંતિ પદ્મ સમાન લાલ હોવાથી: પદ્મનું લંછન હોવાથી અને જીનવર ગર્ભમાં આવ્યા ત્યારે તેમની માતાને પદ્મની શય્યાનો દોહલો થવાથી તેમજ તે દોહલો ઈંદ્રે પૂર્ણ કરવાથી છઠ્ઠા તીર્થંકરનું નામ પદ્મપ્રભ જાણવું.

मूलम्—सुहपासो अ सुपासो, गब्भे माऊइ तणुसुपासत्ता ७।
सिअलेसो चंदपहो, ससिपहझयपाणडोहलओ८ ॥१११
छाया—शुभपार्श्वश्चसुपार्श्वो-गर्भमातुस्तनोः सुपार्श्वत्वात् ।७।
सितलेश्यश्चन्द्रप्रभः, शशिप्रभध्वजपानदोहदतः८ ॥१११

ભાવાર્થ—સુંદર પાર્શ્વ-એટલે ઉત્તમ પ્રકારનાં પડખાં હોવાથી સુપાર્શ્વ પ્રભુનામ જાણવું વિશેષપણે પ્રભુ માતાના ગર્ભમાં આવે છતે માતાના પાર્શ્વ ભાગના અવયવ બહુ સુશોભિત થવાથી સાતમા તીર્થંકરનું નામ સુપાર્શ્વનાથ જાણવું (૭) સિતલેશ્યાવાળા હોવાથી ચંદ્રપ્રભ છે. અને

વિશેષથી ચંદ્રના સરખી શરીરની કાંતિ હોવાથી ચંદ્રનું લાંછન હોવાથી અને માતાને ચંદ્રપાન કરવાનો દોહલો થવાથી આઠમા જીનેંદ્રનું નામ ચંદ્રપ્રભ જાણવું (૮)॥ ૧૧૧ ॥

मूलम्—सुहकिरिआए सुविहो, सयं पि जणणी वि गब्भकालम्मि ।९। जयतावहरो सियलो, अंबा करफाससमि अपिउदाहो ॥ ११२ ॥

छाया—शुभक्रियया सुविधिः, स्वयमपि जनन्यपि गर्भकाले । जगत्तापहरःशीतलो–ऽम्बाकरस्पर्शशमितपितृदाहः । ११२

ભાવાર્થ—પ્રભુ પોતેપણ શુભક્રિયા કરે છે માટે તેમનું નામ સામાન્ય પણે સુવિધિનાથ જાણવું, તેમજ ગર્ભ સમયે તેમની માતા પણ શુભ ક્રિયા કરવામાં વિશેષભાવ વાળી થઇ તેથીજ નવમાતીર્થંકરનું નામ વિશષપણે સુવિધિનાથ જાણવું ॥ ૯ ॥ તેમજ જગતના સર્વ જીવોનો ત્રિવિધતાપ આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ સર્વ તાપને દૂર કરવાથી શ્રીશીતળનાથ નામ થયું અને ગર્ભ સમયે પોતાની માતા–નંદાના હસ્તના સ્પર્શથી પિતાનો દાહજવર શાંત થયો તેથી દશમા જીનવરનું નામ વિશેષ પણે શીતલનાથ જાણવું ॥ ૧૦ ॥ ॥ ૧૧૨ ॥

मूलम्—सेयकरो सिज्जंसो, जणणीए देविसिज्जअक्कमणा ।११। सुरहरिवसूहिँ पुज्जो, पिउसमनामेण वसुपुज्जो १२

छाया—श्रेयस्करः श्रेयांसो–जनन्या देवीशय्याऽऽक्रमणात् ११। सुरहरिवसुभिःपूज्यः, पितृसमनाम्ना वासुपूज्यः १२॥११३

ભાવાર્થ—જગત્ જનોનું કલ્યાણ કરવાથી શ્રેયાંસ નામ થયું અને તેમની માતાએ ગર્ભના પ્રભાવથો દેવીએ અધિષ્ઠિત શય્યાનું આક્રમણ કર્યું વળી તે સર્વને કલ્યાણ કારી સુખકારી થયું તે ઉપરથી વિશેષ શ્રીશ્રેયાંસ નામ જાણવું (૧૧) સુર દેવ હરી ઇંદ્ર અને વસુ નામના દેવ વિશેષ એ સર્વેને પૂજ્ય હોવાથી વાસુપૂજ્ય નામ જાણવું તેમજ તેમના પિતા વસુપૂજયના સમાન નામ ઉપરથી વિશેષ નામ વાસુપૂજ્ય જાણવું (૧૨) ॥ ૧૧૩ ॥

मूलम्—विमलो दुहा गयमलो, गब्भे मायावि विमलबुद्धितणू
१३ । नाणाइअणंतत्ता, णंतो णंतमणिदामसुमिणाओ
१४ ॥ ११४ ॥ [गीतिः]

छाया—विमलो द्विधा गतमलो—गर्भेमाताऽपिविमलबुद्धितनुः ।
ज्ञानाद्यानन्त्यत्वा—दनन्तोऽनन्तमणिदामस्वप्नतः ॥११४॥

ભાવાર્થ—બાહ્ય-શરીર સંબંધી અને આભ્યંતર એટલે મનસંબંધી કામ ક્રોધાદિક સર્વ મળનો વિશેષ પ્રકારે નાશ થવાથી સામાન્ય નામ વિમલનાથ જાણવું. અને ભગવાન્ પોતે ગર્ભસ્થાનમાં આવ્યા તે સમયે માતાની બુદ્ધિ અને શરીર બંને નિર્મલ થવાથી વિશેષ પણે વિમલ-નાથ અભિધાન જાણવું. (૧૩) જ્ઞાન, દર્શન અને ચારિત્રના અનંતપણાને લીધે પ્રભુનું નામ શ્રી અનંતનાથ જાણવું. વિશેષ પણે ગર્ભ સમયે પોતાની માતાએ અનંત-એટલે મ્હોટા પ્રમાણવાળી મણિ-રત્નોની માળા સ્વપ્નમાં જોઇ. તેથી તેમનું નામ અનંતનાથ રાખવામાં આવ્યું છે. (૧૪) ॥ ૧૧૪॥

मूलम्—धम्मसहावा धम्मो, गब्भे मायावि धम्मिआ अहिअं
।१५। संति करणाउ संती, देसे असिवो समकरणा।१६।

छाया—धर्मस्वभावाद्धर्मो—गर्भे माताऽपि धार्मिकाऽधिकम्।१६।
शान्तिकरणाच्छान्ति—र्देशेऽशिवोपशमकरणात् (१६)॥११५॥

ભાવાર્થ—સામાન્યથી જીવનરનો ધાર્મિક સ્વભાવ હોવાથી ધર્મનાથ નામ જાણવું અને વિશેષપણાથી જીનેંદ્ર ભગવાન્ ગર્ભમાં આવે છતે તેમની માતા ધર્મકાર્યમાં અધિકાધિક પ્રીતિવાળાં થયાં માટે તેનું નામ શ્રી ધર્મનાથ જાણવું. [૧૫] વળી સોળમા તીર્થંકરનું નામ સર્વત્ર શાંતિ એટલે સર્વ ઉપદ્રવ દૂર કરવાથી શ્રી શાંતિનાથ જાણવું. તેમજ ગર્ભ સમયે દેશની અંદર મારો—મહામારી વિગેરે દરેકવિઘ્નો દૂર થવાથી વિશેષપણે સોળમા તીર્થંકરનું નામ શ્રી શાંતિનાથ જાણવું. (૧૬) ૧૧૫ ॥

मूलम्—कुंथु त्ति महीइ ठिओ, भूमोठिअरयणथूभसुविणाओ
।१७। वंसाइवुड्ढिकरणा, अरो महारयणअरसुविणा।१८।

छाया—कुन्थुरितिमह्यां स्थितो—भूमिस्थितरत्नस्तूपस्वप्नात् ।
वंशादिवृद्धिकरणा—दरो महारत्नाकरस्वप्नात् ॥११६॥

ભાવાર્થ—કુંથુ એટલે પૃથ્વી ઉપર સદ્ધર્મ વિસ્તારવા માટે સ્થિતિ કરતા હોવાથી કુંથુનાથ એ નામ સામાન્યપણે જાણવું અને વિશેષપણે ગર્ભ સમયે તેમની માતાને પૃથ્વી પર રહેલા રત્ન સ્તૂપ (ચૈત્ય)નું સ્વપ્ન આવવાથી શ્રી કુંથુનાથ

નામ જાણવું. (૧૭) તેમજ-વંશ અને સમૃદ્ધિ વિગેરેની વિશેષ વૃદ્ધિ કરવાથી અઢારમા પ્રભુનું નામ અરનાથ જાણવું અને વિશેષપણે પ્રભુ ગર્ભમાં આવ્યા તે સમયે તેમની માતાએ સ્વપ્નમાં મહારત્નાકર જોયો તેથી શ્રી અરનાથ નામ જાણવું (૧૮) ॥ ૧૧૬ ॥

मूलम्—मोहाईमल्लजया, मल्ली वरमल्लसिज्जडोहलओ १९
मुणिसुव्वओ जहत्था-भिहो तहंबावि तारिसागब्भे २०
॥ ११७ ॥

छाया—मोहादिमल्लजया-न्मल्लिर्वरमाल्यशय्यादोहदतः ।
मुनिसुव्रतोयथार्थोऽभिध-स्तथाम्बाऽपि तादृशागर्भे ॥११७

ભાવાર્થ—મોહાદિક મલ્લોને જીતવાથી મલ્લિનાથ નામ જાણવું અને વિશેષથી મલ્લિજીનવર માતાના ગર્ભમાં આવ્યા તે સમયે તેમની માતાને ઉત્તમ પ્રકારનાં માલતીનાં પુષ્પોની શય્યાનો દોહલો-મનોરથ પ્રગટ થવાથી ઓગણીશમા જીનેંદ્રનું નામ શ્રી મલ્લિનાથ જાણવું. (૧૯) મુનિ સંબંધી ઉત્તમ પ્રકારનાં વ્રત ધારણ કરવાથી મુનિસુવ્રત એ નામ યથાર્થ-એટલે સાર્થક નામ થયું અને વિશેષથી જ્યારે જીનવર ગર્ભમાં આવ્યા ત્યારે તેમની માતા પણ તેવા પ્રકારનાં ઉત્તમ વ્રતોમાં રૂચિવાળાં થયાં તેથી વીશમા જીનવરનું નામ શ્રી મુનિસુવ્રત જાણવું. (૨૦) ॥ ૧૧૭ ॥

मूलम्—रागाइनामणेणं, गब्भे पुररोहिनामणाउ नमी २१ ।
दुरिअतरुचक्कनेमी, रिट्ठमणी नेमिसुविणाओ॥२२॥११८॥

छाया—रागादिनामनेन, गर्भे पुररोधिनामनान्नमिः।
दुरिततरुचक्रनेमी-रिष्टमणिर्नेमिस्वप्नतः २२ ॥ ११८ ॥

ભાવાર્થ—રાગદ્વેષ રૂપ શત્રુઓને નમાવવાથી [ વશ કરવાથી ] નમિ નામ જાણવું, વિશેષપણે પ્રભુ ગર્ભાશયમાં આવ્યા ત્યારે નગરનો રોધ કરનાર ( રોકનાર) શત્રુભૂત અન્ય રાજાઓ પ્રભુની માતાને કિલ્લા ઉપર ફરતાં જોઈ ભયપામીને નાશી ગયા તેથી એકવિશમા તીર્થંકરનું નામ નમિનાથ જાણવું, તેમજ ભવાંતરમાં પરિભ્રમણ કરાવનાર પાપરૂપ વૃક્ષોનો નાશ કરવામાં ચક્રધારાસમાન હોવાથી નેમિનાથ એ નામ સામાન્યથી જાણવું અને વિશેષથી ભગવાન્ ગર્ભમાં આવ્યા ત્યારે શિવાદેવી માતાએ સ્વપ્નમાં રિષ્ટરત્નમય નેમિ (ચક્ર ધારા) દેખવાથી સ્વપ્નાનુસારે બાવીશમા તીર્થંકર રિષ્ટનેમિ અથવા અરિષ્ટ-અમંગલનો નાશ કરવાથી અરિષ્ટનેમિનાથ જાણવું. ૨૨ ॥ ૧૧૮ ॥

मुलम्—भावाण पासणेणं, निसिजणणीसप्पपासणा पासो।
नाणाइधणकुलाईण, वद्धणो वद्धमाणो य २४ ॥ ११९ ॥
छाया—भावानां दर्शनेन, निशि जननी सर्पदर्शनात्पार्श्वः।
ज्ञानादि धनकुलादीनां, वर्द्धनो वर्द्धमानश्च ॥ ११९ ॥

ભાવ ર્થ-સર્વ સંસારમાં રહેલા પદાર્થોને જ્ઞાનદ્વારા પ્રત્યક્ષપણે જોવાથી શ્રી પાર્શ્વનાથ નામ જાણવું. વિશેષથી પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે રાત્રિમાં વામાદેવીએ પોતાની શય્યા પાસે જતો સર્પ જોયો તેથી તેવીશમા તીર્થંકરનુ નામ શ્રીપાર્શ્વનાથ એ નામ યથાર્થ થયું છે. તેમજ જ્ઞાન, દર્શન, ચારિત્ર,

વીર્ય, ઉપયોગ અને તપની વૃદ્ધિ કરવાથી સામાન્યથી વર્દ્ધમાન નામ જાણવું. વળી વિશેષથી ભગવાન્ ગર્ભમાં આવ્યા ત્યારથી સિદ્ધાર્થ રાજાના ઘરમાં ધન, ધાન્ય, સુવર્ણ અને કુલ વિગેરેની વૃદ્ધિ થવા લાગી. અને કેટલાક દેશોમાં જય વિજય મેળવ્યો તેથી ચોવીશમા તીર્થંકરનુ નામ શ્રી વર્ધમાન સ્વામી જાણવું (૨૪) ।। ૧૧૯ ।।

હવે "વીર" એ નામની અપેક્ષાએ સામાન્ય વિશેષ અર્થ કહે છે.

मूलम्—अहवा भावारिजया, वीरो दुट्ठसुरवामणीकरणा २४ ।
सामन्नविसेसेहिं, कमेण नामत्थदारदुगं ॥ १२० ॥

छाया—अथवा भावारिजया-द्वीरोदुष्टसुरवामनीकरणात् ।
सामान्यविशेषाभ्यां, क्रमेण नामार्थद्वारद्विकम् ॥ १२० ॥

ભાવાર્થ—અથવા ભાવારિ-ક્રોધ, માન, માયા, લોભ, કામ, રાગ અને દ્વેષ વિગેરે અંતરંગ શત્રુઓનો વિજય કરવાથી વીર નામ સામાન્ય પણે જાણવું અને બાલ્યાવસ્થામાં આમલકી ક્રીડા કરતાં દુષ્ટ દેવતાએ પ્રભુને ભય પમાડવા માટે તેમને ઉપાડીને સાતતાડ સમાન ભયંકર રૂપ કર્યું ત્યારબાદ પ્રભુએ તે દેવની દુષ્ટતા જોઇ તેને એક મુષ્ટિ મારીને તેનું વામન સ્વરૂપ કર્યું. પછી તે દેવે પ્રભુની આગળ ક્ષમા માગી, એ પ્રમાણે પ્રભુનું પરાક્રમ જોઇ ઇંદ્રે ભગવાનનું નામ મહાવીર (વીર) પાડયું તેથી તેમનું નામ વીર એ પ્રમાણે બીજું પ્રસિદ્ધથયું. સામાન્યઅર્થની અપેક્ષાએ (૪૦) દ્વાર અને વિશેષઅર્થની અપેક્ષાએ (૪૧)મું દ્વાર કહ્યું.

હવે જીનેંદ્રોનાં લાંછન કહે છે.

मूलम्—गो १ गय २ हय ३ कवि ४ कुंचा ५, रत्तपउम ६
सत्थिया ७ ससी ८ मयरो। ९ सिरिवच्छ १० खग्गि
११ महिसा १२, वराह १३ सेणा अ १४ वज्जंच १५
॥ १२१ ॥ हरिणो १६ छगलो १७ नंदा-वत्त १८,
कलस १९ कुम्भ २० नीलउप्पलया २१ । संख २२
फणीसर २३ सीहा २४, जिणोरुठिअरोमलञ्छणया॥१२२

छाया—गोगजहयकपिक्रौञ्चा-रक्तपद्मस्वस्तिकौशशीमकरः ।
श्रीवत्सखड्गिमहिषा-वराहःसेनश्चवज्रश्च ॥ १२१ ॥
हरिणः छागोनन्द्यावर्त्तः, कलशकूर्मनीलोत्पलानि ।
शंखफणीश्वरसिंहा-जिनोरुस्थितरोमलाञ्छनानि ॥१२२

ભાવાર્થ—પ્રથમ શ્રી ઋષભદેવને વૃષભનું લાંછન (૧) શ્રી અજીતનાથને હસ્તી-હાથી (૨) શ્રી સંભવનાથને અશ્વ-ઘોડો (૩) શ્રી અભિનંદનને વાનર (૪) સુમતિનાથને ક્રૌંચ-સારસ પક્ષી (૫) શ્રી પદ્મપ્રભુને લાલકમલ (૬) શ્રી સુપાર્શ્વનાથને સ્વસ્તિક-સાથીઓ (૭) શ્રી ચંદ્ર પ્રભુને શશા-ચંદ્ર (૮) શ્રી સુવિધિનાથને મકર-મઘર (૯) શ્રી શીતલનાથને શ્રીવત્સ (૧૦) શ્રી શ્રેયાંસનાથને ખડ્ગી (ગેંડો) ૧૧, બારમા શ્રી વાસુપૂજ્યને મહિષ-પાડો (૧૨) શ્રી વિમલનાથને વરાહ-ડુક્કર (૧૩) શ્રી અનંતનાથને સેન-સિંચાણો (૧૪) શ્રી ધર્મનાથને વજ્રનું લાંછન (૧૫) શ્રી શાંતિનાથને હરિણ-મૃગ (૧૬) શ્રી કુંથુનાથને છાગ-અજ-બકરો (૧૭) શ્રી અરનાથને નંદ્યાવર્ત્ત-સાથીયો-નંદ્યાવર્ત્ત

( ૧૮ ) શ્રી મલ્લિનાથને કલશ–કુંભ ( ૧૯ ) શ્રી મુનિસુવ્રત સ્વામીને કચ્છપ–કાચબો ( ૨૦ ) શ્રી નમિનાથને નીલકમલ ( ૨૧ ) શ્રી નેમિનાથને શંખ ( ૨૨ ) શ્રીપાર્શ્વનાથને ફણીશ્વર–નાગેંદ્ર–સર્પ ( ૨૩ ) શ્રી વર્દ્ધમાનસ્વામીને સિંહ ( ૨૪ ) આ ચોવીશ લાંછન ચોવીશ જીનેંદ્રોના ઉરૂ–સાથળના ભાગમાં રહેલાં જાણવાં. ॥૧૨૧–૧૨૨॥ આ પ્રમાણે ( ૪૨ ) મું. દ્વાર સંપૂર્ણ.

હવે ફણાનાં કારણ અને ફણા જણાવે છે.

मूलम्—इग १ पण २ नव ३ य सुपासे, पासे फणतिन्नि १
सग २ इगार ३ कमा । फणिसिज्जासुविणाओ १, फ-
णिदंभन्तीइ २ नन्नेसु ॥ १२३ ॥

छाया–एक पञ्च नव च सुपार्श्वे, पार्श्वेफणास्त्रयः सप्तैकादशक्रमात्।
फणीन्द्रशय्या स्वप्नात् , फणीन्द्र भक्त्या नान्येषु ॥१२३॥

ભાવાર્થ—સાતમા શ્રીસુપાર્શ્વનાથપ્રભુના મસ્તક ઉપર છત્રરૂપે એક, પાંચ અને નવ ફણાઓ હોય છે. તેમ જ તેવીશમા શ્રીપાર્શ્વનાથપ્રભુના મસ્તકઉપર અનુક્રમે ત્રણ, સાત અને અગીયાર ફણાઓ હોય છે. તેનું કારણ એ છે કે–સુપાર્શ્વનાથ ભગવાન્ ગર્ભમાં આવ્યા ત્યારે તેમની માતાએ સ્વપ્નમાં એક, પાંચ અને સાત ફણાથી યુક્ત નાગશય્યાઉપર સુતેલા પોતાના શરીરને જોયું. તે જ પ્રમાણે શ્રીહેમચંદ્રાચાર્યજી સુપાર્શ્વનાથચરિત્રમાં જણાવે છે કે—

सुप्तमेकफणे पञ्च–फणे नवफणेऽपि च ।
नागतल्पे ददर्श स्वं, देवी गर्भे प्रवर्द्धिनि ॥ १ ॥

पृथ्व्या देव्यास्तदा स्वप्ने, दृष्टं तादृग्महोरगम् ।
शक्रो विचक्रे भगवन्मूर्ध्निछत्रमिवाऽपरम् ॥ २ ॥
तदादिचाऽभूत्समवसरणेष्वपरेष्वपि ।
नाग एकफणः पञ्चफणोनवफणोऽथ वा ॥ ३ ॥

અર્થ—શ્રીસુપાર્શ્વનાથ પૃથ્વી માતાના ગર્ભમાં વૃદ્ધિ પામ્યે છતે પૃથ્વી માતા સ્વપ્નમાં એક ફણા, પાંચ ફણા, નવ ફણાવાળી નાગશય્યામાં સુખે પોઢેલા પોતાને જુવે છે તેમજ મહાન્ સર્પને પડખામાં રમતો જુવે છે તેમજ પ્રભુએ વ્રત લીધું ત્યારથી તેમજ કેવલી થયા ત્યારથી આરંભીને પ્રભુના મસ્તકઉપર છત્ર સમાન શક્ર–ઇન્દ્ર ફણાઓ ધારણ કરતો હતો. વળી સમવસરણમાં અને અન્ય સમયમાં પણ તેવી જ રીતે અનુક્રમે એક ફણ, પાંચ ફણ, અને નવ ફણાવાળું છત્ર ધારણ કરતો હતો. તેમજ તેવીશમા શ્રીપાર્શ્વનાથના મસ્તક ઉપર ધરણેંદ્ર નાગરાજ પૂર્વ કરેલા ઉપકારનું સ્મરણ કરતો-છતો બહુ ભક્તિ પૂર્વક ત્રણ, સાત અને અગીયારફણા રૂપછત્રને નિરંતર ધારણ કરે છે. બીજા બાવીશ તીર્થંકરોને છત્રરૂપ ફણાઓ હોતિ નથી.॥૧૨૩॥ સ્થાનક (૪૩) મું સમાપ્ત.

હવે સર્વતીર્થંકરોનાંલક્ષણ તથા ગૃહાવાસમાં જ્ઞાન કહે છે.

मूलम्—अट्ठुत्तरो सहस्सो, सव्वेसिं लक्खणाइँ देहेसु ।
मइसुअओहि ति नाणा, जाव गिहे पच्छिमभवाओ॥१२४

छाया—अष्टोत्तर सहस्रं, सर्वेषां लक्षणानि देहेषु ।
मतिश्रुतावधि ज्ञानत्रयं, यावद्गृहे पश्चिमभवात् ॥१२४॥

ભાવાર્થ—સર્વતીર્થંકરોના શરીરમાં એકહજાર અને આઠ લક્ષણ હોયછે તે બાહ્યલક્ષણ જાણવાં

અભ્યંતર લક્ષણો અનંત હોય છે, વળી છેલ્લા દેવ ભવથી આરંભી સર્વજીનેંદ્રો જ્યાંસુધી ગૃહસ્થાવાસમાં રહેછે ત્યાં સુધી તેમને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન હોય છે. જીનવરના લક્ષણરૂપ ચુમાલીશમું સ્થાનક અને ગૃહાવાસમાં રહેલા જીનેંદ્રો મત્યાદિજ્ઞાનરૂપ પીસ્તાળીશમું સ્થાનક સંપૂર્ણ ૪૪-૪૫ ॥ ૧૨૪ ॥

હવે જીનેંદ્રોના શરીરના વર્ણ કહે છે.

**मूलम्—पउमवसुपुज्ज रत्ता, ससिसुविही सेअ नेमिमुणि काला।**
**मल्ली पासोनोला, कणयनिहा सोल सेसजिणा ॥१२५॥**

**छाया—पद्मवासुपूज्यौ रक्तौ, शशिसुविधीश्वेतौनेमिमुनीकालौ।**
**मल्लिपार्श्वौनीलौ, कनकनिभाःषोडशशेषजिनाः ॥१२५॥**

ભાવાર્થ—પદ્મપ્રભુ અને વાસુપૂજ્ય એ બંને જીનવરો રક્તવર્ણશરીરને ધારણ કરે છે, ચંદ્રપ્રભુ તથા સુવિધિનાથ એ બંનેનો શ્વેતવર્ણ છે શ્રીનેમિનાથ તથા શ્રી મુનિસુવ્રત એ બંનેનાં સ્વરૂપ કૃષ્ણવર્ણાં છે. મલ્લિનાથ તથા શ્રીપાર્શ્વનાથનાં સ્વરૂપ નીલવર્ણાં છે તેમજ બાકીના શ્રી ઋષભદેવ, શ્રી અજીતનાથ, સંભવનાથ, અભિનંદન, સુમતિનાથ, સુપાર્શ્વનાથ, શ્રીશીતલનાથ, શ્રેયાંસનાથ, વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ, શ્રીશાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, નમિનાથ અને શ્રીવર્દ્ધમાનસ્વામી એ સોળનાં સ્વરૂપ સુવર્ણ સમાન છે. ॥૧૨૫॥ આ ચોવીશ જીનવરના સ્વરૂપ વર્ણન નામે (૪૬)મું સ્થાનક સમાપ્ત.

હવે જીનવરોના તેમ જ ગણધરાદિ માંડલિક પર્યંત ઉત્તમપુરૂષોના અને દેવોના રૂપનું વર્ણન કરે છે.

मूलम्—सव्वसुरा जइ रूवं, अंगुट्ठपमाणयं विउविज्जा ।
जिणपायंगुट्ठं पइ १, न सोहए तं जहिंगालो ॥ १२६ ॥
गणहरआहारअणुत्तरा य, जाव वणचक्किवासुबला ।
मंडलिया जा हीणा, छट्ठाणगया भवे सेसा ॥ १२७ ॥

छाया—सर्वसुरा यदि रूप,-मङ्गुष्ठप्रमाणकं विकुर्वेयुः ।
जिनपादाङ्गुष्ठं प्रति, न शोभते तद्यथाऽङ्गारः ॥ १२६ ॥
गणधराऽहारकाऽनुत्तराश्च, यावद्व्यन्तरचक्रिवासुबलाः ।
माण्डलिका यावत्क्रमेणहीनाः षट्स्थानगताभवेयुःशेषाः ॥

ભાવાર્થ—સર્વ દેવો એકઠા થઇ સર્વ રૂપના પરમાણુઓને એકત્રિત કરી અંગુષ્ઠમાત્ર પ્રમાણમાં વિકુર્વે તો પણ તે રૂપ શ્રીજીનેંદ્રના પગના અંગુષ્ઠ (અંગુઠા) ની આગળ અંગારાની માફક શોભતું નથી. અર્થાત્ તે રૂપ ભગવાનના રૂપની આગળ નિસ્તેજઅંગારાની માફક દેખાય છે. જેમ કે જીનેંદ્રોના સ્વરૂપથી ગણધરોનું રૂપ ઘણું હીન–ઓછું હોય છે. તેમનાથી ચતુર્દશપૂર્વધરોએ વિકુર્વેલું આહારકશરીર હીન હોય છે. તેનાથી અનુત્તર વિમાનવાસી દેવોનું રૂપ ઓછું હોય છે. તેમનાથી નવગ્રૈવેયક દેવોનું નવમા આદિથી ઉત્ક્રમ વડે હીન હોય છે. તેમનાથી બારકલ્પવાસી દેવોનું સ્વરૂપ ઉત્ક્રમથી હીન હોય છે. તેમનાથી જ્યોતિષ્ક દેવો રૂપથી ઉતરતા હોય છે. તેમનાથી ભવનપતિદેવોનું સ્વરૂપ હીન હોય છે. તેમનાથી વ્યંતર દેવોનું સ્વરૂપ હીન હોય છે. તેમનાથી ચક્રવર્તિરાજાઓનું રૂપ

ઉતરતું હોય છે. તેમનાથી વાસુદેવોનું રૂપ ઉતરતું હોય છે. તેમનાથી બલભદ્ર અને તેમનાથી માંડલિક રાજાઓનું સ્વરૂપ હીન હોય છે. એ પ્રમાણે જીનેંદ્રથી આરંભી માંડલિક સુધીના ઉત્તમ પુરૂષોનું સ્વરૂપ અનુક્રમે હીન જાણવું બાકીના લોકો છ સ્થાનકને પ્રાપ્ત થયેલા--અપેક્ષાએ ન્યુનાધિકરૂપ વાળા હોય છે. ॥૧૨૬-૧૨૭॥ જીનેંદ્રના રૂપ વર્ણન નામે સુડતાળીશમું સ્થાનક (૪૭) સમાપ્ત

હવે જીનેંદ્રનુ બલ વર્ણન કરે છે.

मूलम्--निवईहिं बला बलिणो, कोडिसिलुक्खेवसत्तिणो
हरिणो तद्दुगुणबला चक्की, जिणा अपरिमिअबला सव्वे ॥
हरिसंसयछेयत्थं, वीरेणं पयडिअं बलं निययं ।
मेरुगिरिकंपणेणं, हेउअभावा न सेसेहिं ॥ १२९ ॥

छाया--नृपतिभ्यो बलाबलिनः, कोटिशिलोत्क्षेपशक्तयोहरयः।
तद्द्विगुणबलाश्चक्रिणो-जिना अपरिमितबलाः सर्वे॥ १२८
हरिसंशयच्छेदार्थं, वीरेण प्रकटितं बलं निजकम् ।
मेरुगिरिकम्पनेन, हेत्वभावान्नशेषैः ॥ १२९ ॥

ભાવાર્થ--રાજાઓથી બલભદ્રોનું બલ ઘણું અધિક હોય છે. તેમજ કોટિશિલા (કરોડ માણસોથી પણ ચલાયમાન ન થાય) તેવી કોટિશિલાને ઉપાડવાની શકિત વાળા વાસુદેવો હોય છે. તેમનાથી દ્વિગુણશકિતવાળા ચક્રવર્તિ રાજાઓ હોય છે. અને તેઓથી સર્વ જીનેશ્વરો અપરિમિત બળ વાળા હોય છે, અર્થાત્ જેમના બળનું પ્રમાણ થઇ શકતું નથી.

વળી ઈંદ્રોના સંશયને છેદવા માટે શ્રીવીરપ્રભુએ મેરૂ ગિરિને કંપાવવા વડે પોતાનું બલ પ્રગટ કર્યું હતું. અન્ય જીનેશ્વરોએ કારણ નહીં હોવાથી પ્રગટ કર્યું નથી॥૧૩૦॥ જીનબલ વર્ણન નામે અડતાળીશમું સ્થાનક સમાપ્ત.

હવે ઉત્સેધાંગુલ અને આત્માંગુલ વડે જીનેંદ્રોનું દેહપ્રમાણ કહે છે.

मूलम्--पणधणुसय १ पन्नदसु ८,दस पणसु,५ पण दुसु अ ८ धणुहहाणी, नवकर २३ सत्तुस्सेहो २४, आयंगुलवीससय सव्वे २४ ॥१३०॥ उत्सेधांगुल देहमानं ४९-आत्मांगुलदेहमान ५०

छाया--पञ्चशतधनुः पञ्चाशदष्टसु, दशपञ्चसु पञ्चाष्टसुच धनुर्हानिः ।

नवकरसप्तोत्सेधा-वात्माङ्गुलाविशतिशतमिताःसर्वे ॥१३०॥

ભાવાર્થ--પ્રથમજીનવરશ્રીરૂષભદેવનું દેહપ્રમાણ પાંચસો (૫૦૦) ધનુષ ત્યાર પછી અજીતનાથથી આરંભી સુવિધિનાથ સુધી આઠ જીનેશ્વરોના દેહનું પ્રમાણ અનુક્રમે પચાશ પચાશ ઓછું જાણવું. જેમકે-અજીતનાથનો દેહ સાડાચારસો ધનુષ (૪૫૦) પ્રમાણ. સંભવનાથનો દેહ ચારસો (૪૦૦) ધનુષ પ્રમાણ. શ્રી અભિનંદનનો દેહ સાડાત્રણસો ધનુષ (૩૫૦) પ્રમાણ સુમતિનાથનો દેહ ત્રણસો (૩૦૦) ધનુષ પ્રમાણ પદ્મપ્રભનો દેહ અઢીસો (૨૫૦) ધનુષ પ્રમાણ. સુપાર્શ્વનાથનો દેહ બસો (૨૦૦) ધનુષ પ્રમાણ; ચંદ્રપ્રભનો દેહ દોઢસો (૧૫૦) ધનુષ પ્રમાણ છે.

સુવિધિનાથનો દેહ (૧૦૦) ધનુષ પ્રમાણ, ત્યાર બાદ પાંચ જીનેંદ્રોમાં દશ દશ ધનુષ પ્રમાણ ઓછા ગણવા જેમકે શીતલનાથનો દેહ નેવુ (૯૦) ધનુષ પ્રમાણ, શ્રી શ્રેયાંસનાથનો દેહ એંશી (૮૦) ધનુષ પ્રમાણ શ્રીવાસુ પૂજ્યનો દેહ સીતેર (૭૦) ધનુષ પ્રમાણ, શ્રી વિમલનાથનો દેહ (૬૦) સાઠ ધનુષ પ્રમાણ શ્રી અનંતનાથનો દેહ (૫૦) પચાસ ધનુષ પ્રમાણ ત્યાર બાદ આઠ જીનવરો માં પાંચ પાંચ ધનુષ ઓછું જાણવું-જેમકે ધર્મનાથનો દેહ પીસ્તાળીશ (૪૫) ધનુષ પ્રમાણ, શાંતિનાથનો દેહ ચાળીશ (૪૦) ધનુષ પ્રમાણ, કુંથુનાથનો પાંતરીસ (૩૫) ધનુષ પ્રમાણ, અરનાથનો દેહ ત્રીશ (૩૦) ધનુષ પ્રમાણ શ્રી મલ્લિનાથનો દેહ પચીશ (૨૫) ધનુષ પ્રમાણ. મુનિ-સુવ્રતનો દેહ વિશ(૨૦) ધનુષપ્રમાણ શ્રી નમિનાથનો દેહ પંદર (૧૫) ધનુષ પ્રમાણ, શ્રી નેમિનાથનો દેહ દશ (૧૦) ધનુષ પ્રમાણ; શ્રી પાર્શ્વનાથનો દેહ નવ હાથ પ્રમાણ જાણવો તેમજ શ્રી મહાવીરસ્વામીનો દેહ સાત હાથ પ્રમાણ ઉન્નત જાણવો, આ સર્વ પ્રમાણ ઉત્સેધાંગુલથી જાણવું, અને આત્માંગુલના પ્રમાણથી સર્વે જીનેંદ્રો એક સો વીશ(૧૨૦)અંગુલના દેહવાળા હોય છે.॥૧૨૯॥ ઉત્સેધાંગુલ અને આત્માંગુલદેહમાનનામે (૪૯–૫૦) સ્થાનકસમાપ્ત.

હવે પ્રમાણાંગુલથી જીનવરોના દેહનું માન કહે છે.

मूलम्—चउधणुबारंसदुगं, उसहायंगुलपमाण अंगुलयं ।
ते उसहो वीससयं, बारंगुलहाणि जा सुविही ॥ १३१ ॥

वीसंसदुअंगुलहाणि, जाव णंतो तयद्ध जा नेमी ।
सगवीसंसा पासो, विरिगवीसंस पन्नासा ॥ १३२ ॥
[प्रमाणाङ्गुलदेहमानम् ॥ ५१ ॥]

छाया—चतुर्धनुर्द्वादशांशद्विक,-मृषभात्मांगुलं प्रमाणाङ्गुलम् ।
ते ऋषभोविंशतिशतं, द्वादशाङ्गुलहानिर्यावत्सुविधिः॥१३१॥
विंशत्यंशद्वयाङ्गुलहानि—र्यावदनन्तं तदर्द्धं यावन्नेमिः ।
सप्तविंशत्यंशाः पार्श्वो—वीर एकविंशत्यंशाःपञ्चाशाः।१३२।

ભાવાર્થ—ઉત્સેધઅંગુલથી નિયમિત કરેલાં ચાર ધનુષ અને એકધનુષના બારભાગ કરીએ તેમાંથી બે ભાગ સહિત શ્રી રૂષભદેવનું આત્માંગુલ થાય છે. અને પ્રમાણાંગુલ પણ તેજ ગણાય છે, પ્રથમ શ્રી રૂષભદેવનો દેહ એકસોવીશપ્રમાણાંગુલ હોય છે, ત્યારબાદ અજીતનાથથી આરંભી સુવિધિનાથ સુધી આઠ જીનેંદ્રોમાં બાર બાર અંગુલ ઓછા કરવા. જેમ કે શ્રીઅજીતનાથનો દેહ એકશો આઠ પ્રમાણાંગુલનો છે, સંભવનાથનો દેહ છન્નુ (૯૬) પ્રમાણાંગુલ, અભિનંદનનો દેહ ચોરાશી (૮૪) પ્રમાણાંગુલનો છે. સુમતિનાથનો દેહ બોતેર (૭૨) પ્રમાણાંગુલનો છે. પદ્મપ્રભ સ્વામીનો દેહ સાઠ (૬૦) પ્રમાણાંગુલ, શ્રીસુપાર્શ્વનાથનો દેહ અડતાળીશ (૪૮) પ્રમાણાંગુલ ચંદ્રપ્રભનો દેહ છત્રીશ (૩૬) પ્રમાણાંગુલ, સુવિધિનાથનો દેહ ચોવીશ (૨૪) પ્રમાણાંગુલ છે. ત્યારબાદ શીતલનાથથી આરંભી શ્રીઅનંતનાથ સુધી અંગુલના વીશાંશઅધિક

બે અંગુલ હીન ગણવા અર્થાત્-શીતલનાથથી આરંભી અનંતનાથ સુધી બે પ્રમાણાંગુલ અને એક પ્રમાણાંગુલના પચાંશ ભાગ કરવા તેમાંથી વિશઅંશ બાદ કરવા જેમકે શ્રી શીતલનાથનો દેહ એકવિશ અંગુલ અને એક પ્રમાણાંગુલના ત્રિશ અંશ પ્રમાણે છે, શ્રેયાંસનાથનો દેહ ઓગણીશ (૧૯) અંગુલ અને દશ (૧૦) અંશ, શ્રી વાસુપૂજ્યનો દેહ સોળ અંગુલ (૧૬) અને ચાળીશ અંશ પ્રમાણ, વિમલ નાથનો દેહ ચૌદ અંગુલ અને વિશ (૨૦) અંશ પ્રમાણ અનંત નાથનો દેહ બાર (૧૨) અંગુલ પ્રમાણનો છે, ત્યાર બાદ ધર્મનાથથી આરંભી શ્રી નેમિજીન સુધી તેનું અર્ધ-એટલે એક અંગુલ અને દશ અંશ દરેક જીનેંદ્રની અપેક્ષા એ ઓછું પ્રમાણ ગણવું જેમકે-શ્રી ધર્મનાથનો દેહ દશ (૧૦) અંગુલ અને ચાળીશ (૪૦)અંશ પ્રમાણ, શાંતિનાથનો દેહ નવ (૯) અંગુલ ત્રીશ (૩૦) અંશ પ્રમાણ કુંથુનાથનો દેહ આઠ (૮) અંગુલ અને વિશ (૨૦) અંશ પ્રમાણ શ્રી અરનાથનો દેહ સાત (૭) અંગુલ અને દશ (૧૦) અંશ પ્રમાણે. મલ્લિનાથનો દેહ છ (૬) અંગુલ પ્રમાણ મુનિસુવ્રત નો દેહ ચાર (૪) અંગુલ અને ચાળીશ (૪૦) અંશ પ્રમાણ શ્રી નમિનાથનો દેહ ત્રણ ( ૩ ) અંગુલ અને ત્રીશ ( ૩૦ ) અંશ પ્રમાણ શ્રી નેમિનાથનો દેહ બે ( ૨ ) અંગુલ અને વીસ ( ૨૦ ) અંશ પ્રમાણનો છે. શ્રી પાર્શ્વનાથનો દેહ સત્તાવિશ અંશ પ્રમાણ છે. તેમ જ શ્રીમહાવીર સ્વામીનો દેહ એક અંગુલના પચાશ અંશમાંથી એકવિશ અંશ પ્રમાણનો છે. આ પચાશાંશ શબ્દ શ્રીશીતલજીનેંદ્રથી

લઈ શ્રી મહાવીર સ્વામી પર્યંત જાણુવો. ॥ ૧૩૧-૧૩૨ ॥
પ્રમાણાંગુલ દેહ માન કહ્યું-સ્થાનક ( ૫૧ ) મું સંપૂર્ણ

હવે જીનેંદ્રોનો આહાર તથા વિવાહ કહે છે.

मूलम्—सव्वे सिसुणो अमयं, तो उत्तरकुरुफले गिहे उसहो ।
सेसा उ ओयणाई, भुंजिसु विसिट्ठमाहारं ॥ १३३ ॥
सव्वेसिं वयगहणे, आहारो उग्गमाइपरिसुद्धो ।
मल्लिं नेमिं मुत्तं, तेसि विवाहो अ भोगफला ॥ १३४ ॥

छाया—सर्वे शिशवोऽमृतं, तत उत्तरकुरुफलैर्गृहे ऋषभः ।
शेषास्तु-ओदनादि, बुभुजिरे विशिष्टमाहारम् ॥१३३॥
सर्वेषां व्रतग्रहणे, आहारउद्गमादिपरिशुद्धः ।
मल्लिं नेमिं मुक्त्वा, तेषां विवाहश्च भोग्यफलात् ॥१३४॥

ભાવાર્થ—સર્વ જીનવરો બાલ્યાવસ્થામાં દેવેંદ્રોએ પ્રભુના અંગુઠામાં સ્થાપન કરેલા અમૃતનો આહાર કરતા હતા, ત્યાર બાદ કૌમાર-યૌવન અવસ્થામાં શ્રીઋષભદેવ પ્રભુ દેવેંદ્રોએ ઉત્તર કુરૂ ક્ષેત્રમાંથી આણીઆપેલ કલ્પવૃક્ષનાં સુન્દર ફળોનો આહાર કરતા હતા. બાકીના ત્રેવીશ તીર્થંકરો ઓદન-ભાત આદિ મધુર આહાર લેતા હતા. વળી સર્વ જીનવરો વ્રત ગ્રહણ કર્યા પછી ઉદ્ગમાદિક બેતાળીશદોષ રહિત-શુદ્ધઆહાર લેતા હતા, જીનવરોના આહાર સંબંધી બાવનમું સ્થાનક ( ૫૨ ) સમાપ્ત. શ્રી મલ્લિનાથ અને નેમિનાથ બંને જીનેંદ્ર વિના બાકીના બાવીશ જીનેંદ્રોએ વિવાહ કર્યો હતો અને ભોગ્ય ફળના ઉદય હોવાથી તેમણે વિષય

ભોગ ભોગવ્યા હતા.૧૩૩–૧૩૪॥ ત્રેપનમું (૫૩)વિવાહ સ્થાનક સંપૂર્ણ–હવે જીનવરોના કુમાર અવસ્થામાં ગૃહવાસ કાલનું માન કહે છે.

मुलम्—वीस १ हारस २ पनरस ३, सड्ढदुवालस ४ दसेव

५ सड्ढसगा ६ । पण ७ अड्ढाइयलक्खा ८, पुव्वसहस-

पन्न ९ पणवीसं १० ॥ १३५॥ समलक्खा इगवीसं ११,

हार १२ पनर १३ सड्ढं सत्त १४ सड्ढदुगं १५ । तो सह-

सा पणवीसा १६, पउणचउव्वीस १७ इगवीसं १८

॥ १३६ ॥ वाससयं मल्लिजिणे १९, पणसयरी २०

पंचवोस २१ तिन्नि सया २२ । बासाइँ तीस २३ तीसं

२४, कुमरत्तं अह निवइकालो ॥१३७॥

छाया—विंशत्यष्टादशपञ्चदश, सार्द्धद्वादश दशैव सार्द्धसप्त ।

पञ्चार्द्धद्वयलक्षाणि, पूर्वसहस्रपञ्चाशत्पञ्चविंशतिः ॥१३५॥

समलक्षैकविंश–त्यष्टादशपञ्चदशसार्द्धसप्तसार्द्धद्विकम् ।

ततःसहस्रपञ्चविंशतिः, पादोनचतुर्विंशतिरेकविंशतिः॥१३६

वर्षशतं मल्लिजिने, पञ्चसप्ततिः पञ्चविंशतिस्त्रीणिशतानि ।

वर्षाणि त्रिंश–त्रिंशत्, कुमरत्वमथनृपतिकालः ॥१३७॥

ભાવાર્થ—શ્રી ઋષભદેવની કુમાર અવસ્થા વીશ લાખ પૂર્વની, (૧) શ્રી અજીતનાથ ભગવાનની કુમાર અવસ્થા અઢાર (૧૮) લાખ પૂર્વની (૨) શ્રી સંભવનાથનો કુમાર કાલ પંદર (૧૫) લાખ પૂર્વ (૩) અભિનંદનનો કુમાર કાલ સાડા બાર (૧૨॥) લાખ પૂર્વ (૪) સુમતિનાથનો કુમાર

કાલ દશ (૧૦) લાખ પૂર્વ (૫) પદ્મપ્રભનો કુમાર કાલ સાડા સાત (૭ાા) લાખ પૂર્વ (૬) સુપાર્શ્વનાથનો કુમાર કાલ પાંચ (૫) લક્ષ પૂર્વ, (૭) ચંદ્ર પ્રભ સ્વામીનો કુમાર કાલ અઢી (૨ાા) લક્ષ પૂર્વ (૮) સુવિધિનાથનો પૂર્વ કાલ પચાશ (૫૦) હજાર પૂર્વ (૯) શીતલનાથનો કુમાર કાલ પચીશ (૨૫) હજાર પૂર્વ (૧૦) શ્રેયાંસનાથનો કુમાર કાલ એકવીશ (૨૧) લાખ વર્ષ (૧૧) શ્રી વાસુ પૂજ્યનો કુમાર કાલ અઢાર (૧૮) લાખ વર્ષ (૧૩) શ્રી વિમલનાથનો કુમાર કાલ પંદર (૧૫] લાખ વર્ષ (૧૩) શ્રી અનંતનાથનો કુમાર કાલ સાડા સાત (૭ાા) લાખ વર્ષ (૧૪) ધર્મનાથનો કુમાર કાલ અઢી (૨ાા) લાખ વર્ષ (૧૫) શ્રી શાંતિનાથનો કુમાર કાલ પચીશ (૨૫) હજાર વર્ષ (૧૬) શ્રી કુંથુનાથનો કુમાર કાલ પોણી ચોવીશ [૨૩ાાા) હજાર વર્ષ (૧૭) શ્રી અરનાથનો કુમાર કાલ એકવીશ (૨૧) હજાર વર્ષ (૧૮) શ્રી કુંથુનાથનો કુમાર સો (૧૦૦) વર્ષ (૧૯) મુનિસુવ્રત સ્વામીનો કુમાર કાલ પંચોતેરસો (૯૫૦૦) વર્ષ (૨૦) શ્રી નંમિનાથનો કુમાર કાલ પચીસો (૨૫૦૦) વર્ષ (૨૧) શ્રી નેમીનાથનો કુમાર કાલ ત્રણસો (૩૦૦) વર્ષ (૨૨) શ્રી પાર્શ્વનાથનો કુમાર કાલ ત્રીશ (૩૦) વર્ષ (૨૩) શ્રી વર્ધમાન સ્વામીનો કુમાર કાલ ત્રીશ (૩૦) વર્ષ (૨૪) આ પ્રમાણે કુમાર અવસ્થાનો કાલ કહ્યો, ત્યાર પછી નૃપતિપણાનો કાલ કહેવામાં આવશે. કુમારવાસ કાલ સ્થાનક (૫૪)મું સમાપ્ત ॥

હવે રાજ્યકાલ કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે.

मूलम्—तेसट्ठिपुव्वलक्खा १ तिपन्न २ चउचत्त ३ सड्ढ-
छत्तीसं ४ । गुणतीस ५ सड्ढइगवीस ६, चउदस ७
सड्ढछ ८ अद्ध ९ द्धं १० ॥ १३८ ॥

छाया—त्रिषष्टिपूर्वलक्षाणि, त्रिपञ्चाशच्चतुश्चत्वारिंशत्सार्द्धषट्-
त्रिंशत् ।
एकोनत्रिंशत्सार्द्धैकविंशति—श्चतुर्दश सार्द्धषडर्द्धाऽर्द्धम् ॥

ભાવાર્થ—શ્રી ઋષભદેવનો રાજ્યકાલ ત્રેસઠ લાખ પૂર્વ (૨) અજીતનાથનો રાજ્યકાલ એક પૂર્વાંગ અધિક ત્રેપન (૫૩) લાખ પૂર્વ (૩) સંભવનાથનો રાજ્યકાલ ચાર પૂર્વાંગ અધિક ચુંમાલીશ લાખ પૂર્વ અભિનંદનો રાજ્યકાલ આઠ પૂર્વાંગ સહિત સાડી છત્રીસ (૩૬॥) લાખ પૂર્વ (૪) સુમતિનાથનો રાજ્યકાલ બાર પૂર્વાંગ અધિક ઓગળત્રીશ (૨૯) લાખ પૂર્વ (૫) પદ્મપ્રભનો રાજ્યકાલ સોળ પૂર્વાંગ અધિક સાડી એકવીશ (૨૧॥) લાખ પૂર્વ (૬) સુપાર્શ્વપ્રભુનો રાજ્યકાલ વીશ પૂર્વાંગ અધિક ચૌદ (૧૪) લાખ પૂર્વ (૭) ચંદ્રપ્રભુનો રાજ્યકાલ ચોવીશ પૂર્વાંગ અધિક સાડા છ (૬॥) લાખ પૂર્વ (૮) સુવિધિનાથનો રાજ્ય કાલ અઠ્ઠાવીસ પૂર્વાંગ અધિક પચાશ (૫૦) હજાર પૂર્વ (૯) શ્રી શીતલનાથનો રાજ્ય કાલ પચાસ (૫૦) હજાર પૂર્વ (૧૦)

હવે પૂર્વોક્ત ગાથામાં પૂર્વાંગનો ઉમેરો કર્યો તે નીચેની ગાથાથી જણાવે છે.

मूलम्—अजियाओ जा सुविही, पुव्वंगा ताविमेऽहिया नेया ९।

इग १ चउ २ अड ३ वारस ४, सोल ५ वीस ६ चउ-
वीस ७ अडवीसा ८ ॥ १३९ ॥

छाया—अजिताद्यावत्सुविधिः, पूर्वाङ्गानि तावदिमान्यधिकज्ञेयानि
एकचतुरष्टद्वादश–षोडशविंशतिचतुर्विंशत्पत्यष्टाविंशतयः ॥१३९॥

ભાવાર્થ—શ્રી અજીતનાથથી આરંભી શ્રી સુવિધિનાથ સુધી અનુક્રમે એક (૨) ચાર (૨) આઠ (૩) બાર (૪) સોળ (૫) વીશ (૬) ચોવીશ (૭) અને અઠ્ઠાવીશ (૮) પૂર્વાંગ અધિક પ્રથમની સંખ્યામાં અધિક જાણવા તે પ્રમાણે પ્રથમની ગાથાનો ભાવાર્થ દર્શાવ્યો છે.

मूलम्——तो समेलक्ख दुचत्ता ११ तो सुन्नं तीस १२ पनर १४
पंच तओ १५ । सहस पणवीस १६ तत्तो, पउणचउवीस
१७ इगवीसं १८ ॥ १४० ॥

छाया——ततःसमलक्षाद्विचत्वारिंशत्, ततःशून्यं त्रिंशत्पञ्चदश
पञ्च ततः । सहस्रपञ्चविंशति–स्ततःपादोनचतुर्विंशतिरेकविं
शतिः ॥ १४० ॥

ભાવાર્થ——ત્યારબાદ શ્રી શ્રેયાંશનાથનો રાજ્ય સમય બેતાળીસ લાખ (૪૨) વર્ષ (૧૧) બારમા શ્રી વાસુપૂજ્યને રાજ્યનો અભાવ છે (૧૨) તેરમા શ્રીવિમલનાથનો રાજ્ય સમય ત્રીશ (૩૦) લાખ વર્ષ [૧૩) શ્રી અનંતનાથનો રાજ્ય સમય પંદર (૧૫) લાખ વર્ષ, (૧૪) પંદરમા શ્રી ધર્મ-નાથનો રાજ્ય સમય પાંચ લાખ (૫) વર્ષ. (૧૫) સોળમા શ્રી શાંતિનાથનો રાજ્યસમય પચીસ (૨૫) હજાર વર્ષ,

(१६) સત્તરમા શ્રી કુંથુનાથનો રાજ્ય સમય પોણી ચોવીશ (૨૩॥।) હજાર વર્ષ, (૧૭) અઢારમા અરનાથનો રાજ્ય સમય એકવીશ (૨૧) હજાર વર્ષ સુધી.

मूलम्--सुन्न १९ पनर २० पण २१ तत्तो, ति सुन्न २४ रज्जं च चक्किकालो वि । संतीकुंथुअराणं, सेसाणं नत्थि चक्कित्तं ॥ १४१ ॥ (राज्यकालः ५५ चक्रित्वकालः ॥५६॥

छाया—शून्यं पञ्चदशपञ्चततस्त्रिशून्यं राज्यञ्चचक्रिकालोऽपि। शान्तिकुन्थ्वराणां, शेषाणां नास्तिचक्रित्वम् ॥ १४१ ॥

ભાવાર્થ— ઓગણીશમા શ્રી મલ્લિનાથને રાજ્ય સમયનો અભાવ છે. (૧૯) વીશમા મુનિસુવ્રત સ્વામીનો રાજ્યકાલ (૧૫) પન્નર હજાર વર્ષનો શ્રી નમિનાથનો રાજ્ય સમય પાંચ (૫) હજાર વર્ષનો (૨૧)બાવીશમા શ્રી નેમિનાથનો રાજ્ય સમય શૂન્ય છે. (૨૨) શ્રી પાર્શ્વનાથ અને શ્રી વર્ધમાન સ્વામીનો પણ રાજ્યસમય શૂન્ય છે.

આ પ્રમાણે સર્વ તિર્થંકરોનો રાજ્ય સમય જાણવો, તેમજ શ્રી શાંતિનાથ, શ્રી કંથુનાથ અને શ્રી અરનાથનો ચક્રિત્વ (ચક્રવર્તિપણા) નો સમય તેમના રાજ્યસમય પ્રમાણે જાણવો. બાકીના એકવીશ તીર્થંકરોને ચક્રિત્વનો અભાવ છે. આ પ્રમાણે રાજ્ય અને ચક્રિત્વ સમય નામે (૫૫-૫૬) એ બે સ્થાનક સમાપ્ત.

લોકાંતિક દેવોનાં નામ ને તેમનાં કાર્ય બતાવે છે.

मूलम्—बंभंमि किन्हराई-अंतरठियनवविमाणवत्थव्वा । अट्ठयराऊ भव्वा, लोयंतसुरा इअ भिहाणा ॥ १४२ ॥

छाया—ब्रह्मणिकृष्णराज्य—न्तरास्थितनवविमानवास्तव्याः ।
अष्टसागरायुर्भव्या—लोकान्तसुरा इत्यभिधानाः ॥१४२॥

ભાવાર્થ—પાંચમા બ્રહ્મદેવલોકમાં કૃષ્ણ રાજી છે તેના અંતરમાં રહેલાં નવ વિમાન છે. તેમાં રહેનારાં દેવો લોકાંતિક નામથી કહેવાય છે અને તેઓ આઠ સાગરોપમ આયુષવાળા તથા તેઓ ભવ્ય હોય છે. હવે કૃષ્ણરાજીનું સ્વરૂપ પ્રવચન સારોદ્ધાર ગ્રંથમાં ( પૃષ્ટ ૪૨. ) માં જણાવેલું છે તે નિચે મુજબ ગાથાઓ વડે જણાવે છે. તે આ પ્રમાણે.

" पंचमकप्पे रिट्ठंमि, पत्थडे अट्ठ कण्हराईओ । समचउरंसक्खोडयठिइओ, दो दो दिसिचउक्के ॥१॥ पुव्वावरउत्तरदाहिणाहिं, मज्झिल्लियाहिं पुट्ठाहिं । दाहिणउत्तरपुव्वावराओ बहिकण्हराईओ ॥ २ ॥ पुव्बावरा छलंसा, तंसा पुण दाहिणुत्तरा बज्झा। अब्भितरचउरंसा, सव्वावि अ कण्हराईओ ॥३॥ आयामपरिक्खेवेहिं, ताण असंखजोअणसहस्सा । संखिज्जा सहसा पुण, विक्खंभे कण्हराईणं ॥ ४ ॥ ईसाणदिसाईसुं, एआणं अंतरेसु अट्ठसुवि । अट्ठ विमाणाइँ तहा, तम्मज्झे इक्कगविमाणं ॥५॥ अच्चि १ तह अच्चिमालि २, वइरोअण ३ पभंकरा य ४ चंदाभं ५ । सूराभं ६ सुक्काभं ७ सुपइट्ठाभं च ८ रिट्ठाभं ९ ॥ ६ ॥ अट्ठायरठिईआ, वसंति लोगंतिआ सुरा तेसु । सत्तट्ठभवभमंता, गिज्जंति इमेहिं नामेहिं ॥७ ॥ सारस्सय १ माइ-

च्चा, २ वण्ही ३ वरुणा य ४ गद्दतोआ य ५ । तुसिआ ६ अव्वाबाहा ७, अग्गिच्चा ८ चेव रिट्ठा य ९ ॥ ८ ॥

पढमजुअलंमि सत्त उ, सयाणि बीयंमि चउदस सहस्सा। तइए सत्त सहस्सा, नव चेव सयाणि सेसेसु ॥ ९ ॥

ભાવાર્થ—પાંચમા બ્રહ્મ દેવલોકના રિષ્ઠ નામના ત્રીજા પાથડામાં આઠ કૃષ્ણરાજીઓ છે. કૃષ્ણરાજી એટલે સચિત્ત અને અચિત્ત પૃથ્વીકાયના પરિણામરૂપ રાજી એટલે શાશ્વત પરમાણુઓની ભીંત આકારે રહેલી પંક્તિ.

આ કૃષ્ણરાજીઓ ખટ્વા–ખાટલાની માફક સમચોરસ હોય છે. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ એ ચારે દિશાઓમાં બબે કૃષ્ણરાજીઓ રહેલી છે. જેમકે પૂર્વ દિશામાં એક, દક્ષિણ દિશામાં એક, પશ્ચિમ દિશામાં એક અને ઉત્તર દિશામાં એક, વળી તેઓ તિરચ્છી વિસ્તાર પામેલી છે. તેમજ પૂર્વ અને દક્ષિણ વચ્ચે અગ્નિ કોણમાં એક, દક્ષિણ અને પશ્ચિમ વચ્ચે નૈરૂત કોણમાં એક, પશ્ચિમ અને ઉત્તર વચ્ચે વાયવ્ય કોણમાં એક અને ઉત્તર અને પૂર્વ દિશા વચ્ચે ઇશાન કોણમાં એક એમ એકંદર મળી આઠ કૃષ્ણરાજીઓ એકબીજી સાથે સ્પર્શ કરી રહેલી છે. વળી પૂર્વ અને પશ્ચિમ દિશાની કૃષ્ણરાજીઓ છ હાંસ–ખુણાવાળી છે અને દક્ષિણ ઉત્તરની ત્રણ ખુણાવાળી છે. આ કૃષ્ણરાજીઓ બહારની સમજવી અને પૂર્વાદિ સર્વ કૃષ્ણરાજીઓ અભ્યંતરથી ચતુરસ્ર (સમચોરસ) છે. તેમ જ તે કૃષ્ણરાજીઓ સર્વ સ્થાનકે આયામ (લાંબી અને પરિધિ ગોળાકાર આકારે

અસંખ્યાત યોજન સહસ્ત્ર અને પહોળાઈમાં સંખ્યાત યોજન સહસ્ત્ર છે. કોઈ એક દેવ ત્રણુચપટી વગાડી એ જેટલા સમયમાં એકવીસવાર જંબુદ્વીપની પ્રદક્ષિણાકરીશકે તે દેવ છ માસ સુધી ફરે. પરિભ્રમણુ કરે તો પણુ એક કૃષ્ણુ રાજીનો પાર પામી શકતો નથી. એવી વિશાલ કૃષ્ણુરાજી છે. વળી તે આઠે દિશાઓના આઠઆંતરાઓમાં આઠ વિમાન હોય છે અને એક વિમાન તેના મધ્યભાગમાં હોય છે. તે નવ વિમાનોનાં નામ– ઈશાન કોણુમાં અર્ચિષ્ નામે વિમાન છે. (૧) પૂર્વ દિશામાં અર્ચિષ્માલીવિમાન છે (૨) અગ્નિકોણુમાં વૈરોચન નામે વિમાન છે. (૩) દક્ષિણુદિશામાં પ્રભંકર નામે વિમાન છે. (૪) નૈરૂતમાં ચંદ્રાભ નામે વિમાન છે. (૫) પશ્ચિમમાં સૂર્યાભ વિમાન છે (૬) વાયવ્યકોણુમાં શુક્રાભ નામે વિમાન છે. (૭) ઉત્તરદિશામાં સુપ્રતિષ્ટ નામે વિમાન છે. (૮) મધ્યમાં રિષ્ટાભ નામે વિમાન છે. (૯) આ નવ વિમાનોમાં આઠ સાગરોપમ આયુષ્‌ની સ્થિતાવાળા લોકાંતિક દેવો વસે છે. વળી તેઓ સાત કે આઠભવે સંસારભ્રમણુ કરી મોક્ષે જાય છે. પહેલા બે વિમાનોમાં સાતસો સાતસો, ત્રીજા ચોથામાં ચઉદ હજાર, પાંચમા છઠ્ઠામાં સાત હજાર, સાતમા આઠમા નવમામાં નવહજાર દેવો વસે છે.

હવે લોકાંતિક દેવોનાં નામ ગ્રંથકાર જણાવે છે.

मूलम्——सारस्सय माइच्चा वण्हि वरुण गद्दतोय तुसिआ य ।
अव्वाबाह अग्गिव्वा, रिट्ठा बोहिंति जिणनाहे ॥ १४३ ॥

छाया——सारस्वता आदित्या–वाह्नवरुणगदतोयतुषिताश्च ।
अव्याबाधाऽऽग्नेया–रिष्टा बोधन्ति जिननाथान् ॥१४३॥

ભાવાર્થ—અર્ચિષ્ વિમાનમાં સારસ્વત નામે દેવો રહે છે. (૧) અર્ચિષ્માળીવિમાનમાં આદિત્ય નામે દેવો રહે છે. (૨) વૈરોચન નામે વિમાનમાં વન્હિનામે દેવ રહે છે. (૩) પ્રભંકર વિમાનમાં વરૂણ દેવો રહે છે. (૪) ચંદ્રાભ વિમાનમાં ગર્દતોયનામે દેવો રહે છે, (૫) સૂર્યાભ વિમાનમાં તુષિતનામેદેવ રહે છે (૬) શુક્રાભ નામે વિમાનમાં અવ્યાબાધનામે દેવ રહે છે. (૭) સુપ્રતિષ્ઠવિમાનમાં અગ્નેય નામેદેવોરહે છે. (૮) રિષ્ટનામે દેવો રહે છે. (૯) આ સર્વ દેવો દીક્ષા સમયે તીર્થંકરોને બોધ આપે છે કે હે ભદ્રભાવવાળા જિનેશ્વરો. તમારો જય થાઓ જય થાઓ, એમ આશીષ્ પૂર્વક હે ભગવન્! આપ તીર્થપ્રવર્ત્તાવો એમ પ્રભુને વિનંતિ કરે છે.

લોકાંતિક દેવ નામે સત્તાવનમું સ્થાનક સંપૂર્ણ(૫૭)

હવે જિનેશ્વરોનું સાંવત્સરિક દાન કહે છે.

मूलम्—दिणि दिंति जिणा कणगेगकोडि, अड लक्ख पायरासं जा।
तं कोडितिसय अडसी, असोइलक्खा हवइ वरिसे ॥१४४॥

छाया—दिने ददति जिनाः कनकैककोटयष्टलक्षाः प्रातराशं यावत्।
तत्कोटित्रिशतमष्टाशीतिरशीतिलक्षा भवति वर्षे ॥१४४॥

ભાવાર્થ—દરેક જીનેશ્વરો એક દિવસમાં પ્રભાતના પ્રથમ પ્રહરમાં એક કરોડ અને આઠ લાખ સુવર્ણમુદ્રાઓનું દાન કરે છે તે દાન એક વરસ સુધી આપે છે. તેનું પ્રમાણ એકંદર એક વરસમાં ત્રણસો અઠાશી કરોડ અઠયાસી લાખ (૩૮૮૮૦૦૦૦૦૦) થાય છે. ॥ ૧૪૪ ॥

" तिन्नेव य कोडिसया, अट्ठासी अं च हुंति कोडीओ ॥
असियं च सयसहस्सा, एअं संवच्छरे दिन्नं ॥ १ ॥ "
સાંવત્સારિક દાન નામે અઠાવનમું સ્થાન (૫૮) સમાપ્ત.
દીક્ષાકલ્યાણકના માસાદિ નક્ષત્ર અને રાશિઓ કહે છે.

मूलम्--जम्मं व मासपक्खा, नवरं सुवयस्स सुद्धफग्गुणिओ ।
नमिवीराण वयंमी, कसिणा आसाढमग्गसिरा ॥१४५॥

छाया—जन्मवन्मासपक्षाः-परन्तु सुव्रतस्यशुद्धफाल्गुनिकः ।
नमिवीरयोर्व्रते, कृष्णावाषाढमार्गशीर्षौं ॥ १४५ ॥

ભાવાર્થ-સર્વ જિનેશ્વરોના જન્મ કલ્યાણકમાં જે માસ અને પક્ષ કહ્યા તેજ પ્રમાણે દીક્ષા કલ્યાણકમાં પણ માસ તથા પક્ષ જાણવા. વિશેષ માત્ર એટલોજ કે શ્રી નામિનાથના દીક્ષા કલ્યાણકમાં અષાઢ કૃષ્ણપક્ષ અને મહાવીર સ્વામીના દીક્ષા કલ્યાણકમાં માર્ગશીર્ષ કૃષ્ણ પક્ષ જાણવો.

मूलम्—अट्ठमि १ नवमी २ पुन्निम ३ दुदसि ४ नवमि ५
तेरसी तिगं ८ छट्ठी ९ । बारसि १० तेरसि ११ पनरसि
१२, चउत्थि १३ चउदसि अ १४ तेरसीआ १५॥१४६॥
चउदसि १६ पंचमि १७ गारसि १९ बारसि अ २०
नवमि २१ छट्ठी अ २२ । एगारसि २३ दसमि २४ तिहि,
वयंमि उडुरासिपुव्वं व ॥ १४७ ॥

छाया—अष्टमी नवमी पूर्णिमा, द्वादशी नवमी त्रयोदशी त्रि-
कं षष्ठी । द्वादशी त्रयोदशी पञ्चदशी, चतुर्थी चतुर्दशी-

च त्रयोदशी ॥ १४६ ॥ चतुर्दशीपञ्चम्येकादशी, द्वादशी च नवमी षष्ठी च । एकादशी दशमी तिथि-र्व्रतउडुराशयः-पूर्वमिव ॥ १४७ ॥

ભાવાર્થ--ઋષભદેવના દીક્ષા કલ્યાણકમાં અષ્ટમી તિથિ (૧) અજીતનાથની નવમી તિથિ (૨) સંભવનાથની પુનમ-પૂર્ણિમા (૩) અભિનંદનની બારશ (૪) સુમતિનાથની નવમી (૫) પદ્મપ્રભસ્વામી સુપાર્શ્વનાથ, અને ચંદ્રપ્રભ એ ત્રણની તેરસ (૬-૭-૮) સુવિધિનાથની છઠ (૯) શીતલનાથની બારશ (૧૦) શ્રી શ્રેયાંશનાથની તેરશ (૧૧) વાસુપૂજ્યની પૂર્ણિમા (૧૨) વિમલનાથની ચોથ (૧૩) અનંતનાથની ચૌદશ (૧૪) શ્રી ધર્મનાથની તેરશ, (૧૫) શ્રી શાંતિનાથની ચૌદશ (૧૬) શ્રી કુંથુનાથની પંચમી (૧૭) શ્રી અરનાની અગીયારશ (૧૮) શ્રી મલ્લીનાથની અગીયારશ (૧૯) શ્રી મુનિસુવ્રતની બારશ (૨૦) શ્રી નમિનાથની નવમી (૨૧) શ્રી નેમિનાથની છઠ (૨૨) શ્રી પાર્શ્વનાથની એકાદશી (૨૩) શ્રી મહાવીર સ્વામીની દશમ, આ પ્રમાણે દીક્ષા કલ્યાણકની તિથિઓ જાણવી. નક્ષત્ર તથા રાશિઓ ચ્યવન સમયમાં જે કહેલો છે તે અહિં તણ જાણવી. વ્રત માસાદિ (૫૯) વ્રત નક્ષત્ર (૬૦) અને વ્રતની રાશિઓ (૬૧) એ ત્રણ સ્થાંનક સંપૂર્ણ.

હવે વ્રતગ્રહણ સંબંધી વય-અવસ્થા જણાવે છે.

मूलम्—कुमरत्ते [illegible] पवए, वसुपुज्जो मल्लि नेमि पासो य । वीरो वि अ पव्वइया, सेसा पच्छिमवयंमि पिवा ॥ १४८ ॥

छाया—कुमरत्वे प्रथमवयसि, वासुपूज्योमल्लिनेमीप ार्श्वश्च ।
वीरोऽपि च प्रव्रजिताः, शेषाः पश्चिमवयसि नृपाः ॥१४८॥

ભાવાર્થ—વાસુપૂજ્ય નેમિનાથ, મલ્લિનાથ, નેમિનાથ પાર્શ્વનાથ અને શ્રી મહાવીર સ્વામી એ પાંચ તીર્થંકરોએ કુમાર અવસ્થા-રાજ્ય ભોગવ્યા વિના જ પ્રથમ વયમાં દિક્ષા લીધી છે. બાકીના ઓગણીશ જીનેંદ્રોજ રાજ્ય ભોગવીને દીક્ષા ગ્રહણ કરી. વ્રત વય (૬૨) સ્થાનક (૧૪૮)

मूलम्—सुमइस्स निच्चभत्तं, मल्लीपासाण अट्ठमो आसि ।
वसुपुज्जस्स चउत्थं, वयंमि सेसाण छट्ठतवो ॥ १४९ ॥

छाया—सुमतेर्नित्यभक्तं, मल्लिपार्श्वयोरष्टममासीत् ।
वासुपूज्यस्य चतुर्थं, व्रते शेषाणां षष्ठतपः ॥ १४९ ॥

ભાવાર્થ—શ્રી સુમતિનાથને વ્રત સમયે નિત્યભક્ત-ભોજન હતું. શ્રી મલ્લીનાથ અને પાર્શ્વનાથને અઠ્ઠમ તપ હતું, અને બાકીના વીશ તીર્થંકરોએ વ્રત વિષે છઠ તપ કર્યું હતું. વ્રત તપ નામે (૬૩) મું સ્થાનક સમાપ્ત ॥૧૪૯॥

વ્રતમહોત્સવકલ્યાણકમાં શિબિકાઓનાં નામ કહે છે.

मूलम्—सिबिया सुदंसणा सुप्पभा य सिद्धत्थ अत्थसिद्धा य ।
अभयंकरा य निव्वुइकरा, मणोहर मणोरमिया ॥ १५० ॥
सूरपहा सुक्कपहा, विमलपहा पुहवि देवदिन्ना य ।
सागरदत्ता तह नागदत्त सव्वठ्ठ विजया य ॥ १५१ ॥
तह वेजयंतिनामा, जयंति अपराजिया य देवकुरू ।
बारवइ अ विसाला, चंदपहा नरसहसकुम्भा ॥ १५२ ॥

छाया—शिबिका सुदर्शना सुप्रभा च सिद्धार्थाऽर्थसिद्धा च ।
अभयङ्करा च निवृत्तिकरी मनोहरा मनोरमिका च ॥१५०।
सूरप्रभा शुक्रप्रभा, विमलप्रभा पृथ्वी देवदिन्ना च ।
सागरदत्ता तथा नागदत्ता सर्वार्था विजया च ॥१५१॥
तथा वैयन्ती नामा, जयन्त्यपराजिता च देवकुरुः ।
द्वारवती च विशाला, चन्द्रप्रभा नरसहस्त्रोह्याः ॥ १५२ ॥

ભાવાર્થ—શ્રી ઋષભદેવની શિબિકા સુદર્શના, (૧) શ્રી અજીતનાથની શિબિકા સુપ્રભા (૨) સંભવનાથની સિદ્ધાર્થા (૩) અભિનંદનની અર્થસિદ્ધા (૪) સુમતિનાથની અભયંકરા (૫) પદ્મપ્રભની નિવૃત્તિકરા (૬) સુપાર્શ્વનાથની મનોહરા (૭) ચંદ્રપ્રભની મનોરમિકા (૮) સુવિધિનાથની સૂર પ્રભા, (૯) શીતલનાથની શુક્રપ્રભા (૧૦) શ્રી શ્રેયાંસનાથની વિમલપ્રભા (૧૧) વાસુપૂજ્યની પૃથ્વી નામે શીબિકા (૧૨) શ્રી વિમલનાથની દેવદિન્ના (૧૩) શ્રી અનંતનાથની સાગરદત્તા (૧૪) શ્રી ધર્મનાથની નાગદત્તા (૧૫) શ્રી શાંતિનાથની સર્વાર્થા (૧૬) શ્રી કુંથુનાથની વિજયા શિબિકા (૧૭) શ્રી અરનાથની વૈજયંતી (૧૮) શ્રી મલ્લીનાથની જયંતી (૧૯) મુનિ સુવ્રત સ્વામીની અપરાજીતા (૨૦) શ્રી નમિનાથની દેવકુરૂ (૨૧) શ્રી નેમિનાથની દ્વારવતી (૨૨) શ્રી પાર્શ્વનાથની વિશાલા (૨૩) શ્રી વર્ધમાન સ્વામીની ચંદ્ર પ્રભા શિબિકા આ શિબિકાઓ પ્રભુના દીક્ષા મહોત્સવ સમયે હજાર પુરૂષો ઉપાડે છે. વ્રતશિબિકા નામે (૬૪) મું સ્થાનક. સંપૂર્ણ.

હવે વ્રત સમયે સર્વ જીનેશ્વરોની સાથે દીક્ષા લેનાર પરિવારને કહે છે.

मुलम—वसुपुज्जो छसयजुओ, मल्ली पासो अ नरतिसयसहिया
चउसहसजुओ उसहो, इगु वीरो सेस सहसजुया ॥१५३॥

छाया—बासुपूज्यः षट्शतयुतो-मल्लिःपार्श्वश्चनरत्रिशतसहितः
चतुःसहस्त्रयुतऋषभ-एकोवीरःशेषाःसहस्त्रयुताः ॥१५३॥

ભાવાર્થ—શ્રી વાસુપૂજ્ય તીર્થંકરે છસો પુરૂષોની સાથે દીક્ષા લીધી. મલ્લીનાથ અને પાર્શ્વનાથ ભગવાને ત્રણસો પુરૂષો સાથે દીક્ષા લીધી. શ્રી ઋષભદેવ ભગવાને ચાર હજાર પુરૂષો સાથે દીક્ષા લીધી. ચરમ તીર્થંકર શ્રી મહાવીર દેવે એકાકીપણે વ્રત ગ્રહણ કર્યું હતું. અન્ય પરિવાર સાથે નહોતો. બાકીના ઓગણીશ તીર્થંકરોએ એકેક હજાર પુરૂષ પરિવાર સાથે દીક્ષા અંગિકાર કરી. ॥૧૫૩॥ વ્રતપરિવાર (૬૫) મું સ્થાનક.

હવે દીક્ષા મહોત્સવનાં નગર તથા વૃક્ષોનાં નામ અને વ્રતલોચમુષ્ઠિ કહે છે.

मुलम—नेमी बारवईए, सेसा जम्मणपुरीसु पव्वइआ ।
सिद्धत्थवणे उसहो, विहारगेहंमि वसुपुज्जो ॥ १५८ ॥
तह वप्पगाइ धम्मो, नीलगुहाए अ सुव्वयजिणिंदो ।
पासो अ आसमपए, वीरजिणो नायसंडंमि ॥ १५५ ॥
सेसा सहसंबवणे, निक्खंता, सोगतरुतले सव्वे ।
कयपंचमुट्ठिलोआ, उसहो चउमुट्ठिकयलोओ ॥१५६॥

छाया—नेमिर्द्वारवत्यां, शेषा जन्मपुरीषु प्रव्रजिताः ।
सिद्धार्थवने ऋषभो–विहारगेहे वासुपूज्यः ॥ १५४ ॥
तथा वप्रगायां धर्मो–नीलगुहायाश्च सुव्रतजिनेन्द्रः ।
पार्श्वश्चाश्रमपदे, वीरजिनो ज्ञात खण्डे ॥ १५५ ॥
शेषाः सहस्राम्रवने, निष्क्रान्ता अशोकतरुतले सर्वे ।
कृतपञ्चमुष्टिलोचा–ऋषभश्चतुर्मुष्टिकृतलोचः ॥ १५६ ॥

ભાવાર્થ—નેમિનાથ ભગવાને દ્વારવતિ–દ્વારકા નગરીમાં દીક્ષા લીધી. અને બાકીના ત્રેવીશ તીર્થંકરોએ જન્મ નગરીઓમાં વ્રત ગ્રહણ કર્યું. તેમ જ ઋષભદેવ ભગવાન સિદ્ધાર્થ વનમાં વ્રતધારી થયા. શ્રી વાસુપૂજ્ય સ્વામી વિહારગેહ નામે વનમાં દીક્ષા લીધી. શ્રી ધર્મનાથ પ્રભુ વપ્રગા નામે વનમાં, શ્રી મુનિસુવ્રત સ્વામી નીલગુહા નામે વનમાં, શ્રી પાર્શ્વનાથ પ્રભુ આશ્રમપદ નામે વનમાં અને બાકીના અઢાર જીનેંદ્રો સહસ્રામ્ર વનમાં દીક્ષિત થયા. અને મહાવીર પ્રભુ જ્ઞાતખંડ નામ વનમાં દીક્ષા લીધી. સર્વ જીનેશ્વરોએ અશોક વૃક્ષ નીચે દીક્ષા લીધી હતી. વળી શ્રી ઋષભદેવ ભગવાને નિષ્ક્રમણ (વ્રત) સમયે ચાર મુષ્ટીઓથી લોચ કર્યો છે અને બાકીના ત્રેવીશ તીર્થંકરોએ પંચ મુષ્ટી લોચ કર્યો છે. વ્રત સંબંધી નગરો (૬૬) વ્રત સંબંધી વન (૬૭) વ્રત સંબંધી વૃક્ષો (૬૮) વ્રત સંબંધી લોચ મુષ્ટીઓ (૬૯) મું સ્થાન સમાપ્ત. ॥ ૧૫૬ ॥

હવે વ્રત સંબંધી વેલા અને વ્રત સંબંધી જ્ઞાન કહે છે.

मूलम्—सुमईसिअंसमल्लीनेमीपासाण दिक्ख पुव्वण्हे ।
सेसाण पच्छिमण्हे, जायं च चउत्थमणनाणं ॥ १५७ ॥
છાયા—"सुमतिश्रेयांसमल्लिनेमिपार्श्वानां दीक्षा पूर्वाह्णे ।
शेषाणांपश्चिमाह्णे, जातं च चतुर्थमनो ज्ञानम् ॥ १५७ ॥

ભાવાર્થ—સુમતિનાથ, શ્રેયાંસનાથ, મલ્લીનાથ, નેમિનાથ અને પાર્શ્વનાથ ભગવાનની દીક્ષા દિવસના પૂર્વભાગમાં અને બાકીના ઓગણીશ તીર્થંકરોની દીક્ષા અપરાણ્હ કાળમાં થઇ હતી. તેમજ દીક્ષા સમયે સર્વ જિનવરોને ચોથું મનઃ પર્યવ જ્ઞાન થયું હતું. વ્રત વેલા વ્રતજ્ઞાન (૭૧) મું સમાપ્ત.

હવે દૂષ્ય અને દેવ દૂષ્યની સ્થિતિ કહે છે.

मूलम्—सक्को अ लक्खमुल्लं, सुरदूसं ठवइ सव्वजिण खंधे ।
वीरस्स वरिसमहियं, सयावि सेसाण तस्स ठिई॥१५८॥
છાયા—शक्रश्च लक्षमूल्यं, सुरदूष्यं, स्थापयति सर्वजिनस्कन्धे ।
वीरस्य वर्षमधिकं, सदापि शेषाणां तस्यस्थितिः ॥१५८॥

ભાવાર્થ—દીક્ષા સમયે સર્વ જિનેશ્વરોના સ્કંધ (ખભા) ઉપર સૌધર્મેન્દ્ર લક્ષ સોનૈયાની કિંમતવાળું દેવ દૂષ્ય (વસ્ત્ર) ને સ્થાપન કરે છે. તે દેવ દૂષ્યની સ્થિતિ શ્રી મહાવીર સ્વામીને એક માસ અધિક એક વર્ષ સુધી અને બાકીનાં તેવીશ તીર્થંકરોને સદાકાળ-મોક્ષે ગયા ત્યાં સુધી દેવ દૂષ્ય (વસ્ત્રની) સ્થિતિ જાણવી.

(१) संवच्छरं साहिअं मासं चीवरधारीहोत्था," इतिकल्पसू टीकायाम् ॥

દેવ દૂષ્ય સ્થાપના (૭૨) અને તેની સ્થિતિ (૭૩) મું સ્થાનક ॥ સંપૂર્ણ

હવે જિનેશ્વરોના પારણા સમયે દ્રવ્ય અને તેનો સમય કહે છે.

मूलम्—उसहस्स य इक्खुरसो, सेसाणं पारणंमि परमन्नं ।
तं वरिसेणुसहस्स य, सेसजिणाणं तु बीअदिणे ॥ १५९ ॥

छाया—ऋषभस्यचेक्षुरसः, शेषाणांपारणे परमान्नम् ।
तद्वर्षेणर्षभस्य च, शेषजिनानान्तु द्वितीयदिने ॥१५९॥

ભાવાર્થ—શ્રી ઋષભદેવ ભગવાનના પ્રથમ પારણામાં ઇક્ષુ (શેરડીનો રસ જાણવો. અને બાકીના અજીતાદિ તેવીશ તીર્થંકરોનાં પારણામાં પરમાન્ન (ક્ષીર) હોય છે એમ જાણવું. તે પારણું ઋષભદેવ ભગવાને એક વર્ષની અંતે કર્યું હતું. અને બાકીનાં તીર્થંકરોએ બીજે દિવસે કર્યું હતું. પ્રથમ પારણાનાં દ્રવ્ય (૭૪) અને પ્રથમ પારણાનો સમય નિર્ણય (૭૫) આ બે સ્થાનક સમાપ્ત.

હવે જીનેંદ્રોના પારણાં ક્યા નગરમાં થયાં તેનાં નામ બતાવે છે.

मूलम्-हत्थिणपुरं अउज्झा, सावत्थी तह अउज्झ विजयपुरं ।
बंभत्थलं च पाडलिसंडं तह पउमसंडं च ॥ १६० ॥
सेअपुरं रिठ्ठपुरं, सिद्धत्थ महापुरं च धन्नकडं ।
तह वद्धमाण सोमणस, मंदिरं चेव चक्कपुरं ॥ १६१ ॥
रायपुरं तह मिहिला, रायगिहं तह य होइ-वीरपुरं ।
बारवई कोयकडं, कुल्लागं पारणपुराई ॥ १६२ ॥

छाया--हस्तिनापुरमयोध्या, श्रावस्तीतथाऽयोध्याविजयपूरम्।

ब्रह्मस्थलं पाटलिखण्डं, तथा पद्मखण्डञ्च ॥ १६० ॥

श्वेतपुरंरिष्टपुरं, सिद्धार्थमहापुरं च धान्यकडम् ।

तथा वर्द्धमानसौमनस्यं, मन्दिरं चैव चक्रपुरम् ॥१३१॥

राजपुरं तथा मिथिला, राजगृहं तथा च भवति वीरपुरम् ।

द्वारवती कोपकटं, कुल्लागं पारणपुराणि ॥ १६२ ॥

ભાવાર્થ--શ્રી ઋષભદેવનું પારણું હસ્તિનાપુરમાં થયું (૧) અને અજીતનાથનું અયોધ્યામાં (૨) સંભવનાથનું શ્રાવસ્તી નગરીમા (૩) શ્રી અભિનંદનું અયોધ્યા નગરીમાં (૪) સુમતિ નાથનું વિજયપુરમાં (૫) પદ્મપ્રભસ્વામીનું બ્રહ્મસ્થળમાં (૬) સુપાર્શ્વનાથનું પાટલીખંડ નગરમાં (૭) ચંદ્રપ્રભનું પદ્મખંડમાં (૮) સુવિધિનાથનું શ્વેતપુરમાં, (૯) શ્રી શીતલનાથનું રિષ્ટપુરમાં (૧૦) શ્રેયાંસનાથનુ પારણું સિદ્ધાર્થપુરમાં (૧૧) વાસુપૂજ્યનું મહાપુરમાં (૧૨) શ્રી વિમલનાથનું ધાન્યકટકમાં (૧૩) શ્રી અનંતનાથનું વર્દ્ધમાનપુરમાં (૧૪) શ્રી ધર્મનાથનું સૌમનસપુરમાં (૧૫) શ્રી શાંતિનાથનું મંદિરપુરમાં (૧૬) શ્રી કુંથુનાથનું ચક્રપુરમાં (૧૭) શ્રી અરનાથનું રાજપુર નગરમાં (૧૮) શ્રી મલ્લીનાથનું મિથિલા નગરીમાં (૧૯) શ્રી મુનિસુવ્રત સ્વામીનું રાજગહ નગરમ! (૨૦) શ્રી નમિ નાથનું વીરપુરમાં (૨૧) શ્રો નેમિનાથનું દ્વારકા નગરીમાં (૨૨) શ્રીપાર્શ્વનાથનું કોપકટકનગરમાં (૨૩) શ્રીમહાવીર ભગવાનનું કોલ્લાક સંનિવેશમાં ઉપર કહેલા નગરોમાં સર્વ

જીનેશ્વરોનાં પારણાં થયાં હતાં. પારણકનગર નામે (૭૬) મું સ્થાનક સમાપ્ત ॥

હવે જીનેશ્વરોને પ્રથમ ભિક્ષા આપનારનાં નામ કહે છે–

मूलम्—सिज्जंस बंभदत्तो, सुरिंददत्तो अइंददत्तो अ।
पउमो अ सोमदेवो, महिंद तह सोमदत्तो अ ॥ १६३ ॥
पुस्सो पुणवसू तह, नंद सुनंदो जओ अ विजओ अ।
तत्तो अ धम्मसीहो, सुमित्त तह वग्घसीहो अ ॥ १६४ ॥
अवराइअ विससेणो, अ वंभदत्तो अ दिन्न वरदिन्नो।
धन्नो बहुलो अ इमे, पढमजिणभिक्खदायारो ॥१६५॥

छाया—श्रेयांसोब्रह्मदत्तः, सुरेन्द्रदत्तश्चेन्द्रदत्तश्च।
पद्मश्चसोमदेवो–महेन्द्रस्तथासोमदत्तश्च ॥ १६३ ॥
पुष्यः पुनर्वसुस्तथा, नन्दसुनन्दौ जयश्चविजयश्च।
ततश्चधर्मसिंहः, सुमित्रस्तथा व्याघ्रसिंहश्च ॥ १६४ ॥
अपराजितोविश्वसेनश्च, ब्रह्मदत्तश्च दिन्नवरदिन्नौ।
धन्योबहुलश्चेमे, प्रथमाभिक्षादातारः ॥ १६५ ॥

ભાવાર્થ–પ્રથમ શ્રીઋષભદેવ ભગવાનને પારણું કરાવનાર

શ્રેયાંસકુમાર, (૧) શ્રી અજીતનાથને પ્રથમ પારણે ભિક્ષા દાતા બ્રહ્મદત્ત (૨) શ્રી સંભવનાથને સુરેંદ્રદત્ત (૩) શ્રી અભિનંદનદેવને ઇંદ્રદત્ત (૪) શ્રી સુમતિનાથને પદ્મ (૫) પદ્મપ્રભને સોમદેવ (૬) સુપાર્શ્વનાથને મહેંદ્ર ( ) ચંદ્રપ્રભને સોમદત્ત (૮) સુવિધનાથને પુષ્પ (૯) શ્રી શીતલનાથને પુનર્વસુ (૧૦) શ્રી શ્રેયાંસનાથને નંદ (૧૧) બારમા

વાસુપૂજ્યને સુનંદ (૧૨) શ્રી વિમલનાથને જય (૧૩) શ્રી અનંતનાથને વિજય (૧૪) પંદરમા શ્રી ધર્મનાથ સ્વામીને ધર્મસિંહ (૧૫) શ્રી શાંતિનાથને સુમિત્ર (૧૬) શ્રી કુંથુનાથને વ્યાઘ્રસિંહ (૧૭) શ્રી અરનાથને અપરાજીત (૧૮) ઓગણીસમા શ્રી મલ્લિનાથને વિશ્વસેન (૧૯) શ્રી મુનિસુવ્રત સ્વામીને બ્રહ્મદત્ત (૨૦) શ્રી નમિનાથને દિન્ન (૨૧) શ્રી નેમિનાથને વરદિન્ન (૨૨) શ્રી પાર્શ્વનાથને ધન્ય નામે વણિક્ (૨૩) ચોવીસમા મહાવીર સ્વામીને બહુલ બ્રાહ્મણ એ પ્રમાણે ચોવીસ તીર્થંકરો ને પ્રથમ પારણે ભિક્ષા આપનાર જાણવા ॥૧૬૩॥૧૬૪॥૧૬૫॥ પ્રથમ ભિક્ષાદાતૃનામ (૭૭) સીતોતરમું સ્થાનક સંપૂર્ણ.

હવે તે ભિક્ષા આપનારની ગતિ કહે છે.

मूलम्—अट्ठ य तब्भवसिद्धा, सेसा तम्मि उ भवे व तइए वा।
सिज्झिस्संति सगासे, जिणाण पडिवन्नपवज्जा ॥१६६॥

छाया—अष्टौ च तद्भवसिद्धाः, शेषास्तस्मिन्नेवभवे तृतीये वा।
सेत्स्यन्ति सकाशे, जिनानां प्रतिपन्नप्रव्रज्याः ॥१६६॥

ભાવાર્થ—ઋષભાદિ આઠ જીનવરોને પ્રથમ ભિક્ષા આપનારા આઠભવ્યાત્માઓ તેજ ભવમાં મોક્ષે ગયા. બાકીના નવમા સુવિધિનાથથી આરંભી સોળ જીનવરોને પ્રથમ ભિક્ષા દાતા સોળ ભવ્યાત્માઓ તેજભવમાં અથવા ત્રીજા ભવમાં જીનવરોની પાસે ચારિત્ર અંગીકાર કરી મોક્ષે ગયા વા જશે. ॥૧૬૬॥ એ પ્રમાણે પ્રથમ ભિક્ષાદાતૃગતિ (૭૮) મું સ્થાનક

સંપુર્ણ થયું ॥ હવે ભિક્ષાદાન સમયે પંચ દીવ્ય પ્રગટ થયાં તથા વસુધારા વૃષ્ટિ જણાવે છે--

मूलम्-पण दिव्वा जलकुसुमाण, वुट्ठि वसुहार चेलउक्खेवो ।
दुंदुहिझुणी सुराणं, अहो सुदाणं ति घोसणया ॥१६७॥

छाया-पञ्चदिव्यानि जलकुसुमानांवृष्टि-र्वसुधाराचेलोत्क्षेपः ।
दुन्दुभिर्ध्वनिः सुराणा,-महो!सुदानं त्रिघोषणया ॥१६७॥

**ભાવાર્થ**--જીનવરોને ભિક્ષાદાન સમયે દાન આપનારના ઘેર પાચ દિવ્ય પ્રગટ થાય છે. તે નીચે મુજબ જલ અને પુષ્પોની વૃષ્ટિ (૧) વસુધરા-સાડા બાર કરોડ સોનૈયાની વૃષ્ટિ (૨)ચેલ-વસ્ત્ર વૃષ્ટિ (૩) દેવોએ કરેલો દુંદુંભી નાદ (૪) " અહો ? સુદાન " એ પ્રમાણે દેવોએ ત્રણવાર ઘોષણા કરે છે. ॥૧૬૮॥ ઇતિ પ્રથમ ભિક્ષા દિવ્યનામે (૭૯) ઓગણાશીમું સ્થાનક સંપુર્ણ.

હવે વસુધારાનું પ્રમાણ કહે છે.

मूलम्—सड्ढदुवालसकोडी-सुवन्नवुट्ठी य होइ उक्कोसा ।
लक्खा सड्ढदुवालस, जहन्निया होइवसुहारा ॥१६८॥

छाया-सार्द्धद्वादशकोटी,-सुवर्णवृष्टिश्च भवत्युत्कृष्टा ।
लक्षाः सार्द्धद्वादश, जघन्यका भवति वसुधारा ॥१६८॥

**ભાવાર્થ**—ઉત્કૃષ્ટથી સાડા બાર કરોડ સુવર્ણની વૃષ્ટિ હોય છે અને જઘન્યથી સાડા બાર લાખ સુવર્ણ વૃષ્ટિ હોય છે. આ પ્રમાણે વસુધરાનું પ્રમાણ કહ્યું છે. ॥૧૬૮॥ વસુધારા પ્રમાણ નામ (૮૦) સ્થાનક. સંપુર્ણ.

હવે જીનવરોના તીર્થોમાં ઉત્કષ્ટ તપ કહે છે.

मूलम्-बार ह छमास तवो, गुरु आइमज्झचरिमतित्थेसु ।
तेसि बहुभिग्गहा दव्वमाइ वीरस्सिमे अहिआ ॥१६९॥

छाया-द्वादशाऽष्टषट्मासास्तपोगुर्वादि मध्यम चरमतीर्थेषु ।
तेषांबह्वभिग्रहा द्रव्यादयोवीरस्येमेऽधिकाः ॥१६९॥

ભાવાર્થ—આદિ તીર્થંકર શ્રી ઋષભદેવના તીર્થમાં ઉત્કૃષ્ટતપ બારમાસ ( વાર્ષિક તપ ) મધ્યમ એટલે અજીતનાથથી આરંભી શ્રી પાર્શ્વનાથ સુધી બાવીશ તીર્થંકરોનાતીર્થોમાં ઉત્કૃષ્ટ તપ આઠમાસનું જાણવું. અને શ્રી મહાવીર દેવના તીર્થમાં ઉત્કૃષ્ટ તપ છ માસનું જાણવું. તીર્થોત્કૃષ્ટ તપ (૮૧)મું સ્થાનક સંપૂર્ણ તેમજ તે ચોવીસ તીર્થંકરોએ કરેલા અભિગ્રહો દ્રવ્ય, ક્ષેત્ર કાલ અને ભાવની અપેક્ષાએ બહુ પ્રકારના જાણવા અને શ્રી મહાવીર દેવે કરેલા અભિગ્રહો તો તેથી અધિક છે તે આગળની ગાથામાં કહેવાશે. ॥૧૬૯॥

मूलम्-अचियत्तुग्गहनिवसण, निच्चं वोसट्ठकाय मोणेणं ।
पाणीपत्तं गिहिवंदणं, अभिग्गहपणगमेअं ॥१७०॥

छाया-अप्रीतिमद्गृहनिवसनं, नित्यं व्युत्सृष्टकायमौनेन ।
पाणिपात्रंगृहिवन्दन-मभिग्रहपञ्चकमेतत् ॥१७०॥

ભાવાર્થ—અપ્રીતિવાળા એટલે જેના આવાસમાં રહેવાથી સ્હામાને અપ્રીતિ થાય તેવા ગૃહસ્થના ઘેર

(ઉપાશ્રય) માં મ્હારે નિવાસ કરવો નહીં. [૧] હમેશાં કાયાને વોસરાવી-શરીર સંબંધી મમત્વનો ત્યાગ કરી અપ્રતિબદ્ધ વિહાર કરવો [૨] તેમજ મૌનપણું ધારણ કરી આત્મ ધ્યાનમાં સ્થિર રહેવું. [૩] પોતાના હસ્ત (હાથ) રૂપ પાત્રમાં આહાર લેવો, અર્થાત્ અન્ય પાત્રનો સર્વથા ત્યાગ [૪] ગૃહસ્થનો અભ્યુત્થાનાદિ વિનય-સત્કાર કરવો નહી (૫) આ પાંચ અભિગ્રહ શ્રી મહાવીર સ્વામીના બીજા તીર્થંકરોથી અધિક જાણવા. ॥ ૧૭૦ ॥

~~અભિગ્રહ નામે (૮૨) મું સ્થાનક સંપૂર્ણ.~~

હવે જીનેશ્વરોની વિહાર ભૂમિ કહે છે.

मूलम्–आरियमणारिएसुं, पढमस्स य नेमिपासचरिमाणं ।
सेसाण आरिएसुं, छउमत्थत्ते विहारो अ ॥१७१॥

छाया–आर्याऽनार्येषु, प्रथमस्य च नेमिपार्श्वचरिमाणाम् ।
शेषाणामार्येषु, छद्मस्थत्वे विहारश्च ॥१७१॥

**ભાવાર્થ**—પહેલા શ્રી ઋષભદેવ ભગવાન. શ્રી નેમિનાથ, શ્રી પાર્શ્વનાથ અને ચરમ-છેલ્લા ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર દેવનો વિહાર આર્ય તથા અનાર્ય દેશોમાં થયો હતો. અને બાકીના વીશ [૨૦] તીર્થંકરોએ આર્ય દેશોમાંજ વિહાર કર્યો હતો એમ જાણવું. આ વિહાર છદ્મસ્થપણામાં જાણવો. કેવલ જ્ઞાન થયા પછી નહી. ॥૧૭૧॥
ઇતિ વિહાર ભૂમિ સ્થાનક [૮૩] મું સંપૂર્ણ.

હવે સર્વ જીનવરોના છદ્મસ્થપણામાં કાળનું માન કહે છે.

मूलम्–वाससहस्सं १ बारस २ चउदस ३ अट्ठार ४ वीस ५ वरिसाइं । मासा छ ६ नव ७ तिन्नि अ ८, चउ ९ तिग १० दुग ११ मिक्कग १२ दुगं च ॥१७२॥ ति १४ दु १५ इक्कग १६ सोलसगं १७, वासा तिन्नि अ १८ तहेव होरत्तं १९ । मासेक्कारस २० नवगं २१, चउपन्न दिणाइ २२ चुलसीई २३ ॥१७३॥ पक्खहियसड्ढ बारस २४, वासा छउमत्थकालपरिमाणं। उग्गं च तवोकम्मं, विसेसओ वद्धमाणस्स ॥१७४॥

छाया–वर्षसहस्रं द्वादश–चतुर्दशाऽष्टादशविंशतिर्वर्षाणि ।
मासाः षण्णवत्रयश्च, चतुस्त्रिकद्विकमेकद्विकंच ॥१७२॥
त्रिद्व्येकानिषोडश–वर्षाणि त्रीणि च तथैवाहोरात्रम् ।
मासैकादशनवकं, चतुष्पञ्चाशद्दिनान्यशीतिः ॥१७३॥
पक्षाधिकसार्द्धद्वादश,–वर्षाणिच्छद्मस्थकालपरिमाणम् ।
उग्रं च तपः कर्म, विशेषतो वर्द्धमानस्य ॥१७४॥

**ભાવાર્થ**—ઋષભદેવ ભગવાનનો એક હજાર વર્ષ છદ્મસ્થપણાનો કાળ જાણવો (૧) શ્રી અજીતનાથનો બાર વર્ષ સુધી જાણવો (૨) શ્રી સંભવનાથનો ચૌદ વર્ષ (૩) શ્રી અભિનંદનનો અઢાર વર્ષ (૪) શ્રી સુમતિનાથનો વીસ વર્ષ (૫) પદ્મપ્રભ સ્વામીનો (૬) માસ, સુપાર્શ્વનાથનો નવ [૯] માસ.

ચંદ્રપ્રભનો ત્રણ માસ (૮) શ્રી સુવિધિનાથનો ચાર માસ (૯) શ્રી શીતલનાથનો ત્રણ માસ (૧૦) શ્રી શ્રેયાંસનાથનો છદ્મસ્થ સમય બે માસ (૧૧) શ્રી વાસુપૂજ્ય સ્વામીનો એક-માસ (૧૨) શ્રી વિમલનાથનો છદ્મસ્થ સમય બે માસ (૧૩) શ્રી અનંતનાથનો (૩) ત્રણ વર્ષ (૧૪) શ્રી ધર્મનાથનો બે વર્ષ [૧૫] શ્રી શાન્તીનાથનો (૧) એક વર્ષ (૧૬) શ્રી કુંથુનાથનો સોળ વર્ષ (૧૭) શ્રી અરનાથનો ત્રણ વર્ષ (૧૮) શ્રી મલ્લિ-નાથનો છદ્મસ્થ કાલ અહોરાત્ર-દિવસ રાત્રિ (૧૯) શ્રી મુનિ-સુવ્રતસ્વામિનો અગીયાર માસ (૨૦) શ્રી નમિનાથનો નવ માસ નેમિનાથનો ચોપન દિવસ (૨૨) શ્રી પાર્શ્વનાથનો ચોરાશી દિવસ (૨૩) અને શ્રી મહાવીર સ્વામીનો છદ્મસ્થ સમય બાર વર્ષ અને સાડા છ માસ અધિક જાણવો. (૨૪) વળી સર્વ જીનેંદ્રોનું તપ ઉગ્ર હતું તેમાં વર્દ્ધમાન સ્વામીનું તપઃ અને કર્મ સમૂહ ઘણુંજ ઉગ્ર હતાં. ॥૧૭૨॥૧૭૩॥૧૭૪॥

નીચે પ્રમાણે શ્રી વીર ભગવાનના તપનું પ્રમાણ કહે છે.

मूलम्—वयदिणमेगं पुन्नं, छमासिअं बीअयं पणदिणूणं ।
नव चउमासिअ दु तिमासिअ अड्ढाइज्जमासिआ दुन्नि ॥ ॥१७५॥

छ दुमासिअ दु दिवड्ढयमासिअ बारस तहेगमासो अ ।
बावत्तर द्धमासिअ, पडिमा बारट्ठमेहिं च ॥ १७६ ॥

दो चउ दस खमणेहिं, निरंतरं भद्दमाइपडिमतिगं ।
दुसयगुणतीस छट्ठा, पारणया तिसयगुणवन्ना ॥१७७॥

छाया—व्रतदिनमेकंपूर्णं, षाण्मासिकं द्वितीयं पञ्चदिनोनम् ।
नव चातुर्मासिकानि द्वेत्रिमासिके सार्द्धद्विमासिके द्वे ॥१७५
षड्द्विमासिकानि द्वे सार्द्धमासिके द्वादश तथैकमासिकानि ।
द्विसप्ततिरर्द्धमासिकानि, प्रतिमाद्वादशाष्टमैश्च ॥१७६॥
द्विचतुर्दशक्षपणै—र्निरन्तरं भद्रादिप्रतिमात्रिकम् ।
द्विशतैकोनत्रिंशच्छष्ठानि, पारणकानि त्रिशतैकोनपञ्चाशत्

**ભાવાર્થ**—-શ્રી મહાવીર સ્વામીએ દીક્ષા દિવસે ચતુ-ભક્ત-ઉપવાસ કર્યો હતો. એક છ માસિક પૂર્ણ કર્યું, (૧) બીજું પાંચ દિવસ ઓછા છ માસિક (૨) નવ ચાતુર્માસિક ઉપવાસ (૩) બે ત્રૈમાસિક (૪( બે અઢી માસિક (૫) છ દ્વિમાસિક (૬) બે દોઢ માસિક (૭) બાર એક માસિક (૮) બોતેર પક્ષક્ષમણ ( અર્ધ માસક્ષમણ ) (૯) અઠ્ઠમ ભક્તવડે બાર પ્રતિમાઓ (૧૦) બે, ચાર અને દશ ઉપવાસવડે આંતરારહિત ભદ્ર, મહાભદ્ર અને સર્વતો ભદ્ર એ ત્રણ પ્રતિમાઓ અનુક્રમે વહન કરી હતી. તેમજ બસો અને ઓગણત્રીશ છઠભક્ત કર્યા હતાં, સાડાબાર વર્ષ અને પંદર દિવસમાં એકંદર ત્રણસો અને ઓગણ-પચાશ ( ૩૪૯ ) પારણા થયાં હતાં. છદ્મસ્થ કાલમાન નામે (૮૪) મું સ્થાનક સમાપ્ત ॥ ગા૦ ૧૭૭

**હવે પ્રમાદકાલ અને ઉપસર્ગોને કહે છે.**

मूलम्—वीरु १ सहाण २ पमाओ, अंतमुहुत्तं तहेव होरत्तं ।
उवसग्गा पासस्स य, वीरस्स य न उण सेसाणं ॥१७८॥

छाया—वीरर्षभयोः प्रमादो–ऽन्तर्मुहूर्तं तथैवाहोरात्रम् ।
उपसर्गाः पार्श्वस्य, वीरस्य च न पुनः शेषाणाम् ॥१७८॥

ભાવાર્થ–મહાવીર ભગવાનને છદ્મસ્થ અવસ્થામાં પ્રમાદકાળ અંતમુહૂર્ત્તનો, તેમજ ઋષભદેવ પ્રભુનો પ્રમાદ કાળ અહોરાત્રનો. બાકીના બાવીસ જીનવરોને પ્રમાદકાળનો અભાવ છે) શ્રીપાર્શ્વનાથ અને શ્રીમહાવીરસ્વામીને દેવ, મનુષ્ય અને તિર્યંચ–પશુજાતિએ કરેલા અનેક ઉપસર્ગો થયા છે બાકીના તીર્થંકરોને ઉપસર્ગનો અભાવ છે. પ્રમાદ-કાલ (૮૫) ઉપસર્ગ (૮૬)મું સ્થાનક સમાપ્ત.

### હવે કેવલજ્ઞાનના માસાદિ નક્ષત્ર તથા રાશિઓ કહે છે.

मूलम्–फग्गुणिगारसि किण्हा, सुद्धा एगारसी अ पोसस्स ।
कत्तियबहुला पंचमि, पोसस्स चउद्दसी धवला ॥१७९॥
चित्ते गारसि पुन्निम, तह फग्गुणकिन्हछट्ठिसत्तमिआ ।
सुद्धा कत्तिअतइआ, पोसंमि चउद्दसी बहुला ॥१८०॥
माहेऽमावसि सिअबिअ, पोसे मासंमि धवलछट्ठी अ ।
वइसाहसामचउदसि, पोसे पुन्निम नवमि सुद्धा ॥१८१॥
सिअचित्ततइअ कत्तिअ,–बारसि एगारसि अ मग्गसिरे ।
फग्गुणबारसि सामा, मग्गंमि इगारसी विमला ॥१८२॥
आसोअमावसी चित्तबहुले, चउत्थि विसाहसिअदसमी ।
केवलमासाइ इमे, भणिया पुव्वं व उडुरासी ॥१८३॥

छाया—फाल्गुनंकृष्णैकादशी, शुद्धैकादशी च पौषस्य ।
कार्त्तिकबहुलापञ्चमी, पौषस्य चतुर्दशी धवला ॥१७९॥
चैत्रैकादशी पूर्णिमा, तथा फाल्गुनकृष्णषष्ठीसप्तमिका ।
कार्त्तिकशुद्धतृतीया, पौषस्य चतुर्दशी बहुला ॥१८०॥
माघेऽमावास्या श्वेतद्वितीया, पौषे मासे धवलषष्ठा ।
वैशाखश्यामचतुर्दशी, पौषे पूर्णिमा शुद्धनवमी ॥१८१॥
श्वेता चैत्रतृतीयाकार्त्तिक–द्वादश्येकादशी च मार्गशीर्षे ।
फाल्गुनश्यामा द्वादशी, मार्गएकादशो विमला ॥१८२॥
आश्विनामावस्या चैत्र–बहुल चतुर्थी वैशाखश्वेतदशमी ।
केवलमासादय इमे, भणिताः पूर्वमित्रोडुराशयः ॥१८३॥

ભાવાર્થ—શ્રી ઋષભદેવ ભગવાનના કેવલ જ્ઞાન કલ્યાણકના દિવસે ફાગણ વદી એકાદશી (૧) તેમજ શ્રી અજીતનાથના કેવળ જ્ઞાન કલ્યાણકના દિવસે પોષ સુદિ એકાદશી (૨) શ્રી સંભવનાથને કાર્તિકવદી પાંચમ (૩) શ્રી અભિનંદનને પોશ સુદી ચૌદશ (૪) શ્રી સુમતિનાથને ચૈત્ર સુદિ એકાદશી (૫) શ્રી પદ્મપ્રભુને ચૈત્ર સુદિ પૂર્ણિમાએ કેવલ જ્ઞાન જાણવું (૬) શ્રી સુપાર્શ્વનાથને ફાગણ વદિ છઠે (૭) શ્રી ચંદ્રપ્રભુને ફાગણ વદિ સાતમે (૮) શ્રી સુવિધિનાથને કાર્તિક સુદિ ત્રીજે (૯) શ્રી શીતલનાથને પોષ વદિ ચતુર્દશી (૧૦) શ્રી શ્રેયાંસનાથને મહા વદી અમાસે (૧૧) બારમા શ્રી વાસુપૂજ્ય ભગવાનને મહા સુદિ બીજે (૧૨) શ્રી વિમલનાથને પોસ સુદિ છઠે (૧૩) શ્રી અનંતનાથને વૈશાખ વદિ ૧૪

ચૌદશે (૧૪) શ્રી ધર્મનાથને પોષમાસની પૂર્ણિમાએ (૧૫) શ્રી શાંતિનાથને પોષ સુદિ નવમીએ (૧૬) શ્રી કુંથુનાથને ચૈત્ર સુદિ ત્રીજ (૧૭) શ્રી અરનાથ સ્વામીને કાર્તિક સુદિ બારશે (૧૮) શ્રી મલ્લિનાથને માર્ગશીર્ષ સુદિ એકાદશીએ (૧૯) વીશમા શ્રી મુનિ સુવ્રતસ્વામીને ફાગણ વદી બારશે (૨૦) શ્રી નમિનાથને માર્ગશીર્ષ સુદિ એકાદશીએ (૨૧) શ્રી નેમિનાથને આસો વદિ અમાસે (૨૨) શ્રી પાર્શ્વનાથ ભગવાનને ચૈત્ર વદિ ચોથે (૨૩) શ્રી મહાવીર સ્વામીને વૈશાખ સુદિ દશમીના દિવસે કેવલજ્ઞાન કલ્યાણક જાણવું. એ પ્રમાણે કેવલ જ્ઞાન સંબંધી નક્ષત્ર અને રાશિઓ પૂર્વની માફક એટલે ચ્યવન કલ્યાણકમાં જે કહ્યાં છે તે પ્રમાણે જાણવાં, કેવલજ્ઞાન માસાદિ (૮૭) જ્ઞાન નક્ષત્ર (૮૮) જ્ઞાન રાશિ (૮૯)મું સ્થાનક સંપૂર્ણ ॥

**હવે કેવલ જ્ઞાન સંબંધી ઉત્પત્તિ સ્થાનો કહે છે.**

**मूलम्—वीरोसहनेमीणं, जंभिअबहि पुरिमताल उज्जिते ।**
**केवलनाणुप्पत्ती, सेसाणं जम्मठाणे सु ॥ १८४ ॥**

**छाया—वीरर्षभनेमीनां, जृंभिकाबहिः पुरिमतालउज्जयन्ते ।**
**केवलज्ञानोत्पत्तिः, शेषाणां जन्मस्थानेषु ॥ १८४ ॥**

ભાવાર્થ—શ્રી મહાવીર ભગવાનને જૃંભિકા નગરીની બહાર કેવલજ્ઞાન પ્રગટ થયું હતું, શ્રી ઋષભદેવને પુરિમ-તાલ નગરમાં અને શ્રી નેમિનાથને ઉજજયંત (ગિરિનાર) પર્વત ઉપર કેવલ જ્ઞાન પ્રગટયું. તેમજ બાકીના એકવીશ તીર્થંકરોને પોતપોતાના જન્મસ્થાનના નગરોમાં પ્રગટ થયું હતુ એ જાણવું. ॥૧૮૪॥

કેવલ જ્ઞાન સંબંધી નગર નામે (૯૦)મું સ્થાનક સમાપ્ત

**હવે કેવલ જ્ઞાન સંબંધી વન (ઉદ્યાન ભૂમિ) જણાવે છે.**

मूलम्—उसहस्स य सगडमुहे, उजुवालिअनइतडंमि वीरस्स ।
सेसजिणाणं नाणं, उप्पन्नं पुण वयवणेसु ॥ १८५ ॥

छाया—ऋषभस्यचशकटमुखे, ऋजुवालुकानदीतटेवीरस्य ।
शेषजिनानां ज्ञान,-मुत्पन्नं पुनर्व्रतवनेषु ॥ १८५ ॥

ભાવાર્થ—શ્રી ઋષભદેવ ભગવાનને શકટમુખ નામે ઉદ્યાનમાં કેવલજ્ઞાન પ્રગટ થયુ અને શ્રી મહાવીર સ્વામીને ઋજુવાલુકા નામે નદીના કીનારે થયું હતું. તેમજ બાકીના બાવીશ તીર્થંકરોને વ્રત-દીક્ષા કાલના વનોમાં કેવલ જ્ઞાન થયું હતું. કેવલ જ્ઞાનોત્પત્તિવન નામે (૯૧) મું સ્થાનક સંપૂર્ણ—

**હવે કેવલ જ્ઞાનસંબંધી વૃક્ષોનાં નામ કહે છે.**

मूलम्—नग्गोह १ सत्तवन्नो २, साल ३ पिआलो ४ पि-
यंगु ५ छत्ताहे ६ । सिरिसो ७ नागो ८ मल्ली ९, पि-
लुंख १० तिंदुयग ११ पाडलया १२ ॥ १८६ ॥ जंबू
१३ असत्थ १४ दहिवन्न १५ नंदि १६ तिलगा य १७
अंबग १८ असोगो १९ । चंपग २० वउलो २१ वेडस
२२ धाइअ २३ सालो अ २४ नाणतरू ॥ १८७ ॥

छाया—न्यग्रोधः सप्तपर्णः, शालःप्रियालःप्रियंगुः छत्राभः ।
सिरीषोनागोमल्लीः, पिलुङ्खतिन्दुकपाटलिकाः ॥१८७॥

जम्ब्वश्वत्थदधिपर्ण–नन्दीतिलकाश्चामकोऽशोकः।
चम्पकबकुलौ वेतस–धातकीसालाश्च ज्ञानतरवः ॥१८६॥

ભાવાર્થ—શ્રી ઋષભદેવ ભગવાનને ન્યગ્રોધ (વડ) વૃક્ષની નીચે કેવલજ્ઞાન પ્રગટ થયું, (૧) શ્રી અજીતનાથને સપ્તપર્ણ નામે વૃક્ષની નીચે (૨) શ્રી સંભવનાથને સાલ નામે વૃક્ષની નીચે (૩) શ્રી અભિનંદન જીનને પ્રિયાલ વૃક્ષ નીચે (૪) શ્રી સુમતિનાથને પ્રિયંગુ (રાયણ) તરૂ નીચે (૫) શ્રી પદ્મપ્રભને છત્રાભ (છત્રાકાર) વૃક્ષ નીચે (૬) શ્રી સુપાર્શ્વનાથને શિરીષ વૃક્ષ નીચે (૭) શ્રી ચંદ્રપ્રભને નાગ (નાગકેસર) વૃક્ષ નીચે (૮) શ્રી સુવિધિનાથને મલ્લી તરૂ નીચે (૯) શ્રી શીતલનાથને પિલુંખ નામે વૃક્ષ નીચે (૧૦) શ્રી શ્રેયાંસનાથને તિંદુક વૃક્ષ નીચે (૧૧) શ્રી વાસુપૂજ્યને પાટલક વૃક્ષ નીચે (૧૨) શ્રી વિમલનાથને જંબુ (જાંબૂ) વૃક્ષ નીચે (૧૩) શ્રી અનંતનાથને અશ્વત્થ (પિંપળો) વૃક્ષ નીચે (૧૪) શ્રી ધર્મનાથને દધિપર્ણ નામે વૃક્ષ નીચે (૧૫) શ્રી શાંતિનાથને નંદી નામે વૃક્ષ નીચે (૧૬) શ્રી કુંથુનાથને તિલક વૃક્ષ નીચે (૧૭) શ્રી અરનાથને આમક (આમ્ર) વૃક્ષ નીચે (૧૮) શ્રી મલ્લિનાથને અશોક વૃક્ષ નીચે (૧૯) શ્રી મુનિસુવ્રતસ્વામીને ચંપક વૃક્ષ નીચે (૨૦) શ્રી નમિનાથને બકુલ વૃક્ષ નીચે (૨૧) શ્રી નેમિનાથને વેતસ વૃક્ષ નીચે (૨૨) શ્રી પાર્શ્વનાથને ધાતકી (ધાવડી) વૃક્ષ નીચે (૨૩) શ્રી મહાવીરસ્વામીને શાલવૃક્ષ નીચે કેવલ જ્ઞાન થયું હતું. કેવલ જ્ઞાનોત્પત્તિ વૃક્ષ કથન (૯૨) મું સ્થાન સંપૂર્ણ.

હવે તે વૃક્ષનું પ્રમાણુ જણાવે છે.

मूलं—तै जिणतणुबारगुणा, चेइअतरुणो वि नवरि' वीरस्स।
चेइअतरुवरि सालो, एगारसधणुहपरिमाणो ॥ १८८॥

छाया—ते जिन तनोर्द्वादशगुणाः—चैत्य तरवोपि नवरं वीरस्य।
चैत्थतरुपरि शाल, एकादश धनुः परिमाणः ॥ १८८॥

ભાવાર્થ——આ જ્ઞાન વૃક્ષો ભગવાનના શરીરના પ્રમાણુથી બાર ગુણા મ્હોટા હોય છે, ચૈત્ય વૃક્ષપણુ જ્ઞાનવૃક્ષના જેટલાજ પ્રમાણવાળું હોય છે, પરંતુ ભગવાન શ્રી મહાવીર દેવના ચૈત્ય વૃક્ષની ઉપર સાલ વૃક્ષ અગીયારગણું પ્રમાણુમાં વિશેષ હોય છે ॥ ૧૮૮ ॥ જ્ઞાનવૃક્ષ પ્રમાણુ કથનરૂપ [ ૯૩ ] મું સ્થાનક સંપૂર્ણ.

હવે સર્વ જીનવર સંબંધી કેવલ જ્ઞાનના સમયે તપશ્ચર્યા પ્રમાણુ કહે છે.

मूलम्—अट्ठमभत्तंमि कए, नाणमुसहमल्लिनेमिपासाणम् ।
वसुपुज्जस्स चउत्थे, सेसाणं छट्ठभत्ततवो ॥ १८९ ॥

छाया—अष्ठमभक्ते कृते ज्ञानमृषभमल्लिनेमिपार्श्वानाम् ।
वासुपूज्यस्य चतुर्थे, शेषाणांषष्ठभक्ततपः ॥ १८९ ॥

ભાવાર્થ—અઠ્ઠમનું તપ કરે છતે શ્રી ઋષભદેવ, મલ્લિનાથ; શ્રી નેમિનાથ અને શ્રીપાર્શ્વનાથ ભગવાનને કેવલ જ્ઞાન પ્રગટ થયું. ચતુર્થભક્ત કરેછતે શ્રીવાસુપૂજ્ય સ્વામીને કેવલ જ્ઞાન પ્રાપ્ત થયું અને બાકીના ઓગણીશ તીર્થંકરોના

કેવલ જ્ઞાન કલ્યાણકોમાં ષષ્ઠ (છઠ્ઠ) તપ જાણવું. ॥ ૧૮૯ ॥
સર્વ જીનવરોનું જ્ઞાન તપ નામે (૯૪)મું સ્થાનક સમાપ્તઃ

## હવે જીનેશ્વરોના કેવલ જ્ઞાનની ઉત્પત્તિનો સમય જણાવે છે.

मूलम्--नाणं उसहाईणं, पुव्वण्हे पच्छिमण्हि वीरस्स । (ज्ञान-वेला)॥९॥ सव्वेसिं पि अठारस, न हुंति दोसा इमे ते अ ॥१९०॥

छाया--ज्ञानमृषभादीनां पूर्वाह्णपश्चिमाह्नि वीरस्य ॥
सर्वेषामप्यष्टादश, न सन्ति दोषा इमे ते च ॥ १९० ॥

ભાવાર્થ—શ્રી ઋષભ આદિ તેવીશ જીનેંદ્રોને દિવસના પૂર્વભાગમાં પ્રથમ પ્રહરમાં કેવલ જ્ઞાન પ્રગટ થયું છે, અને ચોવીશમા શ્રી મહાવીરસ્વામીને દિવસનાં પશ્ચિમ ભાગમાં છેલ્લા પ્રહરમાં કેવલ જ્ઞાન પ્રગટ થયું છે. એમ જાણવું. કેવલ જ્ઞાન સમય નામે (૯૫) દ્વાર સંપૂર્ણ ॥ હવે અઢાર દોષ જણાવે છે-તદ્યથા-સર્વ જીનેશ્વરોને સર્વથા અઢાર દોષ હોતા નથી. તે દોષ નામ પૂર્વ નીચેની ગાથામાં જણાવે છે—

मूलम्---पंचेव अंतराया, मिच्छत्तमनाणमविरई कामो ।
हासछग रागदोसा, निद्दा ट्ठारस इमे दोसा ॥ १९१ ॥

छाया---पञ्चैवान्तरया-मिथ्यात्वाऽज्ञानमविरतिः कामः ।
हास्यादिषड्रागद्वेषौ, निद्राऽष्टादशेमेदोषाः ॥ १९१ ॥

ભાવાર્થ—પાંચ અંતરાય-દાનાંતરાય (૧) લાભાંતરાય (૨) વીર્યાંતરાય (૩) ભોગાંતરાય (૪) અને ઉપભોગાંતરાય-

(૫) મિથ્યાત્વ (૬) અજ્ઞાન (૭) અવિરતિ (૮) કામ (૯) તેમજ હાસ્યાદિ છ દોષ-હાસ્ય (૧૦) રતિ (૧૧) અરતિ (૧૨) ભય (૧૩) શોક (૧૪) દુગંછાજુગુપ્સા (૧૫) રાગ (૧૬) દ્વેષ (૧૭) અને નિદ્રા (૧૮) આ અઢાર દોષ કેવલિ ભગવાનને હોતા નથી.

### હવે પ્રકારાંતરથી અઢાર દોષ જણાવે છે.

मूलम्—हिंसाइतिगं कीला, हासाईपंचगं चउकसाया ।
मयमच्छरअन्नाणा, निद्दा पिम्मं इअ च दोसा ॥१९२॥

छाया—हिंसादित्रिकंक्रीडा, हास्यादिपञ्चकं चतुष्कषायाः ।
मदमत्सरमज्ञानं, निद्राप्रेमेति च दोषाः ॥ १९२ ॥

ભાવાર્થ—હિંસાદિ ત્રણ દોષ-હિંસા (૧) મૃષાવાદ (૨) અદત્તાદાન (૩) ક્રીડા (૪) હાસ્યાદિ પાંચ-હાસ્ય (૫) રતિ (૬) અરતિ (૭) શોક (૮) ભય (૯) ચાર કષાય-ક્રોધ (૧૦) માન (૧૧) માયા (૧૨) લોભ (૧૩) મદ (૧૪) મત્સર (૧૫) અજ્ઞાન (૧૬) નિદ્રા (૧૭) પ્રેમ (૧૮) આ પ્રમાણે અઢાર દોષ જાણવા. એવી રીતે સર્વ જીનવરોની નિર્દોષતા નામે (૯૬)મું સ્થાનક સમાપ્ત.

### હવે ચોવીસ તીર્થંકરોના અતિશય જણાવે છે.

मूलम्—जम्मप्पभिई चउरो, जिणाण इक्कार घाइकम्मखओ ।
सुरविहिअइगुणवीसं, चउतीसं अइसया उ इमे ॥१९३॥

छाया—जन्मप्रभृतिचत्वारो-जिनानामेकादशघातिकर्मक्षयात् ।
सुरविहितैकोनविंशति-श्चतुस्त्रिंशदतिशयास्त्विमे ॥१९३॥

ભાવાર્થ—સર્વ જીનેશ્વરોને જન્મથી આરંભી ચાર-અતિશય હોય છે, ચાર ઘાતિ કર્મનો ક્ષય થવાથી અગીયાર અતિશય પ્રગટ થાય છે. અને દેવો એ ભક્તિવડે કરેલા ઓગણીશ અતિશય હોય છે એમ એકંદર મળી ચોતરીશ (૩૪) અતિશય હોય છે.

### હવે ચોતરીશ અતિશયોનું વિસ્તાર પૂર્વક વર્ણન કરે છે.

मूलम्—सेअमलामयरहियं, देहं सुहगंधरूवसंजुत्तं ।
निव्विस्समबीभच्छं, गोखीरनिहं रुहिरमंसं ॥ १९४ ॥
न य आहारनिहारा, अइसयरहिआण जंति दिट्ठिपहे ।
सासो अ कमलगंधो, इअ जम्मा अइसया चउरो ॥१९५॥

छाया—स्वेदमलाऽऽमयरहितो-देहः शुभगन्धरूपसंयुक्तः ।
निर्विस्रमविभत्सं, गोक्षीरनिभं रुधिरमांसम् ॥ १९४ ॥
न च आहारनिहारा—वतिशयरहितानां यातोदृष्टिपथे ।
श्वासश्चकमलगन्ध-एतेजन्मनोऽतिशयाश्चत्वारः ॥१९५॥

ભાવાર્થ—સર્વ જીનવરોનો દેહ સ્વેદ-પ્રસ્વેદ, મલ-મેલ અને આમય-રોગ રહિત હોય છે, તેમજ શુભ ગંધ-સુગંધ અને શુભ રૂપથી સુશોભિત હોય છે. આ પ્રથમ અતિશય (૧) દુર્ગંધ રહિત, દેખાવમાં સુંદર, ગાયના દુધ સમાન ઉજ્વલ રૂધિર તથા માંસ પણ હોય છે. આ બીજો અતિશય (૨) આહાર-ભોજનઅને નિહાર-મલત્યાગ એ બંને ચર્મચક્ષુષવાલા પ્રાણિઓ ને દૃષ્ટિગોચર થતા નથી. આ ત્રીજો

અતિશય (૩) વળી શ્વાસ-પ્રાણવાયુ કમલના ગંધ સમાન ઉત્તમ સુગંધિ આપે છે આ ચોથો અતિશય (૪) આ ચાર અતિશય જીનેંદ્રોને જન્મથી આરંભી સ્વાભાવિક હોય છે.

હવે ઘનઘાતિ કર્મોનો ક્ષય થવાથી પ્રગટ થતા અગીયાર અતિશય જણાવે છે.

मूलम्—तिरिनरसुराण कोडाकोडीओ मिंति जोयणमहीए।
सव्वसभासाणुगया, वाणी भामंडलं पिट्ठे ॥ १९६ ॥
रुयवइरईइमारी, डमरदुभिक्खं अवुट्ठिअइवुट्ठो।
जोयणसए सवाए, न हुंति इअ कम्मखयजणिया ॥१९७॥

छाया—तिर्यग्नरसुराणां, कोटाकोटयोमान्तियोजनमह्याम्।
सर्वेषां भाषानुगता, वाणी भामण्डलं पृष्ठे ॥ १९६ ॥
रुजोवैरेतिमारी–डमरदुर्भिक्षमवृष्टिरतिवृष्टिः।
योजनशते सपादे, नभवन्त्येते कर्मक्षयजनिताः ॥१९७॥

ભાવાર્થ—એક યોજન-ચાર ગાઉ પ્રમાણવાળા સમવસરણની ભૂમિમાં તિર્યંચ, મનુષ્ય અને દેવોની કોટાકોટી સંખ્યાઓ સમાઇ શકે છે, પરંતુ શ્રી જીનેંદ્ર ભગવાનના મહિમાથી કોઇપણ જીવને પરસ્પર બાધા-પીડા થતી નથી આ પ્રથમ અતિશય (૧) દેવ અસુર અને મનુષ્યાદિ શર્વ પ્રાણીઓ ભગવાનની વાણીને પોતપોતાની ભાષા વડે સ્પષ્ટ શમજે છે. અન્યત્ર પણ કહ્યું છે કે.

देवा दैवीं नरा नारीं, शबराश्चाऽपि शाबरीम्।
तिर्यञ्चोपि हि तैरश्चीं, मेनिरे भगवद्गिरम् ॥ १ ॥

ભાવાર્થ—વીતરાગ ભગવાન્ સમવસરણમાં બેસી

ભવ્ય જીવોને તારવા માટે યોજનગામિની વાણી વડે ઉપદેશ આપે છે ત્યારે તે પરિષદ્માં બેઠેલા દેવો ભગવાનની વાણીને દૈવી ભાષા તરીકે માને છે, મનુષ્યો માનવભાષા માને છે, શબર–ભીલ્લ જાતિના લોકો પોતાની શબરી ભાષા સમજે છે અને તિર્યંચો પણ તિર્યંચોની ભાષા પ્રમાણે સમજે છે. આ બીજો અતિશય (૨) તેમજ ભગવાનના પૃષ્ટ ભાગમાં પાછળ પ્રભામંડળથી સુશોભિત ભામંલ પ્રગટ થાય છે. આ ત્રીજો અતિશય (૩) વીતરાગ ભગવાન જ્યાં આગળ વિરાજમાન હોય છે ત્યાંથી આરંભી સવાસો (૧૨૫) યોજન પ્રમાણ ક્ષેત્રમાં રોગ મારી વિ. રહેતા નથી (૪) તેમજ સવાસો યોજન સુધી કોઇ પ્રાણીઓમાં વરભાવના રહેતી નથી (૫) સવાસો યોજનની અંદર કાંઇ (ઈતિ) એટલે ઉપદ્રવ–ઉત્પાત રહેતો નથી, (૬) એ પ્રમાણે મારી–મરકીનો રોગ થતો નથી (૭) ડમર (અકસ્માત્ ઉત્પાત) થતો નથી (૮) દુર્ભિક્ષ–દુષ્કાલનો સંભવ હોતો નથી (૯) અવૃષ્ટિ–વૃષ્ટિનો અભાવ થતો નથી (૧૦) અતિવૃષ્ટિ–અતિશય દુઃખકારક વૃષ્ટિ પણ થતી નથી (૧૧) અર્થાત્–સમાનભાવે થાય છે. સવાસો યોજન ભૂમિમાં પૂર્વોકત રોગ આદિ કોઇ પણ ઉપદ્રવ થતા નથી. આ અગીયાર અતિશય ઘાતિ કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલા જાણવા.

હવે દેવોએ કરેલા ઓગણીશ અતિશયને જણાવે છે.

मूलम्—पायारतिगमसोगो–सीहासणधम्मचक्कचउरूवा ।
छच्चत्तयचमरदुंदुहि–रयणज्झया कणयपउमाइं ॥ १९८ ॥

पणवन्नकुसुमवुट्ठी, सुगंधजलवुट्ठि वाउ अणुकूलो ।
छ रिउ पण इंदियत्था–णुकूलया दाहिणा सउणा ॥१९९॥
नहरोमाण अवुड्ढी, अहोमुहा कंट या य तरुनमणं
सुरकोडिजहण्णेण वि, जिणंतिए इअ सुरेहिं कया॥२००॥

छाथा—प्राकारत्रिकमशोकः, सिंहासनधर्मचक्रचतूरूपाणि ।
छत्रत्रयचामरदुन्दुभि–रत्नध्वजकनकपद्मानि ॥ १९८ ॥
पञ्चवर्णकुसुमवृष्टिः, सुगन्धजलवृष्टिर्वायुरनुकूलः ।
षड्तुपञ्चेन्द्रियार्था–अनुकूला दक्षिणाः शकुनाः ॥१९९॥
नखरोम्णामवृद्धि–रधोमुखाःकण्टकाश्चतरुनमनम् ।
सुरकोटीजघन्येनाऽपि, जिनान्तिके एते सुरकृताः ॥२००॥

ભાવાર્થ—કેવલ જ્ઞાન પ્રગટ થયા પછી તીર્થંકર ભગવાન સમવસરણમાં બેસી દેશના આપે છે તે સમવસરણ ત્રણ ગઢથી સુશોભિત ઇંદ્રાદિક દેવતાઓ તૈયાર કરે છે. આ પ્રથમ અતિશય (૧) પછી તે સમવસરણની અંદર અશોક વૃક્ષ બનાવે છે (૨) પાદપીઠ સહિત સિંહાસન રચે છે. (૩) તેમજ આકાશગામી–અતિશય ઉન્નત ધર્મ ચક્ર બનાવે છે (૪) જીનેંદ્રના સરખાં ચાર સ્વરૂપ બનાવે છે એટલે એક પ્રભુનું મૂલ સ્વરૂપ અને ત્રણ બાજુએ બીજાં ત્રણ રૂપ વિકુર્વે છે એટલે તે ચારે દિશાઓમાં સન્મુખ પ્રભુ દેખાય છે. (૫) પ્રભુના મસ્તક ઉપર ત્રણ છત્ર ધારણ કરે છે. (૬) પ્રભુની ચારે બાજુએ દેવચામર વીંઝે છે, (૭) દેવ દુંદુભિ–દિવ્ય વાજીંત્રોનો નાદ થાય છે (૮) રત્નમય ધ્વજ-ઇંદ્રધ્વજનો દેખાવ થાય છે (૯) પ્રભુના ચરણ સ્થાપન થાય

ત્યાં ત્યાં નવીન સુવર્ણનાં કમલ સ્થાપન કરે છે. (૧૦) પાંચે વર્ણોના પુષ્પોની વૃષ્ટિ થાય છે. (૧૧) સુગંધજલની વૃષ્ટિ થાય છે (૧૨) વાયુ પણ અનુકૂલ વાય છે. (૧૩) છ એ ઋતુઓ એક સાથે પોતપોતાના ગુણો પ્રગટ કરે છે અને પાંચ ઈંદ્રિયાર્થ-શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ અનુ-કૂલપણે મનને આનંદ આપનાર થાય છે (૧૪) પ્રભુને સર્વ શકુનો-પક્ષિઓ પ્રદક્ષિણ થાય છે (૧૫) નખ અને રોમની વૃદ્ધિ થતી નથી અર્થાત્ પ્રભુના નખ તથા રોમ-કેશ વધતા નથી (૧૬) પ્રભુ વિહાર કરે છે ત્યારે કંટક (કાંટા) નીચે મુખે થાય છે (ન વાગે તેવા થાય છે) (૧૭) તેમજ વીતરાગ ભગવાન્ વિચરે છે ત્યારે તરૂવર (વૃક્ષો) નીચા નમે છે (૧૮) જીનેંદ્ર ભગવાનની પાસેજ જઘન્યપણે-(ઓછામાં ઓછા) એક કરોડ દેવો રહે છે. આ ઓગણીશ અતિશય દેવોએ કરેલા જાણવા. પ્રથમથી સર્વ એકત્રિત કરીએ તો એકંદર ચોતરીશ અતિશય થયા. ॥૧૯૮॥ ॥૧૯૯॥૨૦૦॥

मूलम्--ते चउरो व अवाया-वगमाइसओ दुरंतघाइखया ।
नाणाइसओ पूआइसओ वयणस्सइसओ अ ॥ २०१ ॥

छाया--ते चत्वारो वाऽपायाऽपगमाऽतिशयो दुरन्तघातिक्षयात्।
ज्ञानाऽतिशयः पूजाऽतिशयो वचनस्याऽतिशयश्च॥२०२॥

ભાવાર્થ--અથવા દુરંત દુઃખ વડે દૂર કરવા લાયક ઘાતિ કર્મોનો સર્વથા ક્ષય થવાથી પ્રમમ અપાયાપગમ-દુઃખોનો સર્વથા વિનાશ થવો તે અપાયાપગમ નામે અતિ-શય પ્રગટ થાય છે (૧) તેમજ બીજો જ્ઞાનાતિશય ભૂત,

ભાવિષ્ય અને વર્ત્તમાનકાલ વર્તિ સર્વપદાર્થોને દ્રવ્ય અને પર્યાય ભાવથી યથાર્થ જણાવનાર તે જ્ઞાનાતિશય (૨) ઇંદ્રાદિ સર્વ દેવ વિગેરે તેથી પૂજ્ય હોવાથી પૂજાતિશય નામે ત્રીજો અતિશય (૩) વળી એમના વચનમાં નિર્દોષતા તેમજ સંદેહાદિ કોઇ પ્રકારનો વ્યભિચાર નહિ હોવાથી ચોથો વચનાતિશય, આ પ્રમાણે ચાર અતિશય પણ જીનવરોને કૈવલ્યઅવસ્થામાં પ્રગટે છે. એમ ચાર અતિશય પણ જાણવા જીનવરોના ચોતરીશ અતિશય નામે સત્તાણું (૯૭) મું સ્થાનક સંપુર્ણ.

**હવે તેમની વાણીના પાંત્રીસ ગુણો બતાવે છે.**

मूलम्--वयणगुणा सग सद्दे, अत्थे अडवीस मिलिअ पणतीसं।
तेहिँ गुणेहिँ मणुन्नं, जिणाण वयणं कमेण इमं ॥२०२॥

छाया--वचनगुणाः सप्तशब्दे,-ऽर्थेऽष्टाविंशतिर्मिलिताःपञ्च-त्रिंशत् । तैर्गुणैर्मनोज्ञं, जिनानां वचनं क्रमेणेदम् ॥२०२॥

ભાવાર્થ--વીતરાગ ભગવાનના વચન સંબંધી ગુણો શબ્દમાં સાત હોય છે અને અર્થમાં અઠાવીશ હોય છે. એમ બંને મળી એકંદર પાંત્રીશ ગુણ કહ્યા છે. તે પાંત્રીશ ગુણો વડે જીનેંદ્ર ભગવાનનું વચન બહુ મનોહર હોય છે. વળી તે જીનવરોનું વચન આગળની ગાથાઓથી કહેવામાં આવશે. અર્થાત્ કેવલ ગુણો સ્પષ્ટ પણે કહેવામાં નહી આવે પણ જે ગુણો સહિત વચન કહેવામાં આવશે. ॥૨૦૨॥

मूलम्--वयणं सक्कारगभीर-घोसउवयारुदत्तयाजुत्तं ।
पडिनायकरं दक्खिन्न-सहिअमुवणीअरायं च ॥२०३॥

"वचनं संस्कृतगम्भीर-घोषोपचारोदात्ततायुक्तम् ।
प्रतिनादकरं दाक्षिण्य-सहितमुपनीतरागञ्च ॥ २०३ ॥

ભાવાર્થ--વીતરાગ ભગવાનનું વચન સંસ્કૃતાદિ લક્ષણોથી શુદ્ધિ યુક્ત હોય છે (૧) ગંભીર ઘોષ કરતા મેઘની માફક બહુ સુંદર નાદવાળું હોય છે (૨) ઉપચાર યુક્ત હોય છે. અર્થાત્ ગ્રામ્યભાષા જેવું હોતું નથી (૩) ઉદાત્તતા સહિત એટલે ઉચ્ચ વૃત્તિ યુકત હોય છે. (૪) પ્રતિનાદ-પ્રતિધ્વનિ યુકત હોય છે (૫) દાક્ષિણ્ય-સરલતા સહિત હોય છે, કિંચિત્માત્ર પણ વક્ર ભાવવાળું હોતું નથી. (૬) અને ઉપનીત રાગ-માલવ, કૈશકયાદિ માલકોશ ગ્રામ-રાગ સહિત હોય છે. (૭) આ સાતે ગુણો શબ્દની અપેક્ષાએ જાણવા. ॥૨૦૩॥

હવે અર્થની અપેક્ષાએ અઠ્ઠાવીસ ગુણો કહે છે.

मूलम्—सुमहत्थं अव्वाहय-मसंसयं तत्तनिट्ठिअं सिट्ठं ।
पच्छावुचियं पडिहयपरुत्तरं हिययपीइकरं ॥२०४॥
अन्नुन्नसाभिकंखं, अभिजायं अइसिणिद्धमहुरं च ।
ससलहापरनिंदा-वज्जिअमपइन्नपसरजुअं ॥२०५॥
पयडक्खरपयवक्कं, सत्तपहाणं च कारगाइजुअं ।
ठविअविसेसमुआरं, अणेगजाई विचित्तं च ॥ २०६ ॥
परमम्मविब्भमाई,-विलंबवुच्छेयखेअरहिअं च ।
अदुअं धम्मत्थजुयं, सलाहणिज्जं च चित्तकरं ॥२०७॥

छाया-सुमहार्थमव्याहत-मसंशयं तत्त्वनिष्ठितं शिष्टम् ।
प्रस्तावोचितप्रतिहत-परोत्तरं हृदयप्रोतिकरम् ॥२०४॥

अन्योऽन्य सामिकांक्ष-मभिजातमतिस्निग्धमधुरञ्च ।
स्वश्लाघापरनिंदा-वर्जितमप्रकीर्णप्रसरयुतञ्च ॥२०५॥

प्रकटाक्षरपदवाक्यं, सत्त्वप्रधानञ्चकारकादियुतम् ।
स्थापितविशेषमुदार-मनेकजातिविचित्रञ्च ॥२०६॥

परमर्मविभ्रमादि-विलंबव्युच्छेदखेदरहितञ्च ।
अद्भुतधर्मार्थयुतं, श्लाघनीयञ्चचित्रकरम् ॥२०७॥

ભાવાર્થ--વળી તે તીર્થંકર ભગવાનનું વચન સમ્યક પ્રકારે વિશેષ અર્થવાળું હોય છે. (૮) તેમજ પૂર્વાપર વાકયાર્થની સાપેક્ષા એ વિરૂદ્ધતા રહિત હોય છે (૯) શ્રોતાઓને કોઈ પ્રકારનો સંશય ન થાય તેવું સંદેહ રહિત હોય છે (૧૦) તેમજ તત્ત્વનિષ્ઠ-યથાર્થ વિવક્ષિત વસ્તુ સ્વરૂપને અનુસરનાર હોય છે (૧૧) શિષ્ટ-અભિમત સિદ્ધાંતમાં કહેલા અર્થયુકત હોય છે, અથવા શિષ્ટતાનું સૂચક હોય છે (૧૨) પ્રસ્તાવ-દેશકાલ તે ઉચિત હોય છે (૧૩) અન્ય પ્રતિવાદી લોકોએ કુતર્કથી કરેલા દોષ ગ્રસ્ત પ્રશ્નોનો યોગ્ય ઉત્તર આપવામાં પ્રભુનું વચન પ્રબલ હોવાથી તેમનું વચન અન્ય દૂષણ રહિત હોય છે (૧૪) શ્રી વીતરાગનું વચન સર્વ જીવોના હૃદયમાં પ્રીતિ-આનંદ આપનાર થાય છે (૧૫) પરસ્પર એક બીજા સાથે પદ અને વાકયોની સાપેક્ષતાયુક્ત હોય છે (૧૬) અભિજાત-વકતાના અથવા પ્રતિપાદન કરવા લાયક અર્થની ભૂમિકાને અનુસરનારૂં પ્રભુ વચન હોય છે (૧૭) પ્રભુનું વચન અતિશય સ્નિગ્ધ અને મધુર હોય છે. ઘૃત અને સાકર વિગેરેના સંયોગની

જેમ બહુ સુખકારી હોય છે (૧૮) શ્રી વીતરાગનું વચન પોતાની શ્લાઘા-સ્તુતિ અને પરની નિંદા રહિત હોય છે. [૧૯) પ્રભુનું વચન સુસંબદ્ધ અને સત્ પ્રસારવાળું હોય છે– અર્થાત્ ભગવાનના વચનમાં યોગ્ય સંબંધ હોય છે અને ઘણો વિસ્તાર હોતો નથી (શબ્દાડંબર રહિત) (૨૦) પ્રભુના વચનમાં વર્ણ, પદ અને વાકયોની સ્પષ્ટતા હોય છે (૨૧) પ્રભુનું વચન મુખ્ય સત્વગુણવાળું હોય છે (૨૨) પ્રભુનું વચન ષટ્કારક, ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાલ, વચન અને લિંગાદિથી યુકત હોય છે (૨૩) પ્રભુનું વચન અન્યની અપેક્ષાએ વિશેષ અર્થને સ્થાપન કરે છે, તેમજ વિશેષણ સહિત વિશેષ ભાવને જણાવે છે (૨૪) શ્રી વીતરાગનુ વચન ઉદાર-અભિધેય અર્થની ઉદારતા અતુચ્છતા જણાવે છે (૨૫) ભગવાનની વાણી અનેક પ્રકારની ભિન્ન ભિન્ન વસ્તુઓને પ્રકાશ કરનારી હોવાથી તેમજ નાના પ્રકારના વિભિન્ન અર્થોનો આશ્રય હોવાથી વિચિત્ર પ્રકારની છે. (૨૬) પ્રભુની વાણી કોઇના મર્મને ઉઘાડનારી હોતી નથી અર્થાત્ અન્ય જીવને આઘાત થાય તેવી ગુહ્ય વાર્તા ભગવાનની વાણીમાં આવતી નથી. સમત્વભાવ પ્રગટ કરનારી છે. (૨૭) પ્રભુની વાણી વક્તા પુરૂષના મનને તથા શ્રોતાઓના મનને ભ્રાંતિ ઉપજાવતી નથી તેમજ વિક્ષેપાદિ માનસિક દોષોને પ્રગટ કરતી નથી અર્થાત્ સ્થિરતા આપનારી છે. (૨૮) પ્રભુની વાણીમાં પદ, વાકય અને વર્ણાદિની સ્થાપના વિલંબ રહિત– યથાવસ્થિતિ ઉચ્ચારણ હોય છે. (૨૯) શ્રી વીતરાગ પ્રભુનું વચન વ્યુચ્છેદ રહિત વચન રચનાથી પરિપૂર્ણ પ્રમાણ યુકત હોવાને લીધે વિવક્ષિત અર્થની સિદ્ધિ કરે છે. (૩૦)

પ્રભુનું વચન ખેદરહિત હોય છે અર્થાત્ વિના પ્રયાસે ગ્રહણ કરી શકાય તેવું હોવાથી બહુ સુખદાયક હોય છે. (૩૧) પ્રભુની વાણી અદ્ભુત અર્થ જણાવનારી હોવા છતાં મનને ચંચલતા-અસ્થિરતામાં લઇ જતી નથી. (૩૨) પ્રભુની વાણી ધર્મ અને અર્થના તાત્વિક સ્વરૂપને સ્પષ્ટ જણાવનારી છે (૩૩) પ્રભુની વાણી પૂર્વોક્ત ગુણોના સંબંધને લીધે બહુ વખાણવા લાયક છે (૩૪) તેમજ જીનેંદ્રનું વચન નિરંતર નવીન નવીન આશ્ચર્ય કરનારૂં છે. અર્થાત્ શ્રોતા-તથા વકતાઓને નવીન ભાવના ઉપજાવે છે (૩૫) આ પ્રમાણે શ્રી જીનેંદ્ર ભગવાનની વાણીના સાત શબ્દનિષ્ઠ અને અઠ્ઠાવીશ અર્થનિષ્ઠ એમ ઉભય મળી પાંત્રીશ ગુણો કહ્યા. સ્થાનક (૯૮) મું સમાપ્ત.

હવે પ્રભુના આઠ પ્રાતિહાર્ય કહે છે.

मूलम्—किंकिल्लि १ कुसुमवट्ठी २, दिव्वज्झुणि ३ चामरा ४ ऽऽसणाइं च ५ । भावलय ६ भेरि ७ छत्तं ८, जिणाण इअ पाडिहेराइं ८ ॥ २०८ ॥

छाया—कङ्केल्लिःकुसुमवृष्टि-र्दिव्यध्वनिश्चामराणि च । भावलयं भेरिः छत्रं, जिनानामिति प्रातिहार्याणि॥२०८॥

ભાવાર્થ—કંકેલ્લિ-અશોકવૃક્ષ (૧) પુષ્પ વૃષ્ટિ (૨) દિવ્યધ્વનિ એટલે દેસના સમયે ભવ્યાત્માઓને આનંદ આપનાર પ્રભુની સર્વ બાજુએ દેવતાઓ તથા ઇંદ્રોએ ભક્તિ વડે વીંઝાતા ચામર (૪) આસન એટલે સુવર્ણ અને

રત્નમય પ્રભુને બેસવાનું સિંહાસન (૫) ભાવલય-પ્રભુના મસ્તકની પાછળ પ્રભા એટલે કાંતિનું મંડલ જેને ભામંડલ કહે છે. અર્થાત્ પ્રભુની કાંતિ અપાર હોવાથી ભવ્ય લોકોની દૃષ્ટિઓ અંજાઇ જાય નહી તે માટે દેવતાઓ સર્વકાંતિને એકત્રિત કરી ભામંડલ તરીકે પ્રભુની પાછળ સ્થાપન કરે છે (૬) ભેરી-દુંદુભિ નાદ દેવતાઓ કરે છે જેથી પ્રભુનો જ્ઞાનમહોત્સવ પ્રગટ થાય છે (૭) પ્રભુના મસ્તક ઉપર ત્રણ છત્ર દેવતાઓ સ્થાપન કરે છે (૮) આ પ્રમાણે સર્વ જીનવરોના આઠ પ્રાતિહાર્ય જાણવા સ્થાનક (૯૯) મું સંપૂર્ણ ॥ ૨૦૮ ॥

## હવે તીર્થ સંબંધી ઉત્પત્તિ જણાવે છે.

मूलम्——तेवीसाए पढमे, बीए वीरस्स पुण समोसरणे ।
संघोपढमगणहरो, सुअं च तित्थं समुप्पन्नं ॥ २०९ ॥

छाया——त्रयोविंशतेः प्रथमे, द्वितीये वीरस्यपुनःसमवसरणे ।
संघः प्रथमगणधरः श्रुतञ्चतीर्थं समुत्पन्नम् ॥ २०९ ॥

ભાવાર્થ—શ્રી ઋષભદેવથી આરંભી ત્રેવીશ તીર્થંકરોને પ્રથમ સમવસરણમાં ભવ્યાત્માઓને દેશનાદાન સમયે તીર્થની ઉત્પત્તિ થઈ અને ચોવીસમા શ્રી મહાવીર સ્વામીને બીજા સમવસરણમાં દેશના આપતાં તીર્થોત્પત્તિ થઇ છે. તીર્થ એટલે સાધુ. સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચાર મળીને સંઘ તેમજ પ્રથમ ગણધર અને શ્રુત (દ્વાદશાંગ) એ ત્રણની સ્થાપના રૂપ તીર્થ જાણવું. તીર્થોત્પત્તિરૂપ (૧૦૦) મું સ્થાનક સમાપ્ત.

## હવે તીર્થ પ્રવૃત્તિનો કાલ જણાવે છે.

मूलम्—इगतित्था जा तित्थं, बीअस्सुप्पज्जए अ ता नेयो ।
पुव्विल्लतित्थकालो, दुसमंतं पुण चरमतित्थं ॥२१०॥
केवलिकालेण जुओ, इगस्स बीयस्स तेण पुण हीणो ।
अंतरकालो नेओ, जिणाण तित्थस्स कालो वि ॥२११॥
उसहस्स य तित्थाओ, तित्थं वीरस्स पुव्वलक्खहियं ।
अयरेगकोडिकोडी, बावीससहस्सवासूणा ॥ २१२ ॥

छाया—एकतीर्थाद्यावत्तीर्थं, द्वितीयस्योत्पद्यते तावज्ज्ञेयः ।
पूर्वस्य तीर्थकालो-दुःषमान्तं पुनश्चरमतीर्थम् ॥ २१० ॥
केवलिकालेन युत-एकस्य द्वितीयस्य पुनर्हीनः ।
अन्तरकालो ज्ञेयो-जिनानां तीर्थस्य कालोऽपि ॥२११॥
ऋषभस्य च तीर्थात्, तीर्थं वीरस्य पूर्वलक्षाधिकम् ।
सागरैककोटाकोटी, द्वाविंशतिसहस्रवर्षोना ॥ २१२ ॥

ભાવાર્થ—એક તીર્થંકર-પૂર્વ તીર્થંકરના તીર્થથી બીજા તીર્થંકરનું તીર્થ જયાં સુધી ઉત્પન્ન ન થાય ત્યાં સુધી પૂર્વ તીર્થંકરના તીર્થનો કાલ જાણવો. વળી વિશેષમાં એટલું સમજવું કે ચરમ તીર્થંકર શ્રી મહાવીરપ્રભુનું તીર્થ દુઃખમક [પાંચમાઆરા] ના અંત સુધી છે. એટલે એકવીશ હજાર વર્ષ પ્રમાણવાળો પાંચમો આરો જાણવો. ત્યાં સુધી તીર્થ પ્રવૃત્તિ જાણવી. બીજા બાકીના તીર્થંકરોના સંબંધમાં તો પૂર્વ તીર્થંકરના કેવલિકાલથી આરંભી તેમની પાછળ થએ તીર્થંકરને કેવલજ્ઞાન ન થાય ત્યાં સુધી તીર્થકાળ જાણવો, અર્થાત્ ! એટલો અંતર કાળ જાણવો, તેર જીનવરોના તીર્થોનોકાલ પણ તેટલો જ

જાણવો. શ્રી ઋષભદેવ અને શ્રી અજીતનાથનો અંતરકાલ પચાશ લાખ કરોડ સાગરોપમનો છે. તે શ્રી ઋષભદેવનો એક હજાર વર્ષ ઓછાં એક લાખ પૂર્વ કેવલિ કાલ છે તે સહિત અને શ્રી અજીતનાથનો કેવલિકાલ બાર વર્ષહીન એક પૂર્વાંગ કમી કરીને એક લાખ પૂર્વ પ્રમિતકાલ હીન કરવો. તેમજ એક લાખ પૂર્વ એક પૂર્વાંક, એક હજાર અને બાર વર્ષ હીન કરી એક લાખ પૂર્વ અધિક પચાશ લાખ કોટી સાગરોપમ કાલ સુધી જાણવો. તેનો ભાવ આ પ્રમાણે. (૫૦) લાખ કોટી સાગરોપમ અને (૮૩૯૯૦૧૨) વર્ષ અધિક શ્રી ઋષભદેવ પ્રભુનો તીર્થ પ્રવૃત્તિકાલ જાણવો. એ પ્રમાણે શ્રી પાર્શ્વનાથ સુધી તીર્થ પ્રવૃત્તિની ભાવના કરવી. શ્રી ઋષભદેવના તીર્થથી શ્રી મહાવીર ભગવાનનો તીર્થ પ્રવૃત્તિ કાલ બાવીશ હજાર વર્ષ ઓછાં એક પૂર્વ લાખ અધિક એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ જાણવો. તે આ પ્રમાણે –શ્રી ઋષભદેવનો કેવલિ પર્યાય એક હજાર વર્ષ હીન એક લાખ પૂર્વ, ત્યારબાદ ત્રણ વર્ષ અને સાડા આઠ માસ વ્યતીત થયા પછી સુખમ-દુઃખમ નામે ત્રીજો આરો સમાપ્ત થાય છે. ત્યાર બાદ બેતાળીશ હજાર વર્ષ હીન એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ દુઃખમ સુખમ નામે ચોથો આરો સમાપ્ત, ત્યાર પછી એકવીશ હજાર વર્ષ પ્રમાણ દુઃખમ નામે પાંચમો આરો સંપૂર્ણ થાય. આ સર્વ સંખ્યા એકત્રિત કરવાથી શ્રી ઋષભદેવના તીર્થને આરંભી શ્રી મહાવીર સ્વામીના તીર્થની સમાપ્તિ બાવીશ હજાર વર્ષ ઓછાં કરી એક કોટાકોટી સાગરોપમ, એક લાખ પૂર્વ ત્રણ વર્ષ અને સાડા

આઠ માસ જાણવી. ॥ ૨૧૦ ॥ ૨૧૧ ॥ ૨૧૨ ॥ તીર્થ પ્રવૃત્તિ કાલ નામે (૧૦૧) મું સ્થાનક સમાપ્ત

હવે તીર્થ વ્યુચ્છેદ કાલ જણાવે છે.

मूलम्–इग १ इग २ तिगे ३ ग ४ तिग ५ इग, ६ इगंस
इअ गारपलिअचउभागे । बिंति न्ने इअ पलिए, सुवि०
हाइसु सत्ततित्थंते ॥२१३॥

छाया–एकैकत्रिकैकत्रिकैकैकांशा-इत्येकादशपल्यचतुर्थभागाः ।
ब्रुवन्त्यन्य इति पल्यानि, सुविध्यादीनां सप्ततीर्थान्ते ॥
२१३ ॥

ભાવાર્થ—એકપલ્યોપમના ચાર ભાગ કરવા, તેમાંનો એક ભાગ શ્રીસુવિધિનાથના તીર્થનો વ્યુચ્છેદ કાલ જાણવો (૧) શ્રી શીતલનાથના તીર્થનો વ્યુચ્છેદકાલ પલ્યોપમનો ચોથો ભાગ જાણવો (૨) શ્રી શ્રેયાંસનાથના તીર્થનો વ્યુચ્છેદ કાલ પલ્યોપમના ત્રણ ભાગ ( પોણો પલ્યોપમ ) જાણવો (૩) શ્રી વાસુપૂજ્ય-ના તીર્થનો વ્યુચ્છેદ કાલપલ્યોપમનો ચોથો ભાગ જાણવો (૪) શ્રી વિમલનાથના તીર્થનો વ્યુચ્છેદકાલ પલ્યોપમના ત્રણ ભાગ ( પોણો પલ્યોપમ) જાણવો. (૫) શ્રી અનંતનાથના તીર્થનો વ્યુચ્છેદ કાલ પલ્યોપમનો ચોથો ભાગ ( પા પલ્યોપમ ) જાણવો (૬ ધર્મનાથના તીર્થનો વ્યુચ્છેદકાલ પલ્યોપ-મનો ચોથો ભાગ ( પાપલ્યોપમ ) જાણવો. આ એકંદર ચતુર્થાંશ એકઠા કરીએ તો અગીયાર એકાંશ થાય એટલે તે પોણા ત્રણ પલ્યોપમ વ્યુચ્છેદ કાલ જાણવો. અહીં કેટલાક અન્ય આચાર્ય પલ્યોપમના ચતુર્થાંશને બદલે પલ્યોપમ

વ્યુચ્છેદ કાલ ગણે છે. એટલે એમના મત પ્રમાણે સુવિધિ-નાથનો એક પલ્યોપમ, શ્રીશીતલનાથનો એક પલ્યોપમ, શ્રી શ્રેયાંસનાથનો તીર્થ વ્યુચ્છેદ કાલ ત્રણ પલ્યોપમ શ્રી વાસુપૂજ્યનો તીર્થ વ્યુચ્છેદ કાલ એકપલ્યોપમ શ્રી વિમલ-નાથનો તીર્થ વ્યુચ્છેદ કાલ ત્રણ પલ્યોપમ. શ્રીઅનંતનાથનો તીર્થ વ્યુચ્છેદ કાલ એક પલ્યોપમ. શ્રી ધર્મનાથનો તીર્થ વ્યુચ્છેદ કાલ એક પલ્યોપમ જાણવો. એ પ્રમાણે સુવિધિ આદી સાત જીનવરોના તીર્થના અંત સમયે તીર્થ વ્યુચ્છેદ કાલ જાણવો. ॥ ૨૧૩ ॥ સ્થાનક (૧૮૨)મું સમાપ્ત.

## હવે પ્રથમ ગણધરોનાં નામ કહે છે.

मूलम्—पुंडरीअ १ सीहसेणा २,चारूरू ३ वज्जनाह ४ चम-
रगणी ५ । सुज्ज ६ विदब्भो ७ दिन्नो ८, वराहओ ९
नंद १० कुच्छुभ ११ सुभूमा १२ ॥२१४॥
मंदरु १३ जसो १४ अरिट्ठो १५,चक्काउह १६ संब १७
कुंभ १८ भिसओ अ १९ । मल्ली २० सुंभो २१ वर-
दत्त २२ अज्जदिन्नि २३ दभूइगणी २४ ॥२१५॥

छाया—पुण्डरीकः सिंहसेन-श्चारूर्वज्रनाभश्चमरगणिः ।
सुद्योतविदर्भदिन्ना-वराहकोनन्दकौस्तुभसुभूमाः ॥२१४॥
मन्दर यशोऽरिष्टा-श्चक्रायुधशंबकुंभभिषजाश्च ।
मल्लिः शुंभोवरदत्त-आर्यदत्त इन्द्रभूतिगणिः ॥२१५॥

ભાવાર્થ—શ્રી ઋષભદેવ ભગવાનના પ્રથમ ગણધર પુંડરીક નામે જાણવા (૧) બીજા શ્રી અજીતનાથના પ્રથમ

ગણધર સિંહસેન ( ૨ ) ત્રીજા પ્રભુ શ્રીસંભવનાથના પ્રથમ ગણધર ચારૂરૂ (૩) ચોથા શ્રી અભિનંદનના પ્રથમ ગણધર વજાનાભ ( ૪ ) શ્રી સુમતિનાથના ચમરગણી (૫) શ્રી પદ્મપ્રભના સુદ્યોત (૬) શ્રીસુપાર્શ્વનાથના વિદર્ભ (૭) શ્રી ચંદ્રપ્રભના દિન્નગણિ (૮) સુવિધિનાથના વરાહ ગણી (૯) શ્રીશીતલનાથના પ્રથમ ગણધર નંદ (૧૦) શ્રી શ્રેયાંસનાથના કૌસ્તુભ (૧૧) શ્રી વાસુપૂજ્યના સુભૂમ ( ૧૨ ) શ્રી વિમલ-નાથના મંદરગણી (૧૩) શ્રી અનંતનાથના યશોગણી (૧૪) શ્રી ધર્મનાથના અરિષ્ટ (૧૫) શ્રી શાંતિનાથના ચક્રાયુધ (૧૬) શ્રી કુંથુનાથના શંબગણી (૧૭) શ્રી અરનાથના કુંભગણી (૧૮) શ્રી મલ્લિનાથનાભિષજગણી (૧૯) શ્રી મુનિસુવ્રતના મલ્લિગણી (૨૦) શ્રી નમિનાથના શુંભ ગણી (૨૧) શ્રી નેમિનાથના વરદત્ત ગણી (૨૨) શ્રી પાર્શ્વનાથના આર્યદત્ત ગણી (૨૩) અને ચોવીશમાશ્રીમહાવીર સ્વામીના ઇંદ્રભૂતિગણધર (૨૪) ॥ ૨૧૪ ॥ ૨૧૫ ॥ એ પ્રમાણે સર્વ જીનવરોના પ્રથમ ગણધરોનાં નામ જાણવાં. સ્થાનક (૧૦૩) મું સમાપ્ત.

**હવે પ્રથમ પ્રવર્ત્તિની ( મુખ્ય સાધ્વી ) ઓનાં નામ કહે છે.**

**मूलम्—बंभी १ फग्गुणि २ सामा ३, अजिआ ४ तह कासवी ५ रई ६ सोमा ७। सुमणा ८ वारुणि ९ सुजसा १०, धारिणि ११ धरणी १२ धरा १३ पउमा १४॥२१६॥ अज्जसिवा १५ सुइ १६ दामिणि १७, रक्खिअ १८**

बन्धुमइ १९ पुप्फवइ २० अनिला २१। जक्खदिन्न २२
पुप्फचूला २३, चंदणबाला २४ पवत्तणिया ॥२१७॥
छाया—ब्राह्मी फाल्गुनी श्यामाऽ-जिता तथा काश्यपी रतिःसोमा।
सुमना वारुणी सुयशा—धारिणी धरणी धरा पद्मा ॥२१६॥
आर्या शिवा श्रुति दामिनी, रक्षिका बन्धुमती पुष्पवत्यनिला।
यक्षदत्ता पुष्पचूला, चंन्दनबाला प्रवर्त्तिन्यः ॥२१७॥

ભાવાર્થ—શ્રી ઋષભદેવ પ્રભુની પ્રવર્ત્તિનીનું નામ બ્રાહ્મી (૧) બીજા શ્રી અજીતનાથ પ્રભુની ફાલ્ગુની (૨) ત્રીજા શ્રી સંભવનાથની શ્યામા (૩) ચોથા શ્રી અભિનંદનની અજીતા (૪) પાંચમા શ્રીસુમતિનાથની કાશ્યપી (૫) શ્રી પદ્મપ્રભસ્વામીની રતિ (૬] શ્રી સુપાર્શ્વનાથની સોમા [૭] શ્રી ચંદ્રપ્રભસ્વામીની સુમના (૮) શ્રી સુવિધિનાથની પ્રથમ પ્રવર્તિની વારૂણી (૯) શ્રી શીતલનાથની સુયશા (૧૦) શ્રીશ્રેયાંસનાથની ધારિણી (૧૧) શ્રી વાસુપૂજ્યની ધરણી નામે પ્રવર્ત્તિની (૧૨) શ્રી વિમલનાથની ધરા (૧૩) શ્રી અનંતનાથની પદ્મા (૧૪) શ્રી ધર્મનાથની આર્યાશિવા (૧૫) શ્રી શાંતિનાથની શ્રુતિ (૧૬) શ્રી કુંથુનાથની દામિની (૧૭) શ્રી અરનાથની રક્ષિકા (૧૮) શ્રી મલ્લિનાથની બંધુમતી[૧૯] શ્રી મુનિસુવ્રતસ્વામીની મુખ્ય સાધ્વી પુષ્પવતી (૨૦) શ્રી નમિ નાથનીઅનિલા (૨૧) શ્રી નેમિનાથની યક્ષદત્તા (૨૨) શ્રી પાર્શ્વનાથની પુષ્પચૂલા (૨૩) શ્રીમહાવીરસ્વામીની મુખ્ય પ્રવર્ત્તિની ચંદનબાળા. આ ચોવીસ જીનવરોની મુખ્ય પ્રવર્ત્તિની (સાધ્વી)ઓ જાણવી. ॥ ૨૧૬ ॥ ૨૧૭ ॥ પ્રથમ પ્રવર્ત્તિની નામક (૧૦૪) મું સ્થાનક સમાપ્ત,

## હવે તીર્થંકરોના મુખ્ય શ્રાવક અને શ્રાવિકા-ઓનાં નામ કહે છે.

मूलम्—सेअंस नंद सुज्जा, संखो उसहस्स नेमिमाईणं ।
सड्ढिसुभद्दा महसु-व्वया सुनंदा य सुलसो य ॥२१८॥
गणहरपवत्तिणीओ, पढमा भणिआ जिणाण सव्वेसिं ।
सड्ढा सड्ढी अ पुणो-चउण्ह सेसाणमपसिद्धा ॥२१९॥

छाया—श्रेयांस नंद सुद्योत-शंखा ऋषभनेम्यादीनाम् ।
श्राद्धी सुभद्रा महासु-व्रता, सुनन्दाच सुलसाच ॥२१८॥
गणधर प्रवर्त्तिन्यः, प्रथमा भणिता जिनानां सर्वेषाम् ।
श्राद्धाः श्राद्धयश्चपुन-श्चतुर्णां शेषाणामप्रसिद्धाः ॥२१९॥

ભાવાર્થ—શ્રીઋષભદેવ ભગવાનનો પ્રથમ શ્રાવક શ્રેયાંસ (૧) શ્રી નેમિનાથનો નંદ નામે (૨) શ્રી પાર્શ્વનાથનો સુદ્યોત (૩) શ્રી મહાવીર સ્વામીનો શંખ નામે શ્રાવક જાણવો. તેમજ શ્રી ઋષભદેવની પ્રથમ શ્રાવિકા સુભદ્રા (૧) શ્રી નેમિનાથની મહાસુવ્રતા (૨) શ્રી પાર્શ્વપ્રભુની સુનંદા અને શ્રીમહાવીર સ્વામીની સુલસા શ્રાવિકા જાણવી. સર્વ જીનવર સંબંધી પ્રથમ ગણધર તથા પ્રથમ પ્રવર્ત્તિની (મુખ્ય સાધ્વી)ઓ કહી. તેમજ શ્રી ઋષભદેવ તથા નેમિનાથ આદિ ચાર તીર્થંકર સંબંધી મુખ્ય શ્રાવક તથા મુખ્ય શ્રાવિકાઓ કહી છે અને બાકીના (૨૦) વીસ તીર્થંકરો સંબંધી શ્રાવક શ્રાવિકાઓનાં નામ આગમમાં અપ્રસિદ્ધ હોવાથી જણાવ્યાં નથી. ॥ ૨૧૮ ॥ ૨૧૯ ॥ પ્રથમ શ્રાવક નામે (૧૦૫) મું અને પ્રથમ શ્રાવિકા નામે (૧૦૬)ઠું સ્થાનક સમાપ્ત

## હવે સર્વ જીનોના ભક્તરાજાઓનાં નામો જણાવે છે.

मूलम्—भरह १ सगर २ मिअसेणा, अ ३ मित्तविरिओ ४ अ सच्चविरिओ ५ अ॥ तह अजिअसेणराया ६ दानविरिय ७ मघवराया ९ य ॥ २२० ॥
जुद्धविरिय ९ सिमंधर १० तिविट्ठविण्हू ११ दुविट्ठु १२ अ सयंभू १३ ॥ पुरिसुत्तमविण्हू १४ पुरिससोहु १५ कोणायलनिवो अ १६ ॥ २२१ ॥
निवइकुबेर १७ सुभूमा १८ऽजिअ १९ विजयमहोअ २० चक्किहरिसेणो २१॥ कण्हो २२ पसेणई २३ सेणिओ २४ य जिणभत्तरायाणो ॥ २२२ ॥

छाया—भरतः सगरोमृगसेनश्च, मित्रवीर्यश्च सत्यवीर्यश्च ॥ तथाऽजितसेनराजा, दानवीर्योमघवा राजा च ॥ २२० ॥
युद्धवीर्यः सीमन्धर, स्त्रिपृष्ठविष्णुर्द्विपृष्ठश्चस्वयम्भूः ॥ पुरुषोत्तमविष्णुः पुरुष-सिंहः कोणालकनृपश्च ॥ २२१ ॥
नृपतिकुबेरः सुभूमोऽ-जितोविजयमहश्च चक्रिहरिषेणः ॥ कृष्णः प्रसेनजित्-श्रेणिकश्च जिनभक्तराजाः ॥ २२२ ॥

ભાવાર્થ—(૧) શ્રી ઋષભદેવનો ભક્ત રાજા ભરત ચક્રવર્તી હતો (૨) તેમજ શ્રીઅજીતનાથનો સગર ચક્રવર્તી ભક્ત રાજા હતો (૩) સંભવનાથનો મિત્રસેન (૪) અભિનંદનનો મિત્રવીર્ય (૫) સુમતિનાથનો સત્યવીર્ય (૬) પદ્મપ્રભનો અજીતસેન રાજા (૭) સુપાર્શ્વનાથનો દાનવીર્ય (૮) શ્રી ચંદ્રપ્રભનો મઘવારાજા

(૯) શ્રી સુવિધિનાથનો યુદ્ધવીર્ય (૧૦) શ્રી શીતલનાથનો સીમંધર રાજા (૧૧) શ્રી શ્રેયાંસનાથનો ત્રિપૃષ્ઠવિષ્ણુ (૧૨) શ્રી વાસુપૂજ્યનો દ્વીપૃષ્ઠરાજા ભક્ત હતો (૧૩) શ્રી વિમલનાથનો સ્વયંભૂરાજા (૧૪) શ્રી અનંત નાથનોપુરૂષોત્તમ વિષ્ણુ (૧૫) શ્રી ધર્મનાથનો પુરૂષસિંહ રાજા ભકત હતો (૧૬) શ્રી શાંન્તિનાથનો કાણાલકરાજા ભકત હતો (૧૭) શ્રીકુંથુનાથનો ભકત કુબેરરાજા હતો (૧૮) શ્રી અરનાથનો સુભૂમ રાજા ભકત હતો (૧૯) શ્રી મલ્લિનાથનો અજીતરાજા ભકત હતો ૨૦ શ્રી મુનિસુવ્રત દેવનો વિજયમહરાજા ભકત હતો (૨૧) શ્રી નમિનાથનો હરિષેણ ચક્રવૃતી રાજા ભકત હતો (૨૨) શ્રી નેમિનાથનો ભકતરાજા કૃષ્ણ વાસુદેવ હતો (૨૩) શ્રી પાર્શ્વનાથનો પ્રસેનજીતરાજા (૨૪) શ્રી મહાવીર દેવનો ભકત રાજા શ્રણિક હતો. આ ચોવીસ તીર્થંકરોના ચોવિશ પરમભકત રાજાઓ હતા.

" હવે આ રાજાઓ પોતાના નગર પ્રત્યે તીર્થંકર દેવનું ગમન થાય ત્યારે તેની વધામણી લાવનારને જે તુષ્ટિદાન આપે છે તે જણાવે છે "

मूलम्—वितीइ सड्ढबारस, लक्खे पीईइ दिंति कोडीओ॥ चक्की कणयं हरिणो रययं, निवई सहसलक्खे ॥२२३॥ भत्तिविहवाणुरूवं, अन्ने वि अ दिंति इब्भमाईया ॥ सोऊण-जिणागमणं, निउत्तमणिउत्तएसुंवा ॥ २२४ ॥

छाया—वृत्त्या सार्द्धद्वादशलक्षाणि प्रीत्या ददति कोटीः ॥ च-
क्रिणः कनकंहरयो-रजतंनृपतयः सहस्रलक्षाणि ॥२२३॥
भक्तिविभवानुरूप-मन्येपिददतीभ्यादयश्च ॥ श्रुत्वाजि-
नागमनं, नियुक्तानियुक्तेषु वा ॥ २२४ ॥

ભાવાર્થ—જીનવર ઉપર ભકતીરાગથી પ્રભુનું ગમન પોતાના નગર તરફ થાય ત્યારે તે વધામણી લાવનારને તે ભકતરાજાઓ પ્રસન્ન થઇને મોટું દાન આપે છે. તેમાં ચક્રવતી મહારાજાઓ સાડા બાર લાખ, વૃત્તિદાન આપે છે, તેમજ સાડાબાર કરોડ સોનામહોરનું પ્રીતી દાન આપે છે, વાસુદેવો વૃત્તિ દાનમાં સાડા બાર લાખ અને પ્રીતિ દાનમાં તેટલા કરોડ રૂપીઆ આપે છે. અર્થાત્ વધામણી લાવનારને આપે છે. તેમજ સામાન્ય રાજાઓ વૃત્તિદાન સાડાબાર હજાર અને પ્રીતીવડે સાડાબાર લાખ રૂપિઆનું દાન આપે છે. તેમજ બીજા નગરશેઠ અમાત્ય અને સેનાપતિ વીગેરે પોતાના વૈભવ અને ભકતીને અનુસરીને વધામણી લાવનારને દાન આપે છે તે વધામણી લાવનાર પોતાના નોકર તરીકે કોઇ કામમાં જોડાએલો હોય અગર તો જોડાયા વિનાનો હોય તો પણ તેને મ્હોટું દાન આપે છે ॥ ૨૨૩ ॥ ॥ ૨૨૪ ॥ ભકતરાજાના નામ તથા દાન કથન રૂપ ૧૦૭ મું સ્થાન સંપૂર્ણ થયું ॥

" હવે પ્રભુના શાસનમાં રક્ષક તરીકે યોજાયેલા યક્ષોનાં નામ ગણાવે છે,

मूलम्—जक्खा गोमुह महज-क्ख तिमुह जक्खेस तुंबरूकुसुमो।
मायंग विजयअजिया-बंभो मणुएसर कुमारो ॥२२५॥
छम्मुह पयाल किन्नर, गरुडो गंधव्वतह य जक्खिदो।
सकुबेर वरुणभिउडी, गोमेहोपासमायंगो ॥२२६॥

छाया—यक्षा गोमुखो महायक्ष-त्रिमुखो यक्षेशस्तुंबरुःकुसुमः॥
मातंगो विजयोऽजितोब्रह्मा मनुजेश्वरः कुमारः ॥२२५॥
षण्मुखः पातालः किन्नरो,गरुडोगन्धर्वस्तथा च यक्षेन्द्रः।
॥ सकुबेरोवरुणो भ्रकुटिर्गोमेधःपार्श्वोमातङ्गः ॥२२६॥

ભાવાર્થ—શ્રી ઋષભદેવના શાસનમાં રક્ષકયક્ષ ગોમુખ નામે છે ૧ શ્રી અજીતનાથના શાસનમાં મહાયક્ષ નામે રક્ષક છે ૨ શ્રી સંભવનાથના શાસનમાં ત્રિમુખ છે, ૩ શ્રી અભિનંદનના શાસનમાં યક્ષેશ ૪ અને શ્રી સુમતિનાથના શાસનમાં તુંબરૂ ૫ શ્રી પદ્મપ્રભના શાસનમાં કુસુમ ૬ શ્રી સુપાર્શ્વનાથના શાસનમાં માતંગ ૭ શ્રીચંદ્રપ્રભના શાસનમાં વિજય યક્ષ ૮ શ્રીસુવિધિનાથના શાસનમાં અજીત યક્ષ ૯ શ્રી શીતલનાથના શાસનમાં બ્રહ્મા યક્ષ ૧૦ શ્રી શ્રેયાંસનાથના શાસનમાં મનુજેશ્વર ૧૧ શ્રી વાસુપૂજ્યના શાસનમાં કુમાર યક્ષ છે ૧૨ શ્રી વિમલનાથના શાસનમાં ષણ્મુખ યક્ષ છે. ૧૩ શ્રી અનંતનાથના શાસનમાં પાતાલ યક્ષ છે ૧૪ શ્રી ધર્મનાથના શાસનમાં કિન્નર યક્ષ છે ૧૫ શ્રીશાંન્તિનાથના શાસનમાં ગરૂડ યક્ષ છે ૧૬ શ્રી કુંથુનાથના શાસનમાં ગંધર્વ યક્ષ છે ૧૭ શ્રી અરનાથના શાસનમાં યક્ષેન્દ્ર યક્ષ છે ૧૮ શ્રીમલ્લિનાથના શાસનમાં કુબેર યક્ષ છે ૧૯ શ્રી મુનિ સુવ્રત સ્વામીના શાસનમાં વરૂણ યક્ષ છે ૨૦ શ્રી નમિનાથના શાસનમાં ભ્રકુટી યક્ષ છે ૨૧ શ્રીનેમિનાથના શાસનમાં પાર્શ્વ યક્ષ છે ૨૩ શ્રી મહાવીરદેવના શાસનમાં માતંગ યક્ષ છે ૨૪ આ યક્ષો ચોવીશ જીનેશ્વરોના શાસનમાં રક્ષક

જાણવા ॥ ૨૨૫ ॥ ૨૨૬ ॥ યક્ષ નામ કથન રૂપ ૧૦૮ મું સ્થાનકપૂર્ણ.

હવે શાસનની દેવીઓનાં નામ જણાવે છે.

मूलम्—देवीओचक्केसरि १, अजिया २ दुरिआरि ३ कालि
४ महाकाली ५ ॥ अच्चुअ ६ संता ७ जाला ८, सुता-
रया ९ सोग १० सिरिवच्छा ११ ॥ २२७ ॥
पवरा १२ विजयं १३ कुस१४प-न्नइत्ति १५निव्वाणि १६
अच्चुया १७ धरणी १८॥ वइरु १९ ट्टदत्त २० गंधा-रि
२१ अंब २२ पउमावई २३ सिद्धा २४ ॥ २२८ ॥

छाया—देव्यश्चक्रेश्वर्यजिता दुरितारिः कालीमहाकाली ॥
अच्युता शान्ता ज्वाला, सुतारकाऽशोका श्रीवत्सा॥२२७॥
प्रवरा विजयाऽङ्कुशा प्रज्ञप्ति निर्वाण्यच्युता धरणी ॥
वैरोटया दत्तागान्धार्यम्बा पद्मावती सिद्धा ॥२२८॥

ભાવાર્થ–જીનશાસનની રક્ષણ કરનારી દેવીઓનાં નામ આ પ્રમાણે છે. શ્રી ઋષભદેવના શાસનમાં ચક્રેશ્વરી ૧. શ્રી અજીતનાથના શાસનમાં અજીતા દેવી (અજીતબલા) ૨. શ્રી સંભવનાથના શાસનમાં દુરિતારી ૩. શ્રી અભિનંદનના શાસનમાં કાલી ૪.શ્રી સુમતિનાથના શાસનમાં મહાકાલી ૫. શ્રી પદ્મપ્રભના શાસનમાં અચ્યુતા ૬. શ્રી સુપાર્શ્વનાથના શાસનમાં શાન્તા ૭. શ્રી ચંદ્રપ્રભના શાસનમાં જ્વાલા ૮. શ્રી સુવિધિનાથના શાસનમાં સુતારકા ૯. શ્રી શીતલનાથના

શાસનમાં અશોકા ૧૦. શ્રી શ્રેયાંસનાથના શાસનમાં શ્રીવત્સા ૧૧. શ્રી વાસુપૂજયના શાસનમાં પ્રવરા (ચંડા) ૧૨. શ્રી વિમલનાથના શાસનમાં વિજયા ૧૩. શ્રી અનંતનાથના શાસનમાં અંકુશા ૧૪. શ્રી ધર્મનાથના શાસનમાં પ્રજ્ઞપ્તિ ૧૫. શ્રી શાંતિનાથના શાસનમાં નિર્વાણી ૧૬, શ્રી કુંથુનાથના શાસનમાં અચ્યુતા ૧૭. શ્રી અરનાથના શાસનમાં ધરણીદેવી ૧૮. શ્રી મલ્લિનાથના શાસનમાં વૈરોટયા ૧૯. શ્રી મુનિ સુવ્રતસ્વામીના શાસનમાં દત્તા ૨૦. શ્રીનમિનાથના શાસનમાં ગાંધારી દેવી ૨૧. શ્રી નેમિનાથના શાસનમાં અંબિકા દેવી ૨૨. શ્રી પાર્શ્વનાથના શાસનમાં પદ્માવતી દેવી ૨૩. શ્રી મહાવીરસ્વામીના શાસનમાં સિદ્ધા ( સિદ્ધાયિકા ) દેવી ૨૪. એ ચોવીસ દેવીઓ જીનેશ્વર પ્રભુના ભકતોના દુઃખોને દૂર કરે છે અને ધર્મ કરવામાં સહાય કરે છે. અને મિથ્યાત્વી દેવોએ કરેલા ઉપસર્ગોને દૂર કરે છે ॥ ૨૨૭ ॥ ૨૨૮ ॥.

જીનશાસનની દેવીઓનાં નામ ગણના રૂપ ૧૦૯ મું સ્થાનક પૂર્ણ થયું.

હવે પ્રભુના ગણ તથા ગણધરની સંખ્યા જણાવે છે.

मूलम्—चुलसीई १ पण नवई २, बिहियसयं ३ सोलहिय
सयं च ४ सयं ५ ॥ सगहियसउ ६ पण नवई ७,
तिणवइ ८ ठासी ९ गसि १० छसयरी ११ ॥
२२९ ॥ छावट्ठी १२ सगवन्ना १३ पन्न १४
तिचत्ता १५ छतीस १६ पण तीसा १७ ॥ तित्तीस१८

छावीसा, १९ ठार २० सतरि २१ गार २२ दस २३ नवय २४ ॥ २३० ॥ गण गणहरसंख इमा, वीरस्सइ-गारगणहरा नवरं ॥ चउदससया दुवन्ना, सव्वंके गणहरा हुंति ॥ २३१ ब

छाया—चतुरशीतिः १ पञ्चनवति २, द्व्यधिकशतं ३ षोडशाधिकशतं ४ च शतं ५ ॥ सप्ताधिकशतं ६ पञ्चनवति ७–त्रिनवति ८ रष्टाशीति ९ रेकाशीतिः १० षट्सप्ततिः ११॥२२९॥ षट्षष्टिः१२ सप्तपञ्चाशत् १३ पञ्चाशत् १४ त्रिचत्वारिंशत् १५ षट्त्रिंशत् १६ पञ्चत्रिंशत् १७ त्रयस्त्रिंश १८ दृष्टाविंशति १९ रष्टादशं २० सप्तदशैका २१ दश २२ दश २३ नवच २४ ॥ २३१ ॥ गणगणधरसंख्या एषा, वीरस्यैकादशगणधरा नवरं ॥ चतुर्दशशतद्विपञ्चाशत्स-र्वाङ्के गणधरा भवन्ति ॥ २३१ ॥

ભાવાર્થ—શ્રી ઋષભદેવના ચોરાશી ગણ તથા ગણધર ચોરાસી હતા ૧. શ્રી અજીતનાથના એકસોને બે ગણ તથા ગણધર પણ એકસો બે હતા ૨. શ્રી સંભવનાથના એક-સોને બે ગણ તથા ગણધર હતા ૩. શ્રી સુમતિનાથના એકસોસોળ ગણ તથા ગણધર હતા, ૪ શ્રી અભિનંદનના ગણ તથા ગણધર સો હતા ૫. શ્રી પદ્મપ્રભના ગણ તથા ગણધર એકસોને સાત હતા ૬. શ્રી સુપાર્શ્વનાથના ગણ તથા ગણધર પંચાણું હતા ૭. શ્રી ચંદ્રપ્રભના ગણ તથા

ગણધર અઠ્યાશી હતા ૯. શ્રી શીતલનાથના ગણ તથા ગણધર એકાશી હતા, ૧૦. શ્રી શ્રેયાંસનાથના ગણ તથા ગણધર છોતેર હતા ૧૧. શ્રી વાસુપૂજ્યના ગણ તથા ગણધર છાસઠ હતા ૧૨, શ્રી વિમલનાથના ગણ તથા ગણધર સત્તાવન હતા ૧૩, શ્રી અનંતનાથના ગણ તથા ગણધર પચાસ હતા ૧૪. શ્રી ધર્મનાથના ગણ તથા ગણધર ત્રેતાલીસ હતા ૧૫. શ્રી શાંતિનાથના ગણ તથા ગણધર છત્રીસ હતા ૧૬. શ્રી કુંથુનાથના ગણ તથા ગણધર પાંત્રીસ હતા ૧૭. શ્રી અરનાથના ગણ તથા ગણધર તેત્રીસ હતા ૧૮. શ્રી મલ્લિનાથના ગણ તથા ગણધર અઠ્ઠાવીસ હતા ૧૯. શ્રી મુનિ સુવ્રતસ્વામીના ગણ તથા ગણધર અઢાર હતા ૨૦. શ્રી નમિનાથના ગણ તથા ગણધર સત્તર હતા ૨૧. શ્રી નેમિનાથના ગણ તથા ગણધર અગીયાર હતા ૨૨. શ્રી પાર્શ્વનાથના ગણ તથા ગણધર દશ હતા ૨૩, શ્રી મહાવીરસ્વામીના ગણ તથા ગણધર અગીઆર હતા ૨૪. સર્વ જીનેશ્વરોના ગણ તથા ગણધરની સંખ્યા સરખી જ હોય છે પરંતુ શ્રી મહાવીરસ્વામીના સંબંધમાં એટલું વિશેષ છે કે તેમના ગણ નવ છે અને ગણધરો અગીયાર છે. આ ચોવીસ જીનેશ્વરોના ગણની સંખ્યા ( ૧૪૫૦ ) અને ગણધરો ચૌદસો ને બાવન (૧૪૫૨) ની સંખ્યામાં છે ॥ ૨૨૯ ॥ ॥ ૨૩૦ ॥ ૨૩૧॥

સર્વ જીનવરના ગણ તથા ગણધરની સંખ્યારૂપ ૧૧૦ તથા ૧૧૧ સ્થાનકો પૂર્ણ થયાં.

હવે સર્વે જીનવરોના મુનિઓની સંખ્યા જણાવે છે.

मूलं—चुलसिसहस १ तोलक्खा, इग २ दो ३ तिन्निव ४ तिन्निवीसा य ५ ॥ तिन्नियतीसा ६ तिन्निअ, ७ सड्ढदुगं ८ दुन्नि ९ इगलक्खो १० ॥ २३२ ॥ सहसा चुलसि ११ बिसत्तरि, १२ अडसट्ठि १३ छसट्ठि १४ तहय चउसट्ठी ॥ १५ बासट्ठि १६ सट्ठि १७ पन्ना १८, चत्ता १९ तीसाय २० वीसाय २१ ॥ २३३ ॥ अट्ठार २२ सोल २३ चउद्दसं २४, सहसा उसहाइयाणमुणिसंखा ॥ अट्ठावीसं लक्खा अडयाल सहस्ससव्वंके ॥ २३४ ॥

छाया—चतुरशीति सहस्राणि ततोलक्षमेकं द्वेत्रीण्येव त्रीणिविंशतिश्च ॥ त्रीणि च त्रिंशत् त्रीणि च–सार्द्ध द्वे द्वे एकलक्षं ॥ २३२ ॥ सहस्राणि चतुरशीतिर्द्विसप्तति रष्टषष्टिः षष्टिस्तथा च चतुःषष्टिः ॥ द्विषष्टिः षष्टिः पञ्चाशत्, चत्वारिंशत् त्रिंशच्च विंशतिश्च ॥ २३३ ॥ अष्टादश षोडश चतुर्दश–सहस्राणि ऋषभादीनां मुनि संख्या ॥ अष्टाविंशतिलक्षाण्यष्टचत्वारिंशत्सहस्राणि सर्वाङ्कि ॥ २३४ ॥

ભાવાર્થ--શ્રી ઋષભનાથને ચોરાશી હજાર સાધુની સંખ્યા ૧. શ્રી અજીતનાથને એક લાખ ૨. શ્રી સંભવનાથને બે લાખ, ૩. શ્રી અભિનંદનને ત્રણ લાખ ૪. શ્રી સુમતિનાથને ત્રણ લાખ વીસ હજાર ૫. શ્રી પદ્મપ્રભને ત્રણ

લાખ ને તેત્રીસ હજાર ૬. શ્રી સુપાર્શ્વનાથને ત્રણ લાખ ૭. શ્રી ચંદ્રપ્રભને અઢી લાખ ૮. શ્રી સુવિધિનાથને બે લાખ ૯. શ્રી શીતલનાથને એક લાખ ૧૦. શ્રી શ્રેયાંસનાથને ચોરાસી હજાર ૧૧. શ્રી વાસુપૂજ્યને બોતેર હજાર ૧૨. શ્રી વિમલનાથને અડસઠ હજાર ૧૩. શ્રી અનંતનાથને છાસઠ હજાર ૧૪. શ્રી ધર્મનાથને ચોસઠ હજાર ૧૫. શ્રી શાંતિનાથને બાસઠ હજાર ૧૬. શ્રી કુંથુનાથને સાઠ હજાર ૧૭. શ્રી અરનાથને પંચાવન હજાર ૧૮. શ્રી મલ્લિનાથને ચાલીસ હજાર ૧૯. શ્રી મુનિ સુવ્રતસ્વામીને ત્રીસ હજાર ૨૦. શ્રી નમિનાથને વીસ હજાર ૨૧. શ્રી નેમિનાથને અઢાર હજાર ૨૨. શ્રી પાર્શ્વનાથને સોળ હજાર ૨૩. શ્રી. મહાવીર દેવને ચૌદ હજાર સાધુની સંખ્યા જણાવીછે. ૨૪ એપ્રમાણે ઋષભદેવ આદી ચોવીસે જીનવરના સાધુની સંખ્યા અઠાવીસ લાખ અડતાલીસ હજારની થાય છે, ॥ ૨૩૨ ॥ ૨૩૩ ॥ ૨૩૪ ॥

મુનિ સંખ્યા ગણનારૂપ ૧૧૨ મું સ્થાનક પૂર્ણ થયું. હવે સર્વ જીનવરોની સાધવીઓની સંખ્યા કહે છે.

मूलं—संजइलक्खातिन्निय १ तिन्नियतीसाय २ तिन्निछत्तीसा३.छच्चयतीसा४ पंचय,तीसा५ चत्तारि-वीसाय ६ ॥२३५॥ चउरोतीसा ७ तिन्निअ, सीया ८ इगलक्ख वीस सहसहिओ ९ ॥ लक्खोयसंजइ छगं १० लक्खोतिसहस्स ११ लक्खोय १२ ॥ २३६ ॥ इगलक्खो अट्ठसया १३, सहसबिसट्ठी १४ बिसहि चउर-

सया १५। इगसट्ठि छसय १६ सट्ठी, छसया १७ सट्ठीअ
१९ पणपन्ना १९ ॥२३७॥ पन्न २० इग चत्त २१
चत्ता २२ अडतीस २३ छतीस २४ सहस सव्वग्गे। चउ-
आललक्खसहसा, छायाला चउसया छहिया ॥ २३८॥

छाया–संयतीनां त्रिलक्षं, त्रीणि च त्रिंशत् त्रीणि षट्त्रिंशत् ।
ष च त्रिंशत् पञ्च च, त्रिंशत् चत्वारि विंशतिश्च ॥२३५॥
चत्वारि त्रिंशत् त्रीणिचाशीतिरेकलक्षं विंशतिसह-
स्राधिकं ॥ लक्षं च संयतीषट्कं लक्षं, त्रीणि सहस्राणि
लक्षं च ॥ २३६ ॥ एकलक्षमष्टशतं सहस्राणि द्विषष्टि
द्विंषष्टिः चतुः शतम् ॥ एकषष्टिः षट्शतं षष्टिश्च पञ्च
पञ्च पञ्चाशत् ॥ २३७ ॥ पञ्चाशदेकचत्वारिंशत्
चत्वारिंशदष्टत्रिंशत् षट्त्रिंशत् सहस्राणि सर्वाङ्के ॥
चतुश्चत्वारिंशल्लक्षाणिषट् चत्वारिंशत् सहस्राणि चत्वारि-
शतानि षडधिकानि ॥ २३८ ॥

ભાવાર્થ—શ્રી ઋષભદેવની સાધ્વીઓની ત્રણ લાખની સંખ્યા ૧, શ્રી અજીતનાથની ત્રણ લાખ ત્રીશ હજાર ૨. શ્રી સંભવનાથની ત્રણ લાખને છત્રીસ હજાર ૩. શ્રી અભિનંદનની છ લાખ ને ત્રીસ હજાર ૪. શ્રી સુમતિનાથની પાંચ લાખને ત્રીસ હજાર ૫. શ્રી પદ્મપ્રભની ચાર લાખ ને વીસ હજાર ૬. શ્રી સુપાર્શ્વનાથની ચાર લાખ ને ત્રીસ હજાર ૭. શ્રી ચંદ્રપ્રભની ત્રણ લાખ એંસીહજાર ૮. શ્રી સુવિધિનાથની એક લાખ વીસ હજાર ૯. શ્રી શીતલનાથની એક

લાખ ને છ હજાર ૧૦. શ્રી શ્રેયાંસનાથની એક લાખ ને ત્રણ હજાર ૧૧. શ્રી વાસુપૂજ્યની એક લાખ ૧૨. શ્રી વિમલનાથની એક લાખ અને આઠસો ૧૩. શ્રી અનંતનાથની બાસઠ હજાર ૧૪. શ્રી ધર્મનાથની બાસઠ હજાર ને ચારસો ૧૫. શ્રી શાંતિનાથની એકસઠ હજાર છસો ૧૭. શ્રી કુંથુ-નાથની સાઠ હજાર છસો ૧૭. શ્રી અરનાથની સાઠ હજાર ૧૮. શ્રી મલ્લિનાથની પંચાવન હજાર ૧૯. શ્રી મુનિ સુવ્રતજીની પચાસ હજાર ૨૦. શ્રીનમિનાથની એકતાલીસ હજાર ૨૧. શ્રી નેમિનાથની ચાલીસ હજાર ૨૨ શ્રી પાર્શ્વનાથની અડત્રીસ હજાર ૨૩. શ્રી મહાવીરદેવની છત્રીસ હજાર ૨૪. આ પ્રમાણે ચોવીસ તીર્થંકરોની સાધ્વીઓનો પરીવાર એકંદર ચુંવાલીસ લાખ છત્રીસ હજાર ચારસો ને છ ( ૪૪૩૬૪૦૬ ) સંખ્યાનો જાણવો.

॥ ૨૩૫ ॥ ૨૩૬ ॥ ૨૩૭ ॥ ૨૩૮ ॥ આ વિષે બીજા આચાર્યોનો આ પ્રમાણે મત છે.

मूलं--बिंतिन्ने सुविहाइसु, छसुतितिइगइगइगेगलक्खुवरिं ॥
कमसोअसी असी वीस, छत्तिसहस्सा सया अट्ठ ॥
२३९ ॥

छाया--ब्रुवन्त्यन्ये सुविध्यादिषु षट्सुत्रीणित्रीण्येकैक मेकैकं लक्षोपरि ॥ क्रमतोऽशीतिरशीति-विंशतिः षट् त्रीणि सहस्राणि शतान्यष्ट ॥ २३९ ॥

ભાવાર્થ--બીજા આ પ્રમાણે કહે છે કે શ્રીસુવિધિ-

નાથથી છ તીર્થંકરોનાવિષે આ પ્રમાણે સાધ્વીઓનો પરિવારછે. શ્રીસુવિધિનાથને ત્રણલાખ અને એંસી હજાર, શ્રીશીતલનાથને ત્રણલાખ અને એંશી હજાર, શ્રી શ્રેયાંસનાથને એક લાખ ને વીસ હજાર. શ્રી વાસુ પૂજ્યને એક લાખ ને છ હજાર. શ્રી વિમલનાથને એક લાખ ને ત્રણ હજાર અને શ્રીઅનંતનાથને એક લાખ ને આઠસો. આ પ્રમાણે સાધ્વીઓનો પરીવાર હતો. સાધ્વી સંખ્યા ગણુના ૩૫ ૧૧૩ મું સ્થાન પૂર્ણ થયું.

હવે જીનવરોના શ્રાવકોની સંખ્યા જણાવે છે.

मूलं—उसहस्स तिन्निलक्खा, अजियाइसुदुन्नि कुंथुमाएगो ॥
तदुवरि कमेण सहसा, पण अडनउईअ तिणउई ॥२४०॥
अडसी इगसी छसयरि, सगवन्ना पंन्नतहइगुणतीसा ॥
इगुणनवइ इगुणासी, पनरसअडछचउचत्तावा ॥ २४१॥
नवइ गुणासो चुलसी, तेसीअ बिसत्तरीअ सयरीअ
॥ गुणहत्तरी चउसट्ठी, गुणसट्ठिसहस्ससट्ठाणं ॥२४२॥

छाया—ऋषभस्य त्रीणि लक्षाण्यजितादिषु द्वे कुन्थ्वा-
दिष्वेकं ॥ तदुपरिक्रमेणसहस्राणि, पञ्चाष्टनवतिस्त्रि-
नवतिः ॥ २४० ॥ अष्टाशीत्येकाशीती षट् सप्ततिः,
सप्त पञ्चाशत् पञ्चाश दथैकोनत्रिंशत् ॥ एकोननवति-
रेकोनाशीतिः, पञ्चदशाऽष्टषट्चत्वारिंशद्वा ॥ २४१ ॥
नवत्येकोनाशीतिस्त्र्यशीतिश्च द्विसप्ततिरेकोनसप्ततिः स-
प्ततिश्चतुः षष्ट्येकोनषष्टिः सहस्राणि श्राद्धानां ॥२४२॥

ભાવાર્થ—શ્રીઋષભદેવની શ્રાવક સંખ્યા ત્રણ લાખ પાંચ હજાર ૧. શ્રી અજીતનાથને બે લાખ અઠાણું હજાર ૨. શ્રી સંભવનાથને બે લાખ ને ત્રાણું હજાર ૩. શ્રી અભિનંદનને બે લાખ ને અઠ્ઠાસી હજાર ૪. શ્રી સુમતિનાથને બે લાખ એંસી હજાર ૫. શ્રી પદ્મપ્રભને બે લાખ ને છોતેર હજાર ૬. શ્રી સુપાર્શ્વનાથને સત્તાવન હજાર ૭. શ્રી ચંદ્રપ્રભને બે લાખ ને પચાસ હજાર ૮. શ્રી સુવિધિનાથને બે લાખ ઓગણત્રીસ હજાર ૯ શ્રી શીતલનાથને બે લાખ નેવાસી હજાર ૧૦. શ્રી શ્રેયાંસનાથને બે લાખ ને અગનાએંસી હજાર ૧૧. શ્રી વાસુપૂજ્યને બે લાખ પંદર હજાર ૧૨. શ્રી વિમલનાથને બે લાખ ને આઠ હજાર ૧૩. શ્રી અનંતનાથને બે લાખ ને છ હજાર ૧૪. શ્રી ધર્મનાથને બે લાખ ચાર હજાર ૧૫ શ્રી શાંન્તિનાથને બે લાખ નેંઉ-હજાર ૧૬ શ્રી કુંથુનાથને એક લાખ અગનાએંસી હજાર ૧૭ શ્રી અરનાથને એક લાખ ચોરાશી હજાર ૧૮ શ્રી મલ્લિનાથને એકલાખને એંસીહજાર ૧૯ શ્રી મુનિસુવ્રત સ્વામીને એક લાખ બોંતરહજાર ૨૦ શ્રી નમિનાથને એકલાખ સીત્તેરહજાર ૨૧ શ્રી નેમિનાથને એક લાખ અગનોતેર હજાર ૨૨ શ્રી પાર્શ્વનાથને એક લાખ ચોસઠહજાર ૨૩ શ્રી મહાવીરસ્વામીને એક લાખ ઓગણસાઠહજાર ૨૪ શ્રાવકની સંખ્યા હતી. ॥૨૪૦॥ ॥૨૪૧॥ ॥૨૪૨॥ શ્રાવક સંખ્યા કથન રૂપ ૧૧૪ સુંસ્થાન પૂર્ણ થયું

હવે શ્રાવિકાની સંખ્યા જણાવે છે

मूलं–लक्खा पण १ पण २ छच्चय, तिसुपंचयनवसुचउर नव-
सु तिगं। सड्ढीण कमा तदुवरि, सहसा
चउपन्न १ पणयाला २ ॥ २४३ ॥ छत्तीस ३
बीसा ४ सोळस, ५ पण ६ तिनवईअ ७ इगनवई ८
इगहत्तरि ९ अडवन्ना १०, अडयाल ११ छत्तीस १२
चउवीसा १३ ॥ २४४ ॥ चउदस १४ तेरस १५
तिनवइ १६, एगासीई १७ बिसत्तरी १८ सयरी १९॥
पन्न २० डयाल २१ छतीसा २२, गुणयाल २३
ट्ठारस २४ सहस्सा ॥२४५॥

छाया—पञ्चलक्षं पंचषट् च, त्रिषु पञ्च नवसु चत्वारि नव-
सु त्रीणि॥ श्राद्धीनां क्रमात्तदुपरि, सहस्राणि चतुः
पञ्चाशत् पञ्चचत्वारिंशत् ॥ २४३ षट्त्रिंशत सप्तविं-
शतिःषोडष पञ्चत्रिनवतिश्चैकनवतिः॥ एक सप्ततिरष्ट
पञ्चाशदष्ट चत्वारिंशत् चतुर्विंशतिः ॥ २४४ ॥ चतु-
र्दश त्रयोदशत्रिनवति श्चैकाशीति द्विसप्ततिः सप्ततिः ॥
पञ्चाशदष्टचत्वारिंशत्,षट्त्रिंशदेकोनचत्वारिंशदष्टा दश
सहस्राणि ॥ २४५ ॥

ભાવાર્થ—શ્રી ઋષભદેવને પાંચ લાખને ચોપનહજાર શ્રાવિકાને પરિવાર હતો ૧ શ્રી અજીતનાથને પાંચ લાખ પીસ્તાલીસ હજાર. ૨ શ્રી સંભવનાથને છ લાખ છત્રીશહજાર ૩ શ્રી અભિનંદનને પાંચ લાખને સત્તાવીસ હજાર ૪ શ્રી

સુમતિનાથને પાંચ લાખને સોળહજાર ૫ શ્રી પદ્મપ્રભને પાંચ લાખ પાંચ હજાર ૬ શ્રી સુપાર્શ્વનાથને ચાર લાખ ત્રાંણુહજાર ૭ શ્રી ચંદ્રપ્રભને ચાર લાખ એકાંણુહજાર ૮ શ્રી સુવિધિનાથને ચાર લાખ ઇકોતેર હજાર ૯ શ્રી શીતલનાથને ચાર લાખને અઠ્ઠાવન હજાર ૧૦ શ્રી શ્રેયાંસનાથને ચારલાખ ને અડતાલીસ હજાર ૧૧ શ્રી વાસુપૂજ્યને ચાર લાખ છત્રીસ હજાર ૧૨ શ્રી વિમલનાથને ચાર લાખચોવીસ હજાર ૧૩ શ્રી અનંતનાથને ચાર લાખ ચૌદ હજાર ૧૪ શ્રીધર્મનાથ પ્રભુને ચાર લાખને તેર હજાર ૧૫ શ્રી શાંન્તિનાથને ત્રણુ લાખ ત્રાંણુહજાર ૧૬ શ્રી કુંથુનાથને ત્રણુ લાખ એકાસીહજાર ૧૭ શ્રી અરનાથને ત્રણુ લાખ બોતેર હજાર ૧૮ મલ્લિનાથને ત્રણુ લાખને સીત્તેર હજાર ૧૯ શ્રી મુનિસુવ્રતસ્વામીને ત્રણુ લાખને પચાસ હજાર ૨૦ શ્રી નમિનાથને ત્રણુ લાખને અડતાલીસ હજાર ૨૧ શ્રી નેમિનાથને ત્રણુ લાખ છત્રીસહજાર ૨૨ શ્રી પાર્શ્વનાથને ત્રણુ લાખને ઓગણુચાલીસ હજાર ૨૩ શ્રી મહાવીર સ્વામીને ત્રણુ લાખ અઢાર હજાર ૨૪ શ્રાવિકાનો પરીવાર હતો ॥૨૪૩॥ ॥૨૪૪॥ ॥૨૪૫॥

હવે સર્વજીનવરોના શ્રાવક તથા શ્રાવિકાની કુલ સંખ્યા જણાવે છે.

**मूलं—पणपन्नलक्ख अडया-लीससहस्सा य सावया सव्वे ॥**
**इगकोडी पण लक्खा, अडतीस सहस्ससड्ढीओ॥२४६॥**

**छाया—पञ्च पञ्चाशल्लक्षाण्यष्ट चत्वारिंशत्सहस्राणि श्राद्धाः सर्वे । एककोटीपञ्च लक्षाण्यष्टत्रिंशत्सहस्राणि श्राद्ध्यः ॥ २४६ ॥**

ભાવાર્થ—સર્વજીનવરના શ્રાવકની સંખ્યા પંચાવન લાખ અડતાલીસ હજાર (૫૫૪૮૦૦૦) ની જાણવી અને શ્રાવિકાઓની સંખ્યા એક કરોડ પાંચ લાખ અડત્રીસહજાર (૧૦૫૩૮૦૦૦) જાણવી ॥૨૪૬॥

શ્રાવીકાની સંખ્યા ગણના ૩૫ ૧૧૫ મુંસ્થાન પૂર્ણ

હવે સર્વ જીનવરોનાકેવલીની સંખ્યા જણાવે છે

मूलं—उसहस्सवीससहसा १, वीसंबावीस वावि अजिअस्स २॥ पनरस ३ चउदस ४ तेरस ५, वारसि ६ ढारसदस ७ दस ८ तओअ ॥ २४७॥ पणसयरि ९ सयरि १० पणसट्ठि ११ सट्ठि १२ पणपन्न १३ पन्न १४ पणयाला १५ ॥ तेआला १६ बत्तीसा १७ दुवीसवातोअ अडवीसं १८ ॥ २४८॥ बावीस १९ ढार २० सोलस २१, पणरस २२ दस २३ सगमयाइँ केवलिणो ॥ सव्वग्गमेगलक्खो, छहत्तरीसहससयमेगं ॥ २४९ ॥

छाया—ऋषभस्यविंशतिसहस्राणिविंशतिर्द्वाविंशतिर्वाप्यजितस्य ॥ पञ्चदश चतुर्दश त्रयोदश द्वादशैकादश दश ततश्च ॥ २४७ ॥ पञ्चसप्ततिस्सप्ततिः पञ्चषष्टिः षष्टिः पञ्चपञ्चाशत्पञ्चाशत्पञ्च चत्वारिंशत् ॥ त्रिचत्वारिंशद्द्वात्रिंशद् द्वाविंशतिर्वाऽष्टाविंशतिः ॥ २४८ ॥ द्वाविंशत्यष्टादश षोडशपञ्चदश दश सप्तशतानि केवलिनः ॥ सर्वाग्रमेकं लक्षंषट्सप्ततिसहस्राणि शतमेकं ॥२४९॥

ભાવાર્થ—શ્રી ઋષભદેવને વીસહજાર કેવલીની સંખ્યા ૧ શ્રી અજીતનાથને વીસહજાર અથવા મતાંતરે બાવીસ હજાર કેવલીઓની સંખ્યા હતી ૨ શ્રી સંભવનાથને પંદર હજાર ૩ શ્રી અભિનંદનને ચૌદ હજાર ૪ શ્રી સુમતિનાથને તેર હજાર ૫ શ્રી પદ્મપ્રભને બાર હજાર ૬ શ્રી સુપાર્શ્વનાથને અગીયાર હજાર ૭ શ્રી ચંદ્રપ્રભને દશહજાર ૮ શ્રી સુવિધિનાથને સાત-હજારને પાંચસો ૯ શ્રી શીતલનાથને સાતહજાર ૧૦ શ્રી શ્રેયાંસનાથને છહજારને પાંચસો ૧૧ શ્રી વાસુપૂજ્યને છહજાર ૧૨ શ્રી વિમલનાથને પાંચ હજારને પાંચસો ૧૩ શ્રીઅનંત-નાથને પાંચ હજાર ૧૪ શ્રી ધર્મનાથને ચાર હજારને પાંચસો ૧૫ શ્રી શાંતિનાથને ત્રેતાલીસો ૧૬ શ્રી કુંથુનાથને બત્રીસો ૧૭ શ્રી અરનાથને બાવીસો અથવા અઠ્ઠાવીસો ૧૮ શ્રી મલ્લિનાથને બાવીસો ૧૯ શ્રી મુનિસુવ્રતસ્વામીને અઢારસો ૨૦ શ્રી નમિનાથને સોળસો ૨૧ શ્રી નેમિનાથને પંદરસો ૨૨ શ્રી પાર્શ્વનાથને એક હજાર ૨૩ અને શ્રી મહાવીર સ્વામીને સાતસો ૨૪ કેવલીની સંખ્યા જાણવી. સર્વ જીનવરના સર્વ કેવલીઓની સમગ્ર સંખ્યા. એક લાખ છોતેર હજાર એકસો (૧૭૬૧૦૦) અથવા મતાંતરે એક લાખ તોતેરહજાર પાંચસો (૧૭૩૫૦૦) કેવલી સખ્યા જાણવી. ॥૨૪૭॥ ॥૨૪૮॥ ॥૨૪૯॥ કેવલી સંખ્યા ગણુના રૂપ ૧૧૬ મું સ્થાન પૂર્ણ.

હવે જીનવરના મનઃપર્યવજ્ઞાનીની સંખ્યા જણાવે છે.

मूलं-मण नाणि बारसहसा, सड्ढसग सयाइँ सड्ढ छसया वा ॥ तत्तोबारससहसा, पणसयपंचसयसड्ढा वा ॥ २५० ॥ बार-

सहस सड्ढसयं ३ एगारससहस छसयपंचासा ४ ॥ दश-
सहस सड्ढ चउसय ५ तो दससहसा य तिन्नि सया ६॥२५१॥
सड्ढा इगनवइसया ७ असीइ ८ पन्नत्तरीइ ९ पणसयरी
१० ॥ सट्ठो ११ सट्ठी १२ पणपन्न १३ पन्न १४ पण-
याल १५ चत्तसया १६ ॥ २५२ ॥ चत्तहिय तितीससया
१७ इगवन्नहिया य पंचवीससया १८ ॥ सड्ढसतरसय१९
पनरस २० बारस पन्नहिय सट्ठीवा २१ ॥२५३॥ दश २२
सड्ढसत्त २३ पणसय २४ सव्वे मणनाणि एग लक्खाय ॥
पणयालीससहस्सा, पंचसया इगनवइअहिया ॥२५४॥

छाया—मनोज्ञानिनो द्वादशसहस्राणि, सार्द्धसप्तशतानि सार्द्धषट् शतानि वा ॥ ततोद्वादशसहस्राणि पञ्चशतंपञ्चशतं-सार्द्धंवा ॥ २५० ॥ द्वादशसहस्राणि सार्द्धशत मेकादशसहस्राणि षट्शतानि पञ्चाशत् ॥ दशसहस्राणि सार्द्धचतुःशतानि ततोदशसहस्राणि च त्रिशतानि । २५१॥ सार्द्धैकनवतिशतान्य शीतिः पञ्चसप्ततिः पञ्चसप्ततिः ॥ षष्टिः षष्टिः पञ्चपञ्चाशत् पञ्चाशत्पञ्च चत्वारिंशत् चत्वारिंशत् ॥ २५२ ॥ चत्वारिंशदधिकत्रयस्त्रिंशत् शतान्येकपञ्चाशदधिकश्चपञ्चविंशतिशतानि ॥ सार्द्धसप्तदश शतानिपञ्चदश द्वादशपञ्चाशदधिका षष्टिर्वा ॥२५३॥दश-सार्द्धसप्तपञ्चशतानि, सर्वेमनोज्ञानिन एकलक्षं च ॥ पञ्च-चत्वारिंशत्सहस्राणि पञ्चशतान्येकनवत्यधिकाः ॥२५४॥

ભાવાર્થ—શ્રી ઋષભદેવનામનઃ પર્યવજ્ઞાની મુનિઓની બાર–હજાર સાડા સાતસો અથવા સાડા છસોની સંખ્યા જાણવી ૧ શ્રી અજીતનાથને બાર હજાર પાંચસો અથવા સાડા પાંચસો ૨ શ્રી સંભવનાથને બાર હજાર દોઢસો ૩ શ્રી અભિનંદનજીનને અગીયાર હજાર છસોને પચાસ ૪ શ્રી સુમતિનાથને દશહજાર–સાડાચારસો ૫ શ્રી પદ્મપ્રભને દશહજાર ત્રણસો ૬ શ્રી સુપા-શ્વર્નાથને નવહજાર એકસો પચાસ ૭ શ્રી ચંદ્રપ્રભને આઠ-હજાર ૮ શ્રી સુવિધિનાથને સાત હજાર પાંચસો ૯ શ્રી શીતલનાથને સાત હજાર પાંચસો ૧૦ શ્રીશ્રેયાંસનાથને છહજાર ૧૧ શ્રી વાસુપૂજ્યને છહજાર ૧૨ શ્રી વિમલ-નાથને પાંચ હજાર પાંચસો ૧૩ શ્રી અનંતનાથને પાંચ હજાર ૧૪ શ્રી ધર્મનાથને ચાર હજાર પાંચસો ૧૫ શ્રી શાંતિનાથને ચાર હજાર ૧૬ શ્રી કુંથુનાથને ત્રણહજાર ત્રણસો ચાલીસ ૧૭ શ્રી અરનાથને બેહજાર પાંચસો એકાવન ૧૮ શ્રી મલ્લિનાથને એક હજાર સાતસો પચાસ ૧૯ શ્રી મુનિસુવ-તજીનને એક હજાર પાંચસો ૨૦ શ્રી નમિનાથને બારસોને–પચાસ અથવા સાઠ ૨૧ શ્રી નેમિનાથને એક હજાર ૨૨ શ્રી પાર્શ્વનાથને સાડાસાતસો ૨૩ શ્રી મહાવીરદેવને પાંચસો ૨૪ મનઃપર્યવજ્ઞાનીની સંખ્યા હતી. (સર્વ) જીનવરના સર્વમનઃ પર્યવજ્ઞાનીની સંખ્યા એક લાખ પીસતાલીસ હજાર પાંચસોને એકાંણું (૧૪૫૫૯૧) ॥૨૫૧॥ ૨૫૨॥ ॥૨૫૩॥ ॥૨૫૪॥ મનઃ પર્યવજ્ઞાનીની સંખ્યા ગણના રૂપ ૧૧૭મું સ્થાનક પૂર્ણથયું.

હવે સર્વે જીનવરના અવધિ જ્ઞાનીઓની સંખ્યા જણાવે છે

મૂલં—अह ओहिनाणिनवई १ चउनवई २ छन्नवइ ३ अठणा-

वई ४ ॥ एयाइँसयाइँतओइगार ५ दस ६ नव ७ अड ८ सहस्सा ॥ २५५ ॥ चुलसी ९ बिसयरि १० सट्टी ११ चउपन्न १२ इयाल १३ तहयतेयाला १४ ॥ छत्तीसं १५ तीससया १६ पणवीस १७ छवीस १८ बावीसा १९ ॥ २५६ ॥ अट्ठार २० सोल २१ पनरस २२ चउदस २३ तेरससयाअवहिनाणी ॥ लक्खो तितीससहसा, चत्तारि-सयाइंसव्वंके ॥ २५७ ॥

छाया—अथावधिज्ञानिनोनवतिः श्चतुर्णवतिः षण्णवतिरष्टनवतिः ॥ एतानिशतानि ततएकादश दशनवाष्टसहस्राणि ॥ २५५ ॥ चतुरशीति द्विसप्ततिः षष्टिः चतुः पञ्चाशदष्ट चत्वारिंशत्तथा त्रिचत्वारिंशत् ॥ षट्त्रिंशत् त्रिशतंपञ्चविंशतिःषड्विंशति द्वाविंशतिः ॥ २५६ ॥ अष्टादशषोडशपञ्चदश चतुर्दश त्रयोदशशतान्यवधिज्ञानिनः ॥ लक्षत्रयस्त्रिंशत्सहस्राणि चत्वारिशतानि सर्वाङ्के ॥२५७॥

ભાવાર્થ—શ્રી ઋષભદેવને નવ હજાર અવધિ જ્ઞાનીની સંખ્યા હતી ૧ શ્રી અજીતનાથને નવ હજારને ચારસો ૨ શ્રી સંભવનાથને નવહજાર છસો ૩ શ્રી અભિનંદનને નવ હજાર આઠસો ૪ શ્રી સુમતિનાથને અગીયાર હજાર ૫ શ્રી પદ્મપ્રભને દશહજાર ૬ શ્રી સુપાર્શ્વનાથને નવ હજાર ૭ શ્રી ચંદ્રપ્રભને આઠ હજાર ૮ શ્રી સુવિધિનાથને આઠ હજાર ચારસો ૯ શ્રી શીતલનાથને સાત હજાર બસો ૧૦

શ્રી શ્રેયાંસનાથને ૭ હજાર ૧૧ શ્રી વાસુપુજ્યને પાંચ હજાર ચારસો ૧૨ શ્રી વિમલનાથને ચાર હજાર આઠસો ૧૩ શ્રી અનંતનાથને ચાર હજાર ત્રણસો ૧૪ શ્રી ધર્મ નાથને ત્રણ હજાર છસો ૧૫ શ્રી શાન્તિનાથને ત્રણ હજાર ૧૬ શ્રી કુંથુનાથને બે હજાર પાંચસો ૧૭ શ્રી અરનાથને બે હજાર છસો ૧૮ શ્રી મલ્લિનાથને બે હજાર બસો ૧૯ શ્રી મુનિસુવ્રત સ્વામીને એક હજાર આઠસો ૨૦ શ્રી નમિનાથને એક હજાર છસો ૨૧ શ્રી નેમિનાથને એક હજાર પાંચસો ૨૨ શ્રી પાર્શ્વનાથને એક હજાર ચારસો ૨૩ શ્રી મહાવીર દેવને એક હજાર ત્રણસો ૨૪ અવધિ જ્ઞાનીઓની સંખ્યા જાણવી. સર્વ જીનવરના એક લાખને તેત્રીસ હજાર ચારસો (૧૩૩૪૦૦) અવધિ જ્ઞાનીઓની સંખ્યા જાણવી. અવધિ જ્ઞાનીઓની સંખ્યા કથનરૂપ ૧૧૮મું સ્થાનક પૂર્ણ.

હવે ચૌદ પૂર્વીઓની સંખ્યા જણાવે છે.

मूलं—चउदसपुव्वीसड्ढा,सगयाला१सत्तवीसवीसहिआ २ । सड्ढिगवीसं ३ पनरस ४ चउवीसं ५ तहतिवीससया ६ ॥२५८॥
तीसहियवीस ७ वीसं ८ पनरस ९ चउदसय १० तेर ११ बारसया १२ ॥ इक्कार १३ दश १४ नव १५ दुय १६ छसयासयरा १७ छदसअहिया १८ ॥२५९॥ छच्चसया-अडसट्ठा १९ पणद्ध २० पंचम २१ तओसयाचउरो२२॥ अद्धुट्ट २३ तिसय २४ सव्वे, चउतीससहस्स दुग हीणा ॥ २६० ॥

छाया--चतुर्दशपूर्विणः सार्द्धसप्तचत्वारिंशत् सप्तविंशतिर्विंश-
तिरधिका ॥ सार्द्धैकविंशतिः पञ्चदश चतुर्विंशतिस्तथा
त्रयोविंशतिशतानि ॥२५८॥ त्रिंशदधिकविंशति विंशतिः
पञ्चदश चतुर्दश त्रयोदश द्वादशशतानि ॥ एकादशदश-
नवाष्टौच षट्शतानिसप्ततिः षड्दशाधिकानि ॥ २५९ ॥
षट्शतान्यष्टषष्टिः पञ्चार्द्धपञ्चमंततः शतानि चत्वारि ॥
सार्द्धत्रीणि त्रिशतं सर्वे चतुस्त्रिंशत्सहस्राणि द्विहीनानि
॥ २६० ॥

ભાવાર્થ--ઋષભદેવને ચાર હજાર સાતસો પચાસ ચૌદ પૂર્વધારીઓની સંખ્યા હતી ૧ શ્રી અજીતનાથને બે હજાર સાતસોને વીસની ૨ શ્રી સંભવનાથને બે હજાર એકસો પચાસ ૩ શ્રી અભિનંદન જીનવરને એક હજાર પાંચસો ૪ શ્રી સુમતિનાથને બે હજાર ચારસો ૫ શ્રી પદ્મપ્રભને બે હજાર ૬ શ્રી સુપાર્શ્વનાથને બે હજારને ત્રીસ ૭ શ્રી ચંદ્રપ્રભને બે હજાર ૮ શ્રી સુવિધિનાથને એક હજાર પાંચસો ૯ શ્રી શીતલનાથને એક હજાર ચારસો ૧૦ શ્રી શ્રેયાંસનાથને એક હજાર ત્રણસો ૧૧ શ્રી વાસુપૂજ્યને એક હજાર બસો ૧૨ શ્રી વિમલનાથને એક હજાર એકસો ૧૩ શ્રી અનંતનાથને એક હજાર ૧૪ શ્રી ધર્મનાથને નવસો ૧૫ શ્રી શાન્તિનાથને આઠસો ૧૬ શ્રી કુંથુનાથને છસો સીત્તેર ૧૭ શ્રી અરનાથને છસોને દસ ૧૮ શ્રી મલ્લિનાથને છસોને અડસઠ ૧૯ શ્રી મુનિસુવ્રતજીનને પાંચસો ૨૦ શ્રી નમિનાથને ચારસો પચાસ ૨૧ શ્રી નેમિનાથને ચારસો. ૨૨શ્રી

પાર્શ્વનાથને સાડાત્રણુસો ૨૩ શ્રી મહાવીરસ્વામીને ત્રણુસો ૨૪ ચૌદ પૂર્વધર મુનિઓની સંખ્યા જાણુવી, ચોવીસ જીનવરના સર્વ મળીને ચોત્રીસ હજારમાં બે ઓછા (૩૩૯૯૮) પૂર્વધર મુનીની સંખ્યા જાણુવી. ॥૨૫૮॥૨૫૯॥૨૬૦॥ ચૌદ પૂર્વધર મુનિની સંખ્યા ગણુના૩૫ ૧૧૯મું સ્થાનક પૂર્ણ:

હવે વૈક્રિયલબ્ધિધરોની સંખ્યા જણાવે છે.

मूलं—वीससहस्सा छसया १ वीसंचउसय २ गुणीस अट्ठसया ३ ॥ इगुणीसठार चउसय ५ सोलट्ठसय ६ पनरतिसया ७ ॥ २६१ ॥ चउदस ८ तेरस ९ बारस १० एगारस ११ दस १२ नव १३ ट्ठ १४ सगसहसा १५ सट्ठी १६ इगुवन्नसया १७ तिसयरि १८ गुणतीस १९ वीससया २० ॥ २६२ ॥ पन्ना २१ पनरसि २२ गारस २३ सत्तसयाइं ४ त्रिउविलद्धिमुणी ॥ सव्वेअडहिय दुसया पणयाल सहस्स दो लक्खा ॥ २६३ ॥

छाया—विंशतिसहस्रः षट्शतानि विंशतिश्चतुःशतमेकोनविंशत्यष्टशतानि, एकोनविंशत्यष्टादश चतुःशतंषोडशाष्टशतंपञ्चदशत्रिशतानि ॥ २६१ ॥ चतुर्दश त्रयोदशद्वादशैकादशदशनवाष्टसप्तसहस्राः ॥ षष्टिरेकपञ्चाशच्छतानि त्रिसप्तत्येकोनत्रिंश द्विंशतिशतानि ॥ २६२ ॥ पञ्चाशत् पञ्चदशैकादश सप्तशतानि

वैक्रियलब्धिमुनयः ॥ सर्वे ऽष्टाधिक द्विशते पञ्चचत्वारिंशत्सहस्राणि द्विलक्षे ॥ २६३ ॥

ભાવાર્થ—શ્રી ઋષભદેવને વીસહજાર છસો વૈક્રિયલબ્ધિવંત મુનીઓની સંખ્યા ૧ અજીતનાથ વીસ હજાર ચારસો ૨ શ્રી સંભવનાથને ઓગણીસ હજાર આઠસો ૩ શ્રી અભિનંદનને ઓગણીસ હજાર ૪ શ્રી સુમતિનાથને અઢાર હજારને ચારસો ૫ શ્રી પદ્મપ્રભને સોળ હજાર આઠસો ૬ શ્રી સુપાર્શ્વનાથને પંદર હજારને ત્રણસો ૭ શ્રી ચંદ્રપ્રભને ચૌદ હજાર ૮ શ્રી સુવિધિનાથને તેર હજાર ૯ શ્રી શીતલનાથને બાર હજાર ૧૦ શ્રી શ્રેયાંસનાથને અગીયાર હજાર ૧૧ શ્રી વાસુપૂજ્યને દસ હજાર ૧૨ શ્રી વિમલનાથને નવ હજાર ૧૩ શ્રી અનંતનાથને આઠ હજાર ૧૪ શ્રી ધર્મનાથને સાત હજાર ૧૫ શ્રી શાન્તિનાથને છ હજાર ૧૬ શ્રી કુંથુનાથને પાંચ હજાર એકસો ૧૭ શ્રી અરનાથને ત્રણ હજાર આઠસો ૧૮ શ્રી મલ્લિનાથને બે હજાર નવસો ૧૯ શ્રી મુનિસુવ્રતસ્વામીને બે હજાર ૨૦ શ્રી નમિનાથને પાંચ હજાર ૨૧ શ્રી નેમિનાથને એક હજાર પાંચસો ૨૨ શ્રી પાર્શ્વનાથને એક હજાર શ્રી મહાવીર દેવને સાતસો ૨૪ વૈક્રિયલબ્ધિવંત મુનિવરોની સંખ્યા જાણવી. સર્વ જીનવરોના સર્વ વૈક્રિયલબ્ધિવંત મુનિવરોની સંખ્યા બે લાખપીસ્તાલીસ હજાર બસો ને આઠ (૨૪૫૨૦૮)ની જાણવી ॥૨૬૧॥ ॥૨૬૨॥ ॥૨૬૩॥ વૈક્રિયલબ્ધિવંત મુનીવરની સંખ્યા ગણુનારૂપ ૧૨૦મું સ્થાનક પૂર્ણ.

હવે વાદિમુનિઓની સંખ્યા જણાવે છે.

मूलं–वाइमुणिबारसहसा, सड्ढछसया य १ बार चउरसया २ ॥
बारसि ३ गारस ४ तह दस, चउसय सड्ढा छसड्ढा वा ५
॥२६४॥सय छन्नवई ६ चुलसी,७ छसयरि ८ सट्ठी ९ इवन्न
१० पन्नासं ११ । सगचत्त दुचत्तावा, १२ छत्तीस १३
दुतीस १४ अडवीसं १५ ॥ २६५ ॥ चउवीस १६ वीस
१७ सोलस१८, चउदस १९ बारस २० दस २१ ट्ठ २२
छ २३ चउरो २४ । सव्वंकम्मि उ लक्खो, छवीस सह-
सा य दुन्नि सया ॥ २६६ ॥

छाया–वादिमुनयोद्वादशसहस्राः, सार्द्धषट्शतानि द्वादशचतुः
शतानि ॥ द्वादशैकादश तथा दशसार्द्धचतुःशतानि सार्द्ध-
षट्शतानि वा ॥ २६४ ॥ शतानि षण्णवतिश्चतुरशीतिः,
षट्सप्ततिः षष्टिरष्टपञ्चाशत् पञ्चाशत् । सप्तचत्वारिंशद्
द्विचत्वारिंशद् वा, षट्त्रिंशद्द्वात्रिंशदष्टाविंशतिः॥२६५॥
चतुर्विंशतिर्विंशतिः षोडश, चतुर्दशद्वादश दशाऽष्ट षट्-
चत्वारः । सर्वाङ्के तु लक्षं, षड्विंशतिसहस्राणि च
द्वे शते ॥ २६६ ॥

ભાવાર્થ—શ્રી ઋષભદેવને વાદિ મુનિઓની સંખ્યા બારહજાર સાડાછસો ૧ શ્રી અજીતનાથને બારહજાર ચારસો ૨ શ્રી સંભવનાથને બારહજાર ૩ શ્રી અભિનંદનદેવને અગીઆર હજાર ૪ શ્રી સુમતિનાથને દશ હજાર ચારસોને પચાસ અથવા બીજા મત પ્રમાણે સાડાછસો ૫ શ્રી પદ્મપ્રભને નવ

હજારને છસો ૬ શ્રી સુપાર્શ્વનાથને આઠ હજાર ચારસો ૭ શ્રી ચંદ્રપ્રભને સાતહજાર છસો ૮ શ્રી સુવિધિનાથને છહજાર ૯ શ્રી શીતલનાથને પાંચ હજાર આઠસો ૧૦ શ્રી શ્રેયાંસનાથને પાંચહજાર ૧૧ શ્રી વાસુપૂજ્યને ચાર હજારને સાતસો અથવા મતાંતરે ચાર હજાર બસો ૧૨ શ્રી વિમલનાથને ત્રણહજાર છસો ૧૩ શ્રીઅનંતનાથને ત્રણ હજાર બસો ૧૪ શ્રીધર્મનાથ-ને બેહજાર આઠસો ૧૫ શ્રી શાંતિનાથને બેહજાર ચારસો ૧૬ શ્રી કુંથુનાથને બેહજાર ૧૭ શ્રી અરનાથને એકહજાર છસો ૧૮ શ્રી મલ્લિનાથને એક હજાર ચારસો ૧૯ શ્રી મુનિસુવ્રત સ્વામીને એક હજાર બસો ૨૦ શ્રી નમિનાથને એક હજાર ૨૧ શ્રી નેમિનાથને આઠસો ૨૨ શ્રી પાર્શ્વનાથને છસો ૨૩ શ્રી મહાવીરસ્વામીને ચારસો ૨૪ વાદિમુનિઓની સંખ્યા જાણવી. ચોવીસ જીનવરોના સર્વવાદિ મુનિઓની સંખ્યા એક લાખ છવીસ હજારને બસો (૧૨૬૨૦૦) જાણવી. ॥ ૨૬૪ ॥ ॥૨૬૫॥ ॥૨૬૬॥ વાદિમુનિઓની સંખ્યા ગણના રૂપ ૧૨૧મું સ્થાનક પૂર્ણ થયું.

હવે સામાન્ય સર્વ મુનિઓની સંખ્યા જણાવે છે.

**मूलं—गणहरकेवलिमणओ–हिपुव्विवेउव्विवाइणं संखं ।**
**मुनिसंखाए सोहिअ, नेआ सामन्नमुणिसंखा ॥२६७॥**

**छाया—गणधरकेवलिमनोऽवधिपूर्विवैक्रियवादिनां संख्या ।**
**मुनिसंख्यातःशोधिता, ज्ञेया सामान्यमुनिसङ्ख्या ॥२६७॥**

ભાવાર્થ—ગણધર, કેવલજ્ઞાની, મનઃપુર્યવ જ્ઞાની, અવધિજ્ઞાની, ચૌદ પૂર્વધર વૈક્રિયલબ્ધિવંત અને વાદિ મુનિ-

ઓની સંખ્યા જે ઉપર ગાથામાં કહી છે તે સંખ્યા સમગ્ર મુનિ સંખ્યામાંથી બાદ કરીને સામાન્ય મુનિઓની બાકી રહેલી સંખ્યા જાણવી ॥૨૬૭॥

હવે સર્વ જીનેશ્વરોના સર્વ સામાન્ય સાધુઓની સંખ્યા કહે છે.

**मूलं—एगूणवीसलक्खा, तह छासीइं हवंति सहसाइं ।**
**इगवन्ना अहियाइं, सामन्नमुणीण सव्वग्गं ॥ २६८ ॥**

**छाया—एकोनविंशतिलक्षाः-स्तथा षडशीतिर्भवन्ति सहस्राणि । एकपञ्चाशदधिकानि, सामान्यमुनीनां सर्वाङ्कम्॥२६८॥**

ભાવાર્થ—ચોવીશ જીનવરના સર્વ સાધારણ મુનિઓની સંખ્યા ઓગણીશ લાખ છાશીહજાર એકાવન (૧૯૮૬૦૫૧)ની જાણવી ॥૨૬૮॥ સામાન્ય મુનિ સંખ્યારૂપ ૧૨૨મું સ્થાન પૂર્ણ ॥

હવે અનુત્તર વિમાનમાં ગમન કરનાર મુનિઓની સંખ્યા તેમજ પ્રકીર્ણ ગ્રંથોની સંખ્યા તથા પ્રત્યેક બુદ્ધોની સંખ્યા જણાવે છે—

**मूलं—बावीससहसनवसय, उसहस्सअणुत्तरोववाइमुणी ।**
**नेमिस्ससोलपार-स्स बार वीरस्सअट्ठसया ॥ २६९ ॥**

**छाया—द्वाविंशतिसहस्राणि नवशतानि, ऋषभस्याऽनुत्तरोपपातिमुनयः । नेमेः षोडश पार्श्वस्य, द्वादश वीरस्याऽष्टशतानि ॥२६९॥**

ભાવાર્થ—શ્રી ઋષભદેવના બાવીસ હજાર નવસો અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનાર મુનિઓની સંખ્યા જાણવી.

નેમિનાથને એકહજાર છસોની, પાર્શ્વનાથને બારસોની, શ્રી મહાવીર દેવને આઠસોની અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનાર (ગમનકરનાર) મુનિઓની સંખ્યા જાણવી.બાકીના જિનવરોના અનુત્તર વિમાનમાં ગમન કરનાર મુનિઓની સંખ્યા શાસ્ત્રમાં વ્યક્ત (પ્રકટ) થએલી જણાતી ન હોવાથી અ-વ્યક્ત છે ॥૨૬૯॥

**मूलं—ते सेसाणमनाया, सव्वेसि पइन्नगाससीसकया ॥**
**निअनिअसीसपमाणा, नेया पत्तेयबुद्धा वि ॥ २७० ॥**

**छाया–ते शेषाणामज्ञाताः-सर्वेषां प्रकीर्णाः स्वशिष्यकृताः ॥**
**निजनिजशिष्यप्रमाणा-ज्ञेयाः प्रत्येकबुद्धाअपि ॥ २७० ॥**

ભાવાર્થ—શ્રી ઋષભદેવ, નેમિનાથ, પાર્શ્વનાથ, અને મહાવીરસ્વામી તેઓની સાધારણ શિષ્યસંખ્યા ઉપરની ગાથામાં જણાવી છે તે પ્રમાણે જાણવી. તે સીવાયના વીશ જીનવરોના સંબંધમાં અનુત્તર વિમાનવાસીઓની સંખ્યા, મોક્ષ ગયેલાની સંખ્યા તથા સાધારણ મુનિઓની સંખ્યા તે સિદ્ધાંતમાં દેખાડેલી ન હોવાથી અમારાથી અજ્ઞાત છે તેથી પ્રકાશ કરી શકતા નથી. હવે પ્રકરણો (પયન્નાઓ) વિષે એમ સમજવું કે જે જીનવરના જેટલા શિષ્ય હોય તેટલા તેઓના કરેલા પયન્નાઓ છે એમ જાણવું. હવે વિશેષ પ્રત્યેક બુદ્ધની સંખ્યા તે જીનવરના શિષ્ય પ્રમાણે જાણવી ॥૨૭૦॥ અનુત્તરોપપાતિક મુનિસંખ્યા ૧૨૩ પ્રકીર્ણકગ્રંથ સંખ્યા ૧૨૪ અને પ્રત્યેકબુદ્ધ મુનિની સંખ્યા કથનરૂપ ૧૨૫મું સ્થાનક પૂર્ણ થયું ॥

જીનવરના આદેશની સંખ્યા જણાવે છે ॥

अंगाईसु अबद्धा, नाणीहिं पयासिआ य जे ते अ ।
आएसा वीरस्स य, पंचसया णेगह न्नेसिं ॥ २७१ ॥
कुरुडुकुरुडाण नरओ, वीरंगुट्ठेण चालिओ मेरू ।
तह मरुदेवी सिद्धा, अचंतं थावरा होउं ॥ २७२ ॥
वलयागमरं मुत्तुं, सयंभुरमणंमि सव्व आगारा ।
मीणपउमाणएवं, बहु आएसा सुअअबद्धा ॥ २७३ ॥

छाया—अंगादिष्वबद्धा—ज्ञानिभिः प्रकाशिताश्च ये ते च ।
आदेशा वीरस्य च, पंचशतान्यनेकधाऽन्येषां ॥ २७१ ॥
कुरुटोत्कुरुटयो; नरको—वीराऽङ्गुष्ठेन चालितोमेरुः ।
तथामरुदेवी सिद्धा, अत्यंतस्थावरा भूत्वा ॥ २७२ ॥
वलयाकारं मुक्त्वा, स्वयंभूरमणे सर्व आकराः ।
मीनपद्मानामेवं, बहुधाऽऽदेशाः सूत्राऽबद्धाः ॥ २७३ ॥

ભાવાર્થ—અંગ આદિ શાસ્ત્રોમાં નહિ લખાએલા એવા આદેશો વીરના પાંચસો જાણવા અને બીજા ત્રેવીસ તીર્થંકરોના અનેક પ્રકારના જાણવા. કયા પ્રકારના તે આદેશો? એમ જાણવાની ઈચ્છા થાય તો તે આગળ કહેવામાં આવે છે તે પ્રમાણે જાણવા. કુરૂટ અને ઉત્કુરૂટ નામના બે મુનિઓ ઉત્કૃષ્ટ ચારિત્ર પાળતા હતા અને ઉત્કૃષ્ટ તપશ્ચર્યા પણ કરતા હતા. તથાપિ રૌદ્ર ધ્યાનના પરીણામથી નરકમાં ગયા છે તે એક (૧) મહાવીર સ્વામીના ડાબા પગના અંગુઠાના સ્પર્શથી મેરૂગિરિ ચલાય

માન થયો (૨) તથા અનંતકાય રૂપ સ્થાવર વનસ્પતિ (નીગોદ)માંથી નીકળીને પ્રત્યેક વનસ્પતિ (કેળ)માં અવતાર પામીને પાસે રહેલા કાંટાવાળા વૃક્ષના સંસર્ગથી દુઃખને અનુભવીને અકામ નિર્જરાના બલથી મનુષ્ય ભવ પામીને શ્રીઋષભદેવ પ્રભુની માતા મરૂદેવીપણે થયાં અને ઋષભદેવ પ્રભુના સમવસરણને જોઈને સહજ ભાવે આત્મ ભાવના ભાવતાં અંતકૃત કેવલિપણું પ્રાપ્ત કરીને મોક્ષ પામ્યાં (૩) વલયાકાર તથા અર્ધવલયાકાર (એટલે નલીયાકાર)નો ત્યાગ કરીને અનેક પ્રકારના આકારવાળા મત્સો સ્વયંભૂરમણઆદિ સમુદ્રમાં થાય છે, તેમજ પદ્મ–કમલો પણ સ્વયંભૂરમણ સમુદ્રમાં થાય છે. એ પ્રમાણે ઘણા આદેશો ( વસ્તુ સ્વરૂપને જણાવનારી આજ્ઞાઓ) સિદ્ધાન્તમાં ગુંથાએલી નથી તોપણ જ્ઞાની બહુશ્રુત મુનિઓના કથનની પરંપરાએ તથા અનુભવથી કહેવાય છે તે જાણવું ॥૨૭૧॥૨૭૨॥૨૭૩॥ આદેશોની સંખ્યા ગણનારૂપ ૧૨૬ મું સ્થાન પૂર્ણ.

હવે સાધુશ્રાવકોના વ્રતની સંખ્યા જણાવે છે.

**मूलं–साहुगिहीण वयाइं, कमेण पण बार पढमचरिमाणं ।**
**अन्नेसिं चउ बारस, चउत्थ पंचमवएगत्ता ॥ २७४ ॥**

**छाया–साधु गृहस्थव्रतानि, क्रमेण पञ्च द्वादश प्रथमचरमयोः ।**
**अन्येषां चत्वारि द्वादश, चतुर्थपञ्चमव्रतयोरैक्यम् ॥२७४॥**

ભાવાર્થ—સાધુ અને ગ્રહસ્થોનાં વ્રત ક્રમવડે જણાવે છે. પહેલા શ્રી ઋષભદેવ અને છેલ્લા શ્રી મહાવીર દેવના તીર્થોમાં સાધુઓને પંચમહાવ્રત અને ગૃહસ્થોને (શ્રાવકોને)

બાર અણુવ્રતો ગ્રહણ કરવાનાં હોય છે. અજીતનાથથી તે શ્રી પાર્શ્વનાથ સુધી બાવીસ તીર્થંકરના તીર્થોમાં સાધુઓને ચાર મહાવ્રત હોય છે અને ગૃહસ્થોને બાર અણુવ્રત ગ્રહણ કરવાનાં હોય છે) કારણ કે બાવીસ તીર્થંકરના સાધુઓ ઋજુ અને પંડિત હોવાથી પરિગ્રહ ત્યાગમાં સ્ત્રીનો ત્યાગ સમજી શકે છે, તેથી સર્વથા પરિગ્રહ ત્યાગરૂપ વ્રતમાં સ્ત્રી ત્યાગનો સ્વીકાર જાણે છે, તેથી તેઓને ચાર મહાવ્રત હોય છે. ॥૨૭૪॥

હવે તે વ્રતોના નામોને જણાવે છે.

**मूलं–सड्ढाणं हिंसालिय–अदत्त मेहुणपरिग्गहनिवित्ती ।**
**इय पण अणुव्वयाइं, साहूण महव्वया एए ॥२७५॥**

**छाया–श्राद्धानां हिंसाऽलीकाऽदत्तमैथुनपरिग्रहनिवृत्तिः ।**
**एतानि पञ्चाऽणुव्रतानि, साधूनां महाव्रतान्येतानि ॥२७५**

ભાવાર્થ—શ્રાવકોના સમ્યકત્વ પૂર્વક બાર વ્રતો નીચે પ્રમાણે છે. હિંસા ત્યાગ ૧ મૃષાવાદ (અસત્યવાદ) ત્યાગ અદત્ત (ચોરી) ત્યાગ ૩ મૈથુનત્યાગ ૪ પરિગ્રહત્યાગ ૫ એ પાંચ વ્રતોનો એક અંશથી ગ્રહણ કરવારૂપ પાંચ અણુ-વ્રત શ્રાવકોનાં જાણવાં અને સાધુઓને સર્વથા ગ્રહણકર્તા હોવાથી પાંચ મહાવ્રત જાણવાં ॥૨૭૫॥

હવે શ્રાવકનાં ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતોને જણાવે છે—

**मूलं–दिसिविरइ भोगउवभो–गमाण तह णत्थदंडविरईअ ॥**

समइयदेसावगासिय-पोसह तिहिसंविभागवया ॥२७६॥

छाया-दिग्विरतिर्भोगोपभोग-मानं तथाऽनर्थदण्डविरतिश्च ।
सामायिकं देशावकाशिकं, पौषधोऽतिथिसंविभागो व्रतानि ॥ २७६ ॥

ભાવાર્થ--દિગ્‌વિરતિ દશે દિશાઓમાં ગમનાગમન, આજ્ઞા પ્રવર્તન આદિ સંબંધમાં નિયમ કરવો અને નિયમ બહારનો ત્યાગ કરવો. ૬ તથા ભોગ અને ઉપભોગ સંબંધી નિયમ કરવો, ૭ અનર્થદંડ (વિનાકારણ દંડાવારૂપ)નો ત્યાગ કરવારૂપ વ્રત ૮ એ ત્રણ ગુણવ્રત જાણવાં. તથા સામાયિક બે ઘડી સુધી સાધુ ભાવનામાં સ્થિરતા કરવારૂપ વ્રત, ૯ દેશાવકાશિક (અગીયારવ્રત સંક્ષેપથી ગ્રહણ કરવારૂપ, અભિગ્રહિક વ્રત ૧૦. અગીયારમું પૌષધ-પાંચ પ્રકારનો આશ્રવ ત્યાગ કરીને આઠ પહોર અથવા ચાર પહોર સાધુ ભાવનામાં સ્થિરતા કરવારૂપ વ્રત. ૧૧ અને બારમું અતિથિસંવિભાગ-સાધુસાધ્વીને વાત્સલ્યપૂર્વક અન્નાદિ દાન કરવું તેમ શ્રાવક શ્રાવિકાને બહુ માનપૂર્વક પોતાને ત્યાં જમાડવાનો નિયમ અંગીકાર કરવો. તે. ૧૨ ॥૨૭૬॥ સાધુના વ્રત તેમજ શ્રાવકના વ્રત સંખ્યાની ગણનારૂપ ૧૨૭ મું અને ૧૨૮ મું સ્થાનક પૂર્ણ થયું.

હવે જીનકલ્પિ તથા સ્થવિરકલ્પિ મુનિઓનાં તથા સાધ્વીના ઉપકરણો જણાવે છે.

मूलं—जिण कप्पियाण बारस, चउदस थेराण सव्वतित्थेसु ।
पणवीस अज्जियाणं, उवगरणमुवग्गहिअमुवरिं ॥ २७७ ॥

छाया–जिनकल्पिकानां द्वादश,चतुर्दश स्थविराणां सर्वतीर्थेषु ।
पञ्च विंशतिः साध्वीना-मुपकरणमौपग्रहिकमुपरि ॥२७७॥

ભાવાર્થ– સર્વતીર્થંકરના તીર્થમાં જીનકલ્પિ મુનિવરોનાં બાર ઉપકરણો તેમજ સ્થવિરકલ્પિ મુનિઓનાં ચૌદ ઉપકરણો અને સાધ્વીઓને પચીશ ઉપકરણો જાણવાં; આ ઉપકરણોના બે ભેદ છે એક ઔધિક અને બીજો ઔપગ્રાહિક છે. જેમકે ધર્મને પાળવા માટે જે ઉપકરણોની ખાસ જરૂર તે ઔધિક ઉપકરણ કહેવાય, તે શિવાય વિશેષ કારણ પડે જે ઉપકરણો ગ્રહણ કરવામાં આવે તે ઔપગ્રાહિક કહેવાય. ॥૨૭૭॥

હવે ઉપકરણોનાં નામો જણાવે છે.

मूलं–पत्तं पत्ताबंधो, पायट्ठवणंच पायकेसरिया ।
पडलाइ रयत्ताणं, च गुच्छओ पायनिज्जोगो ॥२७८॥

छाया–पात्रं पात्रबंधः पात्रस्थापनंच पात्रकेशरिकाः ।
पटलानि रजस्त्राणं, च गोच्छकः पात्रनिर्योगः ॥२७८॥

ભાવાર્થ—પાત્ર-જેમાં સાધુઓ અન્નપાણી લાવીને વાપરે તે, અથવા દાન આપતા શ્રાવકોના હાથથી પડતા અન્નને ગ્રહણ કરે તે પતદ્ગ્રહ પણ કહેવાય, અથવા પતન સ્વભાવરૂપ દેહ તેને તથા ચારિત્રને ધારણ કરવામાં જે ઔપચારિક કારણ થાય તેને પતદ્ગ્રહ કહેવાય. ૧ પાત્રબંધ-પાત્રને બાંધવાનું સમચોરસ વસ્ત્ર ૨ પાત્રસ્થાપન પાત્રને મુકવાનું ઉનનું વસ્ત્ર ૩ પાયકેસરીયો–

પાત્રને પૂંજવાનું ઉનની દસીઓના સમુદાયરૂપ ગુચ્છક તેને ચરવલી—પુંજણી પણ કહે છે ૪ પટલા—વસ્ત્રના કકડાઓ અઢી હાથના લાંબા અને મુડો હાથ પહોળા ગોચરી વખતે સાધુઓ પાત્રા ઉપર ઢાંકે છે તે (૫) રંજસ્ત્રાણ—પાત્રાને બાંધતી વખતે જે વસ્ત્ર વીંટવામાં આવે તે ૬ ગોચ્છક એટલે ગુચ્છા ઉનના પ્રાયવેંત પ્રમાણ સમચોરસ બે ટુકડામાં પાત્ર લપેટવામાં આવે છે તે ગુચ્છા ૭ એ સાત પ્રકારની પાત્ર સંબંધી ઉપધિ તે પાત્ર-નિર્યોગ (પાત્ર પરિકર) જાણવો ॥ ૭૮ ॥

હવે સાત દેહ સંબંધી ઉપકરણોને જણાવે છે.

**मूलं-तिन्नेव य पच्छागा, रयहरणं चेव होइ मुहपत्ती ।**
**बार जिणकप्पियाणं, थेराण समत्तकडिपट्टा ॥ २७९ ॥**

**छाया-त्रयएव प्रच्छादका-रजोहरणं चैव भवति मुखपट्टी ।**
**द्वादश जिनकल्पिकानां,स्थविराणां समात्र कटिपट्टाः ॥२७९**

ભાવાર્થ—શરીર ઉપર ધારણ કરવાનાં ત્રણ કપડાં-(એક) ઓઢવાનો કપડો (૨) કાંબળી સાથે પડમાં નાંખવાનો (૩) અને કાંબળી, તથા રજોહરણ (ઓઘો) તથા મહોપત્તી (મુખપોતીકા) એમ અંગરક્ષણ માટે પાંચ તથા પાતરાના સાત એમ બાર ઉપકરણો જીનકલ્પીઓને જાણવાં, તથા સ્થવિર કલ્પિકોને એક માત્રક પાત્રુ અને બીજો ચોલપટક (કટીપટક) એ બે વધારે ઉપકરણ જાણવાં ॥૨૭૯॥

હવે સાધવીઓનાં પચીશ ઉપકરણોને જણાવે છે.

**मूलं—उग्गहणंतग पट्टो, अद्धोरू चलणिआ य बोधव्वा ।**
**अभिंतरबाहिनियं-सणी अ तह कंचुए चेव ॥ २८० ॥**

ओगच्छिय वेगच्छिय, संघाडी खंधगरणि उवगरणा ।
पुव्विल्लतेर कमठग,-सहिआ अज्जाणपणवीसा ॥ २८१ ॥

छाया—अवग्रहाऽनन्तकपट्टो-ऽर्द्धोरुश्चलनिका च बोद्धव्या ।
अभ्यन्तर बहिर्निवसनी च तथा कंचुकश्चैव ॥ २८१ ॥
उपकक्षिका वैकक्षिका संघाटो, स्कंधकरण्युपकरणानि ।
पूर्वोक्तत्रयोदश कमठक–सहितान्यार्याणां पंचविंशतिः ॥ २८२ ॥

ભાવાર્થ—અવગ્રહાનંતક એટલે વહાણ આકારે મધ્યમાં પહોળો અને છેડા સાંકડા એવો એક કપડો ગુપ્ત ભાગ ઢાંકવાને–કબજે રાખવાને માટે બનાવેલો ૧ તે અવગ્રહાંતકને બન્ને છેડાએ મજબુત રાખવા માટે કેડને પહોંચી શકે એવડો ચાર આંગળ પહોળો પટ્ટો ૨ અર્દ્ધોરૂ–મલ્લચલનાકૃતિ અથવા બે પાસે પડેલા સરાવલાના સરખી આકૃતિવાળો કપડાનો ઉરૂ (સાથળ) સુધીના ભાગને ઢાંકવામાં ઉપયોગી કકડો ૩ ચલણીકા (નૃત્ય કરનારી નર્त્તકી વાંસ ઉપર ચઢીને નાચ કરતાં ) પોતાના ગુહ્ય ભાગને ઢાંકવા માટે જે વસ્ત્ર પહેરે છે તે વસ્ત્રને ચલણીકા કહે છે ૪ અભ્યન્તરનિવસનિકા કેડના ભાગથી માંડીને સાથળ સુધીના ભાગને ઢાંકવાનું વસ્ત્ર જેને દોરાથી બાંધવામાં આવે છે તે ૫ બહિર્નિવસનિકા કેડના ભાગથી તે નીચેના પગની પાંની સુધી પહોળું અને કેડમાં દોરાથી બંધાય એવું જે વસ્ત્ર તેને બહિરવસનિકા કહે છે ૬ કંચુકી–લોકમાં જેને કાપડું કહે છે પોતાના શરીરના પ્રમાણમાં બનાવેલું અને બન્ને પડખેથી કાંસોથી બાંધેલું

(કષાલી કંચુક થાય છે તે) ૭ બન્ને કાખોની પાસેના ભાગને આચ્છાદન કરનાર કંચુકને ઉપકક્ષિકા કહે છે ૮ વૈકક્ષિકા તે કચુંક તથા ઉપકંચુક ઉપર ઓઢીને ડાબા પડખામાં વધારાનો ભાગ રખાય છે તે વસ્ત્ર ૯ સંઘાટીકા ચાર હોય છે તેમાં એક બે હાથની પહોળી અને બે ત્રણ હાથ પહોળી ને એક ચાર હાથ પહોળી લાંબી તો ચારે સાડાત્રણ હાથ અથવા ચાર હાથ લાંબી હોય છે ૧૦ સ્કન્ધકરણી તે ચાર હાથ લાંબી તથા પહોળી સમચોરસ ઘણું કરીને હોય છે તે વાયરાથી ઉડતા કપડાને કબજામાં રાખવા માટે ચાર પડી કરીને ખભા ઉપર ધારણ કરાય છે ૧૧ પૂર્વે કહેલા તેર (ચૌદમાંથી એક ચોલપટક બાદ કરીને) તથા અહીં કહેલા અગીયાર એમ ચોવીસ તથા એક કમઠ નામનું પાત્ર (જે લેપ કરેલું તુંબડું હોય છે પોતાના પેટ પ્રમાણે પહોળું કમંડલ તેને કમઠ પાત્ર કહે છે) એમ સાધ્વીઓનાં પચીસ ઉપકરણ જાણવાં ॥૨૮૦॥૨૮૧॥ એ પ્રમાણે સર્વ જીનવરના જીનકલ્પિ અને સ્થવિર કલ્પિ સાધુ તથા સાધ્વીઓનાં ઉપકરણ ગણનારૂપ ૧૨૯મું સ્થાનક પૂર્ણ.

હવે ચારિત્રની સંખ્યા તથા તત્ત્વની સંખ્યા જણાવે છેઃ—

मूलं—सामाइय चारित्तं, छेओवट्ठावणं च परिहारं ।
तह सुहमसंपरायं, अहखायं पंच चरणाइं ॥ २८२ ॥

छाया—सामायिक चारित्रं, छेदोपस्थापनं च परिहारम् ।
तथा सूक्ष्मसंपरायं, यथाख्यातं पञ्च चरणानि ॥ २८३ ॥

ભાવાર્થ—પહેલું સામાયિક ચારિત્ર, બીજું છેદોપસ્થાપન ચારિત્ર, ત્રિજું પરિહાર વિશુદ્ધિક ચારિત્ર, ચોથું સૂક્ષ્મ સંપરાય અને પાંચમું યથાખ્યાત ચારિત્ર એ પાંચ પ્રકારનું ચારિત્ર જાણવું ॥૨૮૨॥

मूलं—दुण्हं पण इअराणं, तिन्निउ सामइय सुहुमअहखाया ।
जीवाई नवतत्ता, तिन्नि हवा देवगुरुधम्मा ॥ २८३ ॥

छाया—द्वयोः पञ्चेतरेषां, त्रीणि तु सामायिकसूक्ष्मयथाख्यातानि ।
जीवादि नवतत्त्वानि, त्रीण्यथवा देवगुरुधर्माः ॥२८३॥

ભાવાર્થ—પ્રથમ અને છેલ્લા જીનવરના સાધુઓને પાંચે ચારિત્રની પ્રાપ્તિ હોય છે અને બીજા એટલે બાવીસ તીર્થંકરના સાધુઓને ત્રણ ચારિત્રની પ્રાપ્તિ હોય છે. તેનાં નામ-સામાયિક ચારિત્ર ૧ સૂક્ષ્મ સંપરાય ૨ યથાખ્યાત ચારિત્ર ૩ એ ત્રણ ચારિત્ર બાવીસ તીર્થંકરના સાધુઓને પ્રાપ્ત થાય છે જીવાદિ નવતત્ત્વો, અથવા શુદ્ધદેવ, શુદ્ધગુરૂ અને શુદ્ધધર્મ એ ત્રણ તત્ત્વ અથવા સમ્યગ્જ્ઞાન, અને સમ્યગ્દર્શન સમ્યગ્ચારિત્ર સર્વ તીર્થંકરના સમયમાં પ્રવર્તે છે તેમાં ફેરફાર પડતો નથી ॥૨૮૩॥

मूलं—सव्वेसिं जियअजिया, पुन्नं पावं च आसवोबंधो ।
संवरनिज्जरमोक्खा, पत्तेअमणेकहा तत्ता ॥ २८४ ॥

छाया—सर्वेषां जीवाजीवौ, पुन्यं पापं चाऽऽश्रवो बन्धः ।
संवरनिर्जरामोक्षाः, प्रत्येकमनेकधा तत्त्वानि ॥ २८४ ॥

ભાવાર્થ—સર્વ જીનવરના શાસનમાં જીવ ૧ અજીવ ૨ પુન્ય ૩ પાપ ૪ આશ્રવ ૫ બંધ ૬ સંવર ૭ નિર્જરા ૮ મોક્ષ ૯ એ નવ તત્ત્વો પ્રવર્તે છે અને આ પ્રત્યેક તત્વો સૂક્ષ્મ દૃષ્ટિથી અનેક પ્રકારનાં થાય છે ॥૨૮૪॥ ચારિત્ર સંખ્યા ગણુનારૂપ ૧૩૦ મું તત્ત્વ સંખ્યા ગણુનારૂપ ૧૩૧મું સ્થાનક પૂર્ણ:—

હવે સામાયિકની સંખ્યા જણાવે છે.

**મૂલં-સવ્વેહિંચઉ સમઇઆ, સમ્મસુઅ દેસસવ્વવિરઈહિં ।**
**ભણિઆ સાગરકોડા-કોડી સેસેસુ કમ્મેસુ ॥ ૨૮૫ ॥**

**છાયા-સર્વૈશ્ચત્વારિસામાયિકાનિ, સમ્યકૃશ્રુતદેશસર્વવિરતિભિઃ।**
**ભણિતાનિ સાગરકોટા-કોટી કર્મસુ શેષેષુ ॥ ૨૮૫ ॥**

ભાવાર્થ—સર્વ જીનવરોએ ચાર પ્રકારનાં સામાયિક ઉપદેશેલાં છે. સામાયિકોનાં નામ આ પ્રમાણે જાણવાં. સમ્યકત્વ સામાયિક ૧ શ્રુતસામાયિક ૨ દેશવિરતિ સામાયિક ૩ સર્વ વિરતિ સામાયિક ૪ એ ચાર પ્રકારનાં સામાયિક જાણવાં. આ સામાયિકનો લાભ જીવને સાત કર્મની એક કોડાકોડી સાગરોપમની સ્થિતિ બાકી રહે ત્યારે થાય છે ॥૨૮૫॥ સામાયિક સંખ્યા ગણુનારૂપ ૧૩૨મું સ્થાન પૂર્ણ થયું.

હવે પ્રતિક્રમણની સંખ્યા જણાવે છે.

**મૂલં—દેસિઅ ૧ રાઇઅ ૨ । પક્ખિય ૩, ચઉમાસિઅ વચ્છ-રીઅ -નામાઓ ।**
**દુન્હ પણ પડિકમણા, મજ્ઝિમગાણં તુ દો પઢમા ॥૨૮૬॥**

छाया–दैवसिकं रात्रिकं पाक्षिकं–चातुर्मासिकं साँवत्सरिकंनामतः
द्वयोःपञ्च प्रतिक्रमणानि, मध्यमगानां तु द्वे प्रथमे ॥२८६॥

ભાવાર્થ–પ્રતિક્રમણ પાંચ પ્રકારનાં છે, દૈવસિક ૧ રાત્રિક –રાઈ ૨ પાક્ષિક ૩ ચોમાસિક ૪ સાંવત્સરિક ૫ તે પ્રથમ ઋષભદેવ જીનવરના તથા છેલ્લા મહાવીર તીર્થંકરના તીર્થમાં પાંચે પ્રતિક્રમણ હોય છે અને બાવીસ તીર્થંકરના તીર્થમાં બે પ્રતિક્રમણ હોય છે. ॥ ૨૮૬ ॥ પ્રતિક્રમણની સંખ્યા ગણનારૂપ ૧૩૩ મું સ્થાનક પૂર્ણઃ—

હવે રાત્રિભોજન ત્યાગરૂપ વ્રતને જણાવે છે.

मूलं––मूलगुणेसु अ दुण्हं १–२४ सेसाणुत्तरगुणेसु निसिभुत्तं ।

छाया–मूलगुणेषु च द्वयोः, शेषाणामुत्तरगुणेषु निशि भुक्तम् ।

ભાવાર્થ–શ્રીઋષભદેવ ૧ અને શ્રીમહાવીર સ્વામી ૨૪ ના શાસનમાં સાધુઓને રાત્રિભોજનવ્રતને મૂળગુણમાં પ્રત્યાખ્યાન કરાવવામાં આવે છે અને બાવીસ તીર્થંકરના શાસનમાં સાધુઓ ને ઉત્તર ગુણમાં પ્રત્યાખ્યાન કરાવવામાં આવે છે. રાત્રિ ભોજનરૂપ ૧૩૪મું સ્થાનક પૂર્ણ થયું.

હવે સ્થિતિકલ્પને જણાવે છે.

मूलं––दसहा दुण्हं १–२४ भणिओ, चउहा अन्नेसि ठिइकप्पो ॥ २८७ ॥

छाया––दशधा द्वयो र्भणितः, चतुर्द्धाऽन्येषां स्थितिकल्पः ॥

ભાવાર્થ––પહેલા શ્રીઋષભદેવ તથા છેલ્લા શ્રીમહાવીર જીનવરના શાસનમાં સાધુઓને સ્થિતિકલ્પ દશ પ્રકા-

રનો જાણુવો. તથા બાવીસ જીનવરના સાધુઓને માટે ચાર પ્રકારનો સ્થિતિકલ્પ જાણુવો ॥ ૨૮૭ ॥

હવે દસ પ્રકારના સ્થિતિકલ્પ જણાવે છે.

**मूलं—अचेलुक्कुद्देसिय, सिज्जायर रायपिंड किइकम्मे।**
**वय जिट्ठ पडिक्कमणे, मासं पज्जोसवणकप्पे ॥ २८८॥**

**छाया—आचेलक्यौद्देशिक-शय्यातरराजपिण्ड कृतिकर्म।**
**व्रत ज्येष्ठ प्रतिक्रमणं, मासपर्युषणाकल्पौ ॥ २८८॥**

ભાવાર્થ—અચેલકપણું (અલ્પ) પ્રમણાદિકથી યુકત વસ્ત્રધારણ કરવાપણું ૧ ઔદ્દેશિક આધાકર્મી પિંડનો ત્યાગ કરવારૂપ ( સાધુના માટે બનાવેલા આહાર આદિને ઔદ્દેશિક કહેવામાં આવે છે) તેનો સાધુ ત્યાગ કરે છે ૨ શય્યાતર-સાધુને વસ્તિ—ઉપાશ્રય આપનાર, તેનો આહાર વિગેરે સાધુને ખપે નહી ૩ રાજા ચક્રવર્ત્યાદિકનો આહાર સાધુને ખપે નહી ૪ કૃતિકર્મ-પોતાથી વધારે દીક્ષાપર્યાયવાળા સાધુને અથવા પદવીધર, પંડિત, ગણી, પ્રવર્તક, ઉપાધ્યાય અને આચાર્ય આદિ જ્ઞાન સ્થવિર મહાપુરૂષોને ઉત્થાન આપવું (આદર આપવો) તેમને વંદન કરવું તથા અબ્ભુટ્ઠિય ખામીને તેઓનું માન સાચવવું ૫ વ્રત—પ્રાણાતિપાતવિરમણાદિ પાંચ મહાવ્રતો પાળવાં, ૬ જયેષ્ઠ (વ્રતમાં મોટા) તે પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓને બીજું છેદોપસ્થાપન ચારિત્ર હોવાથી જ્યારે તે પાંચ મહાવ્રતો આપવામાં આવે છે ત્યારથી વ્રત પર્યાય ગણાયછે તે અપેક્ષાએ મોટાનાનાનો વ્યવહાર સમજવો. બાવીશ તીર્થંકરના સાધુઓને છેદોપસ્થાપન નહી હોવાથી જ્યારથી સર્વવિરતિ સામાયિક ઉચરે છે ત્યારથી

મ્હોટાન્હાનાનો વ્યવહાર છે, ૭ પ્રતિક્રમણ, પ્હેલાને છેલ્લા તીર્થંકરના સાધુઓને સવાર અને સાંજ બન્ને વખત છ આવશ્યકરૂપ પ્રતિક્રમણ કાયમ કરવાનું હોય છે અને પાક્ષિક ચોમાસિક અને સાંવત્સરિક તે પણ તેમને હોય છે અને બાવીસ તીર્થંકરના સાધુઓને દૈવસિક અને રાત્રિક-રાઈ પ્રતિક્રમણ દોષ જાણે તો કરે અન્યથા નહી ૮ માસકલ્પ-સાધુઓ એક માસથી વધારે વખત ઋતુબંધકાળમાં એકજગાએ ન રહે, અને વર્ષાઋતુમાં ચાર માસ રહે આ કલ્પ પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓને નિયમિત હોય છે. અને આકલ્પ બાવીસ તીર્થંકરના સાધુઓને અનિયમિત હોય છે ૯ પર્યુષણાકલ્પ એટલે વર્ષાકાલમાં ઉત્કૃષ્ટ ચાર માસ સુધીને ઓછામાં ઓછું ભાદરવા સુદી પાંચમથી (હાલમાં ચોથથી) કાર્ત્તિક સુદી પુનમ (સુદી ચૌદશ) સુધી સીત્તેર દિવસ એક સ્થાનકમાં રહેવું ૧૦ આ દશ પ્રકારનો કલ્પ શ્રીઋષભદેવ અને છેલ્લા મહાવીર દેવના તીર્થમાં નિયમિત જાણવો ॥૨૮૮॥

હવે ચાર પ્રકારનો અવસ્થિત કલ્પ જણાવે છે.

**मूलं--सिज्जायर पिंडमी, चाउज्जामेअ पुरिसजिट्ठे अ।**
**किइकम्मस्स अ करणे, चत्तारि अवट्ठिआ कप्पा ॥२८९॥**

**छाया--शय्यातरस्य पिण्डे, चतुर्यामे च पुरुषज्येष्ठे च।**
**कृतिकर्मणश्च करणे, चत्वारोऽवस्थिताः कल्पाः॥**

ભાવાર્થ—શય્યાતરના ઘરનો આહાર સાધુઓ ન લે તે. (૧) ચાર મહાવ્રત પાલણરૂપ (૨) પુરૂષને પૂજ્ય માનવારૂપ (૩) કૃતિકર્મ મોટાને અભ્યુત્થાન-વંદન-આદરમાન આપવારૂપ ક્રિયા (૪) એ ચાર પ્રકારનો અવસ્થિતકલ્પ (કાયમિક)

જાણવો. અજીતનાથથી શ્રીપાર્શ્વનાથ સુધિના બાવીસ જીનવરોના તીર્થોમાં પણ તે હોય છે ॥૨૮૯॥ એ પ્રમાણે સ્થિતિ કલ્પરૂપ ૧૩૫મું સ્થાનક પૂર્ણ થયું ॥

હવે અસ્થિતકલ્પને જણાવે છે.

मूलं—पडिक्कमण १ निवु २ देसिय ३, चेलुके ४ मास ५ वच्छरिय कप्पे ६ । छद्धा अट्ठिइकप्पो, मज्झिमगाणं २२ न इअराणं ॥ २९०॥

छाया—प्रतिक्रमणनृपो देशिकाऽऽचेलक्यमाससांवत्सरिककल्पाः षोढाऽस्थितकल्पो-मध्यमकानां नेतरेषाम् ॥ २९० ॥

ભાવાર્થ—પ્રતિક્રમણકલ્પ (૧) નૃપતિ આહારકલ્પ (રાજાના ઘરનો આહાર) (૨) ઔદ્દેશિક (સાધુ માટે કરાવેલો અહાર (૩) એ બે આહાર સાધુ ગ્રહણ નહીં કરવારૂપ બે કલ્પ જાણવા. આચેલકય—ઓછા ધોળા અને માનથી યુકત વસ્ત્રને ધારણ કરતા હોવાથી અચેલકકલ્પ (૪) માસકલ્પ—એક માસની સ્થિરતા કરવારૂપ કલ્પ (૫) સાંવત્સરિકકલ્પ (એટલે ચોમાસુ રહેવારૂપ) આ છ પ્રકારનો કલ્પ અનિયમિત છે. બાવીસ તીર્થંકરના સાધુઓ કદાચિત્ કરે કદાચિત્ ના પણ કરે, તેમના માટે અસ્થિતકલ્પ અને ઋષભદેવ તથા મહાવીરના સાધુઓને આ કલ્પ અવશ્ય પાળવાના હોય છે ॥ ૨૯૦ ॥ એ અસ્થિતકલ્પ ગણનારૂપ ૧૩૬ મું સ્થાન પૂર્ણ:

હવે કલ્પશુદ્ધિ કહેવાય છે.

मूलं—पुरिमस्स १ दुव्विसुज्झो, चरमस्स अ दुरणुपालणोकप्पो । मज्झिमगाण २२मुणीणं,सुविसुज्झो सुहणुपालणओ ॥२९१॥

**प्रथमस्य दुर्विशोध्य–श्चरमस्य च दुरनुपाल्यः कल्पः ।**
**मध्यमकानां मुनीनां, सुविशोध्यः सुखाऽनुपाल्यः॥२९१॥**

ભાવાર્થ—પ્રથમ જીનેશ્વરના સાધુઓને આચારનું જ્ઞાન બહુ મહેનતથી કરાવી શકાય તેમ છે અને છેલ્લા તીર્થંકર મહાવીર દેવના સાધુઓને આચાર બહુ મહેનતે સમજાવી શકાય તથા બહુ મહેનતે પળાવી શકાય તેમ છે, તેમજ બાવીશ તીર્થંકરના સાધુઓને સુખેથી સમજાવી શકાય અને સુખેથી પળાવી શકાય છે, તેનું કારણ જીવોને કાળના યોગે વિચિત્ર સ્વભાવ થતો હોવાથી આ પ્રકારે કલ્પશુદ્ધિમાં ફેરફાર થાય છે ॥૨૯૧॥ કલ્પશુદ્ધિ કથનરૂપ ૧૩૭મું સ્થાનક પૂર્ણ થયું ॥

હવે છ આવશ્યકને જણાવે છે તેમજ મુનિના સ્વરૂપને જણાવે છે.

**मूलं—समइयचउवोसत्थय–वंदणपडिक्कमण काउसग्गा य ।**
**पच्चक्खाणं भणिअं, जिणेहिं आवस्सयं छद्धा ॥२९२॥**
**ते दुण्ह सय दुकालं, इअराणं कारणे इओ मुणिणो ।**
**पढमिअरवोरतित्थे, रिउजडरिउपन्नवक्कजडा ॥ २९३ ॥**

**छाया–सामायिक चतुर्विंशतिस्तव–वंदनप्रतिक्रमणकायोत्सर्गाश्च ।**
**प्रत्याख्यानं भणितं, जिनैरावश्यकं षोढा ॥ २९२ ॥**
**तद्द्वयोः सदा द्विकाल–मितरेषां कारणे इतो मुनयः ॥**
**प्रथमेतरवीरतीर्थे, ऋजुजडऋजुप्राज्ञवक्रजडाः ॥ २९३ ॥**

ભાવાર્થ–સામાયિક ( ૧ ) ચતુર્વિંશતિસ્તવ લોગસ્સ (ચોવીસ જીનેશ્વરની સ્તવના) ( ૨ ) વંદનક ( ગુરૂવંદન ) (૩) પ્રતિક્રમણ ( પાપનો પશ્ચાત્તાપ ) ( ૪ ) કાયોત્સર્ગ

(ધ્યાન) (૫) પ્રત્યાખ્યાન નવકારસી (૬) વીગેરે આ છ પ્રકારનું આવશ્યક છે એમ જીનેશ્વર ભગવાને કહ્યું છે, તે આવશ્યક પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થમાં સાધુઓને નિરંતર સવાર અને સાંજનાં પ્રતિક્રમણો કરવાનાં હોય છે. અને બાવીસ તીર્થંકરના શાસનમાં સાધુઓને આ બે વખત દિવસ સંબંધી અને રાત્રી સંબંધી પ્રતિક્રમણો–પ્રાયશ્ચિત્ત પ્રમાદાદિ કારણે કરવાનાં હોય છે. પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓમાં બુદ્ધિનો તફાવત હોવાથી તેમને બે સદાકાળ કરવાનાં છે. પહેલા તીર્થંકરના સાધુ ઋજુ અને જડ છે એટલે જડ હોવાથી એકદમ સમજણ પડતી નથી, પણ સરળ હોવાથી ગુરૂની આજ્ઞામાં જલદી પ્રવૃત્તિ કરે છે. અને મહાવીર સ્વામીના શાસનમાં સાધુઓ વક્ર અને જડ છે, એટલે તેમને સમજાવવા પણ કઠિણ અને સમજાવી ક્રિયામાં જોડવા પણ કઠિણ છે. તેટલા માટે આ ભેદ રહેલો છે. ॥ ૨૯૩ ॥ આવશ્યક કથનરૂપ ૧૩૮ મું સ્થાન અને મુનિસ્વરૂપ કથનરૂપ ૧૩૯મું એમ બે સ્થાનક પૂર્ણ થયાં.

હવે સંયમના પ્રકાર જણાવે છે—

**मूलं—पंचासववेरमणं, पंचिंदियनिग्गहो कसायजओ।**
**दंडत्तिगाउ विरई, सतरसहा संजमो इअ वा ॥२९४॥**

**छाया—पञ्चाऽऽश्रवविरमणं, पञ्चेन्द्रियनिग्रहः कषायजयः।**
**दण्डत्रिकाद्विरतिः, सप्तदशधा संयमोऽथवा ॥ २९४ ॥**

ભાવાર્થ–પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ એ પાંચ પ્રકારના આશ્રવોનો ત્યાગ કરવારૂપ અને સ્પર્શનેંદ્રિય, રસનેંદ્રિય, ઘ્રાણેંદ્રિય, ચક્ષુઈંદ્રિય અને શ્રોત્રેંદ્રિય રૂપ પાંચ ઇંદ્રિઓનો (નિગ્રહ) કાબુમાં રાખવારૂપ તથા

મનોદંડ, વચનદંડ અને કાયદંડરૂપ ત્રણ દંડથી વિરતિ-પ્રામવારૂપ, ચારકષાયનો ત્યાગ-ક્રોધ, માન, માયા અને લોભ, તેના ત્યાગરૂપ. એમ સત્તર પ્રકારનો સંયમ સાધુઓ આરાધે છે. અથવા બીજા પ્રકારે સંયમના સત્તર ભેદ નીચે ગણાવે છે ॥ ૨૯૪ ॥

**मूलं–पुढवि १ दग २ अगणि ३ मारुअ ४, वणसइ ५ बि-६ ति ७ चउ ८ पणिंदि ९ अज्जीवे १० ॥ पेहु ११ प्पेह १२ पमज्जण १३, परिठवण १४ मणो १५ वई १६ काए १७ ॥ २९५ ॥**

**छाया–पृथ्व्युदकाग्निमारुत-वनस्पतिद्वित्रिचतुःपञ्चेन्द्रियाऽजीवाः प्रेक्षोत्प्रेक्षाप्रमार्जन,–परिष्ठापनमनोवाक् कायाः ॥२९५॥**

ભાવાર્થ–પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વનસ્પતિકાય, બે ઇંદ્રિય,તેઇંદ્રિય, ચતુરઇંદ્રિય અને પંચેદ્રિય અનેક પ્રકારના જીવોને દુઃખ આપવાથી દૂર રહેવારૂપ નવ પ્રકારનો જીવ સંયમ જાણવો. અજીવ સંયમ એટલે પુસ્તક વસ્ત્ર તૃણ પાત્ર અને આહાર આદિને ઉત્સર્ગથી ગ્રહણ ન કરવારૂપ સંયમ. પરંતુ અપવાદથી એ પાંચને યતના પૂર્વક ગ્રહણ કરવારૂપ પણ સંયમ છે, કહ્યું છે કે—

**दुप्पडिलेहिअ दूसं, अद्धाणाई विचित्तगिम्हंति ॥**
**घिप्पइ पुत्थयपणगं, कालिअनिज्जुत्तिकोसट्ठे ॥ १ ॥**

અર્થ—ઉત્સર્ગથી તો કાલિક સૂત્રની નિર્યુક્તિ જણાવે છે કે-પુસ્તક આદિ પાંચને ગ્રહણ કરવું તે ગ્રીષ્માદિ વીગેરે કાલમાં સંપૂર્ણ નહિ પડિલેહાયેલું ગ્રહણ કરવાથી દોષ ઉત્પન્ન કરે છે ॥૧॥ હવે અહીં કોઇ શંકા કરે છે કે પુસ્તકાદિ

પાંચ વસ્તુઓ જ્ઞાનનું સાધન હોવાથી ઉત્સર્ગથી ગ્રહણ કરવાનો નિષેધ કેમ કર્યો ? અયતનાએ ગ્રહણ કરવાથી જીવનો ઘાતનું કારણ થતું હોવાથી નિષેધ કર્યો છે, કહ્યું છે કે "

जइ तेंसि जीवाणं, तत्थगयाणं च सोणिअं हुज्जा ॥
पीलिज्जंते घणिअं गलिज्ज तं अक्खरंफुसिउं ॥ १ ॥

અર્થ—જો કદાચિત્ તે પુસ્તકના અક્ષરોનો તે જગ્યાએ ગએલા જીવોએ સ્પર્શ કર્યો હોય ત્યાંથી ખસેડવા માટે હાથે ધારણ કરતા છતા ( ગળીજાય ) ટુટી જાય કે પીલાઈને લોહી બની જાય ॥૧॥ ઇત્યાદિ કારણો જણાવેલાં હોવાથી અપવાદે પુસ્તકો ગ્રહણ કરતા છતા પનક–નિલકુલસેવાલ આદિ જીવોની જતના કરવી એ અજીવ સંયમ ૧૦ મો જાણવો. આંખોથી વસ્તુઓને નિરખી પડીલેહવી પછી ખપ કરવો તે પ્રેક્ષાસંયમ ૧૧ ઉત્પ્રેક્ષાસંયમના બે ભેદ છે પહેલો. સાધુને સાતાદિ પ્રશ્ન પુછવો તે અને સાધુએ ગ્રહસ્થને સાતાદિ પ્રશ્ન ન પુછવો તે બીજો ભેદ એમ બે ભેદ ઉત્પ્રેક્ષાસંયમના ૧૨ પ્રમાર્જનાસંયમ–આંખોથી જોએલી જગ્યા વસ્ત્રપાત્ર વિગેરે રજોહરણ ચરવળી–પુંજણી વિગેરેથી પ્રમાર્જના–કરી પુંજીને સંથારો આસન વિગેરે કરવું તે પ્રમાર્જનાસંયમ ૧૩ પરિષ્ઠાપનસંયમ માતરૂઠલ્લો કરવા માટે અયોગ્ય આહાર વિગેરે વસ્તુનો ત્યાગ જીવઘાત ન થાય અને પાછળથી સાધુને કોઈ દોષ ના ઉપજે તેવી વિધિથી પરઠવવો તે પરિષ્ઠાપનસંયમ જાણવો ૧૪ મનથી આર્તધ્યાન અને રૌદ્ર ધ્યાન આદિરૂપ મનના અકુશળ પરિણામનો ત્યાગ કરવો અને ધર્મધ્યાન શુકલધ્યાન આદિ કુશલ પરિણામરૂપ ભાવને

ઉત્પન્ન કરવારૂપમનઃસંયમ ૧૫ નિરવદ્ય ભાષાનો વ્યાપાર અને સાવદ્ય-પાપમય ભાષાના ત્યાગરૂપ વાક્‌સંયમ ૧૬ કાર્ય કરતા છતાં જીવઘાત આદિ ન થાય તેમ ઉપયોગ રાખીને તથા જતાં આવતા રસ્તામાં જીવઘાત ન થાય તેમ દ્દષ્ટિનો ઉપયોગ રાખવો તે કારણ ન હોયતો અંગસંકોચીને રહેવું તે કાયસંયમ ૧૭ એ પ્રમાણે સંયમભેદ વર્ણનરૂપ ૧૪૦ મું સ્થાનક પૂર્ણ થયું.

હવે ધર્મના ભેદને જણાવે છે.

**मूलं--दाणंसीलं च तवो-भावो एवं चउव्विहोधम्मो ॥**
**सव्वजिणेहिं भणिओ, तहा दुहा सुअचरित्तेहिं ॥२९६॥**

**छाया-दानं शीलं च तपो-भाव एवंचतुर्विधो धर्मः ॥**
**सर्वजिनैर्भणित स्तथाद्विधा श्रुतचारित्राभ्याम ॥ २९६ ॥**

ભાવાર્થ-દાન, શીલ, તપ તથા ભાવ. દાન એટલે સુપાત્ર સાધુ અને સાધર્મિક ભાઈ તેમને યોગ્ય આપવું તે (૧) શીલ-મન વચન અને કાયાથી સારા આચાર પાળવા અને બ્રહ્મચર્ય પાળવું (૨) તપ-યથાશકિત બાર પ્રકારનાં તપ કરવાં બાહ્ય તથા અભ્યંતર એમ બે પ્રકારના તપના છ છ ભેદ છે એટલે બાર પ્રકારનાં તપ થાય છે, અનશન (ઉપવાસાદિ) ઉનોદરી (ઇચ્છા કરતાં ઓછો અહાર લેવો) વૃત્તિસંક્ષેપ (આહારમાં ખાવાના પદાર્થોની ઇચ્છાઓ ત્યાગ કરવી) રસત્યાગ-છ પ્રકારની વિગયમાંથી કોઇનો ત્યાગ કરવો, સંલીનતા-અંગોપાંગ વિગેરે સંકોચીને રહેવું તથા કાયક્લેશ શીત ઉષ્ણાદિક પરિષહ સહન કરવા, લોચ કરાવવો અને શરીરે ચળ આવતી હોય છતાં ખરજ ન કરવી વિગેરે

દુઃખને સહન કરવાં આ બાહ્ય તપ. હવે અભ્યન્તર તપ–પ્રાયશ્ચિત્ત ગુરૂની પાસે વિનયપૂર્વક પાપની આલોચના કરવી (૧) વિનય–ગુરૂ આદિકનું બહુ માન કરવું તેમનાથી ઉંચા અને સરખા એવા આસનનો ત્યાગ કરવો (૨) વૈયાવચ્ચ–ગુરૂ, આચાર્ય, સાધુ, સંઘ, અને શ્રાવક, રોગી, વૃદ્ધસાધુ વિગેરેની સેવા–શુશ્રુષા કરવી તે (૩) સ્વાધ્યાય–વાંચવું, પુછવું. આવર્તન કરવું, ભાવનાભાવવી, ધર્મકથા કરવી, આ ચાર પ્રકારનો સ્વાધ્યાય (૪) ઉત્સર્ગ–કાયા ઉપરના મમત્વનો ત્યાગ કરીને ધ્યાનમાં સ્થિરતા રહેવા રૂપ કાયોત્સર્ગ (૫) ધ્યાન આર્ત્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરીને ધર્મધ્યાન શુકલ ધ્યાનમાં પ્રવૃતિ કરવી (૬) આ છ અભ્યન્તર તપ. ચોથો ભાવ–સાધુ પુરૂષે અશુભ માનસિક ભાવનાનો ત્યાગ કરીને શુભ અથવા શુદ્ધ ભાવનામાં પ્રવર્તવું. એ ચાર પ્રકારનો ધર્મ સર્વે જીનેશ્વરોએ કહેલો છે. અથવા બે પ્રકારનો ધર્મ પણ તીર્થંકરોએ કહેલો છે, શ્રુતધર્મ (૧) દ્વાદશાંગી પ્રકરણ. વિગેરે તીર્થંકર પ્રણીત શ્રુતજ્ઞાનને ભણવું ભણાવવું ભણનારને સહાય આપવી આ શ્રુતધર્મ છે. તથા બીજો ચારિત્ર ધર્મ તેનું વર્ણન આગળ કહી ગયેલા છીએ. ॥૨૯૬॥ ધર્મભેદ કથનરૂપ ૧૪૧ મું સ્થાનક પૂર્ણ થયું.

હવે વસ્ત્રવર્ણ કથનરૂપ કલ્પ જણાવે છે.

मूलं––पुरिमंतिमतित्थेसुं, ओहनिजुत्तीइ भणिअ परिमाणं ॥
सिअवत्थं इअराणं, वन्नपमाणेहिं जहलद्धं ॥ २९७ ॥

छाया––प्रथमाऽन्तिमतीर्थेषु, ओघनिर्युक्तिभणितपरिमाणम् ॥
श्वेतवस्त्रमितरेषां, वर्णप्रमाणैर्यथालब्धम् ॥ २९७ ॥

ભાવાર્થ—પ્રથમ જીનવરનાતીર્થમાં તથા છેલ્લા મહાવીરદેવના તીર્થમાં ઓઘનિર્યુક્તિગ્રંથમાં કહેલા માપવાળાં શ્વેતવસ્ત્ર ધારણ કરવાનો કલ્પ છે. અને અજીતનાથથી શ્રીપાર્શ્વનાથ સુધીના તીર્થંકરોના તીર્થમાં જેવી રીતે મળે તેવા વર્ણ અને માપવાળા હલકી વા ઉંચી કિંમતના જે વસ્ત્રો મળે તેને વાપરે છે એટલે તેમને વર્ણનો તથા માપનો નિયમ નથી ॥૨૯૭॥ વસ્ત્રવર્ણ કથનરૂપ ૧૪૨ મું સ્થાનક પૂર્ણ ॥

હવે જીનવરોના ગૃહસ્થાવસ્થાનો કાલ અને કેવલિ અવસ્થાનો કાલ જણાવે છે—

[ લં—जहजुग्गं कुमरनिवइ—चक्कीकालेहिं होइ गिहिकालो ॥
वयकालाओ केवलि—कालो छउमत्थकालूणो ॥ २९८ ॥

ाया—यथायोग्यं कुमरनृपति—चक्रिकालैर्भवति गृहिकालः ।
व्रतकालतः केवलि—कालश्छद्मस्थकालोनः ॥ २९८ ॥

ભાવાર્થ—જીનવરના ગૃહસ્થ અવસ્થાનો કાળ આ પ્રમાણે જાણવો. કુમાર અવસ્થા રાજ્યઅવસ્થા તથા ચક્રવર્ત્તિપણાનો કાળ. આ ત્રણ અવસ્થાના કાળને ગૃહસ્થ અવસ્થાનો કાળ સમજવો. તેમજ વ્રતસંબંધીકાળમાંથી છદ્મસ્થતાના કાળને બાદ કરતાં જેટલો કાળ રહ્યો તેટલો કેવલિ અવસ્થાનો કાળ જાણવો. એ પ્રમાણે ગૃહસ્થ અવસ્થાના કાળ કથનરૂપ ૧૪૩ મું સ્થાનક અને કેવલિ અવસ્થાના કાળકથનરૂપ ૧૪૪ મું સ્થાનક પૂર્ણ થયું ॥૨૯૮॥

હવે સર્વજીનોનો વ્રત કાળ જણાવે છે.

सूलं—पुव्वाण लक्खमेगं, तं पुव्वंगूण तं सगजिणाणं ॥
पुण पुण चउअंगूणं, तो पुव्वसहस्सपणवीसं ॥ २९९ ॥
समलक्खा इगवीसं, चउपन्नापनर सड्ढसत्तेव ॥
सड्ढदुगं तो सहसा, पणवीसं पउणचउवीसं ॥ ३०० ॥
इगवीसं चउपन्ना, सनवसया सड्ढसत्त सड्ढदुगं ॥
तो सत्तसया सयरी, दुचत्तवासाणि वयकालो ॥३०१॥

छाया—पूर्वाणां लक्षमेकं, तत्पुर्वाङ्गोनं तत्सप्तजिनानाम् ॥
पुनः पुनश्चतुरङ्गोनं, ततः पूर्वसहस्रपञ्चविंशतिः ॥ २९९ ॥
समलक्षा एकविंशति-श्चतुःपञ्चाशत्पञ्चदशसार्द्धसप्तैव ।
सार्द्धद्वे ततः सहस्राः, पञ्चविंशतिः पादोनचतुर्विंशतिः ॥३००॥
एकविंशतिश्चतुः पञ्चाश-त्सनवशतानि सार्द्धसप्त सार्द्धद्वे ॥
ततःसप्तशतानि सप्तति-र्द्विचत्वारिंशद् वर्षाणि व्रतकालः३०१

ભાવાર્થ—શ્રી ઋષભદેવના વ્રતનો કાળ એકલાખ પૂર્વ (૧) શ્રીઅજીતનાથનો વ્રતકાળ એક પૂર્વાંગ ઓછો એક લાખ પૂર્વ (૨) શ્રી સંભવનાથ આદિ સાત જીનવરને ઉત્તરોત્તર–વારંવાર ચાર પૂર્વાંક ઓછા કરવા તે આ પ્રમાણે સંભવનાથનો ચાર પૂર્વાંક ઓછો એકલાખ પૂર્વ (૩)શ્રીઅભિનંદન જીનવરનો આઠ પૂર્વાંક ઓછો એકલાખ પૂર્વ (૪) શ્રીસુમતિ નાથનો બાર પૂર્વાંક ઓછો એકલાખ પૂર્વ (૫) શ્રી પદ્મપ્રભનો સોળ પૂર્વાંક ઓછો એક લાખ પૂર્વ (૬) શ્રીસુપાર્શ્વનાથનો વીશ પૂર્વાંક ઓછો એકલાખ પૂર્વ (૭) શ્રીચંદ્રપ્રભનો

ચોવીસ પૂર્વાંકે ઓછો એકલાખ પૂર્વ (૮) શ્રીસુવિધિનાથનો અઠ્ઠાવીશ પૂર્વાંક ઓછો એક લાખ પૂર્વ ૯ શ્રીશીતળનાથનો પચીસ હજાર પૂર્વ (૧૦) શ્રીશ્રેયાંસનાથનો એકવીસ લાખ વર્ષ (૧૧) શ્રીવાસુપૂજ્યનો ચોપન લાખ વર્ષ (૧૨) શ્રીવિમલનાથનો પંદર લાખ વર્ષનો (૧૩) શ્રીઅનંતનાથનો સાડાસાત લાખ વર્ષનો (૧૪) શ્રીધર્મનાથનો અઢીલાખ વર્ષનો (૧૫) શ્રીશાન્તિનાથનો પચીસ હજાર વર્ષનો (૧૬) શ્રી કુંથુનાથનો તેવીશ હજાર સાતસો પચાશ વર્ષનો (૧૭) શ્રી અરનાથનો એકવીશ હજાર વર્ષનો (૧૮) શ્રીમલ્લિનાથનો ચોપનહજાર નવસો વર્ષનો (૧૯) શ્રીમુનિસુવ્રતસ્વામીનો સાત હજાર પાંચશો વર્ષનો (૨૦) શ્રીનમિનાથનો બે હજાર પાંચશો વર્ષનો (૨૧) શ્રીનેમિનાથનો સાતસો વર્ષનો (૨૨) શ્રીપાર્શ્વનાથનો સીત્તેર વર્ષનો (૨૩) શ્રીમહાવીર સ્વામીનો બેતાલીશ વર્ષનો (૨૪) દીક્ષાપર્યાય કાલ જાણવો ॥૨૯૯॥ ॥૩૦૦॥ ॥૩૦૧॥ વ્રતકાલ કથનરૂપ ૧૪૫ મું સ્થાનક પૂર્ણ થયું.

હવે સર્વ જીનવરના આયુષ્યના કાલનું માન જણાવે છે.

मूलं—सव्वाउ चुलसि १ बिसयरि २—सठि ३ पन्ना ४ चत्त ५

५ तीस ६ वीस ७ दस ८ ॥ दो ९ एगपुव्व लक्खा १०,

सम चुलसी ११ बिसयरी १२ सही १३ ॥ ३०२ ॥

तीस १४ दस १५ एग लक्खा १६, वरिसाणं सहस पण

नवइ १७ चुलसी १८ ॥ पणपन्न १९ तीस २० दस २१

इग २२—सहसा वरिस सय २३ दुगसयरी २४ ॥३०३॥

छाया—सर्वायुश्चतुरशीति १ ' द्विसप्ततिः ' २ षष्टिः ३ पञ्चाशत् ४, चत्वारिंशत् ५ त्रिंशद् ६ विंशति ७ दश ८॥

द्वये ९ कपूर्वलक्ष १० समा-श्चतुरशीति ११ र्द्विसप्तति:१२ षष्टि: १३ ॥ ३०२ ॥ त्रिंशद् १४ दशै १५कलक्ष-वर्षाणां १६ 'सहस्राणि पञ्चनवति १७ श्चतुरशीतिः १८। पञ्चपञ्चाशत् १९ त्रिंशद् २०' दशै२१कसहस्राणि २२ वर्षशतं २३ द्विसप्ततिः २४ ॥ ३०३ ॥

ભાવાર્થ—શ્રીઋષભદેવનું ચોરાશીલાખ પૂર્વનું આયુષ્૧ શ્રીઅજીતનાથનું બોતેરલાખ પૂર્વનું ૨ શ્રીસંભવનાથનું સાઠે-લાખપૂર્વનું ૩ શ્રીઅભિનંદનનું પચાસલાખપૂર્વનું ૪ શ્રીસુ-મતિનાથનું ચાલિસલાખપૂર્વનું ૫ શ્રીપદ્મપ્રભનું ત્રીશલાખ પૂર્વનું ૬ શ્રીસુપાર્શ્વનાથનું વીશલાખપૂર્વનું ૭ શ્રીચંદ્રપ્રભનું દશલાખપૂર્વનું ૮ શ્રીસુવિધિનાથનું બેલાખપૂર્વનું ૯ શ્રીશીત-લનાથનું એકલાખપૂર્વનું ૧૦ શ્રીશ્રેયાંસનાથનું ચોરાશીલાખ વર્ષનું ૧૧ શ્રીવાસુપૂજ્યનું બોતેરલાખવર્ષનું ૧૨ શ્રીવિમલ-નાથનું સાઠલાખવર્ષનું ૧૩ શ્રીઅનંતનાથનું ત્રીશલાખવર્ષનું ૧૪ શ્રીધર્મનાથનું દશલાખવર્ષનું ૧૫ શ્રીશાન્તિનાથનું એક લાખવર્ષનું ૧૬ શ્રીકુંથુનાથનું પંચાણુંહજારવર્ષનું ૧૭ શ્રી અરનાથનું ચોરાશીહજારવર્ષનું ૧૮ શ્રીમલ્લિનાથનું પંચાવન હજારવર્ષનું ૧૯ શ્રીમુનિસુવ્રતજીનનું ત્રીશહજારવર્ષનું ૨૦ શ્રીનમિનાથનું દશહજારવર્ષનું ૨૧ શ્રીનેમિનાથનું એકહજાર વર્ષનું ૨૨ શ્રીપાર્શ્વનાથનું સો વર્ષનું ૨૩ શ્રીમહાવીરદેવનું બોતેરવર્ષનું ૨૪ આયુષ્ જાણવું. એ પ્રમાણે સર્વજીન-વરનાં આયુષો જાણવાં ॥૩૦૨॥ ॥૩૦૩॥

હવે પૂર્વ અને પૂર્વાંકઆદિનું પ્રમાણ જણાવે છે—

मूलं--चुलसीइ वरिस लक्खा, पुव्वंगं तग्गुणंभवे पुव्वं ॥
तं सयरिकोडिलक्खा, वरिसा छप्पनसहसकोडी ॥३०४॥

छाया--चतुरशीतिर्वर्षलक्षाः, पूर्वाङ्गं तद्गुणं भवेत् पूर्वम् ॥
ततसप्ततिकोटिलक्षा-वर्षाणिषट्पञ्चाशत्सहस्रकोट्यः ३०४

ભાવાર્થ—ચોરાશીલાખ ( ૮૪૦૦૦૦૦ ) વર્ષનું એક પૂર્વાંગ થાય અને ચોરાશીલાખ–પૂર્વાંગને પૂર્વાંગે ગુણવાથી એક પૂર્વ થાય અર્થાત્ (૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦)સીતેરલાખકરોડ છપનહજાર કરોડ વર્ષનું એક પૂર્વ થાય ॥ ૩૦૪ ॥

ઉપરોક્ત રીતથી શ્રીઋષભદેવના આયુષ્યનું પ્રમાણ કહેછે—

मूलं--पुव्वंगहयंपुव्वं, तुडियंगंबासकोडिकोडीओ ॥
गुणसट्ठि लक्ख सगवी-ससहस चत्ता य रिसहाउं॥३०५॥

छाया--पूर्वाङ्गहतंपूर्वं, त्रुटिताङ्गं वर्षकोटिकोटयः ॥
एकोनषष्ठि लक्षाः, सप्तविंशतिसहस्रा श्चत्वारिंशदृषभायुः ३०५

ભાવાર્થ—પૂર્વાંગથી ગુણાકાર કરાએલા પૂર્વ એટલે પૂર્વને ચોરાશીલાખથી ગુણાકાર કરતાં ત્રુટિત અંગ થાય છે. તેના વર્ષોનું પ્રમાણ આ પ્રમાણે છે—ઓગણસાઠ-લાખ સત્તાવિશહજાર ચાલીશકોટાકોટી વર્ષ થાય છે. એટલું ( ૫૯૨૭૦૪૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ) શ્રીઋષભદેવ પ્રભુનું આયુષ્ય જાણવું ॥ ૩૦૫ ॥ ચોવીસ જીનવરજીના સર્વ આયુષ્ય પ્રમાણકથનરૂપ ૧૪૬મું સ્થાનક પૂર્ણ થયું ॥

હવે જીનવરના મોક્ષસંબંધી માસ તિથિ આદિ જણાવે છે—

मूलं—माहस्सकिण्हतेरसि, दोसु सिअ चित्तपंचमी नेआ ॥
वइसाहसुद्ध अट्ठमि, तहचित्तेसुद्धनवमी अ ॥ ३०६ ॥

कसिणामग्गइग्गारसि, फग्गुण भद्दवय सत्तमी किण्हा ॥
भद्दवयसुद्धनवमी, वइसाहे बहुलबीया अ ॥३०७॥

कसिणा सावण तइया, आसाढे तहय चउदसी सुद्धा ॥
आसाढ कसिणसत्तमि, सिअपंचमिचित्तजिट्ठेसु ॥३०८॥

जिट्ठकसिणातेरसि, वइसाहेपडिव मग्गसिअदसमी ॥
फग्गुणसुद्ध दुवालसि, किण्हा नवमीअ जिट्ठस्स ॥३०९॥

वइसाहअसिअ दसमी, आसाढे सावणेऽट्ठमी सुद्धा ॥
कत्तियमावसि सिवमासमाइ भणिआ जिणिंदाणं ॥३१०॥

छाया—माघस्य कृष्णत्रयोदशी, द्वयोः सितचैत्रपञ्चमी ज्ञेया ॥
वैशाखशुद्धाऽष्टमी, तथा चैत्रे शुद्ध नवमी च ॥ ३०६ ॥

कृष्णा मार्गैकादशी, फाल्गुनभाद्रपदसप्तमी कृष्णा ॥
भाद्रपदशुद्धनवमी, वैशाखे बहुलद्वितीया च ॥ ३०७ ॥

कृष्णा श्रावणतृतीया, आषाढे तथा च चतुर्दशीशुद्धा ॥
आषाढकृष्णसप्तमी, सितपञ्चमी चैत्रज्येष्ठयोः ॥ ३०८ ॥

जेष्ठेकृष्णत्रयोदशी, वैशाखेप्रतिपद् मार्गसितदशमी ॥
फाल्गुनशुद्धद्वादशी, कृष्णा नवमी च ज्येष्ठस्य ३०९

वैशाखेऽसितदशमी, आषाढे श्रावणेऽष्टमी शुद्धा ॥
कार्त्तिकाऽमावास्या, शिवमासाद्योभणिता जिनेन्द्राणाम् ॥३१०॥

ભાવાર્થ—શ્રીઋષભદેવ મહા વદિ તેરસે મોક્ષપદ પામ્યા ૧ શ્રીઅજીતનાથ તથા શ્રીસંભવનાથ ચૈત્ર સુદ પાંચમે ૨–૩ શ્રીઅભિનંદન વૈશાખ સુદ આઠમે ૪ શ્રીસુમતિનાથ ચૈત્ર સુદી નવમીએ ૫ શ્રીપદ્મપ્રભ માગસર વદી અગીયારસે ૬ શ્રીસુપાર્શ્વનાથ ફાગણ વદી સાતમે ૭ શ્રીચંદ્રપ્રભ ભાદરવા વદ સાતમે ૮ શ્રીસુવિધિનાથ ભાદરવા સુદી નવમીએ ૯ શ્રીશીતલનાથ વૈશાખ વદી બીજે ૧૦ શ્રી શ્રેયાંસનાથ શ્રાવણ વદી ત્રીજે ૧૧ શ્રીવાસુપૂજ્યજીન અષાડ સુદી ચૌદસે ૧૨ શ્રીવિમલનાથ અષાડ વદ સાતમે ૧૩ શ્રીઅનંતનાથ ચૈત્ર સુદી પાંચમે ૧૪ શ્રીધર્મનાથ જેઠ સુદી પાંચમે ૧૫ શ્રીશાંન્તિનાથ જેઠ વદી તેરસે ૧૬ શ્રીકુંથુનાથ વૈશાખ વદી એકમે ૧૭ શ્રીઅરનાથ માગસર સુદી દશમીએ ૧૮ શ્રીમલ્લિનાથ ફાગણ વદી બારસે ૧૯ શ્રીમુનિસુવ્રતજીનવર જેઠ વદી નવમીએ ૨૦ શ્રીનમિનાથ વૈશાખ વદી દશમે ૨૧ શ્રીનેમિનાથ અષાડ સુદી આઠમે ૨૨ શ્રીપાર્શ્વનાથ શ્રાવણ સુદી આઠમે ૨૩ શ્રીમહાવીરદેવ કાર્તિક વદી અમાવાસ્યા એ ૨૪ નિર્વાણપદ પામ્યા. ॥૩૦૭॥ ॥૩૦૮॥ ॥૩૦૯॥ ॥૩૧૦॥ મોક્ષસંબંધીમાસ, પક્ષ અને તિથિ કથનરૂપ ૧૪૭ મું સ્થાનક પૂર્ણ થયું ॥

હવે જીનવરના મોક્ષસંબંધી નક્ષત્રો જણાવે છે—

मूलं—अभिई १ मिगसिर २ अद्दा ३, पुस्स ४ पुणव्वसुअ ५
चित्त ६ अणुराहा ७, जिट्ठा ८ मूलं ९ पुव्वा–साढा १० ध–

णिट्ठु ११ त्तराभद्दा १२ ॥ ३११ ॥ रेवइ । १३ रेवइ १४
पुस्सो १५, भरणी १६ कत्तिय १७ ॥ सरेवई १८ भ-
रणी १९। सवण २० स्सिणि २१ चित्त २२ विसाह २३
साइ २४ जिणमुक्ख नक्खत्ता ॥ ३१२ ॥

छाया—अभिजिन्मृगशीर्षार्द्रा, पुष्य पुनर्वसू च चित्राऽनुराधा ॥
ज्येष्ठामूलं पूर्वा षाढाधनिष्ठोत्तराभाद्रपदा ॥३११॥
रेवती रेवतीपुष्य भरणोकृत्तिका रेवती च भरणी ॥
श्रवणोऽश्विनीचित्राविशाखा,स्वातिर्जिनमोक्षनक्षत्राणि ॥३१२॥

ભાવાર્થ—શ્રીઋષભદેવ અભિજિત્‌નક્ષત્રમાં મોક્ષે ગયા. ૧ અજીતનાથ મૃગશીર્ષમાં ૨ શ્રીસંભવનાથ આર્દ્રામાં ૩ શ્રી અભિનંદન પુષ્યમાં ૪ શ્રીસુમતિનાથ પુનર્વસુમાં ૫ શ્રીપદ્મપ્રભ ચિત્રામાં ૬ શ્રીસુપાર્શ્વનાથ અનુરાધામાં ૭ શ્રીચંદ્રપ્રભ જ્યેષ્ઠામાં ૮ શ્રીસુવિધિનાથ મૂળમાં ૯ શ્રીશીતલનાથ પૂર્વાષાઢામાં ૧૦ શ્રીશ્રેયાંસનાથ ધનિષ્ઠામાં ૧૧ શ્રીવાસુપૂજ્ય ઉત્તરાભાદ્રપદમાં ૧૨ શ્રીવિમલનાથ રેવતીમાં ૧૩ શ્રીઅનંતનાથ રેવતીમાં ૧૪ શ્રીધર્મનાથ પુષ્યમાં ૧૫ શ્રીશાન્તિનાથ ભરણીમાં શ્રીકુંથુનાથ કૃત્તિકામાં ૧૭ શ્રીઅરનાથ રેવતીમાં ૧૮ શ્રીમલ્લિનાથ ભરણીમાં ૧૯ શ્રીમુનિસુવ્રતજીન શ્રવણમાં ૨૦ શ્રીનમિનાથ અશ્વિનીમાં ૨૧ શ્રીનેમિનાથ ચિત્રામાં ૨૨ શ્રીપાર્શ્વનાથ વિશાખામાં ૨૩ શ્રીમહાવીર સ્વામી સ્વાતિમાં નિર્વાણપદ પામ્યા. એ પ્રમાણે જીનવરોના મોક્ષકલ્યાણકો ઉપર કહેલા નક્ષત્રોમાં થયાં ॥ ૩૧૧ ॥ ॥ ૩૧૨ ॥

જીનવરોનાં મોક્ષનક્ષત્ર કથનરૂપ ૧૪૮ મું સ્થાન પૂર્ણ થયું.

હવે મોક્ષ સંબંધી રાશિઓને જણાવે છે.

मूलं—मयरो १ वसहो २ मिहुणो, ३ दुसु कक्कड ४।५ कण्ह ६ दुसु अलीअ ७-८ धणू ९॥ धणु १० कुंभो ११ तिसु-मीणो, १२।१३।१४ कक्कड १५ मेसो १६ वसह १७ मीणो १८ ॥३१३॥ मेसो १९ मयरो २० मेसो २१, तिसु तुल २२।२३।२४ एएउ मुक्खरासीओ ॥ कयजोग निरोहाणं, मुक्खट्टाणा जिणाण इमे ॥ ३१४ ॥

छाया-मकरो, १ वृषभो, २ मिथुनो, ३ द्वयोः कर्कटः ४-५ कन्या ६ द्वयोरलि ७-८ धनुः ९ ॥ धनुः १० कुम्भ ११ त्रिषु मीनः, १२-१३-१४ कर्कट १५ मेषौ १६ वृषभ १७ मीनौ १८ ॥३१३॥ मेषो १९ मकरो २० मेष-२१ त्रिषु तुले-२२-२३-२४ ते तु मोक्षराशयः ॥ कृतयोगनिरोधानां, मोक्षस्थानानि जिनानामिमानि॥३१४॥

ભાવાર્થ—શ્રીઋષભદેવ મકરરાશિમાં મોક્ષે ગયા. ૧ શ્રી અજિતનાથ વૃષભરાશિમાં ૨ શ્રી સંભવનાથ મિથુનરાશિમાં ૩ શ્રી અભિનંદન ૪ અને શ્રી સુમતિનાથ કર્કરાશિમાં ૫ શ્રીપદ્મપ્રભ કન્યારાશિમાં ૬ શ્રી સુપાર્શ્વનાથ અને ૭ શ્રી ચંદ્રપ્રભ વૃશ્ચિક રાશિમાં ૮ શ્રી સુવિધિનાથ ધનરાશિમાં ૯ શ્રીશીતલનાથ ધનરાશિમાં ૧૦ શ્રી શ્રેયાંસનાથ કુંભરાશિમાં ૧૧ શ્રીવાસુપૂજ્ય ૧૨, શ્રી વિમલનાથ ૧૩ અને શ્રી અનંતનાથ એ ત્રણ મીનરાશિમાં ૧૪ શ્રી ધર્મનાથ કર્કમાં ૧૫ શ્રીશાન્તિનાથ મેષમાં ૧૬ શ્રી કુંથુનાથ વૃષભમાં ૧૭ શ્રીઅરનાથ મીનમાં ૧૮ શ્રીમલ્લિનાથ મેષમાં ૧૯ શ્રીમુનિ-

સુવ્રત મકરમાં ૨૦ શ્રીનમિનાથ મેષમાં ૨૧ શ્રી નેમિનાથ ૨૨, પાર્શ્વનાથ ૨૩ અને શ્રી મહાવીરસ્વામી ૨૪ એ ત્રણ તુલા રાશિમાં એમ ચોવીશ તીર્થંકરો ઉપર કહેલી રાશિમાં મોક્ષપદ પામ્યા છે. તેમજ કર્યો છે યોગનો (મન વચન કાયાના વ્યાપારનો) રોધ જેમણે એવા ચોવીશ તીર્થંકરોનાં મોક્ષસ્થાન નીચેનીગાથા પ્રમાણે જાણવાં ॥૩૧૩॥૩૧૪॥ મોક્ષરાશિ કથનરૂપ ૧૪૯ મું સ્થાનક પૂર્ણ થયું:

હવે મોક્ષ ગયાનાં સ્થાનો જણાવે છે—

मूलं—अट्ठावयंमि उसहो, वीरो पावाइ रेवए नेमी ॥
चंपाइ वासुपुज्जो, संमेए सेसजिण सिद्धा ॥३१- ॥

छाया—अष्टापदे ऋषभो-वीरोऽपापायां रैवते नेमिः ॥
चम्पायां वासुपूज्यः, सम्मेते शेषजिनाः सिद्धाः ॥३१५॥

ભાવાર્થ—શ્રી ઋષભદેવ અષ્ટાપદ પર્વતે મોક્ષપદ પામ્યા. શ્રી વીરપ્રભુ પાવાપુરી (અપાપા)નગરીમાં અને શ્રી નેમિનાથ રૈવત ગિરિ (ગીરનારે) અને વાસુપૂજ્ય ચંપાનગરીમાં મોક્ષપદ પામ્યા. એ શીવાયના બાકી અજિતનાથ આદિ વીશ જિનવરો સમ્મેત શિખર ઉપર મોક્ષપદ પામ્યા છે ॥ ૩૧૫ ॥ જિનવરના મોક્ષ સ્થાનકથન રૂપ ૧૫૦ મું સ્થાનક પૂર્ણ.—

હવે મોક્ષ પામ્યા તે વખતનાં આસન જણાવે છે.

मूलं—वीरोसहनेमीणं, पलिअंकं सेसयाण उस्सग्गो ॥
पलिअंकासणमाणं, सदेहमाणा तिभागूणं ॥३१६॥

छाया—वीरर्षभनेमीनां, पर्यङ्कं शेषकाणामुत्सर्गः ॥
पर्यङ्कासनमानं, स्वदेहमानात् त्रिभागोनं ॥३१६॥

ભાવાર્થ--શ્રીવીરપ્રભુ તથા ઋષભદેવ તથા શ્રીનેમિનાથ એ ત્રણ જિનવરો પર્યંક આસને મોક્ષપદ પામ્યા. બાકીના એકવીશ જિનવરો કાયોત્સર્ગાસન ( કાઉસગ્ગ )માં મોક્ષપદ પામ્યા. પર્યંકાસન પોતાના દેહના માનથી ત્રીજે ભાગે ઓછું થાય છે. ॥ ૩૧૬ ॥ જિનવરના મોક્ષ સમયના આસનકથન રૂપ ૧૫૧મું સ્થાનક પૂર્ણ થયું:

હવે મોક્ષ સંબંધી અવગાહના-તથા મોક્ષ સંબંધિ તપને જણાવે છે--

मूलं—सव्वेसि सिवोगाहण, तिभागऊणा निआसणपमाणा ॥
पुरिमंतिमाण चउदस, छट्ठा सेसाणमासतवो ॥३१७ ॥

छाया-सर्वेषां शिवाऽवगाहना, त्रिभागोना निजासनप्रमाणात् ॥
प्रथमान्तिमयोश्चतुर्दश, षष्ठं-शेषाणां मासतपः ॥३१७ ॥

ભાવાર્થ—સર્વે કાર્યોત્સર્ગે મોક્ષપ્રાપ્ત થયેલા કેવલિઓની અવગાહના તેમના શરીરના પ્રમાણથી ત્રીજા ભાગે ઓછી જાણવી, તેમજ પર્યંકાસને મોક્ષે ગયેલાઓની અવગાહના પોતાના આસન પ્રમાણથી ત્રિજે ભાગે ઓછી જાણવી. તેમજપહેલા શ્રી ઋષભદેવને મોક્ષ ગમન સમયે ચૌદ ભક્ત (છ ઉપવાસનો તપ હતો) અને અંતિમ શ્રી મહાવીર દેવને મોક્ષ ગમન સમયે છઠ્ઠ ભકત ( બે ઉપવાસનો ) તપ હતો અને બાકીના બાવીશ-જિનવરોને માસક્ષમણ (એક મહીનાના ઉપવાસ )નું તપ હતું ॥ ૩૧૭ ॥ મોક્ષ અવગાહના કથન ૧૫૨ અને મોક્ષ તપ કથનરૂપ ૧૫૩ મું સ્થાનક પર્ણ થયું-

હવે મોક્ષગમન સમયે પ્રભુનીસાથે મોક્ષગમન કરનારનો પરિવાર જણાવે છે.

मूलं—उसहस्स दससहस्सा, विमलस्स य छच्च सत्त णंतस्स ॥
संतिस्स नवसयाइं, मल्लिसुपासाण पंचसया ॥३१८॥

पउमस्स तिसय अडहिय, नेमिजिणिंदस्स पणसयछतीसा॥
धम्मस्स अडहियसयं, छसयाइं वासुपुज्जस्स ॥३१९॥

पासस्स तितीसमुणी, वीरस्स य नत्थि सहस सेसाणं ॥
अडतीस सहस चउसय, पणसीई सव्वपरिवारे ॥३२०॥

छाया—ऋषभस्य दशसहस्त्रा,-विमलस्य षट्च सप्ताऽनन्तस्य॥
शान्तेर्नवशतानि, मल्लिसुपार्श्वयोः पञ्चशतानि ॥३१८॥

पद्मस्य त्रिशत्यष्टाधिका,-नेमिजिनेन्द्रस्य पञ्चशतषट्त्रिंशत्॥
धर्मस्याष्टाऽधिकशतं, षट्शतानि वासुपूज्यस्य ॥३१९।

पार्श्वस्य त्रयस्त्रिंशत् मुनयो-वीरस्य च नास्ति सहस्रं शेषाणाम्॥
अष्टत्रिंशत्सहस्रचतुः शतानि,पञ्चाशीतिःसर्वपरिवारः॥३२०

ભાવાર્થ-શ્રી ઋષભદેવ દશહજાર સાધુઓના પરિવાર સાથે મોક્ષ પામ્યા. શ્રીવિમલનાથ છહજાર મુનિઓ સંગાથે મોક્ષ પદ પામ્યા, અનંતનાથ સાત હજારની સાથે મોક્ષ પદ પામ્યા. શ્રીશાન્તિનાથ નવસોની સાથે, શ્રીમલ્લિનાથ અને શ્રી સુપાર્શ્વનાથ પાંચશો પાંચશો મુનિઓની સાથે, શ્રી પદ્મપ્રભ ત્રણસોને આઠ મુનિઓસાથે,શ્રીનેમિનાથ પાંચશો છત્રીસ સાથે, શ્રી ધર્મનાથ એકસો આઠની સાથે, શ્રી વાસુપૂજ્ય છસોની

સાથે, શ્રી પાર્શ્વનાથ તેત્રીસ મુનિઓ સાથે, શ્રી મહાવીર સ્વામી એકલા મોક્ષ પામ્યા. બાકીના (બાર) તીર્થંકરોની સાથે એક એકહજાર મુનિઓ મોક્ષ પદ પામ્યા. સર્વ તીર્થંકરોની સાથે મોક્ષે ગયેલાનો પરિવાર આડત્રીસ હજાર ચારસોને પંચાશી (૩૮૪૮૫) હતો, અર્થાત્ તેટલા મુનિવરો મોક્ષપદ પામ્યા ।।૬૧૮।।૩૧૯।। ૩૨૦।। મોક્ષ પરિવાર કથનરૂપ ૧૫૪ મું સ્થાનક પૂર્ણ થયું.

હવે મોક્ષ ગમન સંબંધી વેલા, મોક્ષ ગમન સમયનો આરો અને તે સમયે બાકી રહેલો તે આરાનો કાળ જણાવે છે.

मूलं—अवरण्हे सिद्धिगया,-संभवपउमाभसुविहिवसुपुज्जा ॥
सेसा उसहाईया, सेयंसंता उ पुव्वण्हे ॥३२१॥
धम्मअरनमीवीरा–ऽवररत्ते पुव्वरत्तए सेसा ॥
पुव्वं व मुक्खअरया-सेसमवि तं तु निअनिआउ विणा॥३२२॥

छाया—अपराण्हे सिद्धिगताः, संभवपद्माभसुविधिवासुपूज्याः॥
शेषा ऋषभादिकाः, श्रेयांसान्तास्तु पूर्वाण्हे ॥३२१॥
धर्माऽरनमिवीरा–अपररात्रे पूर्वरात्रे शेषाः ॥
पूर्ववन्मोक्षारकशेषमपि, तत्तु निजनिजाऽऽयुर्विना॥३२२॥

ભાવાર્થ–શ્રીસંભવનાથ, શ્રીપદ્મપ્રભ તથા શ્રીસુવિધિનાથ અને શ્રીવાસુપૂજ્ય દિવસના ઉત્તર ભાગમાં (પાછલા પહોરે ચોથા ભાગમાં) મોક્ષપદ પામ્યા. એ વિનાના શ્રીઋષભદેવ, શ્રીઅજિતનાથ, શ્રીઅભિનંદન, શ્રીસુમતિનાથ, શ્રીસુપાર્શ્વનાથ, શ્રીચંદ્રપ્રભ, શ્રીશીતલનાથ અને શ્રીશ્રેયાંસનાથ એ આઠ

જિનવરો દિવસના પૂર્વભાગમાં મોક્ષપદ પામ્યા. શ્રીધર્મનાથ, શ્રીઅરનાથ, શ્રીનમિનાથ અને શ્રીમહાવીરદેવ એ ચાર જિનવરો રાત્રીના છેલ્લા ભાગમાં મોક્ષપદ પામ્યા. એ સીવાયના બાકી રહેલા શ્રીવિમલનાથ, શ્રીઅનંતનાથ, શ્રીશાન્તિનાથ, શ્રીકુંથુનાથ, શ્રીમલ્લિનાથ, શ્રીમુનિસુવ્રત, અને શ્રીનેમિનાથ શ્રીપાર્શ્વનાથ એ આઠ જિનવરો રાત્રીના પહેલા ભાગમાં મોક્ષ પદ પામ્યા. મોક્ષ સંબંધિઆરાઓ જિનવરના જન્મ સંબંધિ આરાઓ છે તે પ્રમાણે જાણવા. વળી મોક્ષપદ પછી બાકીનો આરો પોતપોતાના જન્મ સમયના કહેલા આરાથી આયુષ્યનો ભાગ બાદ કરતાં જે બાકી રહે તે કાલ ગણવો, જેમ કે શ્રીઋષભદેવના જન્મ સમયે ચોરાશીલાખ પૂર્વ અને નેવાશી પખવાડીયાં બાકી ત્રીજો આરો હતો, હવે તેમાંથી પ્રભુનું ચોરાશીલાખ પૂર્વનું આયુષ્ય બાદ કરતાં મોક્ષ પછી નેવાસી પક્ષ ગયા ત્યારે ચોથો આરો બેઠો અને ત્રીજો પૂર્ણ થયો. (૧) બાકીના સર્વ જિનવરો ચોથા આરામાંજ મોક્ષપદ પામ્યા છે. જન્મ સંબંધિ જે આરો કહ્યો છે તેમાંથી તેમનું આયુષ્ બાદ કરતાં બાકી રહ્યો તેટલો ચોથો આરો જાણવો. જેમકે શ્રીઅજિતનાથના નિર્વાણથી બેતાલીસ હજાર ઓછા પચાસ કરોડ લાખ સાગરોપમ ત્રણ વર્ષ આઠ માસ ચોથો આરો બાકી (૨) ત્રીજા સંભવનાથના નિર્વાણથી વીશ કરોડ લાખ સાગરોપમમાંથી બેતાલી હજાર વર્ષ બાદ કરીને ત્રણ વર્ષ સાડા આઠ માસ ચોથો આરો બાકી (૩) ચોથા અભિનંદનના નિર્વાણથી બેતાલીસ હજાર વર્ષ ઓછા દશ કરોડ લાખ સાગરોપમ ત્રણ વર્ષ

સાડાઆઠ માસ ચોથો આરો બાકી (૪) પાંચમા સુમતિનાથના નિર્વાણથી એક કરોડ લાખ સાગરોપમમાંથી બેતાલીસ હજાર વર્ષ બાદ કરીને ત્રણ વર્ષ સાડા આઠ માસ ચોથો આરો બાકી (૫) પદ્મપ્રભના મોક્ષ ગમનથી બેતાલીસ હજાર વર્ષ ઓછા દશ હજાર કરોડ સાગરોપમ અને ત્રણ વર્ષ સાડા આઠ માસ ચોગો આરો બાકી (૬) સુપાર્શ્વનાથના નિર્વાણથી એક હજાર કરોડ સાગરોપમમાંથી બેતાલીસ હજાર ઓછાં, ત્રણ વર્ષ સાડા આઠ માસ ચોથો આરો બાકી (૭) આઠમા ચંદ્રપ્રભના નિર્વાણથી બેતાલીસ હજારવર્ષ ઓછા સોકરોડ સાગરોપમ અને ત્રણવર્ષ સાડા આઠ માસ ચોથો આરો બાકી (૮) નવમા સુવિધિનાથના નિર્વાણથી દશ કરોડ સાગરોપમમાંથી બેતાલીસ હજાર વર્ષ ઓછા ત્રણ વર્ષ સાડા આઠ માસ ચોથો આરો બાકી (૯) શીતળનાથના નિર્વાણથી બેતાલીસ હજાર વર્ષ ઓછા એક કરોડ સાગરોપમ અને ત્રણ વર્ષ સાડા આઠ માસ ચોથો આરો બાકી (૧૦) અગીઆરમા શ્રેયાંસનાથના નિર્વાણથી સો સાગરોપમપાંસઠ લાખ ચોરાસી હજાર ત્રણ વર્ષ સાડા આઠ માસ ચોથો આરો બાકી (૧૧) શ્રીવાસુપૂજ્યપ્રભુના નિર્વાણથી છેતાલીસ સોગરોપમ પાંસઠ લાખ ચોરાસી હજાર ત્રણ વર્ષ સાડા આઠ માસ ચોથો આરો બાકી (૧૨) વિમલનાથના નિર્વાણથી સોળ સાગરોપમ પાંસઠ લાખ ચોરાસી હજાર ત્રણ વર્ષ સાડા આઠ માસ ચોથો આરો બાકી (૧૪) ધર્મનાથના નિર્વાણથી ત્રણ સાગરોપમ પાંસઠ લાખ ચોરાશી હજાર ત્રણ વર્ષ સાડાઆઠ

માસ ચોથો આરો બાકી (૧૫) શ્રી શાંતિનાથના નિર્વાણથી પોણો પલ્યોપમ પાંસઠ લાખ ચોરાસી હજાર ત્રણ વર્ષ સાડાઆઠ માસ ચોથો આરો બાકી (૧૬) કુંથુનાથના નિર્વાણથી પા પલ્યોપમ પાંસઠ લાખ ચોરાસી હજાર ત્રણ વર્ષ સાડા આઠ માસ ચોથો આરો બાકી (૧૭) શ્રીઅરનાથના નિવાર્ણથી એક કરોડ હજાર પાંસઠ લાખ ચોરાસી હજાર ત્રણ વર્ષ સાડા આઠ માસ ચોથો આરો બાકી (૧૮) મલ્લિનાથના નિર્વાણથી પાંસઠ લાખ ચોરાસી હજાર ત્રણ વર્ષ સાડા આઠ માસ ચોથો આરો બાકી (૧૯) મુનિસુવ્રતજિનના નિર્વાણથી અગીયાર લાખ ચોરાસી હજાર ત્રણ વર્ષ સાડા આઠ માસ ચોથો આરો બાકી (૨૦) નમિનાથના નિર્વાણથી પાંચ લાખ ચોરાસી હજાર ત્રણ વર્ષ સાડા આઠ માસ ચોથો આરો બાકી (૨૧) નેમિનાથના નિર્વાણથી ચોરાસી હજાર ત્રણ વર્ષ સાડા આઠ માસ ચોથો આરો બાકી (૨૨) પાર્શ્વનાથના નિર્વાણથી બસો ત્રેપન વર્ષ સાડા આઠ માસ ચોથો આરો બાકી (૨૩) શ્રીમહાવીર સ્વામીના નિર્વાણથી ત્રણ વર્ષ સાડા આઠ માસ ચોથો આરો બાકી ॥૩૨૧, ૩૨૨॥ મોક્ષ સંબંધિ વેલા, મોક્ષ સંબંધિઆરો અને તે સમયે બાકી તે આરાનો કાલ કથનરૂપ ૧૫૫ મું ૧૫૬ તથા ૧૫૭ મું સ્થાનક પૂર્ણ થયું.

હવે યુગાન્તકૃત્ ભૂમિકાને જણાવે છે.

**मूलं—साहूणसिद्धिगमणं, असंख१ अड२ चउ४ति३-संखपुरिसं५जा॥**
**संजायमुसह१ नेमी२-पासं३तिम४ सेस५ मुक्खाओ॥३२३॥**

छाया—साधूनांसिद्धिगमन-मसंख्याऽष्टचतुस्त्रिसंख्यपुरुषं यावत्।
संजातमृषभनेमि-पार्श्वान्तिमशेषमोक्षेभ्यः ॥३२३॥

ભાવાર્થ—શ્રીઋષભદેવના મોક્ષગમનથી તેમના શાસનમાં યુગાંતકૃત્ ભૂમીરૂપ મોક્ષગમન અસંખ્યાત પુરૂષની પરંપરા સુધી ચાલ્યું. શ્રીનેમિનાથને આઠ પુરૂષ પરંપરા સુધી, શ્રીપાર્શ્વનાથને ચાર અને છેલ્લા શ્રીમહાવીર પ્રભુને ત્રણ પુરૂષ પરંપરા સુધી યુગાંતકૃત્ ભૂમી ચાલી. શેષ-અજિતનાથાદિ તીર્થંકરોના શાસનમાં સંખ્યાતા પુરૂષ પરંપરા સુધી સાધુઓના સિદ્ધિ ગમનરૂપ યુગાન્તકૃત્ ભૂમી ચાલી ॥૩૨૩॥ યુગાન્તકૃત્ ભૂમી કથન રૂપ ૧૫૮મું સ્થાનક પૂર્ણ થયું:

હવે તેમની પર્યાય અન્ત કૃત્ ભૂમિકાને જણાવે છે—

मूलं—तेसिं चिय नाणाओ, मुणीणगयकम्मयाण सिद्धिगमो ॥
अंतमुहुत्ते दु ति चउ-वरिसेसुं इगदिणाईसु ॥३२४॥

छाया—तेषां हि ज्ञानान्मुनीनां, गतकर्मकाणां सिद्धिगमः ॥
अंतर्मुहूर्त्ते द्वित्रि चतु-र्वर्षेष्वेकदिनादिषु ॥३२४॥

ભાવાર્થ—પર્યાયઅંતકૃત્ ભૂમિકા-તીર્થંકરના કેવલ જ્ઞાન થયા પછી જ્યારથી મોક્ષ ગમનની શરૂઆત થાય તેનો જે અંતર કાલ તેને પર્યાયઅંતકૃત્ ભૂમિકા કહે છે. શ્રીઋષભદેવને કેવલ જ્ઞાન થયા પછી અંતર્મુહૂર્ત પછી પર્યાયઅંતકૃત્ ભૂમી શરૂ થઇ-પ્રથમ શ્રીઋષભદેવની માતા મરૂદેવી મોક્ષ પદ પામ્યાં. શ્રી નેમિનાથને કેવલ જ્ઞાન થયા પછી બે વર્ષ પછી, શ્રીપાર્શ્વનાથને કેવલજ્ઞાન થયા પછી ત્રણ વર્ષે તથા શ્રીમહાવીર દેવને

કેવલ જ્ઞાન થયા પછી ચાર વર્ષે મોક્ષ માર્ગની શરૂઆત થઈ અને બાકીના વિશ તીર્થંકરોને કેવલ જ્ઞાન થયા પછી એક બે આદિ દિવસના અંતરે મોક્ષ ગમન રૂપ પર્યાય અન્તકૃત્ ભૂમીની શરૂઆત થઈ ॥૩૨૪॥ પર્યાય અંતકૃત્ ભૂમિકા કથન રૂપ ૧૫૯ મું સ્થાનક પૂર્ણ થયું:-

હવે મોક્ષ પંથને જણાવે છે-

मूलं—सुमुणि सुसावगरूवो, मुक्खपहोरयणतिगसरूवो वा ॥
सव्वजिणेहिं भणिओ, पंचविहो मुक्खविणओ वि ॥३२५॥

छाया—सुमुनिसुश्रावकरूपो-मोक्षपथो रत्नत्रिकरूपोवा ॥
सर्वजिनेन्द्रैर्भणितः, पञ्चविधोमोक्षविनयोऽपि ॥ ३२५ ॥

ભાવાર્થ—મોક્ષમાર્ગ ( મોક્ષ પ્રાપ્ત કરવાનો વિધિ ) સુસાધુસ્વરૂપ-ઉત્તમ નિર્દોષ ચારિત્રવંત મુનિરૂપ મોક્ષમાર્ગ છે અને સુશ્રાવક (શ્રાવકના બાર વ્રત સમ્યક્ત્વની સાથે ગ્રહણ કરીને દેવ, ગુરૂ અને ધર્મની ભક્તિ કરવી ) તે રૂપ મોક્ષ માર્ગ છે, અથવા જ્ઞાન દર્શન અને ચારિત્રરૂપ રત્ન ત્રયની આરાધના તે મોક્ષમાર્ગ છે અને પાંચ પ્રકારનો વિનય તે પણ મોક્ષમાર્ગ છે એ પ્રમાણે સર્વ જીનેશ્વરોએ કહેલું છે ॥ ૩૨૫ ॥ મોક્ષમાર્ગ કથન રૂપ ૧૬૦મું સ્થાનક પૂર્ણ થયું:-

હવે મોક્ષ સંબંધી વિનયને જણાવે છે—

मूलं—दंसणनाणचरित्ते, तवेय तह ओवयारिए चेव ॥
एसो हु मुक्खविणओ, दुहा व गिहिमुणिकिरियरूवो ३२६॥

छाया—दर्शनज्ञानचारित्रं, तपश्चतथोपकारिता चैव ॥
एष हि मोक्षविनयो-द्विधा वा गृहिमुनिक्रियारूपः॥३२६॥

ભાવાર્થ—જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને ઉપકાર પણું એમ પાંચ પ્રકારનો મોક્ષ પ્રાપ્તિ માટે વિનય આચરવો એમ તીર્થંકરોએ કહેલું છે. અથવા ગૃહસ્થ અવસ્થામાં શ્રાવક વ્રત ક્રિયારૂપ અને મુનિ વ્રતમાં કરણ સિત્તેરિ તેમ ચરણસિત્તેરિના આચરણ રૂપ મોક્ષવિનય કહ્યો છે ।। ૩૨૬ ।। મોક્ષ વિનય કથન રૂપ ૧૬૧મું સ્થાનક પૂર્ણ થયું—

હવે પૂર્વ પ્રવૃત્તિનો કાલ જણાવે છે—

**मूलं—पुव्वपवित्ति जिणाणं, असंखकालो इहासि जा कुंथू ।।**

**पासं जा संखिज्जो, वरिससहस्सं तु वीरस्स ।।३२७।।**

**छाया–पूर्वप्रवृत्तिर्जिनाना-मसंख्यकालोऽत्रासीदाकुंन्थु ।।**

**पार्श्वयावत्संख्येयो–वर्षसहस्रं तु वीरस्य ।।३२७।।**

ભાવાર્થ—શ્રીઋષભદેવથી શ્રીકુંથુનાથસુધીના સર્વ તીર્થંકરોના શાસનમાં ચઉદ પૂર્વની પ્રવૃત્તિ અસંખ્યાત કાલસુધી ચાલી એટલે તે પૂર્વો સાધુઓને કંઠે (મુખપાઠ) રહ્યાં હતાં. શ્રી અરનાથથી શ્રીપાર્શ્વનાથ સુધી તીર્થંકરોના તીર્થમાં સંખ્યાતા કાલ સુધી ચઉદ પૂર્વની વાચના પૃચ્છના અને અનુજ્ઞાની પ્રવૃતિ ચાલી, શ્રીમહાવીરના તીર્થમાં એક હજાર વર્ષ સુધી પૂર્વની વાંચના, પૃચ્છના પરાવર્તના અને અનુજ્ઞાની પ્રવૃત્તિ ચાલી હતી. ।।૩૨૭।। પૂર્વ પ્રવૃત્તિ કાલ કથન રૂપ ૧૬૨ મું સ્થાનક પૂર્ણ થયું:-

હવે પૂર્વોના વિચ્છેદનો કાલ અને શેષસૂત્રની પ્રવૃત્તિનો કાલ જણાવે છે—

मूलं—एमेव छेअकालो, नवरं वीरस्स वीससमसहसा ॥
पासस्स नत्थि सोवा, सेससुअपित्ति जा तित्थं ॥ ३२८ ॥

छाया—एवमेव च्छेद्‌कालो—नवरं वीरस्य विंशतिः समाःसहस्राणि।
पार्श्वस्य नास्ति सोवा, शेषश्रुतप्रवृत्तिर्यावत्तीर्थं ॥३२८॥

ભાવાર્થ—એજ પ્રમાણે પૂર્વનો વિચ્છેદ કાલ શ્રીઋષભદેવના તીર્થમાં અસંખ્યાત કાલ જાણવો. તેજ પ્રમાણે શ્રીકુંથુનાથ જિનસુધી અસંખ્યાતોકાલ પૂર્વના વિચ્છેદનો જાણવો. શ્રીઅરનાથથી શ્રીપાર્શ્વનાથ સુધીના તીર્થંકરના તીર્થમાં સંખ્યાતોકાલ પૂર્વ વિચ્છેદનો જાણવો. શ્રીમહાવીર સ્વામીના તીર્થમાં પૂર્વનો વિચ્છેદ વીશ હજાર વર્ષનો જાણવો. શ્રીપાર્શ્વનાથના તીર્થમાં પૂર્વોનો વિચ્છેદ નથી. અત્રે કેટલોક આચાર્યના મત પ્રમાણે પૂર્વનો વિચ્છેદ છે તે માટે વિકલ્પ જાણવો. પૂર્વનો વિચ્છેદ કાલ જે ગણાય છે તે માત્ર સૂત્ર પ્રવૃત્તિનોકાલ જાણવો ॥ ૩૨૮ ॥ પૂર્વના વિચ્છેદ કાલ કથનરૂપ ૧૬૩ મું સ્થાનક અને શેષસૂત્ર પ્રવૃત્તિ કાલ કથન રૂપ ૧૬૪ મું સ્થાનક પૂર્ણ થયું:—

હવે જિનવરના પરસ્પર અંતર કાલનું પ્રમાણ જણાવે છે—

मूलं—जम्माजम्मोजम्मा, सिवंसिवा जम्म मुक्खओ मुक्खो ॥
इअ चउ जिणंतराइं, इत्थ चउत्थं तु नायव्वं ॥ ३२९ ॥
इह पन्न १ तीस २ दस ३ नव ४, कोडिलक्खा

कोडि सहस नवइ ५ नव ६ ॥ अयरनवकोडिसय ७
नवइकोडि ८ नवकोडि ९ इग कोडी ॥ ३३० ॥ अय
रसयवरिसछावट्ठि, लक्खछव्वीस सहस ऊण परं १० ॥
चउपन्न ११ तीस १२ नव १३ चउ १४, तिअअयराप-
उणपलिऊणा १५ ॥३३१ ॥ पलि अद्धं १६ कोडि सहस्स
वरिस ऊणोय पलिअ चउभागो १७ ॥ वरिसाण कोडि
सहसो १८, लक्खा चउपन्न १९ छ २० प्पंच २१ ॥
३३२ ॥ पउण चुलसीइ सहसा २२, अड्ढाइ सयत्ति २३
अंतर तिवीसे ॥ २४ ॥ अयरेगकोडि कोडि, बायाल
सहस्सवरिसूणा ॥ ३३३ ॥

छाया-जन्मतो जन्म जन्मतः शिवं, शिवाज्जन्म मोक्षतो मोक्षः ।
इति चत्वारि जिनान्तराण्यत्र चतुर्थं तु ज्ञातव्यं ॥३२९॥
अत्रपञ्चाशत् १ त्रिंशद् २ दश ३ नव ४; कोटिलक्ष
कोटिसहस्रनवतिनव ॥ सागरनवकोटिशतं, नवति
कोटिर्नव काटिरेककोटी ॥ ३३० ॥ सागरशत वर्ष
षट् षष्टिलक्ष षड्विंशतिसहस्रोनापरं ॥ चतुः पञ्चा-
शत् ११ त्रिंशद् १२ नव १३ चतुस्त्रयसागराः पादोन-
पल्योनाः १५ ॥ ३३१ ॥ पल्यार्द्धं १६ कोटि सहस्र
वर्षोनो यः पल्यश्चतुर्थभागः । १७ वर्षाणां कोटिसह-
स्राणि १८ लक्ष चतुः पञ्चाशत् १९ षट् २० पञ्च २१
॥ ३३२ ॥ पादोनचतुरशीतिसहस्राणि, सार्द्धद्विशत

मित्यन्तरं त्रयोविंशतेः ॥ सागरैककोटाकोटी, द्विचत्वा-
रिंशत्सहस्रवर्षोना॥ ३३३ ॥

ભાવાર્થ—એક તીર્થંકરના જન્મથી બીજા તીર્થંકરના જન્મ સુધીનું, અંતર તથા એક તીર્થંકરના જન્મથી એક તીર્થંકરના મોક્ષકાળ સુધીનું, અંતર, તેમજ એક તીર્થંકરના મોક્ષથી બીજા તીર્થંકરના જન્મ સુધીનું, અંતર તથા એક તીર્થંકરના મોક્ષથી બીજા તીર્થંકરના મોક્ષ સુધીનો, અંતરકાલ એવી રીતે જિનવરોનો અંતરકાલ ચાર પ્રકારનો ગણાય છે. તેમાંથી અહીંઆં એક તીર્થંકરના મોક્ષથી બીજા તીર્થંકરના મોક્ષ સુધીનોચોથો અંતરકાલ કહેવાનો છે. ॥૩૨૯॥

શ્રીઋષભદેવના નિર્વાણથી પચાસ લાખ કરોડ સાગરોપમ ગયા પછી શ્રીઅજિતનાથનું નિર્વાણ થયું, શ્રીઅજિતનાથના નિર્વાણથી ત્રીશ લાખ કરોડ સાગરોપમ પછી સંભવનાથનું નિર્વાણ ૨. શ્રીસંભવનાથના નિર્વાણથી દશલાખ સાગરોપમ ગયા પછી અભિનંદન જિનનું નિર્વાણ ૩ શ્રીઅભિનંદનના નિર્વાણથી નવલાખ કરોડ સાગરોપમ પછી સુમતિનાથનું નિર્વાણ. ૪ શ્રીસુમતિનાથના નિર્વાણથી નેવુ હજાર કરોડ સાગરોપમ ગયા પછી પદ્મ પ્રભનું નિર્વાણ ૫ શ્રીપદ્મપ્રભના નિર્વાણથી નવ હજાર કરોડ સાગરોપમ ગયા પછી સુપાર્શ્વનાથનું નિર્વાણ ૬ શ્રીસુપાર્શ્વનાથના નિર્વાણથી નવસો કરોડ સાગરોપમ પછી ચંદ્રપ્રભનિર્વાણપદ પામ્યા ૭ શ્રી ચંદ્રપ્રભના નિર્વાણથી નેઉ કરોડ સાગરોપમ પછી સુવિધિનાથ નિર્વાણપદ પામ્યા ૮ શ્રીસુવિધિનાથના

નિર્વાણથી નવ કરોડ સાગરોપમ પછી શીતલનાથ નિર્વાણ પામ્યા ૯ શ્રીશીતલનાથના નિર્વાણથી એક કરોડ ઉપર એકસો સાગરોપમમાંથી છાસઠ લાખ છવિસ હજાર વર્ષો ઓછાં એટલો કાલ ગયા પછી શ્રેયાંસનાથનું નિર્વાણ થયું ૧૦ શ્રીશ્રેયાંસનાથના નિર્વાણથી ચોપન સાગરોપમ પછી વાસુપૂજ્યનું નિર્વાણ થયું ૧૧ શ્રીવાસુપૂજ્યના નિર્વાણથી ત્રીશ સાગરોપમ પછી વિમલનાથનું નિર્વાણ થયું ૧૨ શ્રીવિમલનાથના નિર્વાણથી નવ સાગરોપમ ગયા પછી અનંતનાથનું નિર્વાણ ૧૩ અનંતનાથના નિર્વાણથી ચાર સાગરોપમ પછી ધર્મનાથનું નિર્વાણ ૧૪ શ્રીધર્મનાથના નિર્વાણથી ત્રણ સાગરોપમમાંથી પોણો પલ્યોપમ બાકી રહ્યો ત્યારે શાન્તિનાથનું નિર્વાણ થયું ૧૫ શ્રીશાન્તિનાથના નિર્વાણથી અર્ધાપલ્યોપમ પછી કુંથુનાથનું નિર્વાણ થયું ૧૬ શ્રીકુંથુનાથના નિર્વાણથી એક કરોડ વર્ષ બાકી એવા પા પલ્યોપમ ગયા પછી અરનાથનું નિર્વાણ થયું ૧૭ શ્રીઅરનાથના નિર્વાણથી એક કરોડ હજાર વર્ષ ગયા પછી મલ્લિનાથનું નિર્વાણ થયું ૧૮ શ્રી મલ્લિનાથના નિર્વાણથી ચોપન લાખ વર્ષ ગયા પછી મુનિસુવ્રતજીનનું નિર્વાણ થયું ૧૯ શ્રીમુનિ સુવ્રતજીનના નિર્વાણથી છલાખ વર્ષ ગયા પછી નમિનાથનું નિર્વાણ થયું ૨૦ શ્રીનમિનાથના નિર્વાણથી પાંચલાખ વર્ષ પછી નેમિનાથનું નિર્વાણ થયું ૨૧ શ્રીનેમિનાથના નિર્વાણથી પોણીચોરાસી હજાર વર્ષ ગયા પછી પાર્શ્વનાથનું નિર્વાણ થયું ૨૨ શ્રીપાર્શ્વનાથના નિર્વાણથી અઢિસો વર્ષ ગયા પછી શ્રી મહાવીરદેવનું નિર્વાણ થયું. એમ ચોવીસ તીર્થંકર વચ્ચે ત્રેવીશ અંતર થયાં. એમ સર્વ જિનવરના પરસ્પર નિર્વાણના

અંતરકાલની ગણુતરી કરતાં બેતાલીશ હજાર વર્ષ ઓછાં છે જેમાં એવો એક કોડા કોડી સાગરોપમનો કાલ જાણવો ॥૩૩૦॥૩૩૧॥૩૩૨॥૩૩૩॥ એમ ચાર ગાથાથી જિનવરના નિર્વાણના અંતરકાલ કથનરૂપ ૧૬૫ મું સ્થાનક પૂર્ણ થયું॥

હવે તીર્થંકરોના સમયમાં ભાવી કાલમાં થનારા જિનના જીવોનું વર્ણન જણાવે છે—

मूलं–उसहे मरीइपमुहा,. सिरिवम्म निवाइया सुपासजिणे ॥
हरिसेणं विस्सभूई, सीयल तित्थंमि जिणजीवा ॥३३४॥
सेअंसे सिरिकेऊ, तिविट्ठुमरुभूइ अमियतेअधणा ॥ वसु-
पुज्जे नंदण नंद संख सिद्धत्थ सिरिवम्मा ॥३३५॥
सुवए रावणनारयनामा नेमिंमि क्रण्हपमुहा य । पासे
अंबड सच्चइ, आणंदा वीरिसेणयाईया ॥ ३३६ ॥

छाया–ऋषभे मरीचिप्रमुखाः, श्रीवर्मनृपादयः सुपार्श्वजिने ॥
हरिषेणविश्वभूती, शीतलतीर्थे जिनजीवौ ॥ ३३४ ॥
श्रेयांसेश्रीकेतु–स्त्रिपृष्ठमरुभूत्यमिततेजोधनाः ॥ वासुपूज्ये
नन्दन नन्द–शङ्खसिद्धार्थश्रीवर्माणः ॥ ३३५ ॥ सुव्रते
रावणनारद–नामानौ नेमौ कृष्णप्रमुखाश्च ॥ पार्श्वे
ऽम्बडसत्यक्या–नन्दा वीरे श्रेणिकादयः ॥ ३३६ ॥

ભાવાર્થ—શ્રીઋષભદેવના તીર્થમાં મરીચિ નામે પ્રભુનો પૌત્ર ભાવિજિન શ્રીમહાવીરનો જીવ પ્રસિદ્ધ થયો, સુપાર્શ્વનાથના તીર્થમાં શ્રીવર્મારાજા ભાવીજીનનો જીવ પ્રગટ

થયો. શીતલજીનવરના તીર્થમાં હરિષેણ અને વિશ્વભૂતિ નામે ભાવિ જિનના જીવો થયા. શ્રેયાંસનાથનાતીર્થમાં શ્રીકેતુ, ત્રિપૃષ્ઠ, મરૂભૂતિ, અમિતતેજ અને ધન નામે ભાવી જિનના જીવો હતા. શ્રીવાસુપૂજ્યના તીર્થમાં નંદન, નંદ, શંખ, સિદ્ધાર્થ અને શ્રીવર્મા ભાવિ જિનવરના જીવો હતા. શ્રીમુનિસુવ્રતસ્વામીના તીર્થમાં રાવણ તથા નારદઋષિ ભાવિજિનના જીવો હતા. તથા નેમિજિનના તીર્થમાં શ્રીકૃષ્ણ પ્રમુખ ભાવિ જિનવરનાજીવ પ્રગટ થયા. શ્રી પાર્શ્વનાથના તીર્થમાં અંબડ, સત્યકિ, અને આનંદ, ભાવિ જિનવરના જીવો પ્રગટ થયા. તેમજ શ્રીમહાવીરદેવના તીર્થમાં શ્રેણિકઆદિ ભાવિ જિનવરનાજીવ પ્રગટ થયા ॥૩૩૪॥૩૩૫॥૩૩૬॥

હવે શ્રીમહાવીર પ્રભુના શાસનકાલમાં નવ જણાએ તીર્થંકર નામ બાંધ્યું તેઓનાં નામ જણાવે છે—

**मूलं-सेणिय १ सुप्रास २ पोट्टिल ३-उदाइ ४ संखे ५ दढाउ ६ सयगे य ७॥ रेवइ ८ सुलसा ९ वीरस्स २४ बद्धतित्थ त्तणा नवओ ॥ ३३७ ॥**

**छाया-श्रेणिकसुपार्श्वपोट्टिलो-दायिशङ्खा दृढायुःशतकौ च ॥ रेवती सुलसा वीरस्य बद्धतीर्थकृत्त्वा नव ॥३३७॥**

ભાવાર્થ—શ્રેણિક, સુપાર્શ્વ, પોટ્ટિલ, ઉદાયિ (ઉદાયન) નામે રાજા, શંખ, દઢાયુ, શતક, રેવતી અને સુલસા એ નવ જીવોએ શ્રીમહાવીર પ્રભુના શાસનકાલમાં તીર્થંકરપદ બાંધ્યું છે ॥ ૩૩૭ ॥

જિનવરોના તીર્થમાં પ્રસિદ્ધ જીનવરના જીવોનાં નામ કથનરૂપ ૧૬૬ મું સ્થાનક પૂર્ણ થયું—

હવે રૂદ્રોનાં નામ જણાવે છે—

मूलं–भीमावलि १ जियसत्तू २, रुद्दो ९ विस्सानलो १० य सुपइट्ठो ११ ॥ अयलो १२ अ पुंडरिओ १३ अजिअधरो १४ अजिअनाभो य १५ ॥ ३३८ ॥ पेढालो १६ तह सच्चइ २४ एए रुद्दा इगारसंगधरा ॥ उसहाजिअ सुविहाइ, अडजिण सिरिवीरतित्थभवा ॥ ३३९ ॥

छाया–भीमावलिजितशत्रू, रुद्रो विश्वानलश्च सुप्रतिष्ठः ॥
अचलश्च पुण्डरीकोऽ–जितधरोऽजितनाभश्च ॥३३८॥
पेढालस्तथा सत्यकि–रेते रुद्रा एकादशाऽङ्गधराः ॥
ऋषभाऽजितसुविध्या–द्यष्टजिनश्रीवीरतीर्थभवाः ॥३३९॥

ભાવાર્થ—શ્રીઋષભદેવના તીર્થમાં ભીમાવલિ નામે રૂદ્ર થયા ૧ શ્રીઅજિતનાથના તીર્થમાં જિતશત્રુ નામે ૨. શ્રી સુવિધિનાથના તીર્થમાં રૂદ્ર. ૩ શ્રીશીતલનાથના તીર્થમાં વિશ્વાનલ ૪ શ્રી શ્રેયાંસનાથના તીર્થમાં સુપ્રતિષ્ઠ ૫ શ્રીવાસુપૂજ્યના તીર્થમાં અચલ ૬ શ્રીવિમલનાથના તીર્થમાં પુંડરીક ૭ શ્રીઅનંતનાથના તીર્થમાં અજિતધર ૮ શ્રીધર્મનાથના તીર્થમાં અજિતનાભ ૯ શ્રીશાન્તિનાથના તીર્થમાં પેઢાલ શ્રીમહાવીર સ્વામી ના તીર્થમાં સત્યકિ નામે રૂદ્ર થયા.

આ રૂદ્રો ઘણી કઠિણ તપશ્ચર્યા કરનાર હતા અને અગીયાર અંગના ધારણ કરનારા હતા. આ મહામુનિઓ કઠિણ તપશ્ચર્યા કરતા હોવાથી રૂદ્ર નામથી ઓળખાય છે ॥૩૩૮॥ ॥૩૩૯॥ જિનતીર્થોમાં પ્રસિદ્ધ રૂદ્ર નામ કથનરૂપ ૧૬૭ મું સ્થાનક પૂર્ણ થયું.

હવે જે જિનના તીર્થમાં જે દર્શનો ઉત્પન્ન થયાં તે જણાવે છે—

मूलं–जइणं सइवं संखं, वेअंतियनाहिआण बुद्धाणं । वइसेसियाण वि मयं, इमाइं सग दरिसणाइं कमा ॥ ३४० ॥
तिन्नि उसहस्स तित्थे, जायाइं सीअलस्स ते दुन्नि ॥
दरिसणमेगं पास–स्स सत्तमं वीरतित्थंमि ॥३४१॥

छाया–जैनं शैवं साङ्ख्यं, वेदान्तिकनास्तिकानां बौद्धानाम् ॥
वैशेषिकाणामपिमत–मिमानि सप्त दर्शनानि क्रमात् ३४०
त्रीणि ऋषभस्य तीर्थे, जातानि शीतलस्य ते चोभे ॥
दर्शनमेकं पार्श्व–स्य, सप्तमं वीरतीर्थे च ॥३४१॥

ભાવાર્થ—જૈનદર્શન, શૈવદર્શન, અને સાંખ્યદર્શન, તેમજ વેદાંતિક, નાસ્તિક, બૌદ્ધ, અને વૈશેષિક દર્શન એમ સાત દર્શન મુખ્ય જાણવાં. તેમાંથી જૈન, શૈવ, અને સાંખ્ય એ ત્રણ દર્શનો શ્રી ઋષભદેવના તીર્થમાં ઉત્પન્ન થયાં, વેદાંતિક અને નાસ્તિક એ બે દર્શન શ્રીશીતલનાથના તીર્થમાં ઉત્પન્ન થયાં, બૌદ્ધ દર્શન શ્રીપાર્શ્વનાથના તીર્થમાં

ઉત્પન્ન થયું. સાતમું વૈશેષિક દર્શન શ્રીમહાવીર દેવના તીર્થમાં ઉત્પન્ન થયું ॥૩૪૦॥૩૪૧ દર્શનની ઉત્પત્તિ કથનરૂપ ૧૬૮ મું સ્થાનક પૂર્ણ થયું—

હવે કયા જિનના તીર્થમાં કયાં અને કેટલાં આશ્ચર્ય ઉત્પન્ન થયાં તે જણાવે છે--

मूलं—अट्ठुत्तरसय सिद्धि, पूया अस्संजयाण हरिवंसो ॥ थीरूवो-
तित्थयरो, कण्हावरकंकगमणं च ॥ ३४२ ॥ गब्भवहारु-
वसग्गा, चमरुप्पाओ अभाविआ परिसा ॥ ससिसूरविमा-
णागम, अणंतकालिअ दसच्छेरा ॥ ३४३ ॥

छाया—अष्टोत्तरशतसिद्धिः, पूजाऽसंयतीनां हरिवंशः ॥ स्त्री-
रूपस्तीर्थंकरः, कृष्णाऽपरकङ्कागमनं च ॥ ३४२ ॥ गर्भा-
पहारोपसर्गा-श्चमरोत्पातो ऽभाविता परिषद् ॥ शशि-
सूर्यविमानागमन-मनंतकाले दशाऽऽश्चर्याणि ॥३४३॥

ભાવાર્થ—શ્રી ઋષભદેવ પ્રભુ તથા તેમના પુત્રો નવાણુ તથા આઠ પૌત્રો મળી એકસો ને આઠ પાંચસોધનુષ્યની ઉત્કૃષ્ટિ અવગાહના વાળાએકજ સમયમાં સિદ્ધિ પદ પામ્યા, તે એક આશ્ચર્ય ૧ અસંયમિઓની પૂજા સાતમા તીર્થંકરના તીર્થવ્યુચ્છેદ કાલમાં થઇ તે બીજું આશ્ચર્ય. ૨ હરિવંશની ઉત્પત્તિ થઇ તે ત્રીજું આશ્ચર્ય ૩ મલ્લિનાથ તીર્થંકર સ્ત્રીપણે જન્મીને તીર્થંકર પદ પ્રાપ્ત કર્યું તે ચોથું આશ્ચર્ય ૪ શ્રીકૃષ્ણવાસુદેવ દ્રૌપદીને લાવવા માટે અપર-

કંકામાં ગયા તે પાંચમુ આશ્ચર્ય ૫. ભગવાન્ મહાવીરના ગર્ભનું હરણ થયું તે છઠ્ઠું આશ્ચર્ય ૬ કેવલિ અવસ્થામાં તીર્થંકર ને ઉપસર્ગ થવા રૂપ સાતમું આશ્ચર્ય ૭ ચમરેન્દ્ર સુધર્મેન્દ્રના ભવનમાં યુદ્ધ કરવા માટે ગયો તે આઠમું આશ્ચર્ય ૮ તીર્થંકરના ઉપદેશથી પણ સમવસરણમાં બેઠેલા ભવ્ય આત્માઓને વ્રત પચ્ચખાણના નિયમ લેવાની ઇચ્છા ન થઇ તે નવમું આશ્ચર્ય ૯ ચંદ્ર સૂર્યનું પ્રભુ વંદન માટે મૂલ વિમાને ભરત ક્ષેત્રમાં આવવું તે દશમું આશ્ચર્ય ૧૦ આદશ આશ્ચર્યો અનંતે કાલે (અનંતી ઉત્સર્પિણીઅને અવસર્પિણી ગયેછતે) ઉત્પન્ન થાય છે ॥ ૩૪૨ ॥ ૩૪૩ ॥

હવે કયા જીનના વખતમાં કયાં આશ્ચર્યો થયાં? તે જણાવે છે.

**मूलं—सिरिरिसह सुविहिसीयल, मल्लीनेमीण कालि तित्थे वा ॥**
**अभविंसु पणच्छेरा, कमेणवीरस्स पंचऽन्ने ॥ ३४४ ॥**

**छाया—श्री ऋषभ सुविधिशीतल-मल्लिनेमीनां काले तीर्थेवा ॥**
**अभूवनपञ्चाश्चर्याणि, क्रमेणं वीरस्य पञ्चान्यानि ॥३४४॥**

ભાવાર્થ—શ્રી ઋષભદેવ, સુવિધિનાથ, શીતલનાથ, મલ્લિનાથ, તથા નેમિનાથના કાલમાં અથવા તીર્થમાં ક્રમથી પાંચ આશ્ચર્યો થયાં અને બીજા ગર્ભઅપહાર આદિ પાંચ આશ્ચર્યો મહાવીર દેવના કાલમાં થયાં. ઋષભદેવના તીર્થમાં એક સમયે એકસોને આઠનું સિદ્ધિગમન ૧ સુવિધિનાથના તીર્થમાં અસંયતિમનુષ્યોની પૂજા ૨ શીતલનાથના તીર્થમાં હરિવંશની ઉત્પત્તિ ૩ મલ્લિજીને સ્રીપણે તીર્થ પ્રવર્તાવ્યું ૪

નેમિજીનના તીર્થમાં શ્રીકૃષ્ણ વાસુદેવને દ્રૌપદીને લેવા માટે ધાતકી ખંડની અપરકંકા નગરીમાં ગમન કરવું પડયું ૫ એમ પાંચ આશ્ચર્યો અને શ્રીમહાવીરના તીર્થમાં અથવાકાલમાં બીજાં પાંચ આશ્ચર્યો થયાં તે આ પ્રમાણે મહાવીર સ્વામીના ગર્ભનું હરણ, ચમરેન્દ્રનો ઉત્પાત, પર્ષદા અભાવિતા, ( બોધ ન પામી ) ચંદ્ર સૂર્યનું મૂલ વિમાને આવવું, અને તીર્થંકર શ્રીવીરપ્રભુને કેવલ જ્ઞાન સમયમાં ઉપસર્ગ થવા રૂપ, આ પાંચ આશ્ચર્ય થયાં તે, આ દશ આશ્ચર્યો અનંતી ઉત્સર્પિણી અનંતી અવસર્પિણી રૂપ કાલના આંતરે થાય છે. ॥૩૪૪॥

હવે એક સમયમાં એકસો આઠ સિદ્ધ થયા તે આશ્ચર્ય બતાવવા માટે એક સમયમાં કેવી અવગાહના વાળા અને કેટલા સિદ્ધ થાય તે જણાવે છે.

मूलं—गुरुलहुमज्झिमतणुणो, पुरिसा दो चउसयं च अट्ठहियं ॥
सिज्झंति एगसमए, सुआउनेओ विसेसत्थो ॥ ३४५ ॥

छाया—गुरुलघुमध्यमतनुकाःपुरुषौद्वौ चतुःशतं चाऽष्टाधिकम् ॥
सिध्यन्त्येकसमये, श्रुताज्ज्ञेयो विशेषार्थः ॥ ३४५ ॥

ભાવાર્થ—મ્હોટા નાના અને મધ્યમ શરીરની અવગાહના વાળા ક્રમથી બે, ચાર, અને એકસો આઠ સિદ્ધિ પદને એક સમયમાં પામે છે. તેમાં મ્હોટા શરીરવાળા એટલે પાંચસો ધનુષના દેહ પ્રમાણ વાળા એક સમયમાં બે સિદ્ધિ પદ પ્રાપ્ત કરે અને નાના શરીરવાળા એટલે બે હાથ શરીર પ્રમાણવાળા. કુર્માપુત્રાદિ એક સમયમાં ચાર મોક્ષે જાય, અને મધ્યમ શરીરની અવગાહનાને ધારણ કરનારા એટલે

પાંચસો ધનુષથી ઓછી અને બે હાથથી અધિક એવા મધ્યમ શરીર વાળા એક સમયે એકસોને આઠ સિદ્ધિ પદને પામે છે. આનો વિશેષ ભાવાર્થ નંદીસૂત્રાદિકથી જાણી લેવો ॥ ૩૪૫ ॥

હવે સૂત્રકાર સર્વ આશ્ચર્યોને જણાવે છે તેમાં પ્રથમ એકસો આઠ સિદ્ધ થયા તે જણાવે છે—

**मूलं—एकसमयेण जुगवं, उक्कोसोगाहणाइ जं सिद्धा ॥**
**उसहो नवनवइसुआ, भरहट्ठसुआ अ तं पढमं ॥ ३४६॥**

**छाया—एकसमयेन युगप–दुत्कृष्टावगाहनया यत् सिद्धाः ॥**
**ऋषभोनवनवतिसुता–भरताष्टसुताश्चतत्प्रथमम् ॥ ३४६ ॥**

ભાવાર્થ—એક સમયમાં સાથેજ ઉત્કૃષ્ટ શરીરની અવગાહનાવાળા સિદ્ધ થયા તે શ્રી ઋષભદેવપ્રભુ તથા તેમના બાહુબલિઆદિ નવાણું પુત્રો અને ભરતના આઠ પુત્ર એમ શ્રી ઋષભદેવના તીર્થમાં પાંચસો ધનુષની ઉત્કૃષ્ટ કાય વાળા એકસોને આઠ (૧૦૮) સિદ્ધ થયા, તે પ્રથમ આશ્ચર્ય જાણવું. ॥ ૩૪૬ ॥

**मूलं—सीअलतित्थे हरिवा–सजुयलिओ पुव्ववेरिअमरेणं॥**
**रज्जेठविओतत्तो, हरिवंसोसेसपयडत्था ॥ ३४७॥**

**छाया—शीतलतीर्थे हरिवर्षयुगलिकः पूर्ववैर्यमरेण ॥**
**राज्येस्थापितस्ततो–हरिवंशः शेषं प्रगटार्थम् ॥ ३४७ ॥**

ભાવાર્થ—શ્રી શીતલનાથના તીર્થકાલમાં પૂર્વ ભવ સંબંધિ વૈરિદેવે હરિવર્ષ ક્ષેત્રના યુગલિયાને ત્યાંથી

લાવીને આ ભરત ક્ષેત્રમાં રાજ્યાસને બેસાડયા ત્યાંથી હરિ વંશની ઉત્પત્તિ થઇ બાકીનાં આશ્ચર્યો પ્રગટ અર્થ વાળાં છે ।। ૩૪૭ ।। દશ આશ્ચર્યની ઉત્પત્તિ કથન ૩૫ ૧૬૯ મું સ્થાનક પૂર્ણ થયું—

હવે જે જીનતીર્થમાં જે ઉત્તમ પુરૂષો થયા તે જણાવેછે તેમાં પ્રથમ બાર ચક્રિનાં નામ જણાવે છે—

मूलं—चक्की भरहो सगरो. मघवं सणंकुमरसंतिकुंथुअरा ॥
सुभुमममहपउम हरिसेणं जयनिवोबंभदत्तोअ ॥ ३४८ ॥

छाया—चक्री भरतः सगरो–मघवासनत्कुमारशान्ती कुन्थुररः ॥
सुभूमो महापद्मो हरिषेणो जयनृपो ब्रह्मदत्तश्च ॥३४८ ॥

ભાવાર્થ—ભરત ૧ સગર ૨ મઘવા ૩ સનત્ કુમાર ૪ શાન્તિનાથ ૫ કુંથુનાથ ૬ અરનાથ ૭ સુભૂમ ૮ મહાપદ્મ ૯ હરિષેણ ૧૦ જયનૃપ ૧૧ બ્રહ્મદત્ત ૧૨ એ બાર ચક્રવર્તિ છ ખંડની રાજ્યસત્તા ભોગવનારા રાજા જાણવા ।।૩૪૮।।

હવે નવ વાસુદેવનાં નામો જણાવે છે—

मूलं—विण्हु तिविट्ठु दुविट्ठू, सयंभुपुरिसुत्तमेपुरिससीहे ॥
तहपुरिसपुंडरीए, दत्ते लक्खमण कण्हेअ ॥३४९॥

छाया—विष्णुस्त्रिपृष्ठो द्विपृष्ठः, स्वयम्भूः पुरुषोत्तमः पुरुषसिंहः॥
तथा पुरुषपुण्डरीको–दत्तो लक्ष्मणः कृष्णश्च ॥३४९॥

ભાવાર્થ—ત્રિપૃષ્ઠ ૧ દ્વિપૃષ્ઠ ૨ સ્વયંભૂ ૩ પુરૂષોત્તમ ૪ પુરૂષસિંહ ૫ પુરૂષપુંડરીક ૬ દત્ત ૭ લક્ષ્મણ ૮ શ્રીકૃષ્ણ ૯ એ નવ વાસુદેવો—ત્રણ ખંડની રાજ્યસત્તા ભોગવનારા જાણવા. ।। ૩૪૯ ।।

હવે બલદેવનાં નામ જણાવે છે—

मूलं-हरिजिट्ठभायरोनव, वलदेवा अयल विजयभद्दाअ ॥
सुप्पहसुदंसणाणं-दनंदणा रामबलभद्दा ॥ ३५० ॥

छाया-हरिज्येष्ठभ्रातरो नव, बलदेवा अचलविजयभद्राश्च ॥
सुप्रभसुदर्शनान-न्दनन्दना रामबलभद्रौ ॥३५०॥

ભાવાર્થ—નવ વાસુદેવોના મ્હોટાભાઈઓ બલદેવ પદ પામે છે તેમનાં નામો અચલ ૧ વિજય ૨ ભદ્ર ૩ સુપ્રભ ૪ સુદર્શન ૫ આનંદ ૬ નંદન ૭ રામ ૮ અને બલભદ્ર ૯ એ નવ બલદેવો જાણવા ॥ ૩૫૦ ॥

શલાકા પુરૂષોની સંખ્યા જણાવે છે.

मूलं—चउपन्नुत्तमपुरिसा, इह एए हुंति जीवपन्नासं ॥
नवपडिविण्हूहिं जुआ, तेसट्ठि सिलागपुरिस भवे ॥३५१॥

छाया—चतुःपञ्चाशदुत्तमपुरुषा-अत्रैते भवन्ति जीवपञ्चाशत् ॥
नवप्रतिविष्णुभिर्युक्ता-स्त्रिषष्टिः शलाकापुरुषा भवेयुः॥३५१

ભાવાર્થ—આ ભરત ક્ષેત્રમાં એ પ્રમાણે ચોવીસ જીનવરો, બાર ચક્રવર્તિ, નવ વાસુદેવ, નવ બલદેવ અને નવપ્રતિવાસુદેવ સર્વ મલીને ત્રેસઠ શલાકા પુરૂષો જાણવા. તેમાં પ્રતિવાસુદેવોને બાદ કરતાં ચોપન્ન ઉત્તમ પુરૂષો જાણવા. આ સર્વ ઉત્તમ પુરૂષોના જીવ પચાસ જાણવા. તે આ પ્રમાણે શાંન્તિનાથ, કુંથુનાથ, અને અરનાથ એ ત્રણ જિનેશ્વરો ચક્રવર્તી પણ છે, વીરજીનેશ્વરનો જીવ ત્રિપૃષ્ઠ નામે વાસુદેવ થયા છે તેમજ તેમાં નવ પ્રતિ વાસુદેવ મેળવતાં ત્રેસઠ શલાકા

પુરૂષો થાય છે શલાકા (રેખા) બીજો કોઇ પુરૂષ તે વખતમાં આવો પ્રભાવ શાળી નથી હોતો, તેવા વિશેષ ચમત્કાર વાળા પુરૂષો શલાકા પુરૂષ કહેવાય છે ॥ ૩૩૧ ॥

હવે નવ પ્રતિવાસુદેવોનાં નામ જણાવે છે—

**मूलं—ते आसगीव तारय, मेरय महुकेढवे निसुंभेअ ॥**
**बलिपहराए तह रावणे अ नवमे जरासिंधू ॥३५२॥**

**छाया—तेऽश्वग्रीवस्तारको-मेरकोमधुकैटभौ निशुम्भश्च ॥**
**बलिः प्रल्हादस्तथा, रावणश्च नवमोजरासिन्धुः ॥३५२॥**

ભાવાર્થ—તે પ્રતિવાસુદેવો આ પ્રમાણે છે અશ્વ- ૧ તારક, ૨ મેરક, ૩ મધુકૈટભ ૪ નિશુંભ ૫ બલિ ૬ પ્રલ્હાદ ૭ તથા રાવણ ૮ અને નવમો જરાસંધ ॥૩૫૨॥

હવે કયા તીર્થમાં કયા ચક્રવર્ત્તી, વાસુદેવ અને બલદેવ થયા તે જણાવે છે—

**मूलं—कालंमि जे जस्स जिणस्स जाया, ते तस्स तित्थंमि- जिणंतरे जे ॥ नेआ उ ते तीअ जिणस्स तित्थे, निएहिं नामे हिं कमेण एवं ॥३५३॥**

**छाया—काले हि ये यस्य जिनस्य जातास्तेतस्यतीर्थे च जिनान्तरे ये॥ ज्ञेयास्तु तेऽतीतजिनस्य तीर्थे, निजेन नाम्नाऽनुक्रमेण एवम् ॥३५३॥**

ભાવાર્થ—જે તીર્થંકરના કાલમાં જે ચક્રવર્ત્તી, વાસુદેવ અને પ્રતિવાસુદેવ થયા તે તેમના કાલમાં થયા એમ કહે-

વાય અને જે જીનવરના આંતરામાં થયા તે (અતીત) પ્રથમ થયેલા તીર્થંકરના તીર્થોમાં થયા જાણવા. તેઓનાં નામ અનુક્રમથી નીચે પ્રમાણે જાણવાં ।। ૩૫૩ ।।

मूलं—दो तित्थेस सचक्कि अट्ठअ जिणातो पंच केसीजुआ,
तो चक्काहिव तिन्निचक्कि अ जिणा तोकेसिचक्की हरी ॥
तित्थेसोइगुतोसचक्कि अ जिणो केसी सचक्की जिणो,
चक्की केसवसंजुओ जिणवरो चक्कीअ तो दो जिणा ॥३५४॥

छाया—द्वौ तीर्थेशौसचक्रिणावष्टचजिनास्ततः पञ्च केशियुता-
स्ततश्चक्राधिपौ त्रयश्चक्रिणश्च जिनास्ततः केशीचक्रीहरिः ॥
तीर्थेशएकस्ततः सचक्री चजिनस्ततः केशी सचक्री जिन-
श्चक्रीकेशवसंयुतोजिनवरश्चक्री च ततो द्वौ जिनौ ॥३५४॥

ભાવાર્થ—પ્રથમ બે તીર્થંકર સાથે બે ચક્રિ થયા અને પછી આઠ જીનવર થયા, ત્યાર પછી પાંચ વાસુદેવથી યુકત પાંચ જીનવર થયા. ત્યાર પછી બે ચક્રવર્ત્તી થયા ત્યાર પછી ત્રણ જીનવરો બન્ને પદ–ચક્રિ અને જીન એ પદના ભોગી થયા. ત્યાર પછી એક વાસુદેવ થયા પછી ચક્રી અને વાસુદેવ થયા પછી એક જિન પછી ચક્રી સાથે જિનવર પછી વાસુદેવ થયા. એક જીનવર ચક્રિ સાથે થયા. ત્યાર પછી એક ચક્રવતીં પછી એક વાસુદેવની સાથે જીનવર થયા. પછી એક ચક્રવતીં ત્યાર પછી બે જીનવર થયા. આ પ્રકારે જીનેશ્વરના તીર્થમાં જે ઉત્તમ પુરૂષો થયા તે જણાવ્યા ।। ૩૫૪ ।। જીનવરના તીર્થમાં થયેલા ઉત્તમ પુરૂષોનાં નામકથન રૂપ ૧૭૦ મું સ્થાનક પૂર્ણ થયું—

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| जिन | ऋषभ | अजित | संभव | अभिनंद | सुमति | पद्म | सुपार्श्व | चंद्र | सुविधि | शीतल | श्रेयांस |
| चक्रि | भरत | सगर | ० | ० | ० | ० | ० | ० | ० | ० | ० |
| हरि | ० | ० | ० | ० | ० | ० | ० | ० | ० | ० | त्रिपृष्ठ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| जिन | वासुपूज्य | विमल | अनन्त | धर्म | ० | ० | शान्ति | कुंथु | अर | ० |
| चक्रि | ० | ० | ० | ० | मघवा | सनत् | शान्ति | कुंथु | अर | ० |
| हरि | द्विपृष्ठ | स्वयंभू | पुरुषोत्तम | पुरुषसिंह | ० | ० | ० | ० | ० | पुरुषोत्तमपुंडरीक |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| जिन | ० | ० | मल्लि | मुनिसु | | नमि | ० | नेमि | ० | पार्श्व | महावीर |
| चक्रि | सुभूम | ० | ० | पद्म | | हरि | जय | ० | ब्रह्मदत्त | ० | ० |
| हरि | ० | दत्त | ० | ० | नारायण | ० | ० | कृष्ण | ० | ० | ० |

मूलं-इह बिसयरि सयरेहा, उड्ढं तिरिअं तु ठवसु सगवीसा॥
इगसयरि सउ छवीसा, घरंकभवमाइसंखकए ॥३५५॥

छाया--इह द्विसप्ततिशतं रेखा, ऊर्द्ध्वास्तिरश्चीस्तु स्थापयसप्तविंशतिम्। एकसप्ततिशतंषड्विंशति-र्गृहाणि भवादिसंङ्ख्या कृते ॥३५५॥

ભાવર્થ—અહીં એકસો સીત્તેર સ્થાનક સમજાવવા માટે ઉભી એકસો બોતેર રેખા કરવી અને એમાં આડી સત્તાવીસ રેખા કરવી એથી એકસો ઇકોતેર ઘર થાય અને આડાં છવીશ ઘર થાય તેમાં તીર્થંકરના અંક, ભવ અને દ્વીપ આદી સંખ્યા મુકી શકાય ॥ ૩૫૫ ॥

હવે ગ્રંથ કર્તા ગ્રંથ રચવામાં હેતુ જણાવીને જે પૂર્વ સૂરિ પાસેથી આ શાસ્ત્ર સાંભળેલું છે તેમનું નામ જણાવે છે-

मूलं--सुहगहणदाणगाहण-धारणपुच्छणकएत्ति संगहिआ॥
जिणसतरिसयं ठाणा-जहासुअं धम्मघोससूरीहिं ॥३५६॥

छाया—सुखग्रहणदानग्राहण-धारणपृच्छनकृते संगृहीतानि॥
जिनसप्ततिशतं स्थानानि, यथाश्रुतं धर्मघोषसूरिभिः॥३५६॥

ભાવાર્થ--શ્રી જીનવર સંબંધી એકસો સીત્તેર સ્થાન કોને ભવ્ય જીવો સુખે ગ્રહણ કરી શકે, બીજાને સમજાવી

શકે, ગ્રહણ કરીને હૃદયમાં ધારણ કરી શકે અને કોઇ પ્રશ્ન કરે તેનો પુચ્છાકરેતો ઉત્તર પણ અપાય, તે માટે જેવું અમોએ ધર્મઘોષ સૂરિ મહારાજ પાસેથી સાંભળ્યું છે એજ પ્રમાણે અમે ( સોમ~~સુંદર~~સૂરિવરે ) કહ્યું છે. तिलक

હવે ગ્રંથકાર પોતાનું નિરભિમાનપણું જણાવે છે. ॥ ૩૫૬ ॥

मूलं--जं मइमोहाइवसा, ऊणं अहियंव इह मए लिहिअं ॥
तं सुअहरेहिं सव्वं, खमियव्वं सोहियव्वंच ॥३५७॥

छाया-यन्मतिमोहादिवशात्, न्यूनमधिकं वाऽत्र मया लिखितम् ॥
तच्छ्रुतधरैः सर्वं, क्षन्तव्यं च शोधितव्यं च ॥३५७॥

ભાવાર્થ—મ્હારાથી આ ગ્રંથ લખતાં મતિનો મોહ અને અજ્ઞાનતા આદિથી પરાધીન હોવાથી ઓછું વા વધારે લખાયું હોય અથવા બહુશ્રુતોના ઉપદેશથી વિપરીત લખાયું હોય તો પંડિત પુરૂષો એ ક્ષમા કરવી અને સુધારવું ॥ ૩૫૬ ॥

હવે આ ગ્રંથ રચનાનો સંવત્ જણાવે છે.

मूलं--तेरहसयसगसीए, लिहिअमिणं सोमतिलयसूरीहिं ॥
अब्भत्थणाए हेमस्स, संघवइरयणतणयस्स ॥३५८॥

छाया-त्रयोदश शतसप्ताशीतितमे, लिखितमिदं सोमतिलकसूरिभिः॥
अभ्यर्थनया हेमस्य, संघपतिरत्नतनयस्य ॥३५८॥

ભાવાર્થ--શ્રી સોમતિલક સૂરિએ સંવત્ તેરસો સિત્તાસી (૧૩૮૭) ના વર્ષમાં સંઘપતિ રત્નશેઠના પુત્ર હેમચંદ નામના શ્રાવકની વિનંતીથી આ ગ્રંથ રચ્યો છે. ॥ ૩૫૮ ॥

હવે ગ્રંથની સમાપ્તિ કરતાં ગ્રંથનુવાચન પઠન કરવાથી જે ફલ થાય તે જણાવે છે.

मूलं—सतरिं सयपमाणे जो जिणाणेअ ठाणे,
पढइ सुणइ झाणे ठावए वा पहाणे ॥
लहुदरिसण नाणे पाविऊणं अमाणे,
परमसुहनिहाणे जाइ सो सिद्धिठाणे ॥ ३५९ ॥

छाया--सप्ततिशतप्रमाणानि यो जिनस्थानकानि,
पठति शृणोति वा ध्याने स्थापयति प्रधाने ॥
लघु दर्शनज्ञाने प्राप्य मानेन हीने,
परमसुखनिधाने याति स सिद्धिस्थाने ॥३५९॥

ભાવાર્થ—જીનેશ્વર સંબંધી એકસોને સીત્તેર સ્થાનક ને કહેનારા આ ગ્રંથ ને જે પુરૂ શ્રદ્ધાથી ભણે છે અને ગુરૂ પાસેથી વિનય પૂર્વક સાંભળે છે અને ધ્યાન વડે તેને હૃદયમાં પ્રધાનભાવે સ્થાપન કરે છે તે પુરૂષ થોડા કાલમાં દર્શન અને જ્ઞાનને મેળવીને માઇ નહી શકાય અર્થાત્ નિરવધિ એવા સુખના નિધાન રૂપ સિદ્ધિ સ્થાનને મેળવે છે, એ પ્રમાણે સપ્તતિશતક સ્થાનક રૂપ ગ્રંથ સમાપ્ત ॥ ૩૫૯ ॥

सप्ततिशतकस्थान-च्छायेयं विहिता शुभा ।
बुद्धिप्रभाऽभिधा जीया-द्बुद्ध्यब्धिगणिना जने ॥

શ્રીમદ્ યોગનિષ્ઠ સર્વ શાસ્ત્ર વિશારદ જૈનાચાર્ય શ્રી બુદ્ધિસાગર સૂરીશ્વરજીના શિષ્ય રત્ન અનુયોગાચાર્ય પ્રવર્તક શ્રી ઋદ્ધિસાગરજી ગણિ રચિત શમ્પતિ શતક સ્થાનકની બુદ્ધિ-પ્રભા નામની ( સંસ્કૃત ) છાયા તથા ભાષાંતર લોકોમાં જય પામો.

## प्रशस्तिः

श्रीमन्महावीरजिनेन्द्रशासने, प्रशस्तिपात्रं तपगच्छपादपः ।
अनेकशाखाभिरसौ विराजते, सद्धर्मसुस्वादुफलप्रदायकः ॥१॥
तदीयसच्छायसमाश्रितोऽभू–च्छ्रीहीरसूरिर्जगदेकपूज्यः
पट्टे तदीये च परम्परातः, संवेगिमुख्योमुनिनेमिसागरः ॥ २ ॥
तत्पादपङ्केरुहषट्पदश्रीः, सम्यक्क्रियोद्धारविधानदक्षः
लक्षीकृताऽऽत्मोन्नतिधर्मधीरो–निर्मानमोहोरविसागरोऽभूत्॥३॥
तच्छिष्यमुख्यः सुखसागरः सुधी–श्चारित्रचूडामणिशान्तमानसः।
व्यराजताऽखण्डितशुद्धभावनः,सम्यक्त्वतत्त्वार्थविदांसुसम्मतः॥४॥
तत्पट्टपूर्वाचलतिग्मरश्मिः, परःशतग्रन्थविधायकोऽभूत् ।
योगीन्द्रपूज्यः क्षतकर्मग्रन्थिः, कृतावधानः शिवदक्रियायाम् ॥५॥
सर्वेषु जीवेषु समानभावः, श्रीबुद्धिपाथोनिधिसूरिवर्यः।
यद्वाचनाम्भोनिधिमज्जनेन, जातं पवित्रं जगदण्डमेतत् ॥६॥
तत्पट्टपूर्वाचलभानुमाली, बभूव श्रीमानजिताऽब्धिसूरिः ।
गुरुप्रतापेन ततान सोऽपि, ग्रंन्थाननल्पान् स्वमतिप्रभावात् ॥७॥
तच्छासने श्रीयुतबुद्धिसूरि–क्रमाम्बुजालिर्गणिऋद्धिसागरः।
छायाऽनुवादं सुगमं ततान, सुखाऽवबोधाय सतां प्रवर्त्तकः ॥८॥

સમાપ્ત.

॥ ॐ अर्हम् ॥

श्रीसोमतिलकसूरिविरचितम् ।

# श्रीसप्ततिशतस्थानप्रकरणम् ।

श्रीमद्-ऋद्धिसागरसूरिकृतच्छायासहितम् ।

सिरिरिसहाइजिणिंदे, पणमिय पणमिरसुरासुरनरिंदे ।
सव्वन्नू गयमोहे, सुहदेसणजणियजणबोहे ॥ १ ॥

तेसिं चिय चवणाई-पणकल्लाणगकमा समासेणं ।
पत्तेयं पुव्वभवा--इठाणसत्तरिसयं वुच्छं ॥ २ ॥

आदिनाथं नमस्कृत्य, गुरुञ्च सुखसागरम् ।
सप्ततिशतकस्थान-च्छायामृद्धिः करोम्यहम् ॥ १ ॥

श्रीऋषभादिजिनेन्द्रान्, प्रणम्य प्रणम्रसुराऽसुरनरेन्द्रान् ।
सर्वज्ञान् गतमोहान्, शुभदेशनाजनितजनबोधान् ॥ १ ॥

तेषामेव च्यवनादि-पञ्चकल्याणकक्रमात्समासेन ।
प्रत्येकं पूर्वभवा-दिस्थानसप्ततिशतं वक्ष्ये ॥ २ ॥

जइ वि हु गणणाईया, जिणाणठाणा हवंति तहवि इहं ।
उक्किट्ठसमयसंभव-जिणसंखाए इमे ठविया ॥ ३ ॥

यद्यपि हि गणनातीतानि, जिनानां स्थानानि भवन्ति तथापीह ।
उत्कृष्टसमयसंभव–जिनसंख्ययेमानि स्थापितानि ॥ ३ ॥

**भव १ दीव २ खित्त ३ तद्दिसि ४, विजय ५ पुरी ६ नाम ७ रज्ज ८ गुरु ९ सुत्तं १० । जिणहेउ ११ सग्ग १२ आउं १३, तेरसठाणाइँ पुव्वभवे ॥ ४ ॥**

भवद्वीपक्षेत्रतद्दिक्–विजयपुरीनामराज्यगुरुश्रुतम् ।
जिनहेतुस्वर्गायु–स्त्रयोदशस्थानानि पूर्वभवे ॥ ४ ॥

**चुइमासाई १४ उडु १५ रा–सि १६ वेल १७ सुविणा १८ वियारगा १९ तेसिं। गब्भठिइ २० जम्ममासा–इ २१ वेल २२ उडु २३ रासि २४ जम्मरया २५ ॥ ५ ॥**

च्युतिमासाद्युडुराशि–वेलास्वप्नानि विचारकास्तेषाम् ।
गर्भस्थितिजन्ममासा–दिवेलोडुराशिजन्मारकाः ॥ ५ ॥

**तस्सेस २६ देस २७ नयरी, २८ जणणी २९ जणया य ३० ताण दुण्ह गई ३१ । ३२ । दिसिकुमरी ३३ तक्किच्चं ३४, हरिसंखा ३५ तेसि किच्चाइं ३६ ॥ ६ ॥**

तच्छेष देश नगरी, जननीजनकाश्च तेषां द्वयानां गतिः ।
दिक्कुमार्यस्तत्कृत्यं, हरिसंख्या तेषां कृत्यानि ॥ ६ ॥

**गुत्तं ३७ वंसो ३८ नामा ३९, सामन्नविसेसओ दु नामत्था ४० । ४१ लंछण ४२ फण ४३ तणुलक्खण ४४, गिहिनाणं ४५ वन्न ४६ रूव ४७ बलं ४८ ॥ ७ ॥**

गोत्रं वंशोनामानि, सामान्यविशेषतोद्विनामार्थाः ।
लाञ्छनफणतनुलक्षण–गृहिज्ञानं वर्णरूपबलम् ॥ ७ ॥

**उस्सेहा ४९ ऽऽय ५० पमाणंऽ ५१–गुलेहि देहस्स तिन्नि माणाइं । आहार ५२ विवाह ५३ कुमा–र ५४ निवइ ५५ चक्कित्त ५६ कालो य ॥ ८ ॥**

उत्सेधात्मप्रमाणांऽ–गुलैर्देहस्यत्रीणि प्रमाणानि ।
आहारोविवाहः कुमा–रनृपतिचक्रित्वकालश्च ॥ ८ ॥

**लोयंतियसुर ५७ दाणं ५८, वयमासाई य ५९ रिक्ख ६० रासि ६१ वओ ६२ । तव ६३ सिबिया ६४ परिवारा ६५, पुर ६६ वण ६७ तरु ६८ मुट्ठि ६९ वेला य ७० ॥९॥**

लोकान्तिकसुरदानं, व्रतमासादि च ऋक्षराशिवयः ।
तपः शिबिकापरिवाराः, पुरवनतरुमुष्टिवेलाश्च ॥ ९ ॥

**मणनाण ७१ देवदूसं ७२, तस्सठिई ७३ पारणं च ७४ तक्कालो ७५ । पुर ७६ दायग ७७ तेसि गई ७८, दिव्वा ७९ वसुहार ८० तित्थतवो ८१ ॥ १० ॥**

मनोज्ञानं देवदूष्यं, तस्य स्थितिः पारणं च तत्कालः ।
पुरदायकास्तेषां गति–र्दीव्यानि वसुधारा तीर्थतपः ॥१०॥

**तह भिग्गहा ८२ विहारो ८३–छउमत्थत्तं ८४ पमाय ८५ उवसग्गा ८६ । केवलमासाइ ८७ उडू ८८, रासी ८९ ठाणं ९० वणं ९१ रुक्खा ९२ ॥ ११ ॥**

तथाऽभिग्रहा विहारः, छद्मस्थत्वं प्रमादोपसर्गौः ।
केवलमासाद्युडूनि, राशिः स्थानं वनं वृक्षाः ॥ ११ ॥

**तम्माण ९३ तवो ९४ वेला ९५, अदोसया ९६ अइसया य ९७ वयणगुणा ९८ । तह पाडिहेर ९९ तित्थु–प्पत्ती १०० तक्काल १०१ वुच्छेया १०२ ॥ १२ ॥**

तन्मानं तपोवेलाऽ–दोषताऽतिशयाश्च वचनगुणाः ।
तथा प्रातिहार्यतीर्थो–त्पत्तितत्कालव्युच्छेदाः ॥ १२ ॥

**गणि १०३ सिस्सिणि १०४ सावय १०५ स–ड्ढि १०६ भत्तनिव १०७ जक्ख १०८ जक्खिणी नामा । गण ११० गणहर १११ मुणि ११२ संजइ ११३–सावय ११४ सड्ढीण ११५ केवलिणं ११६ ॥ १३ ॥**

गणिशिष्याश्रावकश्राद्धी,–भक्तनृपयक्षयक्षिणीनामानि ।
गणगणधरमुनिसंयति–श्रावकश्राद्धीनां केवलिनाम् ॥१३॥

**मणनाणि ११७ ओहि ११८ चउद्स–पुव्वी ११९ वेउ-व्वि १२० वाइ १२१ सेसाणं १२२ । तहणुत्तरोववाइय १२३-पइन्न १२४ पत्तेयबुद्धाणं १२५ ॥ १४ ॥**

मनोज्ञान्यवधिचतुर्दश–पूर्विवैक्रियवादिशेषाणाम् ।
तथाऽनुत्तरोपपातिक–प्रकीर्णप्रत्येकबुद्धानाम् ॥ १४ ॥

**आएस १२६ साहु १२७ सावय १२८, वयाणमुव-गरण १२९ चरण १३० तत्ताणं १३१ । सामाइअ १३२–पडिकमणा–ण चेवसंखाय १३३ निसिभत्तं १२४ ॥ १५ ॥**

आदेशसाधुश्रावक–व्रतोपकरणचरणतत्त्वानाम् ।
सामायिकप्रतिक्रमणा–नामेव संख्या च निशिभक्तम् ॥१५॥

**ठिइ १३५ अट्ठिइकप्पो १३६ क–प्पसोहि १३७ आव-स्सयं १३८ मुणिसरूवं १३९ । संजम १४० धम्मपभेया १४१, तहेव वत्थाण वन्नाई १४२ ॥ १६ ॥**

स्थित्यस्थितिकल्पः कल्प–विशोधिरावश्यकं मुनिस्वरूपम् ।
संयमधर्मप्रभेदा–स्तथैव वस्त्रस्य वर्णादि ॥ १६ ॥

**गिहि १४३ वय १४४ केवलिकालो १४५, सव्वाउं १४५ तह य मुक्खमासाई १४७ । उडु १४८ रासि १४९ ठाण १५० आसण १५१, ओगाहण १५२ तव १५३ परीवारा १५४ ॥ १७ ॥**

गृहिव्रतकेवलिकालः, सर्वायुस्तथा च मोक्षमासादिः ।
उडुराशिस्थानासन–वगाहनातपःपरीवाराः ॥ १७ ॥

**वेला १५५ अर १५६ तस्सेसं १५७, तह जुग १५८ परिआयअंतगडभूमी १५९ । मुक्खपह १६० मुक्खविणया १६१, पुव्वपवित्ती य १६२ तच्छेओ १६३ ॥ १८ ॥**

वेलाऽरतच्छेषं, तथायुगपर्यायान्तकृद्भूमिः ।
मोक्षपथमोक्षविनयाः, पूर्वप्रवृत्तिश्च तच्छेदः ॥ १८ ॥

**सेससुयपवित्तं १६४ तर १६५, जिणजीवा १६६ रुद्द १६७ दरिसण १६८ च्छेरा १६९ । तित्थे उत्तमपुरिसा १७०, सतरिसयं होंति जिणठाणा ॥ १९ ॥**

शेषश्रुतप्रवृत्त्यन्तर–जिनजीवा रुद्रदर्शनाश्चर्यम् ।
तीर्थे उत्तमपुरुषाः, सप्ततिशतं भवन्ति जिनस्थानानि ॥१९॥

ति १ दु २ इग ३ दुहिअ दस ४ ट्ठ य ५, चउदस ६ दुसु गार ७–८ दस ९ चउद्द १० नव ११ । नव १२ अड १३ बारस १४ नव १५ सग १६, ठाणाइं गाहसोलसगे॥२०॥

त्रिद्व्येकद्व्यधिकादशाऽष्ट च, चतुर्दशद्वयोरेकादशदश चतुर्दशनव ।
नवाष्टद्वादश नवसप्त–स्थानानि गाथाषोडशके॥ ॥ २० ॥

उसह १ ससि २ संति ३ सुव्वय ४, नेमीसर ५ पास ६ वीर ७ सेसाणं ८ । तेर १ सग २ बार ३ नव ४ नव ५, दस ६ सगवीसा य ७ तिन्नि भवा ८ ॥ २१ ॥

ऋषभशशिशान्तिसुव्रत–नेमीश्वरपार्श्ववीरशेषाणाम् ।
त्रयोदशसप्तद्वादशनवनव–दशसप्तविंशतिश्च त्रयोभवाः ॥२१॥

धन १ मिहुण २ सुर ३ महब्बल ४, ललियंग य ५ वयरजंघ ६ मिहुणे य ७ । सोहम्म ८ विज्ज ९ अच्चुअ १०, चक्की ११ सव्वट्ठ १२ उसभे य १३ ॥ २२ ॥

धनमिथुनसुरमहाबल–ललिताङ्गाश्च वज्रजङ्गमिथुने च ।
सौधर्मवैद्याऽच्युत–चक्रिसर्वार्थऋषभाश्च ॥ २२ ॥

सिरिवंमनिवो १ सोह–म्मसुरवरो २ अजियसेणचक्की ३ य । अच्चुअपहु ४ पउमनिवो ५–य वेजयंते ६ य चंदपहो ७ ॥ २३ ॥

श्रीवर्मनृपः सौधर्म–सुरवरोऽजितसेनचक्री च ।
अच्युतप्रभुः पद्मनृप–श्च वैजयंते च चन्द्रप्रभः ॥ २३ ॥

सिरिसेणो अभिनंदि अ १, जुयल २ सुरा ३ अमियतेय सिरिविजय ४ । पाणय ५ बल हरि ६ तो हरि–नरए खयरच्चुए दो वि ७ ॥ २४ ॥

श्रीषेणोऽभिनन्दिता, युगलसुराऽमिततेजःश्रीविजयाः ॥
प्राणते बलहरी ततो हरी, नरके खेचरोऽच्युते द्वावपि ॥२४॥

वज्जाउह सहसाउह, पियपुत्त ८ गिविज्ज तइय नवमे ९ वा । मेहरहदढरहा तो १०, सव्वट्ठे ११ संति गणहारी १२॥२५॥

वज्रायुधसहस्रायुधौ, पितापुत्रौ ग्रैवेयके तृतीये नवमे वा ।
मेघरथदृढरथावथ, सर्व्वार्थे शान्तिगणधरौ ॥ २५ ॥

सिवकेउ १ सुहम २ कुबेर–दत्त ३ तिइयकप्प ४ वज्जकुंडलओ ५ । बंभे ६ सिरिवम्मनिवो ७, अवराइय ८ सुव्वओ नवमे ९ ॥ २६ ॥

शिवकेतुः सौधर्मे कुबेर–दत्तस्तृतीयकल्पे वज्रकुण्डलकः ।
ब्रह्मे श्रीवर्मनृपोऽ–पराजिते सुव्रतो नवमे ॥ २६ ॥

धण धणवइ १ सोहम्मे २, चित्तगई खेयरो य रयणवई ३ । माहिंदे ४ अवराइय, पीइमई ५ आरणे ६ तत्तो ॥ २७ ॥

धनोधनवती सुधर्मे, चित्रगतिःखेचरश्च रत्नवती ।
माहेन्द्रेऽपराजितः, प्रीतिमती–आरणे ततः ॥ २७ ॥

सुपइट्ठो संखो वा, जसमइभज्जा ७ वराइयविमाणे ८ ।
नेमिजिणो राइमई ९, नवमभवे दो वि सिद्धा य ॥२८॥

सुप्रतिष्ठः शंखो वा, यशोमतीभार्याऽपराजितविमाने ।
नेमिजिनो राजीमती, नवमभवे द्वावपि सिद्धौ च ॥ २८ ॥

कमठमरुभूइभाया २ कुक्कुडअहिहत्थि २ नरयसहसारे ३ । सप्पखयरिंद ४ नारय, अच्चुअसुर ५ सबरुनरनाहो ॥२९॥

कमठमरुभूतिबन्धू, कुर्कुटाऽहिर्हस्ती नरकसहस्रारे ।
सर्पखेचरेन्द्रौनारकाऽ–च्युतसुरौ शबरनरनाथौ ॥२९॥

नारयगेविज्जसुरो ७, सीहो निवई ८ अ नरयपाणयगे ९ ।
भव कट्ठविप्पो पासो १०, संजाया दो वि दसमभवे ॥ ३० ॥

नारकग्रैवेयकसुरौ, सिंहो नृपतिश्च नरकप्राणतके ।
भवं (भ्रान्त्वा) कठविप्रपार्श्वौ, संजातौ द्वावपि दशमभवे॥३०॥

नयसारो १ सोहम्मे २, मरीइ ३ बंभे य ४ कोसिअ ५ सुहम्मे ६ ।
भमिऊण पूसमित्तो ७, सुहम्म ८ गिज्जोअ ९ ईसाणे ॥३१॥

अग्गिभूइ ११ तइयकप्पे १२, भारद्दाओ १३ महिंद १४ संसारे । थावर १५ बंभे १६ भव वि–स्सभूइ १७ सुक्के १८ तिविट्ठुहरी १९ ॥ ३२ ॥

अपइट्ठाणे २० सीहो २२, नरए २२ भमिऊण चक्किपि-यमित्तो २३ । सुक्के २४ नंदणनरवइ २५, पाणयकप्पे २६ महावीरो ॥ २७ ॥ ३३

नयसारः सौधर्मे, मरीचिर्ब्रह्मे च कौशिकः सुधर्मे ।
भ्रान्त्वा पुष्पमित्रः, सुधर्मेऽग्निद्योत ईशाने ॥ ३१ ॥

अग्निभूतिस्तृतीयकल्पे, भारद्वाजोमाहेन्द्रे संसारे ।
स्थावरोब्रह्मे भवे वि–श्वभूतिः शुक्रे त्रिपृष्ठहरिः ॥ ३२ ॥

अप्रतिष्ठाने सिंहो–नरके भ्रान्त्वा चक्रिप्रियमित्रः ।
शुक्रे नन्दननृपतिः, प्राणतकल्पे महावीरः ॥ ३३ ॥

**सत्तण्हमिमे भणिआ, पयडभवा तेसि सेसयाणं च । तइयभवदीवपमुहं, नायव्वं वक्खमाणाओ ॥ ३४ ॥**

सप्तानामिमे भणिताः, प्रकटभवास्तेभ्यःशेषाणाम् ।
तृतीयभवद्वीपप्रमुखं, ज्ञातव्यं वक्ष्यमाणतः ॥ ३४ ॥

**जंबू ४ धायइ ८ पूक्खर १२, दीवा चउ चउ जिणाण पुव्वभवे । धायइ विमलाइतिगे १५, जंबूसंतिप्पमुहन-वगे ॥ २४ ॥ ३५ ॥**

जंबूधातकीपुष्कर–द्वीपाश्चतुश्चतुर्जिनानां पूर्वभवे ।
धातकी विमलादित्रिके, जम्बूः शान्तिप्रमुखनवके ॥३५॥

**बारस पुव्वविदेहे, १२ तिन्नि कमा भरह १३ एरवय १४ भरहे १५ । पूव्वविदेहे तिन्नि अ १८, मल्लिवरविदेहि १९ पण-भरहे ॥ २४ ॥ ३६ ॥ मज्झिममेरुनगाओ, धायइपुक्खरगयाइं भरहाई । खित्ताइं पुव्वखंडे, खंडवियारो न जंबुम्मि ॥ ३७ ॥**

द्वादश पूर्वविदेहे, त्रयःक्रमाद्भरतैरवतभरतेषु ।
पूर्वविदेहे त्रयश्च, मल्लिःपरविदेहे पञ्च भरते ॥ ३६ ॥

मध्यममेरुनगाद्धा–तकीपुष्करगतानि भरतादीनि ।
क्षेत्राणि पूर्वखण्डे, खण्डविचारो न जम्बूद्वीपे ॥ ३७ ॥

विमलो १ धम्मो २ मुनिसु–व्वयाइ पण ७ आसि मेरुदाहि-
णओ। मेरुत्तरओणंतो ८, सीओआदाहिणे मल्ली ९ ॥ ३८ ॥

सीआए उत्तरओ, उसह १० सुमइ ११ सुविहि १२
संति १३ कुंथुजिणा १४ । सेसा दस दाहिणओ २४, इअ-
पुव्वभवंमि खित्तदिसा ॥ ३९ ॥

विमलोधर्मोमुनिसु–व्रतादिपञ्चासन्मेरुदक्षिणतः ।
मेरूत्तरतोऽनन्तः, शीतोदादक्षिणे मल्लिः ॥ ३८ ॥

शीताया उत्तरतः, ऋषभसुमतिसुविधिशान्तिकुन्थुजिनाः ।
शेषा दश दक्षिणत–इति पूर्वभवे क्षेत्रदिशः ॥ ३९ ॥

पुक्खलवई अ १–५–९ वच्छा २–६–१०, रमणिज्जो
३–७–११ मंगलावई ४–८–१२ कमसो । नेआ जिणचउग-
तिगे, जिणतियगे खित्तनामाओ १३–१४–१५ ॥ ४० ॥
पुक्खलवइ १६ आवत्तो १७ वच्छा १८ सलिलावई १९
जिणचउक्के । मुणिसुव्वयाइपणगे २०–२१–२२–२३–२४
विजया खित्ताण नामेण ॥ ४१ ॥

पुष्कलावती च वच्छा, रमणीयोमंगलावती क्रमशः ।
ज्ञेया जिनचतुष्कत्रिके, जिनत्रिके क्षेत्रनामतः ॥ ४० ॥

पुष्कलावत्यावर्त्तो–वच्छा सलिलावती जिनचतुष्के ।
मुनिसुव्रतादिपञ्चके, विजयाः क्षेत्राऽभिधानेन ॥ ४१ ॥

पुंडरिगिणी १–५–९ सुसीमा २–६–१०, सुभापुरी ३–७–११– रयणसंचया ४–८–१२ नेया । चउगतिगंमि महापुरि १३, रिट्ठा १४ तहभद्दिलपुरं च १५ ॥ ४२ ॥ पुंडरिगिणि १६ खग्गिपुरी १७ तहा सुसीमा य १८ वीयसो गाय १९ । चंपा २० तह कोसंबी २१, रायगिहा २२ उज्झ २३ अहिछत्ता २४ ॥ ४३ ॥

पुण्डरीकिणी सुसीमा, शुभापुरी रत्नसंचया ज्ञेया ।
चतुष्कत्रिके महापुरी, रिष्टा तथाभद्दिलपुरञ्च ॥ ४२ ॥
पुण्डरीकिणी खड्गिपुरी, तथा सुसीमा च वीतशोका च ।
चंपा तथा कौशाम्बी, राजगृहमयोध्याऽहिच्छत्रा ॥ ४३ ॥

वजनाह १ विमलवाहण २, विउलबल ३ महाबला ४ अइबलो ५ य । अवराइओ य ६ नंदी ७, पउम ८ महापउम ९ पउमा १० य ॥ ४४ ॥ नलिणीगुम्मो ११ पउमो–त्तरो अ १२ तहपउमसेण १३ पउमरहा १४ । दढरह १५ मेहरहाविअ १६, सीहावह १७ धणवई चेव १८ ॥ ४५ ॥ वेसमणो १९ सिरिवम्मो २०, सिद्धत्थो २१ सुप्पइट्ठ २२ आणंदो २३ । नंदण २४ नामा पुव्वि, पढमो चक्की निवा सेसा ॥ ४६ ॥

वज्रनाभविमलवाहन–विपुलबलमहाबला अतिबलश्च ।
अपराजितश्च नन्दी, पद्मोमहापद्मपद्मौ च ॥ ४४ ॥

नलिनीगुल्मः पद्मो–त्तरश्च तथा पद्मसेनपद्मरथौ ।
दृढरथमेघरथावपि, सिंहावहोधनपतिश्चैव ॥ ४५ ॥

वैश्रमणः श्रीवर्मा, सिद्धार्थःसुप्रतिष्ठ आनन्दः ।
नन्दननामा पूर्वे, प्रथमश्चक्री नृपाः शेषाः ॥ ४६ ॥

**वजसेणो १ अरिदमणो २, संभंतो ३ विमलवाहणोअ तहा । सीमंधर ५ पिहिआसव ६, अरिदमण ७ जुगंधरगुरू अ ८ । ४७ ॥ सव्वजगाणंदगुरू ९, सत्थाहो १० वज्जदत्त ११ वजनाहो १२ । तह सव्वगुत्तनामो १३, चित्तरहो १४ विमलवाहणओ १५ ॥ ४८ ॥ घणरह १६ संबर १७ तह सा–हुसंवरो १८ तह य होइ वरधम्मो १९ । तह य सुनंदो २० नंदो २१, अइजस २२ दामोअरो अ २३ पुट्टिलओ २४ ॥ ४९ ॥**

वज्रसेनोऽरिदमनः, संभ्रान्तोविमलवाहनश्च तथा ।
सीमन्धरः पिहिताश्रवोऽ–रिदमनो युगन्धरगुरुश्च ॥ ४७ ॥

सर्वजगदानन्दगुरुः, सस्तायोवज्रदत्तवज्रनाभौ ।
तथा सर्वगुप्तनामा, चित्ररथोविमलवाहनकः ॥ ४८ ॥

घनरथः संबरस्तथा, साधुसंवरस्तथाऽस्ति वरधर्मः ।
तथा च सुनन्दोनन्दोऽ–तियशा दामोदरश्चपोट्टिलकः ॥ ४९ ॥

**पढमो १ दुवालसंगी, सेसा इक्कारसंगसुत्तधरा २४ । पढम १ चरमेहिं २ पुट्ठा, जिणहेऊ वीस ते अ इमे ॥ ५० ॥**

प्रथमोद्वादशाङ्गी, शेषा एकादशाङ्गसूत्रधराः ।
प्रथमचरमाभ्यां स्पृष्टा–जिनहेतवोविंशतिस्ते चेमे ॥ ५० ॥

अरिहंत १ सिद्ध २ पवयण ३, गुरु ४ थेर ५ बहुस्सुए ६ तवस्सीसु ७। वच्छल्लयाइ एसिं, अभिक्खनाणोवओगे ८ अ ॥५१॥ दंसण ९ विणए १० आव-स्सएअ ११ सील १२ व्वए १३ निरइआरो। खणलव १४ तव १५ च्चियाए १६, वेयावच्चे १७ समाही अ ॥ ५२ ॥ अपुव्वनाणगहणं १८, सुअभत्ती १९ पवयणे पभावणया २०। सेसेहिं फासिया पुण, एगं दो तिन्नि सव्वे वा ॥ ५३ ॥

अर्हत्सिद्धप्रवचन-गुरुस्थविरबहुश्रुततपस्विषु ।
वत्सलतया हि तेषु, अभीक्ष्णज्ञानोपयोगे च ॥ ५१ ॥

दर्शनविनयावश्यके, शीलव्रते निरतिचारः ।
क्षणलवतपस्त्यागे, वैयावृत्त्ये समाधिश्च ॥ ५२ ॥

अपूर्वज्ञानग्रहणं, श्रुतभक्तिः प्रवचने प्रभावनका ।
शेषैः स्पृष्टाः पुन-रेको द्वौ त्रयः सर्वे वा ॥ ५३ ॥

सव्वट्ठे १ तह विजयं, २ सत्तमगेविज्जयं ३ दुसु जयंतं ४-५। नवमं ६ छट्ठं गेवि-ज्जयं ७ तओ वेजयंतंच ८ ॥ ५४ आणय ९ पाणय १० अच्चुअ ११, पाणय १२ सहसार १३ पाणयं १४ विजयं १५। तिसु सव्वट्ठ १८ जयंतं १९, अवराइअ २० पाणपंचेव २१ ॥ ५५ ॥ अवराइअ २२ पाण-यगं २३ पाणयग २४ मिमेअ पुव्वभवसग्गा ॥ धम्मस्स १५ मज्झिमाउं, सेसाणुक्कोसयं २३ तदिमं ॥ ५६ ॥

सर्वार्थं तथा विजयं, सप्तमग्रैवेयकं द्वयोर्जयन्तम् ।
नवमं षष्ठं ग्रैवे–यकं ततो वैजयन्तञ्च ॥ ५४ ॥

आनतप्राणताच्युत–प्राणतसहस्रारप्राणतं विजयम् ।
त्रिषु सर्वार्थजयन्त,–मपराजितप्राणतं चैव ॥ ५५ ॥

अपराजितप्राणतकं, प्राणतकमिमे च पूर्वभवस्वर्गाः ।
धर्मस्य मध्यमायु–स्तदिदं शेषाणामुत्कृष्टम् ॥ ५६ ॥

तित्तीसं १ तित्तीसं २, गुणतीसं ३ दुसु तितीस ४–५ इगतीसं ६ । अडवीसं ७ तित्तीसं ८, गुणवीसं ९ वीस १० बावीसं ११ ॥ ५७ ॥ वीस १२ ट्ठारस १३ वीसं १४, बत्तीसं १५ कमेण पंचसु तितीसं २० । वीस २१ तितीसं २२ वीसं २३, वीसयरा २४ पुव्वभवआउं ॥ ५८ ॥ पूर्वभवायुः ॥ १३ ॥

त्रयस्त्रिंशत्त्रयस्त्रिंश–देकोनत्रिंशद्द्वयोस्त्रयस्त्रिंशदेकत्रिंशद्–
अष्टाविंशतिस्त्रयस्त्रिंश–देकोनविंशतिर्विंशतिर्द्वाविंशतिः ॥ ५७ ॥

विंशतिरष्टादशविंशति–र्द्वात्रिंशत्क्रमेण पञ्चसु त्रयस्त्रिंशत् ।
विंशतिस्त्रयस्त्रिंशद्विंशति–र्विंशतिः सागराःपूर्वभवायुः ॥ ५८ ॥

बहुलासाढचउत्थी, १ सुद्धावइसाहतेरसी कमसो २ । फग्गुण अट्ठमि ३ वयसा–ह चउत्थि ४ सावणि य बीयाअ ५ ॥ ५९ ॥

बहुलाषाढचतुर्थी, शुद्धा वैशाखत्रयोदशी क्रमशः ।
फाल्गुनाऽष्टमी वैशा–ख चतुर्थी श्रावणद्वितीया च ॥ ५९ ॥

माहस्सकसिण छट्ठी ६, भद्दट्ठमि चित्तमासपंचमिआ ८ । फग्गुणनवमी ९ वइसा–ह छट्ठि १० तहजिट्ठ छट्ठीअ ११ ॥ ६० ॥

माघस्य· कृष्णषष्ठी, भाद्राष्टमी चैत्रमासपञ्चमिका ।
फाल्गुननवमी वैशा–ख षष्ठी तथा ज्येष्ठषष्ठीच ॥ ६० ॥

**जिट्ठंमि सुद्धनवमी १२, तत्तो वइसाहबारसी सुद्धा १३ । सावणकसिणा सत्तमि १४, विसाहसिय १५ भद्दवे कन्हा ।६१।**

ज्येष्ठस्यशुद्धनवमी, ततो वैशाखद्वादशी शुद्धा ।
श्रावणकृष्णा सप्तमी, वैशाखसिता भाद्रपदकृष्णा ॥ ६१ ॥

**सावणकसिणा नवमी १७, फग्गुणसियबीअफग्गुण-चउत्थी १९ । सावणि २० अस्सिणपूनिम २१, कत्तिय बहुला दुवालसिआ ॥ २२ ॥ ६२ ॥**

श्रावणकृष्णा नवमी, फाल्गुनसितद्वितीया फाल्गुनचतुर्थी ।
श्रावणाऽऽश्विनपूर्णिमा, कार्त्तिककृष्णा द्वादशिका ॥ ६२ ॥

**असिआ चित्तचउत्थी २३, असाढसिय छट्ठि २४ चवणमासाई । इत्थन्नत्थवि पयडं, अभणिअमहिगारओ नेयं ।।६३।।**

असिता चैत्रचतुर्थी, अषाढसितषष्ठी च्यवनमासादि ।
इत्थमन्यत्राऽपि प्रकट–मभणितमधिकारतोज्ञेयम् ॥ ६३ ॥

**भूयभविस्सजिणाणं, पुव्वणुपुव्वीइ वट्टमाणाणं । पच्छाणुपुव्वियाए, कल्लाणतिहीउ अन्नुन्नं ॥ ६४ ॥**

भूतभविष्यज्जिनानां, पूर्वाऽनुपूर्व्या वर्त्तमानानाम् ।
पश्चाऽनुपूर्व्या यास्ताः, कल्याणतिथयोऽन्योऽन्यम् ॥ ६४ ॥

उत्तरसाढा १ रोहिणि २, मिअसीस ३ पुणव्वसू ४ महा ५ चित्ता ६। वइसाह ७ णुराहा ८ मू-ल ९ पुव्व १० सवणो ११ सयभिसा य १२ ॥ ६५ ॥ उत्तरभद्दव १३ रेवइ १४, पुस्स १५ भरणि १६ कत्तिया य १७ रेवइ अ १८। अस्सिणि १९ सवणो २० अस्सिणि २१, चित्त २२ विसाहु २३ त्तरा २४ रिक्खा ॥ ६६ ॥ च्यवननक्षत्राणि।

उत्तराषाढा रोहिणी, मृगशीर्षपुनर्वसू मघा चित्रा।
विशाखाऽनुराधामूलं, पूर्वाश्रवणशतभिषा च ॥ ६५ ॥

उत्तराभाद्रपदोरेवती, पुष्योभरणी कृत्तिका च रेवती च।
अश्विनी श्रवणमश्विनी, चित्रा विशाखोत्तरा ऋक्षाः ॥६६॥

धणु (१) वसह (२) मिहुण (३) मिहुणो (४), सीहो (५) कन्ना (६) तुला (७) अली (८) चेव। धणु (९) धणु (१०) मयरो (११) कुंभो (१२), दुसु मीणो (१३-१४) कक्कडो (१५) मेसो (१६) ॥ ६७ ॥

विस (१७) मीण १८ मेस १९ मयरो २०, मेसो २१ कन्ना २२ तुला २३ य कन्ना २४ य। इअ चवण रिक्खरासी, जम्मेदिक्खाएँ नाणे वि ॥ ६८ ॥ च्यवनराशयः ॥

धनवृषभौ मिथुनमिथुनौ, सिंहः कन्या तुला अलिश्चैव।
धनधनमकराः कुंभो-द्वयोर्मीनः कर्कटो मेषः ॥ ६७ ॥

वृषमीनमेषमकरा-मेषः कन्या तुला च कन्या च।
इमे च्यवनर्क्षराशयो-जन्मनि दीक्षायां ज्ञानेऽपि ॥ ६८ ॥

चुइवेलां निसिअद्धं, जिणाण २४ एमेव एगसमयंमि ।
चुइमासाइ वियारो, भरहेरवएसु सव्वेसु ॥ ६९ ॥

च्युतिवेला निशार्द्धं, जिनानामेवमेवैकसमये ।
च्युतिमासादिविचारो–भरतैरवतेषु सर्वेषु ॥ ६९ ॥

गय १ वसह २ सीह ३ अभिसे–य ४ दाम ५ ससि ६
दिणयरं ७ झयं ८ कुंभं ९ । पउमसर १० सागर ११
विमा–णभवण १२ रयणा १३ ऽग्गि १४ सुविणाइं ॥ ७० ॥

गजवृषभसिंहाऽभिषेका–दाम शशिदिनकरा ध्वजः कुम्भः ।
पद्मसरः सागरविमा–न भवनरत्नाऽग्नयः स्वप्नाः ॥ ७० ॥

नरयउवट्टाण इहं, भवणं सग्गच्चुयाण उ विमाणं ।
वीरुसहसेसजणणी, नियंसु ते हरिवसहगयाई ॥ ७१ ॥

नरकोद्वृत्तानामिह, भवनं स्वर्गाच्च्युतानां तु विमानम् ।
वीरर्षभशेषजननी, नियमात्तान्हरिवृषभगजादीन् ॥ ७१ ॥

दुनरयकप्पगिविज्जा, हरी अ १ तिनरयविमाण एहिं जिणा २ ।
पढमा चक्कि ३ दुनरया, बला ४ चउसुरेहिं चक्कि ३ बला ४ ।७२

द्विनरककल्पग्रैवेयकाद्, हरयस्त्रिनरकविमानेभ्योजिनाः ।
प्रथमाच्चक्रिणो द्विनरकाद्–बलास्तुर्यसुरेभ्यश्चक्रिवलाः ॥ ७२ ॥

**जिणचक्कीण य जणणी, निअंति चउदस गयाइ वर-सुमिणे । सग १ चउ २ ति ३ इगाई ४ हरि १-बल २ पडिहरि ३ मंडलि अ ४ माया ॥ ७३ ॥ ( स्वप्नानि )**

जिनचक्रिणाञ्च जननी, नियमाच्चतुर्दशगजादिवरस्वप्नान् ।
सप्त चतुस्त्र्येकादीन्, हरिबलप्रतिहरिमण्डलिकमाता ॥ ७३ ॥

**पढमस्स पिया इंदा, सेसाणं जणय सुविणसत्थविऊ ।
अट्ठविआरिंसु सुहे, सुविणे चउदस जणणिदिट्ठे ॥ ७४ ॥**

प्रथमस्य पिता इन्द्राः, शेषाणां जनकाः स्वप्नशास्त्रविदः ।
अर्थेन व्यचारयन् शुभान्, स्वप्नांश्चतुर्दश जननीदृष्टान् ॥७४॥

**दु २ चउत्थ ४ नवम ९ बारस १२-तेरस १३ पनरस १५ सेसगब्भठिई । मासा अड ८ नव ९ तदुवरि, उसहाइ कमेणिमे दिवसा ॥ ७५ ॥**

द्विचतुर्थनवमद्वादश-त्रयोदशपञ्चदशशेषगर्भस्थितिः ।
मासा अष्टनव तदुपरि, ऋषभादौ क्रमादिमे दिवसाः ॥७५॥

**चउ १ पणवीसं २ छद्दिण ३, अडवीसं ४ छच्च ५ छच्चि ६ गुणवीसं ७ । सग ८ छव्वीसं ९ छ १० च्छ य ११, वीसि १२ गवीसं १३ छ १४ छव्वीसं १५ ॥ ७६ ॥**

चतुः पञ्चविंशतिषट्दिना-न्यष्टाविंशतिः षट्चषट्चैकोनविंशतिः ।
सप्तषड्विंशतिःषट्षट्च, विंशतिरेकविंशतिः षट् षड्विंशतिः ।७६।

छ १६ प्पण १७ अड १८ सत्त १९ ट्ठ य २०, अट्ठ २१ ट्ठ २२ छ २३ सत्त २४ हुंतिगब्भदिणा। इत्तो उसहाइ जिणा–ण जम्ममासाइ वुच्छामि ॥ ७७ ॥

षट्पञ्चाऽष्ट सप्ताऽष्ट च, अष्टाऽष्टषट् सप्त भवन्ति गर्भदिनानि ।
इतोवृषभादिजिनानां, जन्ममासादि वक्ष्यामि ॥ ७७ ॥

चित्तबहुलट्ठमी १ सिअ–माहट्ठमि २ मग्गचउदसी ३ माहे । सिअबिअ ४ वइसाहट्ठमि ५, कत्तिअगे कसिण बारसिआ ।७८।

**किइकम्मस्स अ करणे, चत्तारि अवट्ठिआ कप्पा ॥२८९॥**

शय्यातरस्य पिण्डे, चतुर्यामे च पुरुषज्येष्ठे च ।
कृतिकर्मणश्च करणे, चत्वारोऽवस्थिताः कल्पाः ॥ २८९ ॥

पडिक्कमण १ निवु २ देसिय ३, चेलुक्के ४ मास ५ वच्छरिय कप्पे ६ । छद्धा अट्ठिइकप्पो, मज्झिमगाणं २२ न इअराणं ॥ २९० ॥

प्रतिक्रमणनृपोद्देशिकाऽऽ–चेलक्यमाससांवत्सरिककल्पाः ।
षोढाऽस्थितिकल्पो–मध्यमकानां नेतरेषाम् ॥ २९० ॥

पुरिमस्स ९ दुव्विसुज्झो, चरमस्स अ दुरणुपालणोकप्पो ।
मज्झिमगाण २२ मुणीणं, सुविसुज्झो सुहणुपालणओ ॥२९१

प्रथमस्य दुर्विशोध्य–श्चरमस्य च दुरनुपाल्यः कल्पः ।
मध्यमकानां मुनीनां, सुविशोध्यः सुखाऽनुपाल्यः ॥ २९१ ॥

समइयचउवीसत्थय–वंदणपडिकमणकाउसग्गा य ।
पच्चक्खाणं भणिअं, जिणेहिं आवस्सयं छद्धा ॥ २९२ ॥

ते दुण्ह सय दुकालं, इअराणं कारणे इओ मुणिणो ।
पढमिअरवीरतित्थे, रिउजडरिउपन्नवक्कजडा ॥ २९३ ॥

सामायिकचतुर्विंशतिस्तव–वंदनप्रतिक्रमणकायोत्सर्गाश्च ।
प्रत्याख्यानं भणितं, जिनैरावश्यकं षोढा ॥२९२॥

तद्द्वयोः सदा द्विकाल–मितरेषां कारणे इतो मुनयः ॥
प्रथमेतरवीरतीर्थे, ऋजुजडऋजुप्राज्ञवक्रजडाः ॥ २९३ ॥

पंचासववेरमणं, पंचिंदियनिग्गहो कसायजओ ।
दंडत्तिगाउ विरई, सतरसहा संजमो इअ वा ॥ २९४ ॥

पञ्चाऽऽश्रवविरमणं, पञ्चेन्द्रियनिग्रहः कषायजयः ।
दण्डत्रिकाद्विरतिः, सप्तदशधा संयमोऽथवा ॥ २९४ ॥

**पुढवि १ दग २ अगणि ३ मारुअ ४, वणसइ ५ बि ६ ति ७ चउ ८ पणिंदि ९ अज्जीवे १० ॥ पेहु ११ प्पेह १२ पमज्जण १३, परिठवण १४ मणो १२ वई १३ काए १७ ॥२९५॥**

पृथ्व्युदकाग्निमारुत–वनस्पतिद्वित्रिचतुःपञ्चेन्द्रियाऽजीवाः ।
प्रेक्षोत्प्रेक्षाप्रमार्जन–परिष्ठापनमनोवाक्कायाः ॥ २९५ ॥

दुप्पडिलेहिअ दूसं, अद्धाणाई विचिंत्तगिम्हंति ॥
घिप्पइ पुत्थयपणगं, कालिअनिज्जुत्तिकोसट्ठे ॥ १ ॥

जइ तेसिं जीवाणं, तत्थगयाणं च सोणिअं हुज्जा ॥
पीलिज्जंते धणिअं, गलिज्ज तं अक्खरंफुसिउं ॥ १ ॥

**दाणं सीलं च तवो–भावो एवं चउविहोधम्मो ॥**
**सव्वजिणेहिं भणिओ, तहा दुहा सुअचारित्तेहिं ॥ २९६ ॥**

दानं शीलं च तपो–भाव एवं चतुर्विधो धर्मः ॥
सर्वजिनैर्भणित–स्तथा द्विधा श्रुतचारित्राभ्याम ॥ २९६ ॥

**पुरिमंतिमतित्थेसुं, ओहनिजुत्तीइभणिअपरिमाणं ॥**
**सिअवत्थं इअराणं, वन्नपमाणेहिं जहलद्धं ॥ २९७ ॥**

प्रथमाऽन्तिमतीर्थेषु, ओघनिर्युक्तिभणितपरिमाणम् ॥
श्वेतवस्त्रमितरेषां, वर्णप्रमाणैर्यथालब्धम् ॥ २९७ ॥

जहजुग्गं कुमरनिवइ–चक्कीकालेहिं होइ गिहिकालो ।
वयकालाओ केवलि–कालो छउमत्थकालूणो ॥ २९८ ॥

यथायोग्यं कुमरनृपति–चक्रिकालैर्भवति गृहिकालः ।
व्रतकालतः केवलि–कालश्छद्मस्थकालोनः ॥ २९८ ॥

पुव्वाण लक्खमेगं, तं पुव्वंगूण तं सगजिणाणं ॥
पुण पुण चउअंगूणं, तो पुव्वसहस्सपणवीसं ॥ २९९ ॥

समलक्खा इगवीसं, चउपन्नापनर सड्ढसत्तेव ॥
सड्ढदुगं तो सहसा, पणवीसं पउणचउवीसं ॥ ३०० ॥

इगवीसं चउपन्ना, सनवसया सड्ढसत्त सड्ढदुगं ।
तो सत्तसया सयरी, दुचत्तवासाणि वयकालो ॥ ३०१ ॥

पूर्वाणां लक्षमेकं, तत्पूर्वाङ्गोनं तत्सप्तजिनानाम् ॥
पुनः पुनश्चतुरङ्गोनं, ततः पूर्वसहस्रपञ्चविंशतिः ॥ २९९ ॥

समलक्षा एकविंशति–श्चतुः पञ्चाशत्पञ्चदशसार्द्धसप्तैव ।
सार्द्धद्वे ततः सहस्राः, पञ्चविंशतिः पादोनचतुर्विंशतिः ॥३००॥

एकविंशतिश्चतुः पञ्चाश–त्सनवशतानि सार्द्धसप्त सार्द्धद्वे ॥
ततःसप्तशतानि सप्तति–र्द्विचत्वारिंशद् वर्षाणि व्रतकालः ॥३०१॥

सवाउ चुलसि १ बिसयरि २–सठि ३ पन्ना ४ चत्त ५ तीस ६ वीस ७ दस ८ ॥ दो ९ एगपुव लक्खा १०, सम चुलसी ११ बिसयरी १२ सट्ठी १३ ॥ ३०२ ॥ तीस १४

दस १५ एगलक्खा १६, वरिसाणं सहस पण नवइ १७ चुलसी १८ ॥ पणपन्न १९ तीस २० दस २१ इग २२-सहसा वरिस सय २३ दुगसयरी २४ ॥ ३०३ ॥

सर्वायुश्चतुरशीति १ र्द्विसप्ततिः २, षष्टिः ३ पञ्चाशत् ४ चत्वारिंशत् ५ त्रिंशद् ६ विंशति ७ र्दश ८ ॥ द्वये ९ कपूर्वलक्ष १० समा-श्चतुरशीति ११ र्द्विसप्ततिः १३ षष्टिः १३ ॥३०२॥ त्रिंशद् १४ दशै १५ कलक्षंवर्षाणां १६ , सहस्राणि पञ्चनवति १७ श्चतुरशीतिः १८। पञ्चपंञ्चाशत् १९ त्रिंशद् २० दशै २१ क-सहस्राणि २२ वर्षशतं २३ द्विसप्ततिः २४ ॥३०३॥

चुलसीइ वरिस लक्खा, पुव्वंगं तग्गुणंभवे पुव्वं ॥
तं सयरिकोडिलक्खा, वरिसा छप्पनसहसकोडी ॥ ३०४ ॥

चतुरशीतिर्वर्षलक्षाः, पूर्वाङ्गं तद्गुणं भवेत् पूर्वम् ॥
तत्सप्ततिकोटिलक्षा-वर्षाणिषट्पञ्चाशत्सहस्रकोट्यः ॥ ३०४॥

पुव्वंगहयंपुव्वं, तुडियंगं वासकोडिकोडीओ ॥
गुणसट्ठिलक्ख सगवी-ससहस चत्ता य रिसहाउं ॥३०५॥

पूर्वाङ्गहतंपूर्वं, त्रुटिताङ्गं वर्षकोटिकोट्यः ॥
एकोनषष्टिलक्षाः, सप्तविंशतिसहस्राश्चत्वारिंशदृषभायुः ॥३०५॥

माहस्सकिण्हतेरसि, दोसुं सिअचित्तपंचमी नेआ ।
चइसाहसुद्धअट्ठमि, तहचित्तेसुद्धनवमी अ ॥ ३०६ ॥

कसिणामग्गइगारसि, फग्गुण भद्दवय सत्तमी किण्हा ।
भद्दवयसुद्धनवमी, वइसाहे बहुलबीया अ ॥ ३०७ ॥

कसिणा सावण तइया, आसाढे तहय चउद्दसी सुद्धा ॥
आसाढकसिणसत्तमि, सिअपंचमिचित्तजिट्ठेसु ॥ ३०८ ॥

जिट्ठेकसिणातेरसि, वइसाहेपडिव मग्गसिअदसमी ॥
फग्गुणसुद्ध दुबालसि, किण्हा नवमीअ जिट्ठस्स ॥३०९॥

वइसाहअसिअ दसमी, आसाढे सावणेऽट्ठमी सुद्धा ।
कत्तियमावसि सिवमा–समाइ भणिआ जिणिंदाणं ॥३१०॥

माघस्य कृष्णत्रयोदशी, द्वयोः सितचैत्रपञ्चमी ज्ञेया ॥
वैशाखशुद्धाऽष्टमी, तथा चैत्रे शुद्धनवमी च ॥ ३०६ ॥

कृष्णा मार्गैकादशी, फाल्गुनभाद्रपदसप्तमी कृष्णा ।
भाद्रपदशुद्धनवमी, वैशाखे बहुलद्वितीया च ॥ ३०७ ॥

कृष्णा श्रावणतृतीया, आषाढे तथा च चतुर्दशी शुद्धा ॥
आषाढकृष्णसप्तमी, सितपञ्चमी चैत्रज्येष्ठयोः ॥ ३०८ ॥

जेष्ठेकृष्णत्रयोदशी, वैशाखे प्रतिपद् मार्गसितदशमी ॥
फाल्गुनशुद्धद्वादशी, कृष्णा नवमी च ज्येष्ठस्य ॥ ३०९ ॥

वैशाखेऽसितदशमी, आषाढे श्रावणेऽष्टमी शुद्धा ।
कार्तिकाऽमावास्या शिवमा–सादयो भणिता जिनेन्द्राणाम् ॥३१०॥

अभिई १ मिगसिर २ अद्दा ३, पुस्स ४ पुणव्वसुअ ५ चित्त ६ अणुराहा ७, जिट्ठा ८ मूलं ९ पुव्वा–साढा १०

धणिट्ठ ११ त्तरभद्दा १२ ॥ ३११ ॥ रेवइ १३ रेवइ १४ पुस्सो १५, भरणी १६ कत्तिय १७ सरेवई १८ भरणी १९ । सवण २० स्सिणि २१ चित्त २२ विसा–ह २३ साइ २४ जिणमुक्ख नक्खत्ता ॥ ३१२ ॥

अभिजिन्मृगशीर्षार्द्रा, पुष्यपुनर्वसू च चित्राऽनुराधा ॥
ज्येष्ठामूलं पूर्वा–षाढाधनिष्ठोत्तराभाद्रपदाः ॥ ३११ ॥

रेवती रेवती पुष्यः, भरणी कृत्तिका रेवती च भरणी ॥
श्रवणोऽश्विनीचित्राविशाखा, स्वातिर्जिनमोक्षनक्षत्राणि ॥३१२॥

मयरो १ वसहो २ मिहुणो, ३ दुसु कक्कड ४ —५ कण्ह ६ दुसु अलीअ ७–८ धणू ॥ १० धणु कुंभो ११ तिसुमीणो, १२ –१३– १४ कक्कड १५ मेसो १६ वसह १७ मीणो १८ ॥ ३१३ ॥ मेसो १९ मयरो २० मेसो २१, तिसु तुल २२–२३–२४ एएउ मुक्खरासीओ ॥ कयजोगनिरोहाणं, मुक्ख-ट्ठाणा जिणाण इमे ॥ ३१४ ॥

मकरो १ वृषभो २ मिथुनो, ३ द्वयोः कर्कटः ४–५ कन्या ६ द्वयोरलि ७–८ धेनुः ९ ॥ धनुः १० कुम्भ ११ त्रिषु मीनः, १२–१३–१४ कर्कट १५ मेषौ १६ वृषभ १७ मीनौ १८ ॥ ३१३ ॥ मेषो १९ मकरो २० मेष–२१ त्रिषु तुलै–२१–२३–२४ ते तु मोक्षराशयः ॥ कृतयोगनिरोधानां, मोक्षस्थानानि जिनानामिमानि ॥ ३१४ ॥

अट्ठावयंमि उसहो, वीरो पावाइ रेवए नेमी ॥
चंपाइ वासुपुज्जो, संमेए सेसजिण सिद्धा ॥ ३१५ ॥

अष्टापदे ऋषभो–वीरोऽपापायां रैवते नेमिः ॥
चम्पायां वासुपूज्यः, सम्मेते शेषजिनाः सिद्धाः ॥ ३१५ ॥

वीरोसहनेमीणं, पलिअंकं सेसयाण उस्सग्गो ॥
पलिअंकासणमाणं, सदेहमाणा तिभागूणं ॥ ३१६ ॥

वीरर्षभनेमीनां, पर्यङ्कं शेषकाणामुत्सर्गः ॥
पर्यङ्कासनमानं, स्वदेहमानात् त्रिभागोनम् ॥ ३१६ ॥

सव्वेसि सिवोगाहण, तिभागऊणा निआसणपमाणा ॥
पुरिमंतिमाण चउदस, छट्ठा सेसाणमासतवो ॥ ३१७ ॥

सर्वेषां शिवाऽवगाहना, त्रिभागोना निजासनप्रमाणात् ॥
प्रथमान्तिमयोश्चतुर्दश, षष्ठं शेषाणां मासतपः ॥ ३१७ ॥

उसहस्स दससहस्सा, विमलस्स य छच्च सत्तणंतस्स ॥
संतिस्स नवसयाइं, मल्लिसुपासाण पंचसया ॥ ३१८ ॥

पउमस्स तिसय अडहिय, नेमिजिणिंदस्स पणसयछतीसा ।
धम्मस्स अडहियसयं, छसयाइं वासुपुज्जस्स ॥ ३१९ ॥

पासस्स तितीसमुणी, वीरस्स य नत्थि सहस सेसाणं ॥
अडतीस सहस चउसय, पणसीई सव्वपरिवारे ॥ ३२० ॥

ऋषभस्य दशसहस्रा–विमलस्य षट् च सप्ताऽनन्तस्य ॥
शान्तेर्नवशतानि, मल्लिसुपार्श्वयोः पञ्चशतानि ॥ ३१८ ॥

पद्मस्य त्रिशत्यष्टाधिका—नेमिजिनेन्द्रस्य पञ्चशतषट्त्रिंशत् ॥
धर्मस्याष्टाऽधिकशतं, षट्शतानि वासुपूज्यस्य ॥ ३१९ ॥

पार्श्वस्य त्रयस्त्रिंशत् मुनयो—वीरस्य च नास्ति सहस्रं शेषाणाम् ॥
अष्टत्रिंशत्सहस्रचतुः शतानि, पञ्चाशीतिः सर्वपरिवारः ।३२०।

**अवरण्हे सिद्धिगया—संभवपउमाभसुविहिवसुपुज्जा ॥**
**सेसा उसहाईया, सेयंसंता उ पुव्वण्हे ॥ ३२१ ॥**

**धम्मअरनमीवीरा—ऽवररत्ते पुव्वरत्तए सेसा ॥**
**पुव्वं व मुक्खअरया—सेसमवि तं तु निअनिआउ विणा ३२२**

अपराण्हे सिद्धिगताः, संभवपद्माभसुविधिवासुपूज्याः ॥
शेषा ऋषभादिकाः, श्रेयांसान्तास्तु पूर्वाण्हे ॥ ३२१ ॥

धर्माऽरनमिवीरा—अपररात्रे पूर्वरात्रे शेषाः ॥
पूर्ववन्मोक्षारकाः, शेषमपि तत्तु निजनिजाऽऽयुर्विना ॥३२२॥

**साहूणसिद्धिगमणं, असंख१अड २ चउ४ति ३संखपुरिसं५जा ॥**
**संजायमुसह १ नेमी २, पासं ३ तिम ४ सेस ५ मुक्खाओ ३२३**

साधूनां सिद्धिगमन—मसंङ्ख्याऽष्टचतुस्त्रिसंख्यपुरुषं यावत् ।
संजातमृषभनेमि—पार्श्वान्तिमशेषमोक्षेभ्यः ॥ ३२३ ॥

**तेसिं चिय नाणाओ, मुणीण गयकम्मयाण सिद्धिगमो ॥**
**अंतमुहुत्ते दु ति चउ—वरिसेसुं इगदिणाईसु ॥ ३२४ ॥**

तेषां चैव ज्ञानान्—मुनीनां गतकर्मकाणां सिद्धिगमः ॥
अंतर्मुहूर्त्ते द्वित्रिचतु—वर्षेष्वेकदिनादिषु ॥ ३२४ ॥

सुमुणि सुसावगरूवो, मुक्खपहोरयणतिगसरूवो वा ॥
सव्वजिणेहिं भणिओ, पंचविहो मुक्खविणओ वि ॥ ३२५ ॥

सुमुनिसुश्रावकरूपो–मोक्षपथो रत्नत्रिकस्वरूपो वा ॥
सर्वजिनेन्द्रैर्भणितः, पञ्चविधो मोक्षविनयोऽपि ॥ ३२५ ॥

दंसणनाणचरित्ते, तवेय तह ओवयारिए चेव ॥
एसो हु मुक्खविणओ, दुहा व गिहिमुणिकिरियरूवो ॥३२६॥

दर्शनज्ञानचारित्रं, तपश्च तथोपकारिता चैव ॥
एष हि मोक्षविनयो–द्विधा वा गृहिमुनिक्रियारूपः ॥ ३२६ ॥

पुव्वपवित्ति जिणाणं, असंखकालो इहासि जा कुंथू ॥
पासं जा संखिज्जो, वरिससहस्सं तु वीरस्स ॥ ३२७ ॥

पूर्वप्रवृत्तिर्जिनाना–मसंख्यकालोऽत्रासीदाकुंन्थु ॥
पार्श्वंयावत्संख्येयो–वर्षसहस्रं तु वीरस्य ॥ ३२७ ॥

एमेव छेअकालो, नवरं वीरस्स वीससमसहसा ॥
पासस्स नत्थि सोवा, सेससुअपवित्ति जा तित्थं ॥ ३२८ ॥

एवमेव च्छेदकालो–नवरं वीरस्य विंशतिः समाःसहस्राणि ।
पार्श्वस्य नास्ति स वा, शेषश्रुतप्रवृत्तिर्यावत्तीर्थम् ॥ ३२८ ॥

जम्माजम्मोजम्मा, सिवंसिवा जम्म मुक्खओ मुक्खो ॥
इअ चउ जिणंतराइं, इत्थ चउत्थं तु नायव्वं ॥ ३२९ ॥
इह पन्न १ तीस २ दस ३ नव ४, क्रोडिलक्खा

कोडि सहस नवइ ५ नव ६ ॥ अयरनवकोडिसय ७, नव-इकोडि ८ नवकोडि ९ इग कोडी ॥ ३३० ॥ अयरसयव-रिसछावट्ठि, लक्खछव्वीस सहस ऊण परं ॥ १० ॥ चउपन्न ११ तीस १२ नव १३ चउ १४, तिअअयरापउणपलिऊणा १५ ॥ ३३१ ॥ पलि अद्धं १६ कोडि सह–स्स वरिस ऊणोय पलिअ चउभागो १७ ॥ वरिसाण कोडि सहसो १८, लक्खा चउपन्न १९ छ २० प्पंच २१ ॥ ३३२ ॥ पउण चुलसीइ सहसा २२, अड्ढाइ सयत्ति २३ अंतर तिवीसे ॥ २४ ॥ अयरेगकोडि कोडि, बायाल सहस्सवरिसूणा ॥ ३३३ ॥

जन्मतो जन्म जन्मतः, शिवं शिवाज्जन्म मोक्षतो मोक्षः । इति चत्वारि जिनान्तरा–ण्यत्र चतुर्थं तु ज्ञातव्यम् ॥ ३२९ ॥ अत्रपञ्चाशत् १ त्रिंशद् २ दश ३ नव ४, कोटिलक्ष कोटिसह-स्रनवतिनव ॥ सागरनवकोटिशतं, नवति कोटिर्नव काटिरेक-कोटी ॥ ३३० ॥ सागरशतवर्ष षट् षष्टि–लक्ष षड्विंशतिसह-स्रोना परं ॥ चतुःपञ्चाशत् ११ त्रिशद् १२ नव १३ चतु–स्त्रयसागराः पादोनपल्योनाः १५ ॥ ३३१ ॥ पल्यार्द्धं १६ कोटिसहस्र–वर्षोनो यः पल्यश्चतुर्थभागः । १७ वर्षाणां कोटि-सहस्राणि १८, लक्ष चतुः पञ्चाशत् १९ षट् २० पञ्च २१ ॥ ३३२ ॥ पादोनचतुरशीतिसहस्राणि, सार्द्धद्विशतमित्यन्तरं त्रयो-विंशतेः ॥ सागरैककोटाकोटी, द्विचत्वारिंशत्सहस्रवर्षोना ॥ ३३३ ॥

उसहे मरीइपमुहा, सिरिवम्म निवाइया सुपासजिणे ॥
हरिसेणं विस्सभूई, सीयल तित्थंमि जिणजीवा ॥ ३३४ ॥

सेअंसे सिरिकेऊ, तिविट्ठमरुभूइ अमियतेअधणा ॥
वसुपुज्जे नंदण नं–द संख सिद्धत्थ सिरिवम्मा ॥ ३३५ ॥

सुवए रावणनारय–नामा नेमिंमि कण्हपमुहा य ।
पासे अंबड सच्चइ, आणंदा वीरिसेणियाईया ॥ ३३६ ॥

ऋषभे मरीचिप्रमुखाः, श्रीवर्मनृपादयः सुपार्श्वजिने ॥
हरिषेणविश्वभूती, शीतलतीर्थे जिनजीवौ ॥ ३३४ ॥

श्रेयांसे श्रीकेतु–स्त्रिपृष्ठमरुभूत्यमिततेजोधनाः ॥
वासुपूज्ये नन्दन नन्द–शङ्खसिद्धार्थश्रीवर्माणः ॥ ३३५ ॥

सुव्रते रावणनारद–नामानौ नेमौ कृष्णप्रमुखाश्च ॥
पार्श्वेऽम्बडसत्यक्या–नन्दा वीरे श्रेणिकादयः ॥ ३३६ ॥

सेणिय १ सुपास २ पोट्टिल ३–उदाइ ४ संखे ५ दढाउ ६ सयगे य ।
७ रेवइ ८ सुलसा ९ वीर-स्स २४ बद्धतित्थत्तणा नवओ ।३३७।

श्रेणिकसुपार्श्वपोट्टिलो–दायिशङ्खा दृढायुःशतकौ च ॥
रेवती सुलसा वीर–स्य बद्धतीर्थकृत्त्वा नव ॥ ३३७ ॥

भीमावलि १ जियसत्तू २, रुद्दो ९ विस्सानलो १० य सुपइट्ठो ११॥ अयलो १२ अ पुंडरिओ १३, अजिअधरो १४ अजिअनाभो य १५ ॥ ३३८ ॥ पेढालो १६ तह सच्चइ २४, एए रुद्दा इगारसंगधरा ॥ उसहाजिअसुविहाई, अडजिण सिरिवीरतित्थभवा ॥ ३३९ ॥

भीमावलिजितशत्रू, रुद्रो विश्वानलश्च सुप्रतिष्ठः ॥
अचलश्च पुण्डरीको–जितधरोऽजितनाभश्च ॥ ३३८ ॥

पेढालस्तथा सत्यकि–रेते रुद्रा एकादशाऽङ्गधराः ॥
ऋषभाऽजितसुविध्या–द्यष्टजिनश्रीवीरतीर्थभवाः ॥ ३३९ ॥

**जइणं सइवं संखं, वेअंतियनाहिआण बुद्धाणं ।**
**वईसेसियाण वि मयं, इमाइं सग दरिसणाइं कमा ॥३४०॥**

**तिन्नि उसहस्स तित्थे, जायाइं सीअलस्स ते दुन्नि ॥**
**दरिसणमेगं पास–स्स सत्तमं वीरतित्थंमि ॥ ३४१ ॥**

जैनं शैवं साङ्ख्यं, वेदान्तिकनास्तिकानां बौद्धानाम् ॥
वैशेषिकाणामपिमत–मिमानि सप्त दर्शनानि क्रमात् ॥ ३४० ॥

त्रीणि ऋषभस्य तीर्थे, जातानि शीतलस्य ते चोभे ॥
दर्शनमेकं पार्श्व–स्य सप्तमं वीरतीर्थे च ॥ ३४१ ॥

**अट्ठुत्तरसय सिद्धि, पूया अस्संजयाण हरिवंसो ॥**
**थीरूवोतित्थयरो, कण्हावरकंकगमणं च ॥ ३४२ ॥**

**गब्भवहारुवसग्गा, चमरुप्पाओ अभाविआ परिसा ॥**
**ससिसूरविमाणागम, अणंतकालिअ दसच्छेरा ॥ ३४३ ॥**

अष्टोत्तरशतसिद्धिः, पूजाऽसंयतीनां हरिवंशः ॥
स्त्रीरूपस्तीर्थंकरः, कृष्णाऽपरकङ्कागमनं च ॥ ३४२ ॥

गर्भापहारोपसर्गा–श्चमरोत्पातोऽभाविता परिषद् ॥
शशिसूर्यविमानागमन–मनंतकाले दशाऽऽश्चर्याणि ॥ ३४३ ॥

**सिरिरिसह सुविहिसीयल, मल्लीनेमीण कालि तित्थे वा ॥**
**अभविंसु पणच्छेरा, कमेण वीरस्स पंचऽन्ने ॥ ३४४ ॥**

श्रीऋषभसुविधिशीतल–मल्लीनेमीनां काले तीर्थे वा ॥
अभूवन् पञ्चाश्चर्याणि, क्रमेण वीरस्य पञ्चान्यानि ॥ ३४४ ॥

**गुरुलहुमज्झिमतणुणो, पुरिसा दो चउसयं च अट्ठहियं ॥**
**सिज्झंति एगसमए, सुआउ नेओ विसेसत्थो ॥ ३४५ ॥**

गुरुलघुमध्यमतनुकाः, पुरुषौद्वौ चतुःशतं चाऽष्टाधिकम् ॥
सिध्यन्त्येकसमये, श्रुताज्ज्ञेयो विशेषार्थः ॥ ३४५ ॥

**एकसमयेण जुगवं, उक्कोसोगाहणाइ जं सिद्धा ॥**
**उसहो नवनवइसुआ, भरहट्ठसुआ अ तं पढमं ॥ ३४६ ॥**

एकसमयेन युगप–दुत्कृष्टावगाहनया यत् सिद्धाः ॥
ऋषभोनवनवतिसुता–भरताष्टसुताश्चतत्प्रथमम् ॥ ३४६ ॥

**सीअलतित्थे हरिवा–सजुयलिओ पुव्ववेरिअमरेणं ॥**
**रज्जे ठविओ तत्तो, हरिवंसोसेसपयडत्था ॥ ३४७ ॥**

शीतलतीर्थे हरिव–र्षयुगलिकः पूर्ववैर्यमरेण ॥
राज्ये स्थापितस्ततो–हरिवंशः शेषं प्रगटार्थम् ॥ ३४७ ॥

**चक्की भरहो सगरो, मघवं सणंकुमरसंतिकुंथुअरा ॥**
**सुभुममहपउम हरिसे–ण जयनिवोबंभदत्तोअ ॥ ३४८ ॥**

चक्री भरतः सगरो, मघवा सनत्कुमारशान्ती कुंथुररः ॥
सुभूमो महापद्मो–हरिषेणो जयनृपो ब्रह्मदत्तश्च ॥ ३४८ ॥

**विण्हु तिविट्ठु दुविट्ठू, सयंभुपुरिसुत्तमेपुरिससीहे ॥**
**तहपुरिसपुंडरीए, दत्ते लक्खमण कण्हेअ ॥ ३४९ ॥**

विष्णुस्त्रिपृष्ठो द्विपृष्ठः, स्वयम्भूः पुरुषोत्तमः पुरुषसिंहः ॥
तथा पुरुषपुण्डरीको–दत्तो लक्ष्मणः कृष्णश्च ॥ ३४९ ॥

**हरिजिट्ठभायरोनव, बलदेवा अयल विजयभद्दाअ ॥**
**सुप्पहसुदंसणाणं–दनंदणा रामबलभद्दा ॥ ३५० ॥**

हरिज्येष्ठभ्रातरो नव, वलदेवा अचलविजयभद्राश्च ॥
सुप्रभसुदर्शनान–न्दनन्दना रामबलभद्रौ ॥ ३५० ॥

चउपन्नुत्तमपुरिसा, इह एए हुंति जीवपन्नासं ॥
नवपडिविण्हूहि जुआ–तेसट्ठि सिलागपुरिस भवे ॥३५१॥
चतुःपञ्चाशदुत्तमपुरुषा–अत्रैते भवन्ति जीवपञ्चाशत् ॥
नवप्रतिविष्णुभिर्युक्ता–स्त्रिषष्टिः शलाकापुरुषा भवेयुः ॥ ३५१ ॥

ते आसगीव तारय, मेरय महुकेढवे निसुंभेअ ॥
बलिपहराए तह रा–वणे अ नवमे जरासिंधू ॥ ३५२ ॥
तेऽश्वग्रीवस्तारको–मेरकोमधुकैटभौ निशुम्भश्च ॥
बलिः प्रल्हादस्तथा रा–वणश्च नवमोजरासिन्धुः ॥ ३५२ ॥

कालंमि जे जस्स जिणस्स जाया, ते तस्स तित्थंमि जिणंतरे जे ॥
नेआउ ते तीअ जिणस्स तित्थे, निएहिं नामेहिं कमेण एवं॥३५३॥
काले हि ये यस्य जिनस्य जाता–स्ते तस्य तीर्थे च जिनान्तरे ये ॥
ज्ञेयास्तुतेऽतीताजिनस्य तीर्थे-निजेन नाम्नाऽनुक्रमेण एवम् ॥३५३॥

दो तित्थेस सचक्कि अट्ठअ जिणा तो पंच केसीजुआ,
तो चक्काहिव तिन्निचक्कि अ जिणा तोकेसिचक्की हरी ॥
तित्थेसोइगुतोसचक्कि अ जिणो केसी सचक्की जिणो,
चक्की केसवसंजुओ जिणवरो चक्कीअ तो दो जिणा ॥३५४॥
द्वौ तीर्थेशौ सचक्रिणावष्ट च जिनास्ततः पञ्च केशियुता–
स्ततश्चक्राधिपौ त्रयश्चक्रिणश्च जिनास्ततः केशीचक्रीहरिः ॥
तीर्थेशएकस्ततः सचक्री च जिनस्ततः केशी सचक्री जिन–
श्चक्रीकेशवसंयुतो जिनवरश्चक्री ततो द्वौ जिनौ ॥ ३५४ ॥

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| जिन | ऋषभ | अजित | संभव | अभिनंद | सुमति | पद्म | सुपार्श्व | चंद्र | सुविधि | शीतल | श्रेयांस |
| चक्रि | भरत | सगर | ० | ० | ० | ० | ० | ० | ० | ० | ० |
| हरि | ० | ० | ० | ० | ० | ० | ० | ० | ० | ० | त्रिपृष्ठ |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| जिन | वासुपूज्य | विमल | अनन्त | धर्म | ० | ० | शान्ति | कुंथु | अर | ० |
| चक्रि | ० | ० | ० | ० | मघवा | सनत् | शान्ति | कुंथु | अर | ० |
| हरि | द्विपृष्ट | स्वयंभू | पुंरुषोत्तम | पुरुषसिंह | ० | ० | ० | ० | ० | पुरुषोत्तमपुंडरीक |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| जिन | ० | ० | मल्लि | मुनिसु० | ० | नमि | ० | नेमि | ० | पार्श्व | महावीर |
| चक्रि | सुभूम | ० | ० | पद्म | ० | हरि | जय | ० | ब्रह्मदत्त | ० | ० |
| हरि | ० | दत्त | ० | ० | नारायण | ० | ० | कृष्ण | ० | ० | ० |

इह बिसयरि-सयरेहा, उड्ढं तिरिअं तु ठवसु सगवीसा ॥
इगसयरि सउ छवीसा, घरंकभवमाइसंखकए ॥ ३५५ ॥
इह द्विसप्ततिशतं रेखा—ऊर्द्धास्तिरश्चीस्तु स्थापय सप्तविंशतिम् ।
एकसप्ततिशतषड्विंशति—गृहाणि भवादिसंख्याकृते ॥ ३५५ ॥
सुहगहणदाणगाहण—धारणपुच्छणकएत्ति संगहिआ ।
जिणसतरिसयं ठाणा—जहासुअं धम्मघोससूरीहिं ॥ ३५६ ॥
सुखग्रहणदानग्राहण—धारणपृच्छनकृते संगृहीतानि ॥
जिनसप्ततिशतं स्थानानि, यथाश्रुतं धर्मघोषसूरिभिः ॥३५६॥
जं मइमोहाइवसा, ऊणं अहियंव इह मए लिहिअं ॥
तं सुअहरेहिं सव्वं, खमियव्वं सोहियव्वं च ॥ ३५७ ॥
यन्मतिमोहादिवशात्, न्यूनमधिकं वाऽत्र मया लिखितम् ॥
तच्छ्रुतधरैश्च सर्वं, क्षन्तव्यं शोधितव्यं च ॥ ३५७ ॥
तेरहसयसगसीए, लिहिअमिणं सोमतिलयसूरीहिं ॥
अब्भत्थणाए हेम—स्स संघवइरयणतणयस्स ॥ ३५८ ॥
त्रयोदशशतसप्ताशीतितमे, लिखितमिदंसोमतिलकसूरिभिः ॥
अभ्यर्थनया हेम—स्यसंघपतिरत्नतनयस्य ॥ ३५८ ॥
सतरिसयपमाणे जो जिणाणेअ ठाणे,
पढइ सुणइ झाणे ठावए वा पहाणे ॥
लहुदरिसण नाणे पाविऊणं अमाणे,
परमसुहनिहाणे जाइ सो सिद्धिठाणे ॥ ३५९ ॥
सप्ततिशतप्रमाणानि यो जिनस्थानकानि,
पठति शृणोति ध्याने स्थापयेद्वा प्रधाने ॥

लघु दर्शनज्ञाने प्राप्य मानेन हीने,
परमसुखनिधाने यात्यसौ सिद्धिधाम्नि ॥ ३५९ ॥

सप्ततिशतकस्थान–च्छायेयं विहिता शुभा ।
बुद्धिप्रभाविनी जीयात्–ऋद्धिसागरसूरिणा ॥

## प्रशस्तिः

श्रीमन्महावीरजिनेन्द्रशासने, प्रशस्तिपात्रं तपगच्छपादपः ।
अनेकशाखाभिरसौ विराजते, सद्धर्मसुस्वादुफलप्रदायकः ॥१॥
तदीयसच्छायसमाश्रितोऽभू–च्छ्रीहीरसूरिर्जगदेकपूज्यः ।
पट्टे तदीये च परम्परातः, संवेगिमुख्योमुनिनेमिसागरः ॥२॥
तत्पादपङ्केरुहषट्पदश्रीः, सम्यक्क्रियोद्धारविधानदक्षः ।
लक्षीकृताऽऽत्मोन्नतिधर्मधीरो–निर्मानमोहोरविसागरोऽभूत्॥३॥
तच्छिष्यमुख्यः सुखसागरः सुधी–श्चारित्रचूडामणिशान्तमानसः
व्यराजताऽखण्डितशुद्धभावनः, सम्यक्त्वतत्त्वार्थविदांसुसम्मतः
तत्पट्टपूर्वाचलतिग्मरश्मिः, परःशतग्रन्थविधायकोऽभूत् ।
योगीन्द्रपूज्यः क्षतकर्मराशिः, कृतावधानः शिवदक्रियायाम् ।५।
सर्वेषु जीवेषु समानभावः, श्रीबुद्धिपाथोनिधिसूरिवर्यः ।
यद्वाचनाम्भोनिधिमज्जनेन, जातं पवित्रं जगदण्डमेतत् ॥६॥
तत्पट्टपूर्वाचलभानुमाली, बभूव श्रीमानजिताऽब्धिसूरिः ।
गुरुप्रतापेन ततान सोऽपि, ग्रन्थाननल्पान् स्वमतिप्रभावात् ।७।
तच्छासने श्रीयुतबुद्धिसूरि--क्रमाऽब्जरेणूदधि ऋद्धिसूरिः ।
छायार्थवादं सुगमं ततान, सुखाऽवबोधाय सतां जनानाम् ॥८॥

॥ **समाप्तः** ॥

॥ श्रीमद्योगनिष्ठपरमगुरुबुद्धिसागरसूरीश्वरेभ्योनमः ॥

# આત્મ ભાવના.

( સંયોજક મુનિ જયસાગરજી. )

ॐ अर्हम्

पन्नगे च सुरेन्द्रे च कौशिके पादसंस्पृशि ।
निर्विशेषमनस्काय श्रीवीरस्वामिने नमः ॥ १ ॥

बन्धुर्न नः स भगवान् रिपवोऽपि नान्ये,
साक्षान्न दृष्टचर एकतमोऽपि चैषाम् ।
श्रुत्वा वचः सुचरितं च पृथग्विशेषं,
वीरं गुणाऽतिशयलोलतया श्रिताः स्मः ॥ १ ॥

ભાવાર્થ:—શ્રી મહાવીર ભગવાન્ અમારા બંધુ નથી તેમજ અન્ય ( દેવો ) પણ અમારા શત્રુ નથી, એમાંનો કોઇ એકપણ પૂર્વે સાક્ષાત્ જોયેલ નથી, પરંતુ વચન અને સુચરિતની વિશેષ ભિન્નતા સાંભળી અધિક ગુણોની લોલુપતા વડે મહાવીર દેવનો અમોએ આશ્રય લીધો છે. ॥ ૧ ॥

पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु ।
युक्तिमद्वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ॥ २ ॥

**ભાવાર્થ:**—શ્રી વીરપ્રભુને વિષે મ્હારો પક્ષપાત નથી તેમજ કપિલાદિકને વિષે દ્વેષ નથી, પરંતુ જેનું યુક્તિ મત્–શાસ્ત્ર સંમત–અવિરૂદ્ધ વચન હોય તે દેવનો સ્વીકાર કરવો. ॥ ૨ ॥

**હરિભદ્રસૂરિ**

**स्वागमं रागमात्रेण, द्वेषमात्रात् परागमम् ।**
**न श्रयामस्त्यजामो वा, किन्तु मध्यस्थया दृशा ॥ ३ ॥**

**ભાવાર્થ:**—માત્ર રાગથી પોતાના આગમનો અમે આશ્રય કરતા નથી અને દ્વેષમાત્રથી પર આગમનો ત્યાગ કરતા નથી, પરંતુ મધ્યસ્થ દૃષ્ટિવડે સ્વીકાર અને અનાદર કરીએ છીએ. ॥ ૩ ॥

**યશોવિજય ઉપાધ્યાય**

**स्याद्वादो वर्त्तते यस्मिन्, पक्षपातो न विद्यते ।**
**नास्त्यन्यपीडनं किञ्चित्, जैनधर्मः स उच्यते ॥ ४ ॥**

**ભાવાર્થ:**—જેની અંદર સ્યાદ્વાદ–અનેકાંતવાદ રહેલો હોય તેમજ પક્ષપાત ન દેખાતો હોય અને કિંચિત્ માત્ર પણ અન્ય પ્રાણીઓનું પીડન ન હોય તે જૈન ધર્મ કહેવાય છે. ॥ ૪ ॥

**महाव्रतधरा धीरा–भैक्ष्यमात्रोपजीविनः ।**
**सामायिकस्था धर्मोप–देशका गुरवो मताः ॥ ५ ॥**

**ભાવાર્થ:**—પંચ મહાવ્રતને ધારણ કરનાર, ધૈર્યવાન્, બેતાલીસ દોષ રહિત એવી ભિક્ષા માત્રથી જીવન કરનારા, આઠ પ્રકારના સામાયિક વ્રતમાં રહેલા અને ધર્મના ઉપદેશ–કરનારા હોય તેઓ ગુરૂઓ માનેલા છે. ॥ ૫ ॥

**યોગશાસ્ત્ર.**

आत्मीयः परकीयो वा, कः सिद्धान्तो विपश्चिताम् ।
दृष्टेष्टाऽबाधितो यस्तु, युक्तस्तस्य परिग्रहः ॥ ६ ॥

**ભાવાર્થ:**—વિદ્વાન્ પુરૂષોને પોતાનો અથવા પારકા સિદ્ધાંતનો ભેદ હોતો નથી, સર્વત્ર દષ્ટ, ઇષ્ટ અને અબાધિત–બાધ રહિત જે સિદ્ધાંત યુક્તિ યુક્ત હોય તેનો સ્વીકાર કરવો યોગ્ય છે. ॥ ૬ ॥

मा कार्षीत् कोऽपि पापानि, मा च भूत्कोऽपि दुःखितः ।
मुच्यतां जगदप्येषा, मतिर्मैत्री निगद्यते ॥ ७ ॥

**ભાવાર્થ:**—કોઇ પણ પ્રાણી પાપ કર્મો મા કરો, કોઈ પણ પ્રાણી દુઃખી ન થાઓ અને સર્વ જગત્ પણ દુઃખથી મુક્ત થાઓ આવા પ્રકારની જે બુદ્ધિ તે મૈત્રી કહેવાય છે. ૭

अपास्ताऽशेषदोषाणां, वस्तुतत्त्वाऽवलोकिनाम् ।
गुणेषु पक्षपातो यः, स प्रमोदः प्रकीर्त्तितः ॥ ८ ॥

**ભાવાર્થ:**—નષ્ટ થયા છે સમગ્ર દોષ જેમના અને સત્ય વસ્તુ તત્ત્વના અવલોકનાર એવા પુરૂષોના ગુણોમાં જે પક્ષપાત કરવો તે પ્રમોદ ભાવના કહી છે. ૮

दीनेष्वार्त्तेषु भीतेषु, याचमानेषु जीवितम् ।
प्रतीकारपरा बुद्धिः, कारुण्यमभिधीयते ॥ ९ ॥

**ભાવાર્થ:**—દીન–દુઃખી, આર્ત્ત–રોગી, ભીત–બીકણ અને જીવિતની યાચના–પ્રાર્થના કરનારાઓને વિષે ઉપકારની બુદ્ધિ રાખવી તેને કારૂણ્ય–કરૂણા ભાવના કહે છે. ૯

क्रूरकर्मसु निःशङ्कं, देवतागुरुनिन्दिषु ।
आत्मशंसिषु योपेक्षा, तन्माध्यस्थ्यमुदीरितम् ॥ १० ॥

**ભાવાર્થ**:—ક્રૂર કર્મોમાં, તેમજ દેવ અને ગુરૂઓની નિંદા કરનારાઓમાં અને પોતાની પ્રશંસા કરનારાઓ વિષે નિઃશંકપણે જે ઉપેક્ષા કરવી તેને માધ્યસ્થ્ય ભાવના કહી છે. ૧૦

( યોગ શાસ્ત્ર ).

तदेव हि तपः कार्यं, दुर्ध्यानं यत्र नो भवेत् ।
येन योगा न हीयन्ते, क्षीयन्ते नेन्द्रियाणि च ॥ ११ ॥

**ભાવાર્થ**:—જેની અંદર દુર્ધ્યાન–આર્ત્ત અને રૌદ્રધ્યાન ન થાય વળી જેથી યોગો હણાય નહી અને ઇંદ્રિયો પણ ક્ષીણ ન થાય તેવીજ ખરેખર તપશ્ચર્યા કરવી. ૧૧

( મહોપાધ્યાય યશોવિજયજી. )

ज्ञानक्रियाभक्तितपःप्रयोजनं,
समस्ति खल्वेकमिदं जगत्त्रये ।
मनःसमाधौ हि समस्तकर्मणां,
निर्मूलनादात्मगुणप्रकाशनम् ॥ १२ ॥

**ભાવાર્થ**:—ત્રણે લોકમાં જ્ઞાન, ક્રિયા, ભક્તિ અને તપશ્ચર્યાનું પ્રયોજન માત્ર આ એકજ છે કે ચિત્તની સમાધિ થયે છતે સમસ્ત કર્મનો નાશ થવાથી આત્મિક ગુણોનો પ્રકાશ થાય છે. ૧૨

अनन्नदेसजाया–अनन्नाहारवड्ढिअसरीरा ।
जिणवयणे पयन्ना–सव्वे ते बन्धुआ भणिआ ॥ १३ ॥

**ભાવાર્થ:**—અન્ય અન્ય દેશોમાં જન્મેલા, અન્ય અન્ય આહારથી વૃદ્ધિ પામેલા શરીરવાળા અને જિન ભગવાનના વચનોને માનનાર હોય તે સર્વે બંધુઓ કહ્યા છે. ૧૩

यो धर्मशीलो जितमानरोषो—
विद्याविनीतो न परोपतापी,
स्वदारतुष्टः परदारवर्जी;
न तस्य लोके भयमस्ति किञ्चित् ॥ १४ ॥

**ભાવાર્થ**—જે પુરૂષ ધર્મશીલ હોય, તેમ જ માન અને રોષ-ક્રોધ જેણે જીત્યા હોય, વળી વિદ્યાને લીધે જે વિનયવાન્ હોય અન્ય પ્રાણીને ઉપતાપ-પીડા કરનાર ન હોય, પોતાની સ્ત્રી વિષે સંતુષ્ટ હોય અને પરસ્ત્રીનો ત્યાગી હોય તેને આ જગત્માં કિંચિત્ માત્ર પણ ભય નથી. ૧૪.

नाऽऽशाम्बरत्त्वे न सिताम्बरत्त्वे,
न तर्कवादे न च तत्त्ववादे ।
न पक्षसेवाश्रयणे न मुक्तिः;
कषायमुक्तिः किलमुक्तिरेव ॥ १५ ॥

**ભાવાર્થ**—દિગંબરપણામાં તેમ જ શ્વેતાંબરપણામાં, તર્કવાદમાં, તત્ત્વવાદમાં અને પક્ષપાતનો આશ્રય કરવામાં મોક્ષ નથી, કિંતુ કષાયોની મુક્તિ એ જ ખરેખર મુક્તિ-મોક્ષ છે. ૧૫.

ભવ્યાત્માઓ ! આત્મભાવના-આત્મવિચારણા એ જ દરેકનું કર્ત્તવ્ય છે. નિશ્ચય દૃષ્ટિને હૃદયમાં રાખી જે વ્યવહારનું પાલન કરે છે તે પુણ્યવંત આત્મા આત્મભાવના ભાવતો આત્મસિદ્ધિ કરે છે, સ્વસ્વરૂપની પ્રાપ્તિથી અધિક મેળવવાનું આ દુનીયામાં અન્ય

કંઈ અવશેષ નથી. આત્માની જ્ઞાનાદિક અખંડ સંપત્તિ પ્રાપ્ત કરી ભવ્યાત્માઓ બાહ્ય સંપત્તિઓથી નિ:સ્પૃહ બને છે. દેવેંદ્ર અને ચક્રવર્ત્તીઓથી પણ તેઓ અધિક સુખી હોય છે. (निःस्पृहस्य तृणवत् जगद्भासते) નિ:સ્પૃહતાનું મૂળ કારણ આત્મભાવના છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રયુક્ત હું આત્મા અદ્વિતીય-એક છું, પુદ્ગલભાવથી ભિન્ન છું, નિશ્ચયનયથી અને સંગ્રહનયની અપેક્ષાએ હું શુદ્ધ છું, બુદ્ધ છું અને પરિપૂર્ણ છું. મ્હારૂં શુદ્ધ સ્વરૂપ જ્ઞાન, દર્શન અને ચારિત્રમય છે, નિશ્ચયનયે વિપાક કર્મથી જુદો છું, હું અસંખ્યાત પ્રદેશી આત્મા છું. કાયા માયા આદિ વિનશ્વર ધર્મોથી અલગ છું. હું સ્ત્રી પુરૂષ અને નપુંસક વેદ રહિત-અવેદી છું. વળી હું અરૂપી, અમૂર્ત્ત અવિનાશી અને અખંડ જ્યોતિ સચ્ચિદાનંદ સ્વરૂપ છું. આધિ વ્યાધિ અને ઉપાધિથી મુક્ત છું. તેમ જ શુદ્ધ બ્રહ્મ રૂપ છું છતાં હું અનાદિ કાળથી મિથ્યા પ્રવૃત્તિને લીધે વ્યવહારથી દુ:ખ ભોગવું છું, મ્હારા જન્મમરણનું કારણ તો અજ્ઞાનતા છે, અજ્ઞાનતાથી કરેલાં કર્મો અજ્ઞાનતાએ ભોગવ્યાં તેથી સંસાર વધાર્યો. મ્હેં મ્હારી ભૂલ જાણી નહીં તેથી દુ:ખના પ્રસંગો ભોગવ્યા. જ્ઞાનની બલિહારી છે, કહ્યું છે કે—

જ્ઞાન સમાન ધન નહીં, સમતા સમું નહીં સુખ;
જીવન સમી આશા નહીં, લોભ સમું નહીં દુ:ખ. ॥ ૧ ॥

જ્ઞાની પુરૂષો શ્વાસોશ્વાસમાં કઠિન કર્મોનો નાશ કરે છે, નિશ્ચયથી હું અક્રોધી, અમાની, અમાયી, અલોભી, અદ્વેષી, અખેદી, અછેદી, અભેદી એવો સિદ્ધ સ્વરૂપી છું, જ્ઞાનિ પુરૂષોએ સત્તાએ આત્માને સિદ્ધ સમાન કહ્યો છે. જ્યારે તેવા ભાવને જાણી કર્મવિપાકથી અલગ થઇશ ત્યારે તેવા ગુણ પ્રગટ થશે. માટે કર્મનું સ્વરૂપ

જાણીને તે ક્રોધાદિ કષાયોથી પાછો ફરીશ ત્યારે જ આત્મધર્મ પ્રગટ થશે. અનાદિ કાળથી આત્મા પાંચ ઇંદ્રિયોની વિષયવાસનાથી તથા તેમાં લુબ્ધપણું હોવાથી તથા અઢાર પાપસ્થાનક, નોકષાય તથા પરભાવ દશાથી મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને પ્રમાદ એ કર્મબંધના હેતુથી અલગ ન થાઉં ત્યાં સુધી સંસાર છે અને સંસાર એજ દુઃખનું કારણ છે. માટે એમ જાણી હે આત્મન્ ! તું ત્હારા શુદ્ધ ધર્મનો વિચાર કર અને તેમાંજ સદા મગ્ન રહે, જેથી તું સદા આનંદ ભોગવીશ. શુદ્ધ આનંદ એજ આત્માનો સાક્ષાત્કાર છે. અનાદિકાળથી દ્રવ્યસુખ તેમજ દ્રવ્ય ધન મેળવવા હંમેશાં ત્હેં ઝંખના કરી છે. પરંતુ ખરૂં સુખ અને ખરૂં ધન તો ભાવ છે તે ત્હારી સત્તામાં રહેલું છે. ત્હેં તે મેળવવા ઉપયોગ કર્યો નથી તેથી તું અસંભવિત નાશવંત દ્રવ્ય-ધન તેની લાલચમાં પડીને અસંતોષી થઈ પાપસ્થાનક સેવતો પુદ્ગલ વસ્તુ પોતાની નહીં છતાંય પોતાની માનતો તેમાં આસક્ત થઈ કર્મરૂપી શુભાશુભ વર્ગણાઓનો ભાર લઇને ફોગટ ભારે થાય છે. હે આત્મા " ચેત ચેત કાળ ઝપાટા લેત " તું ત્હારા શત્રુઓની સાથે રહે છે તેથી ત્હને સુખને બદલે દુઃખજ મળશે. માટે હે આત્મા ! તું ત્હારૂં શરણ સ્વીકાર. સાચું શરણ એક વીતરાગજ છે, બીજા કોઈ શરણ કરવા યોગ્ય નથી, વીતરાગની ઉપાસનાથી નાગકુમારને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. રાવણે તીર્થંકર ગોત્ર બાંધ્યું દમયંતી આદિ મહાસતીઓએ સમ્યકત્વની પ્રાપ્તિ અને સુખો મેળવ્યાં.

વીતરાગના ધ્યાનથી વીતરાગતા પ્રાપ્ત થાય છે.

" नात्यद्भुतं भुवनभूषणभूत ! नाथ !,
भूतैर्गुणैर्भुवि भवन्तमभिष्टुवन्तः ।

तुल्या भवन्ति भवतो ननु तेन किंवा,
भूत्याश्रितं य इह नात्मसमं करोति " ॥ १ ॥

( भक्तामरश्लो. १० )

**ભાવાર્થ**—જગત્‌ના અલંકારભૂત–સમાન એવા હે નાથ! સત્ય–શ્રેષ્ઠ ગુણોવડે આ દુનિયામાં આપની સ્તુતિ કરતા ભવ્યાત્માઓ આપના સરખા થાય છે, એમાં સંશય નથી, અથવા તેથી શું ? આલોકમાં જે પ્રભુ આશ્રિતજનને સમૃદ્ધિવડે પોતાના સમાન શું નથી કરતા! અર્થાત્ કરે છે. એમ જાણી જિન ધર્મ અને ગુણી પુરૂષોના વચનમાંજ તું આદર કર.'

" सद्गुणेष्वादरः कार्यः, कलानां शिक्षणे तथा ।
अर्हत्प्रणीतधर्मे च, विद्यायां विनये नये ॥ १ ॥ "

" શ્રેષ્ઠ ગુણોમાં સર્વોત્તમ ધર્મકલાઓ શીખવામાં તેમજ અરિહંતે પ્રરૂપેલ ધર્મમાં, વિદ્યા વિનય અને નીતિમાં આદર કરવો યોગ્ય છે."

વળી શુદ્ધ ભાવથી ભાવના કર, શુદ્ધ પ્રેમ ત્હારામાંજ તું રાખ. તેથી ત્હારૂં કલ્યાણ થશે. સાચા સુખનું કારણ પણ એજ છે. બાકી કેવળ વિટંબનાની જાળ છે. સંસારમાં જન્મ મરણ કર્માધીન છે, જે જે અંશે કર્માધીન સ્વરૂપનો અનુભવ તું કરીશ. તેટલા અંશે કર્મનો વિનાશ કરી શકીશ. બાર ભાવના અને દશ વિધ યતિ ધર્મને સમજવો જોઈએ. ભાવના ભાવવાથી સંસાર મોહ છુટે છે. અને યતિધર્મ આદરવાથી શ્રેય થાય છે. અનિત્ય ભાવના ( ૧ ) અશરણ ભાવના ( ૨ ) સંસાર ભાવના ( ૩ ) એકત્વ ભાવના ( ૪ ) અન્યત્વ ભાવના ( ૫ ) અશુચિ ભાવના ( ૬ ) આશ્રવ ભાવના

(૭) સંવર ભાવના (૮) નિર્જરા ભાવના (૯) લોક ભાવના (૧૦) બોધિ ભાવના (૧૧) ધર્મ ભાવના (૧૨) "યતિધર્મ— ક્ષમા (૧) માર્દવ (૨) આર્જવ (૩) મુક્તિ (લોભથી મુક્ત થવું) (૪) તપ (૫) સંયમ (૬) સત્ય (૭) શૌચ (૮) આકિંચન્ય (૯) બ્રહ્મચર્ય (૧૦) આ દશ ધર્મ મહાન્ પુણ્યશાલી આત્માને પ્રાપ્ત થાય છે. હે આત્મન્! તું સદા દશ ધર્મો મેળવવા યત્ન કર. હે આત્મન્ ભાવ મરણ ક્ષણે ક્ષણે થાય છે અકામ મરણ આ જીવે ઘણીવાર કર્યા માટે એને અટકાવવા પ્રયત્ન કર. સકામ મરણ કર, જેથી ફરી જન્મ મરણ ન થાય. અણસણનો પારણામ રાખવો. આત્મા નિર્જરા કરી મોક્ષ પ્રાપ્ત કરી શકે અનેક મહાત્માઓએ આત્મસાક્ષીએ ગુરૂ સામે આલોચના કરી આત્મશુદ્ધિ કરી છે. પંચવિધ સ્વાધ્યાય કરવો. નિંદા, વિકથા, પ્રમાદ આદિ પંચ મિથ્યાત્વ દૂર કરવા પ્રવૃત્તિ કર. નયની અપેક્ષાએ નવતત્ત્વ, ચાર નિક્ષેપ, પ્રમાણ, ષટ્દ્રવ્ય અને સપ્તભંગી એ સર્વ જાણવાં. યોગ્ય વસ્તુને જાણીશ તો ત્હારૂં સ્વરૂપ સ્વયમેવ ત્હને સમજાશે. ત્હારૂં તું શુદ્ધ દર્શન પામ્યો નથી ત્યાં સુધી સુદેવ સુગુરૂ અને સુધર્મની સાચી સેવા ભક્તિ અને આરાધના થઇ નહીં,શકે સમ્યકત્વ વિનાની ક્રિયા એકડા વિનાના મિંડાની માફક નિષ્ફલ નીવડે છે. સમક્તિથીજ સદ્ગુણની પ્રાપ્તિ થાય છે અને સદ્ગુણની પ્રાપ્તિથી સમદૃષ્ટિપણું પ્રાપ્ત થાય છે.

સમદૃષ્ટિ આત્માજ મૈત્રી, પ્રમોદ, કરૂણા તથા માધ્યસ્થ્ય એ ચાર ભાવનાઓને વસ્તુતઃ ભાવી શકે છે. ચાર મહાન્ ભાવનાનું સ્વરૂપ શાસ્ત્રકાર એકજ શ્લોકમાં દર્શાવે છે.

" परहितचिन्ता मैत्री, परदुःखविनाशिनी करुणा ।
परसुखतुष्टिर्मुदिता, परदोषोपेक्षणमुपेक्षा " ॥ १ ॥

**ભાવાર્થ**—"અન્ય લોકોના હિતનું ચિંતવન કરવું તે મૈત્રી ભાવના તેમજ પરના દુઃખને વિનાશ કરનારી ચિંતા તે કરૂણા ભાવના, પર-અન્ય પ્રાણીઓના સુખમાં સંતોષ માનવો તે મુદિતા ભાવના, અને પારકા દોષોનું વિસ્મરણ કરવું તે ઉપેક્ષા ભાવના એમ ચાર પ્રકારનું ભાવના સ્વરૂપ જાણવું. ૧

"સર્વ મિત્ર કરી ચિંતવો સાહેલડીરે, કોઇ ન જાણે શત્રુ તો;
રાગદ્વેષ એમ પરિહરી સાહેલડીરે, કીજે જન્મ પવિત્રતો."

સમપરિણામી આત્મા હંમેશાં ઉચ્ચ દશા પ્રાપ્ત કરવાની ભાવના ભાવ્યા કરે છે. તેમજ યોગશાસ્ત્રમાં કહ્યું છે કે-

त्यक्तसंगो जीर्णवासा—मलक्लिन्नकलेवरः ।
भजन्माधुकरीं वृत्तिं, मुनिचर्यां कदा श्रये ? " ॥ १ ॥

**ભાવાર્થ**—ત્યાગ કર્યો છે સાંસારિક સંગ જેણે, તેમજ જીર્ણ છે વસ્ત્ર જેનાં, વળી મળવડે વ્યાપ્ત છે શરીર જેનું, અને માધુકરી વૃત્તિ (ગોચરી) ને સેવતો એવો હું મુનિચર્યાનો ક્યારે આશ્રય કરીશ ?

त्यजन् दुःशिलसंसर्गं, गुरुपादरजः स्पृशन् ।
कदाऽहं योगमभ्यस्यन्, प्रभवेयं भवच्छिदे ? ॥ २ ॥

**ભાવાર્થ**—દુઃશીલ-દુષ્ટસ્વભાવ, અથવા દુરાચારીઓના સંસર્ગનો ત્યાગ કરતો, તેમજ ગુરૂમહારાજના ચરણરજનો સ્પર્શ કરતો અને યોગનો અભ્યાસ કરતો એવો હું સંસારનો છેદ કરવા માટે ક્યારે શક્તિમાન્ થઈશ ? ૨

महानिशायां प्रवृते, कायोत्सर्गे पुराद्बहिः
स्तंभवत्स्कन्धकषणं, वृषाः कुर्युः कदा मयि ॥ ३ ॥

**ભાવાર્થઃ**—મહારાત્રિમાં નગરથી બહાર કાયોત્સર્ગમાં પ્રવૃત્ત-સ્થિર રહેલા અડોલ આસને રહેલા મ્હારા વિષે વૃષભો (બળદો) સ્તંભની માફક સ્કંધ ઘર્ષણ ક્યારે કરશે? ॥૩॥

**वने पद्मासनासीनं, क्रोडस्थितमृगार्भकम् ।**
**कदाऽऽघ्रास्यन्ति वक्त्रे मां, जरन्तो मृगयूथपाः ॥ ४ ॥**

**ભાવાર્થઃ**—વનની અંદર પદ્માસનવાળી બેઠેલો અને જેના ખોળામાં મૃગલાઓનાં બાળકો રહેલાં છે એવો મ્હને મુખને વિષે વૃદ્ધમૃગોના ટોળાંના અધિપતિઓ ક્યારે સુંઘશે? ॥ ૪ ॥

**शत्रौ मित्रे तृणे स्त्रैणे, स्वर्णेऽश्मनि मणौ मृदि ।**
**भवे मोक्षे भविष्यामि,—निर्विशेषमतिः कदा ॥ ५ ॥**

**ભાવાર્થઃ**—શત્રુ અને મિત્રમાં, તૃણ અને સ્ત્રી સમૂહમાં સુવર્ણ અને પાષાણમાં, મણિ અને મૃત્તિકામાં તેમજ સંસાર અને મોક્ષમાં સમાન બુદ્ધિવાળો હું ક્યારે થઇશ? ॥ ૫ ॥

**"कश्चित्कालः स भावी जिनवचनरतो यत्र युक्तो यतीन्द्रै—**
**र्ग्रामादौ मासकल्पं स्वजनजनसमो मुक्तलोभाऽभिमानः ।**
**पुण्यां पुण्याऽतिशायिप्रवरगुणयुतैर्ज्ञानिभिः सेवितां तां,**
**भिक्षां निःसंगचेताः प्रशमरसरतोऽहं भ्रमिष्याम्यजस्रम् " ॥६॥**

**ભાવાર્થઃ**—તેવા પ્રકારનો કોઇ સમય આવશે? કે જેની અંદર જીનેશ્વર ભગવાન કથિત વચનો—આગમ સિદ્ધાન્તોમાં પ્રીતિવાળો, તેમજ સ્વજન અને અન્યજનમાં સમાન દૃષ્ટિવાળો, લોભ અને અભિમાનથી રહિત, પૌદ્ગલિક સંગ રહિત છે ચિત્ત જેનું અને પ્રશમ—શાંતરસમાં રક્ત—પ્રીતિમાન્ એવો હું ગ્રામાદિકને વિષે મુનીંદ્રો સાથે માસ કલ્પ કરીને પુણ્યના અતિશય

વાળા ઉત્તમ ગુણો વડે યુક્ત એવા જ્ઞાની મહાત્માઓએ સેવેલી-આદર કરેલી પવિત્ર તે પ્રસિદ્ધ ભિક્ષા પ્રત્યે અર્થાત્ ભિક્ષામાટે હંમેશાં ભ્રમણ ક્યારે કરીશ ? ॥ ૬ ॥

गुप्तो मानविवर्जितो व्रतरतः षट्कायरक्षोद्यतः,
कृत्वा साधुविहारितां शमरसो निःसङ्गचित्तः क्षमी ।
त्यक्त्वाऽहङ्कृतिनिश्चलेन मनसा ध्यायन् पदं नैर्वृत्तं,
स्थास्येऽहं तु कदा शिलातलगतो भव्याय मार्गं दिशन् ॥७॥

**ભાવાર્થ:**—" મન-વચન અને કાયાથી ગુપ્ત, માન રહિત, પંચ મહાવ્રતોમાં રક્ત-પ્રીતિમાન્, ષટ્કાયની રક્ષામાં ઉદ્યમ-શીલ, સાધુના આચાર પ્રમાણે વિહાર કરી શાંત ભાવનામાં રસ માનતો, સર્વથા પૌદ્ગલિક સંગથી વિમુક્ત ચિત્તવાળો, ક્ષમાવાન્, અહંકાર રહિત નિશ્ચલ મનવડે નિવૃતિ-મોક્ષપદનું ધ્યાન કરતો તેમજ ભવ્ય જનને મોક્ષમાર્ગનો બોધ કરતો હું શિલાતલ ઉપર ક્યારે બેશીશ ? " **શાર્દૂલ**

दग्ध्वा मोहं समस्तं, निरवधिविशदं, ज्ञानमुत्पाद्य लोके,
तीर्थं निर्वाणमार्गं, शुभतरफलदं, भव्यसार्थाय कृत्वा ।
गत्वा लोकान्तदेशं, कलिमलरहितं, सर्वशर्मातिशायि,
लप्स्येऽहं मोक्षसौख्यं, सहजनिजगुणं कोऽपि कालः स भावी ?॥८॥

**ભાવાર્થ:**—" સમસ્ત મોહનો ક્ષય કરી, અપાર અને નિર્મળ એવા જ્ઞાન ( કેવળજ્ઞાન ) ને પ્રાપ્ત કરીને, તેમજ ભવ્ય પ્રાણીઓના સમુદાય માટે અતિશય શુભ ફલ આપનાર અને નિર્વાણ-મોક્ષના માર્ગરૂપ તીર્થને પ્રવર્ત્તાવી, કલિમલ-અષ્ટકર્મ રહિત, લોકાંત દેશ ( સિદ્ધશિલા ) પ્રત્યે જઇને, સર્વ પ્રકારના

સુખથી અધિક એવા અને સ્વાભાવિક આત્મિક ગુણોની ખીલવણીવાળા મોક્ષસુખને હું પ્રાપ્ત કરૂં તેવા પ્રકારનો કોઈ પણ સમય આવશે ?"

આવી સુંદર ભાવના ભાવવાથી આત્મજ્ઞાન, આત્મધર્મ અને સાચો આત્માનુભવ પ્રાપ્ત થશે એટલુંજ નહીં પણ સત્યસુખ–નિરૂપાધિક સુખની પ્રાપ્તિ થશે, માટે હે ચેતન ! ક્ષણમાત્ર તું પ્રમાદ કરીશ નહીં, સદા તું શુદ્ધ ઉપયોગમાં રહેજે, બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એ ત્રણ પ્રકારનાં આત્માનાં સ્વરૂપ છે. પૌદ્ગલિક વસ્તુઓમાં મ્હારાંપણાની બુદ્ધિ તથા શરીર, કુટુંબ, ધનધાન્ય આદિક આત્માથી ભિન્ન વસ્તુઓમાં આસક્તિ રાખે તે બહિરાત્મા છે. તેમજ જે પ્રાણી શરીર ઉપર આત્મબુદ્ધિ ધારણ કરે છે એના સુખમાં આનંદ માની મોજમજામાં પૂર્ણતયા રસ લે છે. એને પોતાનું સર્વદા માને છે એના ઉપર માયા મમતા રાખી એમાંજ સદા બંધાયેલો રહે છે તે બહિરાત્મા સમજવો. શરીર અને ઘરથી એટલે તમામ પૌદ્ગલિક વસ્તુઓથી અસંખ્યાત પ્રદેશી આત્મા અલગ છે તેમજ દશ પ્રાણથી રહિત, અરૂપી, અવિનાશી, નિર્ભય શુદ્ધ ચિદાનંદ આત્મા શરીરમાં રહેલો છતાં બહિરાત્માના દષ્ટા તરીકે આસક્તિ રહિત જે છે તે અંતરાત્મા જાણવો. કાયાદિક પરવસ્તુ–પૌદ્ગલિક ઉપર મમત્વ ન રાખતાં તેના સાક્ષી રૂપે દ્રષ્ટા તરીકે રહે તેને અંતર આત્મા સમજવો. યથાખ્યાત ચારિત્ર પાળી ચાર ઘાતિકર્મ ખપાવી ક્ષીણ મોહી બની કેવલજ્ઞાન પ્રાપ્ત કરે તે પરમાત્મા જાણવો. સકળ ઉપાધિના ત્યાગ પૂર્વક જ્ઞાનાનંદમાં સદા રમણ કરે અને અતીંદ્રિય ગુણનું સર્વોત્તમ સ્થાનક થાય તેજ પરમાત્મા સમજવો.

યોગીરાજ આનંદઘનજી શ્રીસુમતિનાથના સ્તવનમાં કથે છે કે-

"આતમ બુદ્ધે હો કાયાદિક ગ્રહ્યો,
બહિરાતમ અંઘરૂપ. સુજ્ઞાની.
કાયાદિકનો હો સાખી ઘર રહ્યો,
અંતર આતમ રૂપ. સુજ્ઞાની.
જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો,
વરજિત સકળ ઉપાધિ. સુજ્ઞાની.
અતીંદ્રિય ગુણ ગણ મણિ આગરૂ,
ઇમ પરમાતમ સાધ. સુજ્ઞાની.
સુમતિચરણ કજ આતમ અરપણા."

અંતરાત્મા નિષ્કામ ભાવે પરમાત્માનું સ્મરણ કરતો છતો સ્વયમેવ પરમાત્મ સ્વરૂપ થાય છે. સંસાર સમુદ્રની પેલીપાર પહોંચે છે. સકલ કર્મ ક્ષીણ કરે છે. આત્મન્ ? ઉત્કૃષ્ટ–મધ્યમ અને અધમ એ ત્રણ પ્રકારની બુદ્ધિમાં આદ્ય બે પ્રકારની ગ્રાહ્ય છે અને છેલ્લી ત્યજવા યોગ્ય છે.

મહોપાધ્યાય યશોવિજયજી પણ કહે છે કે-

गुणी च गुणरागी च, गुणद्वेषी च साधुषु ।
श्रूयन्ते व्यक्तमुत्कृष्ट–मध्यामाऽधमबुद्धयः ॥ १ ॥

ते च चारित्रसम्यक्त्व–मिथ्यादर्शनभूमयः
अतो द्वयोः प्रकृत्यैव, वर्तितव्यं यथाबलम् ॥ २ ॥

**ભાવાર્થ**—સાધુઓને વિષે ઉત્કૃષ્ટ બુદ્ધિવાળો ગુણી હોય છે, મધ્યમ બુદ્ધિવાળો ગુણરાગી અને અધમ બુદ્ધિવાળો ગુણ-

દ્વેષી સ્પષ્ટ રીતે સંભળાય છે. વળી તે ઉત્કૃષ્ટ મધ્યમ અને અધમ બુદ્ધિવાળા તેઓ અનુક્રમે ચારિત્ર, સમ્યક્ત્વ અને મિથ્યાદર્શનના અધિકારી થાય છે, એ કારણથી સ્વભાવથી જ સમ્યક્ચારિત્ર અને સમ્યક્દર્શનજનક ઉત્કૃષ્ટ અને મધ્યમમાં પોતાની શક્તિ પ્રમાણે પ્રવૃત્તિ કરવી. ॥ ૨ ॥

સ્વાભાવિક વિવેકદૃષ્ટિ જેને પ્રાપ્ત થાય છે તે જ ખરેખર જીનમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે. તે જ સર્વદા દેખતો ગણાય છે. ઉન્માર્ગે પોતે જતો નથી તેમ બીજાઓને જતાં નિવારે છે. જેમ કે—

एकं हि चक्षुरमलं सहजो विवेक–
स्तद्वद्भिरेव सह संवसतिर्द्वितीयम् ।
एतद्द्वयं भुवि न यस्य स तत्त्वतोऽन्ध–
स्तस्याऽपमार्गचलने खलु कोऽपराधः ॥ १ ॥

**ભાવાર્થ**—મનુષ્યોને સ્વાભાવિક વિવેક એ જ એક નિર્મળ નેત્ર છે અને તે વિવેકવાળા પુરૂષો સાથે સહવાસ કરવો તે બીજું નેત્ર છે. આ જગત્માં આ બંને નેત્રો જેને નથી તે પુરૂષ વસ્તુતઃ અંધ છે. અને તે અવળે રસ્તે ગમન કરે તેમાં તેનો ખરેખર કંઈ પણ અપરાધ ગણાય નહીં. ॥ ૧ ॥

સાચો વિવેક જ્યારે પ્રગટ થાય છે ત્યારે શ્રમણપણું પ્રાપ્ત થાય છે. શ્રમણજીવનની મહત્તા અને પ્રશંસા અનેક શાસ્ત્રોમાં દૃષ્ટિગોચર થાય છે. જેમ કે—

समसत्तुबंधुवग्गो–समसुहदुक्खो पसंसनिंदसमो ।
समलोट्ठकंचणो पुण–जीविदमरणे समो समणो ॥ १ ॥

**ભાવાર્થ**—શત્રુવર્ગ અને બંધુવર્ગ પ્રત્યે જેને સમાન ભાવ છે-એકને પર અને બીજાને સ્વકીય નથી સમજતો, વળી સુખદુઃખમાં પણ સમાન ભાવ-એકને જોઈ ખુશી અને બીજાને જોઈ રૂષ્ટ નથી થતો. પ્રશંસા અને નિંદામાં સમાનતા એટલે ઉત્કર્ષ અને અપકર્ષને મનમાં ધારતો નથી, તેમ જ જીવન અને મરણમાં જેને સમભાવ હોય છે અને સુવર્ણ તથા ઢેફામાં જેનો સમાનભાવ હોય તે સાચો શ્રમણ જાણવો.

વળી તેવા પ્રકારનું શ્રમણપણું જ્ઞાન અને શુદ્ધક્રિયાના અભ્યાસથી અવશ્ય પ્રાપ્ત થાય છે. અભ્યાસીને શું દુષ્કર હોય?

કહ્યું છે કે—

अभ्यासेन क्रियाः सर्वाः, अभ्यासात्सकलाः कलाः ।
अभ्यासाद् ध्यानमौनादि, किमभ्यासस्य दुष्करम् ॥ १ ॥

**ભાવાર્થ**—અભ્યાસથી સર્વ ક્રિયાઓ સિદ્ધ થાય છે. તેમ જ સમગ્ર કળાઓ અભ્યાસથી પ્રાપ્ત થાય છે અને ધ્યાન તથા મૌનાદિક યોગ પણ અભ્યાસથી જ સિદ્ધ થાય છે; અભ્યાસ કરનારને કંઇ પણ આ દુનીયામાં દુષ્કર નથી. ॥ ૧ ॥

હે આત્મન્! અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત તપ-વીર્ય તથા અનંત ઉપયોગ એ જ ત્હારા મૂળ ધર્મો અને આંતરિક ગુણો તેમ જ સાચાં આભૂષણો છે, તેમાં જ રમણતા કરવાથી નિર્જરા થશે. જેથી તું કર્મથી હલકો થઈશ. તેમ જ સંવર નિર્જરા, અને મોક્ષ એ ત્રણ તત્ત્વો ત્હારે ધારણ કરવા યોગ્ય છે.

વ્યવહારથી ગૃહસ્થને પુણ્ય તત્ત્વ પ્રિય હોય છે, પરંતુ

સાધુને તેની ઈચ્છા કરવી ઘટે નહી, જો ગૃહસ્થ પોતાના નિત્ય નિયમોને આરાધે અને પોતાનું કર્તવ્ય સમજી ઉપયોગ પૂર્વક ધર્મ સેવના કરે તો ચારિત્ર મેળવવા યોગ્ય બને છે. ચારિત્રધારી બની મોક્ષ મેળવે છે. ગૃહસ્થપણામાં ધર્મ સેવનાર દેવ પણ થાય છે. પોતાના ષટ્ કર્મો હંમેશાં ગૃહસ્થે પણ કરવાં જેમકે—

देवपूजा गुरूपास्तिः, स्वाध्यायः संयमस्तपः ।
दानं चेति गृहस्थानां, षड्कर्माणि दिने दिने ॥ १ ॥

**ભાવાર્થ**—"દેવપૂજા, ગુરૂની સેવા, સ્વાધ્યાય, ધાર્મિક શાસ્ત્રનું અધ્યયન, સંયમ-વૈરાગ્ય ભાવના, તપશ્ચર્યા, અને દાન એ છ કર્મો ગૃહસ્થોને પ્રતિ દિવસે કરવાનાં કહ્યાં છે. ૧

न कयं दीणुद्धरणं , न कयं साहम्मिआण वच्छल्लं ।
हिअयंमि वीयराओ, न धारिओ हारिओ जम्मो ॥ २ ॥

**ભાવાર્થ**—દીન જનોનો જેણે ઉદ્ધાર ન કર્યો, તેમજ સાધર્મિક જનોનું જેણે વાત્સલ્ય ( સેવાભક્તિ ) ન કર્યું અને હૃદયમાં જેણે વીતરાગ ભગવાન્ ધારણ નથી કર્યા તેણે પોતાનો જન્મ કેવળ વ્યર્થ ગુમાવ્યો જાણવો. ૨

સ્વાભાવિક શુભ ધ્યાને તેની સેવના થાય તો તેમાં-તે ઉપર આસક્તિ ભાવ કરવો નહીં, તેજ ઉત્તમ જીવન બનાવવામાં હિતકારી છે, પુણ્યથી દેવદેવેંદ્ર ચક્રવર્ત્તીપણાની પદવીઓ મળે છે, છતાં સાધુજીવનની ઉત્તમતા એથી વધારે છે, ઉપાધ્યાયજીના વચનો તરફ ધ્યાન આપીએ કે-

सुखिनो विषयैस्तृप्ता-नेन्द्रोपेन्द्रादयोऽप्यहो ? ।
भिक्षुरेकः सुखी लोके, ज्ञानतृप्तो निरञ्जनः ॥ १ ॥

**ભાવાર્થ**—આશ્ચર્ય છે કે વિષયોમાં રાચી માચી રહેલા ઈંદ્ર અને ઉપેંદ્રાદિક પણ સુખી નથી, પણ જ્ઞાનથી તૃપ્ત અને અનાસક્ત એવો એક ભિક્ષુ–મુનિ જગત્માં સુખી છે. કારણકે અપરિગ્રહી હોવાથી. વળી કહ્યું છે કે—

"અસંતુષ્ટ પરિગ્રહ ભર્યા, સુખીયા ન ઈંદ નરિંદ સલુણે ।
સુખી એક અપરિગ્રહી, સાધુ સુજસ સમ કંદ સલુણે ।
પરિગ્રહ મમતા પરિહરો."

હે આત્મા ! તું મોહભાવમાં પડીને પૌદ્ગલિક વસ્તુને મ્હારી કરી મુંઝાય છે પણ તું નિશ્ચયથી પૌદ્ગલિક ભાવથી સર્વથા ભિન્ન છે. મ્હારાપણું માનીને આસક્તિભાવથી સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે. જડવસ્તુના સંગથી જડપણું પ્રાપ્ત થાય છે. તું ચેતન છે, આત્મા છે, ત્હારો સ્વભાવ જડસ્વભાવથી ભિન્ન છે, સાચી સમજણ મેળવી પુદ્ગલ ભાવ ઉપરથી પ્રેમ ઉતારી ત્હારા શુદ્ધ આત્મા ઉપર પ્રેમ ધારણ કર, સર્વે જીવોમાં સમદર્શી થઇ પરમાત્માને જો, ત્હારામાં સર્વ આત્માઓને આત્મરૂપે તું જો, જેથી ત્હને પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય. દરેક જીવાત્માઓએ પાપ જન્ય બંધને તોડવા માટે પોતાના અધિકાર પ્રમાણે યત્ન કરવો. કહ્યું છે કે—

विद्यातीर्थे पठितमतयः साधवः सत्यतीर्थे,
सेवातीर्थे मलिनमनसो दानतीर्थे धनाढ्याः ।
लज्जातीर्थे कुलयुवतयो–योगिनो ज्ञानतीर्थे,
नीतौ तीर्थे धरणिपतयः कल्मषं क्षालयन्ति ॥ १ ॥

**ભાવાર્થ**—વિદ્વાન્ પુરૂષો વિદ્યારૂપ તીર્થમાં, સાધુઓ સત્ય

રૂપ તીર્થમાં, મલિન બુદ્ધિવાળા પુરૂષો સેવાભક્તિરૂપ તીર્થમાં, ધનવાન્ લોકો દાનરૂપ તીર્થમાં, કુલીન સ્ત્રીઓ લજ્જા-મર્યાદા-રૂપ તીર્થમાં, યોગીઓ જ્ઞાન તીર્થમાં અને રાજાઓ નીતિરૂપ તીર્થમાં પાપને ધોઇ નાખે છે. ॥ ૧ ॥

દાન, શીલ, તપ અને ભાવના એ ચાર પ્રકારનો ધર્મ તીર્થંકર દેવોએ કહેલો છે. એ ધર્મ આચરનાર પરમ જ્ઞાની અને આત્મ-યોગી બને છે, અનુકૂલ અને પ્રતિકૂળ ઉપસર્ગોને તે દૃઢતાથી સહન કરે છે, એવી પરમ દશા પ્રાપ્ત થાય તે માટે પ્રયત્ન કરવો ઉચિત છે. જેથી આત્મયોગીપણું સિદ્ધ થાય છે અને આત્મ-યોગીઓ જગત્‌ની ધમાલ વચ્ચે નિજાનંદમાં રહે છે. કહ્યું છે કે—

चण्डालः किमयं द्विजातिरथवा शूद्रोऽथ किं तापसः,
किंवा तत्त्वनिविष्टनिर्मलमतिर्योगीश्वरः कोऽपि किम् ।
इत्युत्पन्नविकल्पजल्पमुखरैः संभाव्यमाना जनै-
र्न क्रुद्धाः पथि नैव तुष्टमनसो यान्ति स्वयं योगिनः ॥ १ ॥

**ભાવાર્થ**—શું આ ચંડાળ જાતિનો છે? અથવા શું બ્રાહ્મણ છે? કિંવા શૂદ્ર છે? અથવા તાપસ-તપસ્વી છે? અથવા તત્ત્વવેદી શુદ્ધ અંતઃકરણવાળો છે, કિંવા કોઇ પણ યોગીશ્વર છે? એમ વિવિધ પ્રકારના વિકલ્પવાદમાં મુખર-વાચાળ બનેલા મનુષ્યોથી સંભાવના કરાયેલા યોગીઓ પોતે ક્રોધ કરતા નથી તેમ જ સંતુષ્ટ પણ થતા નથી કિંતુ શુદ્ધ માર્ગે ચાલ્યા કરે છે. ॥ ૧ ॥

તેમ જ—

एकः पूजां रचयति नरः पारिजातप्रसूनैः,
क्रुद्धः कण्ठे क्षिपति भुजगं हन्तुकामस्ततोऽन्यः ।

तुल्या वृत्तिर्भवति च तयोर्यस्य नित्यं स योगी,
साम्याऽऽरामं विशति परमज्ञानदत्तावकाशम् ॥ १ ॥

**ભાવાર્થ**—એક પુરૂષ પારિજાતક (કલ્પવૃક્ષ) નાં પુષ્પોવડે પૂજા કરે છે અને અન્ય પુરૂષ ક્રોધાયમાન થઇ મારવાની ઇચ્છાથી કંઠમાં સર્પ નાખે છતાં પણ તે બંનેને વિષે જેની તુલ્ય-સમાન વૃત્તિ થાય છે તે યોગી મહાત્મા, પરમ-ઉત્કૃષ્ટજ્ઞાને આપ્યો છે અવકાશ જેને એવા સમતારૂપ ઉદ્યાનમાં પ્રવેશ કરે છે. ॥ ૧ ॥

રાગ અને દ્વેષને દૂર કરવા માટે સમત્ત્વનો સ્વીકાર કરવો જોઇએ.

मोहवह्निमपाकर्त्तुं, स्वीकर्तुं संयमश्रियम् ।
छेत्तुं रागद्रुमोद्यानं, समत्त्वमवलम्ब्यताम् ॥ १ ॥

**ભાવાર્થ**—મોહ રૂપી અગ્નિને દૂર કરવા માટે તેમ જ સંયમ રૂપ લક્ષ્મીનો સ્વીકાર કરવા માટે અને રાગરૂપી વૃક્ષોથી શોભિત બગીચાને નિર્મૂલ કરવા માટે સમત્ત્વભાવનું અવલંબન કરવું. જેથી આત્મભાવના સ્વયમેવ સિદ્ધ થાય છે. આત્મભાવના ભાવનાર ભરતચક્રીએ કેવળ જ્ઞાન પ્રાપ્ત કર્યું. બાહુબળીને માનનો ત્યાગ થવાથી કેવળ લક્ષ્મી પ્રાપ્ત થઈ. સમત્ત્વ દૃષ્ટિ રાખવાથી અર્જુન માળી અને દૃઢપ્રહારી બંને મહા હત્યારા હતા છતાં તેમણે શ્રમણત્વ સ્વીકારી સમભાવ ધારણ કરી છ માસમાં કેવળ જ્ઞાન પ્રાપ્ત કર્યું. તેમ જ ચીલાતીચોર અને ચંડકોશીક જેવા ક્રૂર સ્વભાવવાળા હોવા છતાં તેમણે સમભાવમાં આવી સ્વર્ગસુખ મેળવ્યું. ગજસુકુમાલના મસ્તક ઉપર સોમલ બ્રાહ્મણે માટીની પાળ બાંધી ધગધગતા અંગારા મૂક્યા છતાં પણ સમભાવના બળે તેમને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું. અવંતીસુકુમાળ સુકોશલમુનિ ખંધકમુનિ મેતારજ

મુનિ આદિ મહાપુરૂષોએ ઘોર ઉપસર્ગો સહન કરી આત્મસિદ્ધિ મેળવી છે તે પણ સમભાવનો જ મહિમા છે. દમદંત રાજર્ષિ સમતા સામાયિકમાં રહેલા હતા તે સમયે પાંડવોએ ભાવપૂર્વક વંદનપૂજન કર્યું અને કૌરવોએ પથરાઓથી ઢાંકી દીધા તો પણ તે સમભાવમાં રહ્યા તો તે પરમ સુખનાં ભાગી થયા. હે આત્મન્ ! તું આવા અનેક મહાપુરૂષોનાં જીવનઆદર્શો વિચારી અલ્પાંશે પણ આવા પ્રકારનું ઉત્તમ જીવન જીવવા પ્રયત્ન કર. સંસારનો મોહ મૂકી સ્વભાવમાં રહી આત્મસ્વરૂપની તું વિચારણા કર. શ્રી મહાવીરપ્રભુએ સાડાબાર (૧૨ા) વર્ષ અને એક પક્ષ–પખવાડીયા સુધી મૌન રહી અનેક અનુકૂળ પ્રતિકૂળ ઉપસર્ગો સહન કરી પરમ પૂર્ણ જ્ઞાન–કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી ભવ્ય આત્માઓને જે આત્મશુદ્ધિનો ઉપદેશ કર્યો હતો તે ઉપદેશ સુધર્માસ્વામીએ આચારાંગ આદિ સિદ્ધાન્ત રૂપે ઉપદેશ કર્યો, અનેક નિર્ગ્રંથ મહાપુરૂષોએ તેમજ આચાર્યમહારાજાઓએ તદનુસાર ઉપદેશગ્રંથો દ્વારા ઉપદેશ આપ્યો તે પરમ હિતકારી છે અને સ્વસ્વરૂપની ઝાંખી કરાવનાર–સાક્ષાત્કાર કરાવનાર છે, માટે હે આત્મન્! તું પરમ આદર પૂર્વક પરમ શ્રદ્ધા પૂર્વક શ્રવણ કર, મનન કર, નિશ્ચય કર, તે પ્રમાણે પ્રવૃત્તિ કર તો તું અવશ્ય કલ્યાણનો ભોક્તા થઇશ.

शिवमस्तु सर्वजगतः, परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखीभवन्तु लोकाः ॥ १ ॥

ॐ शान्तिः ३

વિ. સં. ૧૯૮૯
તા. ૪–૩–૩૩
વિજાપુર.

લે. પરમ ગુરૂદેવ શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીનો
લઘુતમ શિષ્ય મુનિ **જયસાગર.**